

# બાળ વર્ગનું શિક્ષણ
# ધોરણ ૧





રુહિ સંસ્થા



પુસ્તક ૩

# બાળ વર્ગનું શિક્ષણ
# ધોરણ ૧

રૂહિ સંસ્થા

આ શ્રેણીના પુસ્તકો :

રૂહિ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલા વર્તમાન શિર્ષકો નીચે મુજબ છે. આ પુસ્તકોનો ઉદ્દેશ યુવાનો અને વયસ્કોને તેમના સમુદાયોની સેવા કરવા માટેની તેમની ક્ષમતાનો વિકાસ કરવાના પધ્ધતિસર પ્રયત્નમાં પાઠયક્રમોની મુખ્ય શ્રેણી તરીકે ઉપયોગ કરવાનો છે. રૂહિ સંસ્થા પાઠયક્રમોના એક એવા સેટનો પણ વિકાસ કરી રહી છે જે બહાઈ બાળવર્ગના શિક્ષકોની તાલીમ માટે આ શ્રેણીના ત્રીજા પુસ્તકમાંથી શાખાના રૂપમાં વિકાસ પામે છે, તેની સાથે કિશોર જૂથોના અનુપ્રેરકો તૈયાર કરવા માટે પાંચમાં પુસ્તકમાંથી બીજા એક સેટનો શાખાના રૂપમાં વિકાસ થાય છે. આ બધાનો પણ નીચેની સુચિમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એક વાતની નોંધ લેવી જોઈએ કે, ક્ષેત્રમાંથી પ્રાપ્ત અનુભવને આધારે સુચિમાં ફેરફાર થઈ શકે છે, અને જેમ જેમ વિકસિત થઈ રહેલા અનેક પાઠયક્રમો એવા તબક્કે પહોંચતા જાય કે જયારે તેને વિશાળ પાયે ઉપલબ્ધ કરાવી શકાય તેમ તેમ, તેમાં નવા શિર્ષકોનો ઉમેરો કરવામાં આવશે.

| | |
|---|---|
| પુસ્તક ૧ | દિવ્ય જીવન : એક ચિંતન |
| પુસ્તક ૨ | સેવા માટે ઉત્થાન |
| પુસ્તક ૩ | બાળ વર્ગનું શિક્ષણ, ધોરણ ૧ |
| | બાળ વર્ગનું શિક્ષણ, ધોરણ ૨ (શાખા પાઠયક્રમ) |
| | બાળ વર્ગનું શિક્ષણ, ધોરણ ૩ (શાખા પાઠયક્રમ) |
| | બાળ વર્ગનું શિક્ષણ, ધોરણ ૪ (શાખા પાઠયક્રમ) |
| પુસ્તક ૪ | જોડિયા અવતારો |
| પુસ્તક ૫ | કિશોરોની શક્તિઓને વિમુક્ત કરવી |
| | પ્રારંભિક ઉત્પ્રેરણા : રૂહિ ૫ નો પહેલો શાખા પાઠયક્રમ |
| | વર્તુળનું વિસ્તરણ કરવું : રૂહિ ૫ નો બીજો શાખા પાઠયક્રમ |
| પુસ્તક ૬ | પ્રભુધર્મનું શિક્ષણ |
| પુસ્તક ૭ | સેવાના માર્ગ પર સાથે મળીને ચાલવું |
| પુસ્તક ૮ | બહાઉલ્લાહની સંવિદા |
| પુસ્તક ૯ | ઐતિહાસિક દૃષ્ટિકોણ પ્રાપ્ત કરવો |
| પુસ્તક ૧૦ | જીવંત સમુદાયોનું નિર્માણ |
| પુસ્તક ૧૧ | ભૌતિક સાધનો |
| પુસ્તક ૧૨ | પરિવાર અને સમુદાય |
| પુસ્તક ૧૩ | સામાજિક ક્રિયામાં સંલગ્ન થવું |
| પુસ્તક ૧૪ | જાહેર સંવાદમાં સંલગ્ન થવું |

Copyright © 2022 by the Ruhi Foundation, Colombia
All rights reserved. Edition 2.2.1.PE published in 2022
Printed in India

Originally published in Spanish as *Enseñar clases para niños, primer grado*
Copyright © 1987, 1996, 2021 by the Ruhi Foundation, Colombia
ISBN 978-958-52941-7-2

Permission for a limited printing of this book in Gujarati has been granted to Baha'i Training Institute of Gujarat, India by the Ruhi Institute.

Ruhi Institute
Cali, Colombia
Email: instituto@ruhi.org
Website: www.ruhi.org

Baha'i Training Institute of Gujarat
Baha'i Bhavana, Plot- 395, Sector- 30
Gandhinagar, Gujarat, India- 382030
tibgujarat@ ibnc.in

# અનુક્રમણિકા


ટ્યુટર માટે થોડા વિચારો........................................ v

બહાઈ કેળવણીના કેટલાક સિધ્ધાંતો........................ 1

બાળ વર્ગના પાઠ, ધોરણ ૧.................................... 39

## ટ્યુટર માટે થોડા વિચારો

આ પુસ્તક એવા બે એકમોને એક સાથે લાવે છે જે મહોલ્લા અને ગામોમાં બાળકોની આધ્યાત્મિક કેળવણી માટેના નિયમિત વર્ગોમાં શીખવવાના અત્યંત પ્રશંસનીય કાર્ય હાથ ધરવા માટે વધતી જતી સંખ્યામાં વ્યક્તિઓની ક્ષમતાનું નિર્માણ કરવાનો પ્રયત્ન કરે છે. રૂહિ સંસ્થાના પાઠયક્રમોની મુખ્ય શ્રેણીમાં આ ત્રીજું, અને સેવાના એક વિશિષ્ટ માર્ગનું અનુસરણ કરવા ઈચ્છતા લોકો માટે તેની શરૂઆત કરતું પ્રથમ પુસ્તક છે. જે સહભાગીઓ આમ કરવાનું નક્કી કરે છે તેઓ બાળકોને શીખવવા માટે શાખા પાઠયક્રમની શ્રેણીનો અભ્યાસ કરશે, તેથી સાથે, દરેક વ્યક્તિ તેની પોતાની પરિસ્થિતિને અનુરૂપ યોગ્ય ગતિમાં મુખ્ય શ્રેણી દ્વારા નિર્ધારિત માર્ગ સાથે પ્રગતિ કરવાનું ચાલુ રાખશે.

આ પુસ્તક દ્વારા એક જૂથને માર્ગદર્શન આપતી વખતે, એવું યાદ રાખતાં ટ્યુટરે ઉપરોક્ત દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખવું જોઈએ કે માત્ર અમુક ટકા સહભાગીઓ જ પ્રયત્નના આ ક્ષેત્રમાં તેમની જાતને સમર્પિત કરવાનું પસંદ કરી શકે છે. તેથી, તેના તાત્કાલિક ધ્યેયથી આગળ, આ પુસ્તક કેટલાક ખ્યાલો અને વિચારધારાઓથી સેવાના આ માર્ગ પર દૃઢપણે સ્થાપિત દરેક વ્યક્તિને વધુ વ્યાપકપણે પરિચિત કરવામાં મદદ કરશે જે તેના કે તેણીના ગામ કે મહોલ્લામાં બાળકો માટે અનાવૃત થતા શૈક્ષણિક કાર્યક્રમને આકાર આપે છે. તેમાં, આ પુસ્તક એક બાળકોનો આધ્યાત્મિક રીતે ઉછેર કરવાની એક સમુદાયની જવાબદારી અને તેના વયસ્ક સભ્યોએ તેમની ક્રિયાપ્રતિક્રિયામાં જે ગુણો, વલણો અને આચરણ દર્શાવવા જોઈએ -તે બંન્નેના સંદર્ભમાં એક સમુદાયમાં ઉચ્ચ સ્તરિય જાગૃતિમાં ફાળો આપવાની આશા રાખે છે.

પુસ્તક ૨ ના બીજા એકમના તેમના અભ્યાસથી, સહભાગાગીઓ પહેલાથી જ અબ્દુલબહાના વિધાનથી પરિચિત છે કે કેળવણી ત્રણ પ્રકારની છેઃ ભૌતિક, માનવીય અને આધ્યાત્મિક. અહિં તેમને છેલ્લા પ્રકારની કેળવણી વિશેની તેમની સમજમાં વધારો કરવાની તક આપવામાં આવશે, જેની મદદથી વ્યક્તિનો આધ્યાત્મિક સ્વભાવ, ઉચ્ચ સ્વભાવનો વિકાસ થાય છે. શરૂઆતથી એક વાત સ્પષ્ટ હોવી જોઈએ કે બહાઈ ધર્મમાં બાળકો માટે જે આધ્યાત્મિક કેળવણીની કલ્પના કરવામાં આવી છે તે, કેટલીકવાર લાદવામાં આવતી ધાર્મિક સૂચનાઓ સાથે સંકળાયેલી કટ્ટર માન્યતાઓથી મૂળભૂત રીતે અલગ પડે છે. તેના બદલે તેનો હેતુ જ્ઞાન પ્રત્યે પ્રેમ, શીખવા પ્રત્યેનો ખુલ્લું વલણ, અને વાસ્તવિકતાની શોધ કરવાની સતત ઈચ્છાને પ્રોત્સાહન આપવાનો છે.

તે સ્વીકારવું પણ એટલું જ મહત્વનું છે કે, બાળકોની કેળવણીમાં, ધાર્મિક ઉપદેશોને બાજુએ મૂકી શકાતા નથી, કારણકે આમ કરવા માટે તેમને દૈવી સત્યો અને આધ્યાત્મિક સિધ્ધાંતો, અને એવા સિધ્ધાંતોની પહોંચનો ઈનકાર કરવો પડશે જેણેં તેમના વિચારો અને કાર્યોને સંચાલિત કરવા જોઈએ. જેઓ એવા દાવાનું સમર્થન કરે છે કે બાળકોને સમાજ સાથેની તેમની ક્રિયાપ્રતિક્રિયામાંથી તેમના આદર્શો અને વિશ્વ દૃષ્ટિકોણ પ્રાપ્ત કરવા માટે, સ્વતંત્ર પસંદગી દ્વારા તેમની જાત પર છોડી દેવું ઉત્તમ છે, તેઓ સમજતા નથી કે કેટલી આક્રમક રીતે રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક તાકાતો એવી માન્યતા અને વર્તન શૈલીઓને પ્રોત્સાહન આપે છે જે તેમના પોતાના હિતો પૂરા કરે છે. પરંતું

જો આવું નહિ હોય તો પણ, એવું માનવાનું કોઈ કારણ નથી કે આવનારી પેઢીઓ એવી કેળવણી વિના એક બહેતર વિશ્વનું નિર્માણ કરી શકશે જે વ્યક્તિના આધ્યાત્મિક સ્વભાવનો વિકાસ કરે છે. દિવ્ય શિક્ષકના માર્ગદર્શનથી વંચિત માનવજાત અરાજકતા, અન્યાય અને વેદનાથી કશું વધારે ઉત્પન્ન કરી શકશે નહિ.

તેથી, બહાઈ ઉપદેશો, આ પુસ્તકમાં અને તેમાંથી પ્રસ્ફૂટિત થતા પુસ્તકોમાં ઉદ્દેશિત બાળ કેળવણીના છ વર્ષિય કાર્યક્રમના કેન્દ્રમાં છે. તે મુજબ, આ કાર્યક્રમની રૂપરેખા, ખાસ કરીને ધોરણો મુજબ વિષયવસ્તુનો અનુક્રમ, તમામ પૂષ્ઠભૂમિના બાળકો માટે તેમાં ભાગ લેવાનો માર્ગ ખોલે છે. ધોરણ ૧ ના પાઠ ૫ થી ૬ વર્ષની વયના બાળકોમાં આધ્યાત્મિક ગુણોનો વિકાસ - ચરિત્ર શુધ્ધિકરણમાં યોગદાન આપવાના પ્રયત્ન સાથે સંબંધિત છે. ધોરણ ૨ એવી આદતો અને વર્તન શૈલીઓના વિકાસ દ્વારા આ પાઠો પર નિર્માણ કરે છે જે પાછલા વર્ષે વિકસિત આંતરિક ગુણોને અભિવ્યક્તિ પૂરી પાડે છે -ઉદાહરણ તરીકે, પ્રાર્થના કરવાની ટેવ, જેનાથી ઈશ્વરની નજીક જવાની ઈચ્છા દ્વારા વિશિષ્ટિ આંતરિક સ્થિતિને અભિવ્યક્ત કરવામાં આવે છે. તેના પછીના ધોરણો જ્ઞાનના પ્રશ્ન તરફ વળે છે. ખાસ કરીને, તેમના પોતાના આધ્યાત્મિક વિકાસ માટે સભાનપણે કામ કરવા માટે, વ્યક્તિએ એવા સ્ત્રોત સાથે જોડાયેલા રહેવું જોઈએ જેમાંથી ઈશ્વરનું જ્ઞાન વહેતું હોય. તેથી, આ યુગના ઈશ્વરના જોડિયા અવતારોની સાથે સાથે તેમના પહેલાં પ્રગટ થયેલા અવતારોના જીવનના મુખ્ય વિષયોની, આ ધોરણોના પાઠોમાં ચર્ચા કરવામાં આવી છે. છેલ્લું ધોરણ બાળકોને બહાઉલ્લાહના પ્રગટીકરણ વિશેના તેમના જ્ઞાનમાં વધારો કરવાની તક પૂરી પાડે છે, જે અબ્દુલબહાના સ્પષ્ટીકરણો અને ઉદાહરણ દ્વારા માર્ગદર્શિત છે અને તેમાંથી લાભ મેળવે છે. એવી આશા રાખવામાં આવે છે કે તેનાથી જેમ જેમ બાળકો જીવનમાં આગળ વધશે અને તેમના વિચારો અને કાર્યોને બહાઉલ્લાહના ઉપદેશો સાથે સંરેખિત કરવાનો પ્રયત્ન કરશે તેમ તેમ તેમનામાં બહાઉલ્લાહના લખાણો અને કથનો તરફ વળવાની ટેવને મજબૂત કરવામાં મદદ મળશે. તેઓ ૧૧ કે ૧૨ વર્ષની વયે પહોંચે ત્યાં સુધીમાં, આ બાળકો કિશોર આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમમાં ભાગ લેવા માટે તૈયાર હોય છે, જેમાં તેમની ઉભરતી સભનતાને શ્રેણીબધ્ધ પાઠયપુસ્તકો દ્વારા વધુ વિસ્તૃત કરવામાં આવે છે, જેનો અનુપ્રેરક સાથે અભ્યાસ કરવામાં આવે છે, જેમાં એવા પાઠયપુસ્તકોનો સમાવેશ થાય છે જે તેમણેં બહાઈ બાળ વર્ગોમાં પ્રાપ્ત કરેલ કેળવણીને ચાલુ રાખે છે. મહત્વાકાંક્ષી બાળ વર્ગના શિક્ષકોને પૂરેપુરો વિશ્વાસ હોવો જોઈએ કે એવા માતા પિતા જે પોતે બહાઈ નથી તેઓ તેમના પુત્રો અને પુત્રીઓને આવા વર્ગોમાં મોકલવાની તકનું સ્વાગત કરે છે અને તેમના કુમળા હૃદય અને મન પર પડતી અસરો જોઈને હંમેશા આનંદીત થાય છે.

ઉપર નોંધ કરવામાં આવી છે તેમ, ધોરણ ૧ ચરિત્ર શુદ્ધિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ સંદર્ભમાં, પહેલો એકમ, "બહાઈ કેળવણીના કેટલાક સિધ્ધાંતો", પ્રભુધર્મના લખાણોમાંથી લેવામાં આવેલા કેટલાક મૂળભૂત ખ્યાલોનું વિશ્લેષણ કરે છે જેનું કેળવણી માટે ગહન મહત્વ છે. આ એકમનો શરૂઆતનો અડધો ભાગ આ ચર્ચા માટે આપવામાં આવ્યો છે, જયારે બાકીનો ભાગ પાઠનું સંચાલન કરવામાં અને માતા પિતા સાથે શિક્ષકના સંબંધમાં કયા અભિગમો અપનાવી શકાય તેની ચર્ચા કરે છે.

આ એકમમાં ચર્ચા કરવામાં આવેલો પ્રથમ ખ્યાલ છે માનવીની સુષુપ્ત શક્તિઓ, જેનું બહાઉલ્લાહના વિધાનમાંથી મળતી છબી દ્વારા વિશ્લેષણ કરવામાં આવ્યું છે જે મનુષ્યની "અમુલ્ય રત્નોથી સમૃદ્ધ એક ખાણ" સાથે સરખામણી કરે છે. સહભાગીઓને આ વિધાનમાંથી પ્રાપ્ત કરી શકાય એવા બે તાત્કાલિક સૂચિતાર્થ વિશે ચિંતન કરવાનું કહેવામાં આવે છે -જેમકે, એવા શૈક્ષણિક અભિગમો જે વિધાર્થીઓને માહિતીથી ભરવાની રાહ જોઈ રહેલા ખાલી વાસણ તરીકે જુએ છે

તેનાથી દૂર રહેવું ઉત્તમ છે અને યોગ્ય પાલન પોષણ વિના, બાળકો તેમના અંતરત્તમ અસ્તિત્વમાં વિદ્યમાન અનેક રત્નો પ્રગટ કરી શકશે નહિ.

આ એકમ સૂચિત કરે છે તે મુજબ, દરેક વ્યક્તિ જે રત્નોથી સંપન્ન છે તેને "આધ્યાત્મિક ગુણો" તરીકે ઓળખવામાં આવે છે, તેને એવો કાયમી ઢાંચો તરીકે જોવામાં આવે છે જેના ઉપર ઉમદા અને પ્રમાણિક ચરિત્રનું નિર્માણ કરી શકાય છે. તે "ગુણો"ની એક વિશિષ્ટ શ્રેણીની રચના કરે છે -દરેક પ્રકારના પ્રસંશનીય ગુણ માટે આ સામાન્ય શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાં આદતો અને વલણોની સાથે કૌશલ્યો અને ક્ષમતાઓનો સમાવેશ થાય છે - આ એક આવશ્યક વિચારધારા છે જેને તમામ સહભાગીઓએ યોગ્ય રીતે સમજી લેવું જોઈએ. વિભાગ ૬ અને ૭ આ વિધાનના કેટલાક સૂચિતાર્થોને ધ્યાનમાં લે છે. ટયુટર સુનિશ્ચિત કરવા માંગશે કે જૂથના સભ્યો, પુસ્તક ૧ ના ત્રીજા એકમના તેમના અભ્યાસ દરમિયાન તેમણેં જે ચર્ચા કરી હતી તેના સંદર્ભમાં આ વિધાનને સમજવાનો પ્રયત્ન કરશે, જેમાં તેમણેં મનુષ્ય આત્માની શક્તિઓ તરીકે, આધ્યાત્મિક ગુણોનો કેવી રીતે વિકાસ થવો જોઈએ અને તે કેવી રીતે ઈશ્વર તરફની આપણી શાશ્વત યાત્રામાં આપણી મદદ કરે છે તેના વિશે ચર્ચા કરી હતી. આધ્યાત્મિક ગુણોના વિકાસ માટે ઈશ્વરનો પ્રેમ અને ઈશ્વરનું જ્ઞાન અનિવાર્ય છે. આ બે વિભાગમાં આપેલા વિચારો ધોરણ ૧ ના પાઠો, ઉદાહરણ તરીકે ગુણો પરનો એક પાઠયક્રમ જે સમયબધ્ધતા અને સત્યવાદીતાને એક સમાન અને સરખા ગુણ માને છે, તેનાથી કેવી રીતે અલગ તરી આવે છે તેના વિશે સહભાગીઓએ સમજી લેવું જોઈએ. અને જયારે શિક્ષકો આ તફાવત સમજી લે છે ત્યારે, તેઓ સદ્ચરિત્રના વિકાસને પ્રાથમિક રીતે વર્તનમાં સુધારાવધારા તરીકે જોવાની વૃતિથી દૂર રહેશે.

આધ્યાત્મિક ગુણોની તેમની પોતાની ગતિશીલતા હોય છે તેમાં કોઈ શંકા નથી, જેને પાઠના મુખ્ય ઘટકો- ખાસ કરીને પ્રાર્થના, અવતરણો મોઢે કરવા, અને વાર્તાઓ સંવર્ધન કરવાનો પ્રયત્ન કરે છે. સહભાગીઓ પહેલાથી જ પુસ્તક ૧ અને ૨ ના તેમના અભ્યાસમાંથી આ ઘટકોના સ્વરૂપ વિશે સમજ ધરાવે છે, અને વિભાગ ૮ નો આશય બાળકોને શીખવવાના કાર્યમાં તેઓ જે શીખ્યા છે તેનો વિસ્તરણ કરવામાં તેમની મદદ કરવાનો છે. આમ કરતાં, તેમણે સમજવું જોઈએ કે, બાળકોમાં આધ્યાત્મિક ગુણો કેળવવા માટે, આ પાઠો તેમને ઈશ્વરના શબ્દો સાથે તાત્કાલિક સંપર્કમાં મૂકે છે અને તેમને અબ્દુલબહાની વાર્તાઓ દ્વારા પ્રેરણા આપે છે જેઓ સ્ર્વોચ્ચ માનવીય આદર્શોના મૂર્તરૂપ છે.

એકમમાં વિશ્લેષણ કરવામાં આવેલો બીજો એક ખ્યાલ છે ઈશ્વરનો ડર, જેની વિભાગ ૧૨ માં ચર્ચા કરવામાં આવી છે. બહાઈ લખાણો અનુસાર, તે મનુષ્યની કેળવણીમાં "મુખ્ય પરિબળ" છે. સહભાગીઓ માટે સમજવું અગત્યનું છે કે આ ડર ઈશ્વરના પ્રેમથી અવિભાજય છે, કારણકે તે આપણે જેને પ્રેમ કરીએ છીએ તેને ખુશ કરવાની અને તેના પ્રેમની બક્ષીસને આપણા સુધી પહોંચતા અટકાવે એવા કોઈપણ કાર્યથી દૂર રહેવાની ઈચ્છાથી જન્મેલો ડર છે. પ્રેમની ગેરહાજરીમાં, જે ડર આપણને અયોગ્ય વર્તનથી દૂર રહેવા પ્રેરણા આપે છે તે અન્ય પ્રકારનો ડર છે - ક્રોધિત ઈશ્વર દ્વારા શિક્ષાનો ડર. આ એવી છબી નથી જે બાળકોના મગજમાં આવવી જોઈએ. શૈક્ષણિક પ્રક્રિયામાં જયારે મહત્વાકાંક્ષી શિક્ષકોએ ઈશ્વરનો પેમ અને ઈશ્વરનો ડર વચ્ચેના સંબંધને સારી રીતે સમજવાની જરૂર છે, ત્યારે તેમણે સમજવું જોઈએ કે આ એવો વિષય નથી જેને તેઓ વર્ગમાં સ્પષ્ટપણે ઉઠાવશે. તેના બદલે તેમણે તેમના વિધાર્થીઓના હૃદયમાં ઈશ્વરના પ્રેમની જ્યોતને પ્રજ્વલિત કરવાનું શીખવું જોઈએ અને તેમને સંપૂર્ણ ખાતરી મેળવવામાં મદદ કરવી જોઈએ કે, તેમના અનંત પ્રેમથી માનવજાતનું સર્જન કર્યા પછી, ઈશ્વર કયારેય આપણું પાલનપોષણ અને રક્ષણ કરવાનું બંધ કરશે

નહિ. અંતિમ વિશ્લેષણમાં, તે તેમના સૌંદર્યનો પ્રેમ છે જે તેમને તેમની સુપ્રસન્નતાથી વિપરિત રીતે કાર્ય કરવાથી નિરૂત્સાહિત કરશે.

ઉપરોક્ત ખ્યાલો અને વિચારો પરની ચર્ચાએ સહભાગીઓને એવી અનુભૂતિ તરફ દોરી જવું જોઈએ કે, આખરે, આધ્યાત્મિક કેળવણીની પ્રક્રિયા દ્વારા, બાળકોએ આધ્યાત્મિક ગુણોની પ્રાપ્તિનો સ્વયં એક પુરસ્કાર અને અયોગ્ય ચરિત્ર ધારણ કરવાનો સૌથી મોટી સજા તરીકે વિચાર કરવો જોઈએ. તેથી, આ બધાએ સહભાગીઓને બાળકોમાં વર્તનના સુધારાવધારાને યોગ્ય પરિપ્રેક્ષ્યથી -એક મુખ્ય ઉદ્દેશ તરીકે નહિ પરંતુ ચરિત્ર શુદ્ધિકરણમાં સહાયક તરીકે જોવા માટે સક્ષમ બનાવવું જોઈએ. તે મુજબ, તેઓ બાળકો સાથેની તેમની ક્રિયાપ્રતિક્રિયામાં ઈચ્છનીય આચરણને પ્રોત્સાહિત કરવા અને અયોગ્ય વર્તન શૈલીઓને નિરૂત્સાહિત કરવાના માર્ગો શોધશે, અને તેમાના કેટલાકનો વિભાગ ૧૩ માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ વિભાગમાં ટૂંકમાં ચર્ચા કરવામાં આવેલા બીજા ખ્યાલો સ્વતંત્રતા અને શિસ્ત સાથે સંબંધિત છે. બાળકોની કેળવણીમાં દેખીતી રીતે કઠોર સજાનું કોઈ સ્થાન નથી, તેમ છતાં તેમને તેમની ઈચ્છા પ્રમાણે વર્તન કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપવી એ તેમના આધ્યાત્મિક વિકાસ માટે સમાન રીતે નુકશાનકારક છે.

તેના પછી આ એકમ આનંદપૂર્ણ શીખવાના વાતાવરણનું નિર્માણ કરીને વર્ગમાં કેવી રીતે વ્યવસ્થા અને શિસ્ત જાળવી રાખવું તેના પ્રશ્ન તરફ વળે છે. ટ્યુટરે યાદ રાખવું જોઈએ કે મોટાભાગના સહભાગીઓને બાળકોને ભણાવવાનો અગાઉનો અનુભવ હશે નહિ, અને તેથી તેમની વિચારણા માટે અહિં માત્ર થોડા પ્રારંભિક વિચારો પ્રસ્તુત કરવામાં આવ્યા છે. તેઓ આ સેવા કાર્ય હાથ ધરે તેના પછી તેઓ સંબંધિત વિભાગો તરફ પાછા ફરવાની અને તેમના અનુભવના પ્રકાશમાં વિચારો પર ચિંતન કરવાની ઈચ્છા રાખી શકે છે.

તેના પછી સહભાગીઓ પાઠની રચના કરતી પ્રવૃતિઓમાં બાળકોને સામેલ કરવા માટે તેઓ અનુસરી શકે તેવા કેટલાક અભિગમોનું પરિક્ષણ કરે છે. પ્રાર્થના, અવતરણો મોઢે કરવા, અને વાર્તાઓ જેવા ઉપર ઉલ્લેખ કરવામાં આવેલા મુખ્ય ઘટકોની સાથે, આ પ્રવૃતિઓમાં ગીતો, રમતો અને રંગકામનો સમાવેશ થાય છે. તેમની સમક્ષ ઉપલબ્ધ અભિગમોનું વિષ્લેષણ કરતાં, સહભાગીઓ શુદ્ધતા નામના આધ્યાત્મિક ગુણ ઉપર આધારિત પહેલા પાઠનું પુનરાવર્તન કરે છે.

અંતે, વિભાગ ૨૬ માં તેઓ એક શિક્ષક અને તેના કે તેણીના વર્ગના બાળકોના માતા પિતા વચ્ચે અનાવૃત થતા સતત વાર્તાલાપના સ્વરૂપ વિશે વિચાર કરે છે. આ વિભાગ પુસ્તક ૨ માં આ સંદર્ભમાં સહભાગીઓએ પહેલેથી જ જેનો અભ્યાસ કર્યો છે, તેની સાથે તે સમયથી તેમના મહોલ્લા કે ગામમાં વર્ગોમાં હાજરી આપતા બાળકોના ઘરની મુલાકાત લેતા મિત્રોના નાભિકના ભાગ રૂપે તેમણેં પ્રાપ્ત કરેલા અનુભવ પર આધારિત છે. ટ્યુટરે સહભાગીઓને સ્વાધ્યાય પૂરો કરવા માટે પર્યાપ્ત સમય આપવામાં આવે તેની ખાતરી કરવી જોઈએ જે તેમને માતા પિતા સાથેના તેમના વાર્તાલાપની તૈયારીમાં આ પહેલા એકમમાં આપેલા ખ્યાલોની પુનઃસમીક્ષા કરવાનું કહે છે. આ સ્વાધ્યાય જૂથના સભ્યો માટે તેમના મગજમાં, ચર્ચા કરવામાં આવેલા ઘણા ખ્યાલો અને વિચારોને, મજબૂત કરવાનું એક માધ્યમ તરીકે કામ કરશે.

બીજો એકમ, "બાળ વર્ગના પાઠ, ધોરણ ૧", ના બે ભાગ છે: આ ધોરણ માટે સૂચિત ચોવીસ પાઠ અને આ પાઠોની વિષયવસ્તુથી સુપરિચિત થવામાં શિક્ષકોને સક્ષમ બનાવવા માટે તૈયાર કરવામાં આવેલા પ્રારંભિક વિભાગો, તેમાંથી દરેક વિભાગ કોઈ એક આધ્યાત્મિક ગુણની આસપાસ રચાયેલો છે. એક સમયે ચાર પાઠ લઈને, પ્રારંભિક વિભાગો સહભાગીઓને દરેક મુખ્ય ઘટકની સમીક્ષા દ્વારા માર્ગદર્શન આપે છે, જેનું તેમણે અગાઉના એકમમાં શુદ્ધતા વિશે પહેલાં કર્યું હતું તે જ રીતે તેઓ વિશ્લેષણ કરે છે.

બહાઈ લખાણોમાંથી લેવામાં આવેલું અવતરણ દરેક પાઠના મુખ્ય તત્વની રચના કરે છે. તેના પછી ટૂંકુ નિવેદન કે વર્ણન હોય છે અને શિક્ષકોને પ્રોત્સાહન આપવામાં આવે છે કે તેઓ બાળકોને અવતરણનો પરિચય આપવા માટે તેનો ઉપયોગ કરે. સંક્ષિપ્ત હોવા છતાં, નિવેદનમાં લખાણોમાંથી લેવામાં આવેલા શબ્દો અને ઉદાહરણોના નક્ષત્રનો ઉપયોગ કરવામાં આવ્યો છે જે બાળકોને તેમના મગજમાં ગતિશીલતાના ચિત્રની રચના કરવાની શરૂઆત કરવામાં મદદ કરશે જે ચર્ચા કરવામાં આવેલા આધ્યાત્મિક ગુણનું વર્ણન કરતું હોય. પરિચયાત્મક પિપ્પણીને સહજ રીતે રજુ કરવાની અને આ ગતિશીલતામાં અંત:દષ્ટિ પ્રાપ્ત કરવામાં બાળકોને મદદ કરવાની શિક્ષકની ક્ષમતામાં અનુભવ દ્વારા અને પાઠમાં ચર્ચા કરવામાં આવેલા આધ્યાત્મિક ગુણો પર સતત ચિંતન દ્વારા વધારો થશે. તેના પ્રકાશમાં, સહભાગીઓને શરૂઆતના વિભાગોમાં, વ્યક્તિગત જીવનમાં અને તેમના શિક્ષણ પ્રયત્નો -બંનેમાં, દરેક ગુણના મહત્વ વિશે ચિંતન કરવાનું કહેવામાં આવે છે, અને આ ઉદ્દેશ માટે દરેક ગુણને લગતા અવતરણોના એક નાના સંકલનનો સમાવેશ કરવામાં આવ્યો છે..

આવા ચિંતનમાં જોડાઈને, તેના પછી સહભાગીઓ વાર્તાઓની સમીક્ષા કરે છે જે, તેઓ જે ગુણો વિશે વિચાર કરી રહ્યા છે તેનું વર્ણન કરે છે. મોટેભાગે અબ્દુલબહાના જીવનમાંથી લીધેલી, આ વાર્તાઓનો હેતુ બાળકોને માનવ આત્માના ગુણો તરીકે આધ્યાત્મિક ગુણોની અમર્યાદિત અભિવ્યક્તિની ઝલક આપવાનો છે. તેના સંદર્ભમાં, દરેક વાર્તા માટે તેઓ જે આધ્યાત્મિક વાસ્તવિકતાની શોધ કરે છે તેના માટે ઘટનાઓના ક્રમની બહાર જોવામાં શિક્ષકોની મદદ કરવા માટે કેટલાક પ્રશ્નો આપવામાં આવ્યા છે. ખાસ કરીને અબ્દુલબહાની વાર્તાઓના કિસ્સામાં, આ પ્રશ્નોની રચના એવી રીતે કરવામાં આવી છે કે જેથી ખાતરી કરી શકાય કે, તેમની પ્રસ્તુતિમાં શિક્ષકો એ વાત પર ભાર મૂકે કે અબ્દુલબહાએ કેવી રીતે આધ્યાત્મિક ગુણોને મહત્તમ સંપૂર્ણતામાં પ્રગટ કર્યા છે તથા તાત્કાલિક અને ઉપરછલ્લા પ્રકારનું ચિત્ર ઉભું કરવાનું ટાળ્યું છે જે બાળકોને અબ્દુલબહાની ક્રિયાનું સાચુ મહત્વ જોવાથી વિચલિત કરી શકે છે.

આવી રીતે સહભાગીઓએ ચાર ચાર પાઠના દરેક જૂથનું વિશ્લેષણ કર્યા પછી, પહેલા એકમમાં ચર્ચા કરવામાં આવેલા અભિગમોનો ઉપયોગ કરીને, તેમને તેમની વચ્ચે વિવિધ ઘટકોની પ્રેકિટસ કરવા માટે સમય પસાર કરવાનું કહેવામાં આવે છે. પ્રેકિટસ ઘટકનું મહત્વ વધારે પડતું આંકી શકાતું નથી. જૂથના સભ્યોને સંભવિત શિક્ષકો તરીકેની તેમની ક્ષમતા વધારવાના પ્રયાસોમાં તેમની મદદ કરવા માટે હવે ઘણુંબધું ટયુટર પર આવી પડશે. ચારના સેટમાં પાઠના અભ્યાસની વ્યવસ્થા આ સંદર્ભમાં લચકતાના સ્તરની પરવાનગી આપે છે, અને જરૂરીયાત મુજબ, બાળ વર્ગો ના સંસ્થાના સંયોજક સાથે મળીને પરામર્શમા, કેવી રીતે શ્રેષ્ઠ રીતે આગળ વધી શકાય તેના વિશે ટયુટરે થોડો વિચાર કરવો જોઈએ. એવો સમય હોઈ શકે છે જયારે સહભાગીઓ સેવાનું આ કાર્ય હાથ ધરે તેના પહેલાં તેમના માટે પ્રેકિટસના ઘટક સહિત સંપૂર્ણ એકમનો અભ્યાસ કરવાનું શક્ય બની શકે છે. એવા કિસ્સામાં, તે આવશ્યક છે કે જેઓ વર્ગો ચલાવવા ઈચ્છતા હોય તેઓ પુસ્તક ૩ પૂર્ણ કર્યા પછી, ચાહે તે પોતાનો એક વર્ગ શરૂ કરીને કે બીજા કોઈ શિક્ષક સાથે કામ કરીને, કેટલીક પ્રવૃતિઓમાં મદદ કરીને, ઝડપથી અનુભવ પ્રાપ્ત કરી શકે. અન્ય સંજોગોમાં, સહભાગીઓ માટે ઉદાહરણ તરીકે ચાર પાઠના અભ્યાસ અને પ્રેકિટસ પૂર્ણ કર્યા પછી શીખવવાનો સમાન અનુભવ પ્રાપ્ત કરવાનું ફળદાયી હોઈ શકે છે. તેના પછી, યોગ્ય સમયાંતરે, ટયુટર તેમના વધતા જતા અનુભવના પ્રકાશમાં વધુ ચાર પાઠનો અભ્યાસ અને પ્રેકિટસ કરવા માટે તેમને પાછા એક સાથે લાવશે. અહિં ઉલ્લેખ કરવો જોઈએ કે શરૂઆતના પાઠોને ચારના જૂથમાં સંગઠિત કરવાનો અર્થ એવો નથી તેમાં ચર્ચા કરવામાં આવેલા ગુણો કોઈ વિશેષ રીતે જોડાયેલા છે.

આવી વ્યવસ્થાને ધ્યાનમાં લીધા વિના, શિક્ષકો માટે મહત્વનું છે કે તેઓ પાઠોથી સંપૂર્ણ રીતે પરિચિત થાય અને દરેક વર્ગના સમયગાળા માટે સારી રીતે તૈયારી કરે. બાળ વર્ગો વધુ સફળ થશે, જો શિક્ષક પુસ્તકમાંથી સીધું વાંચતા ન હોય પરંતુ પ્રાર્થનાઓ અને અવતરણોને મોઢે કરી લીધા હોય, પાઠ માટે અવતરણ રજૂ કરવાની તૈયારી કરી લીધી હોય અને વાર્તા કહેવાની પ્રેક્ટિસ કરી લીધી હોય. આ પ્રકારની તૈયારી ઉપરાંત, રમતો માટેની કેટલીક જરૂરીયાતો તથા રંગકામ કરવાના ચિત્રો અને રંગ સિવાય, સામગ્રી અને સંસાધનોના રૂપમાં વર્ગો માટે ખૂબ જ ઓછી જરૂર પડશે. બીજા એકમના અંતે આપેલા રંગકામ માટેના ચિત્રોની ઝેરોક્ષ કરી શકાય છે અથવા તેની નકલ કરીને વધારાની નકલો તૈયાર કરી શકાય છે. આ ઉપરાંત, તેને પ્રિન્ટ કરવા માટે રૂહિ સંસ્થાની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાય છે. તેની સાથે વેબસાઈટ પર ધોરણ ૧ માટેના ગીતોનું રેકોર્ડિંગ પણ ઉપલબ્ધ છે, જેનો શિક્ષકો વર્ગ માટે તેમની જાતને તૈયાર કરવા માટે જ નહિ પરંતુ બાળકોને ગીતો ગાવાનું શીખવામાં મદદ કરવા માટે પણ ઉપયોગ કરી શકે છે. જેઓ તેમના સમુદાયના બાળકો માટે વર્ગ શરૂ કરે છે તેમને તેમના પ્રયત્નો માટે સમર્પિત એક નોટબૂક રાખવા પ્રોત્સાહિત કરવામાં આવે છે, જે તેમને જરૂરી માહિતી હાથ પર તૈયાર રાખવા સક્ષમ બનાવશે તથા તૈયારી અને ચિંતનની પ્રણાલીને મજબૂત બનાવશે.

અહિં સ્પષ્ટ કરવું યોગ્ય છે કે ધોરણ ૧ ના ચોવીસ પાઠમાંથી દરેક પાઠ, સામાન્ય સંજોગોમાં એક જ વર્ગના સત્રમાં પૂર્ણ કરી શકાય તે સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ સાથે તૈયાર કરવામાં આવ્યો છે. એક પાઠના ઘટકોનું બે સત્રો વચ્ચે કરવામાં આવતું વિભાજન પ્રવૃતિઓને અનાવશ્યક રીતે લંબાવવાની વૃતિમાં ફાળો આપે છે. વધુ નિર્ણાયક રીતે, તે શીખવાની પ્રક્રિયાની અસરકારકતાને નબળી પાડી શકે છે જેમાં પ્રવૃતિઓ વચ્ચે એક લયની સ્થાપના કરવામાં આવે છે, દરેક પ્રવૃતિની તીવ્રતાનું અલગ સ્તર હોય છે પરંતુ તમામ પ્રવૃતિઓ એક આધ્યાત્મિક ગુણની આસપાસ પરિભ્રમણ કરે તે આવશ્યક છે.

અંતમાં, શૈક્ષણિક પ્રક્રિયામાં શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચેના સંબંધ વિશે થોડાક શબ્દો કહેવા જોઈએ, જે વિષયની વિભાગ ૯ અને ૧૦ માં ચર્ચા કરવામાં આવી છે પરંતુ તે આખા પુસ્તકમાં ગર્ભિત છે. દરેક શિક્ષકે, બાળકો ધોરણ ૧ મા જે બધા ગુણોનો અભ્યાસ કરે છે તેને તેમની વચ્ચે તેના કે તેણીના પ્રયત્નોમાં ઉદાહરણ પૂરૂં પાડવાનો મહત્તમ પ્રયત્ન કરવો જોઈએ તે સ્પષ્ટ છે. તેમાંથી પ્રેમ કરતાં વધુ મહત્વનું બીજું કોઈ નથી, એવો પ્રેમ જે ઈશ્વરના પ્રેમનું પ્રતિબિંબ છે. આ પ્રેમ શિક્ષક દ્વારા સર્જિત વાતાવરણમાં અનુભવાશે-વર્ગ પહેલાં કરવામાં આવેલી તૈયારીના સ્તરમાં, દરેક વર્ગની શરૂઆતમાં કરવામાં આવતી પ્રાર્થનામાં, વિદ્યાર્થીઓ સાથેની વાતચિતમાં ઉપયોગમાં લેવામાં આવતી ભાષામાં અને જે રીતે વિદ્યાર્થીઓ પ્રોત્સાહન પ્રાપ્ત કરે છે અને તેઓ જે પ્રગતિ કરે છે તેના વખાણમાં અનુભવાશે.



# બહાઈ કેળવણીના
# કેટલાક સિદ્ધાંતો

**ઉદ્દેશ**

કેળવણીના સંદર્ભમાં બહાઈ લખાણોમાં જોવા મળતા કેટલાક સિધ્ધાંતો અને ખ્યાલોનું વિશ્લેષણ કરવું અને બાળકોનો આધ્યાત્મિક વિકાસ કરતા હોય એવા વર્ગોમાં તેમને કેવી રીતે સંલગ્ન કરવા તેના વિશે ચિંતન કરવું

## વિભાગ ૧

રૂહિ સંસ્થાનું આ ત્રીજું પુસ્તક તમને સેવાના એક સૌથી પસંશનીય કાર્ય, બાળકોની આધ્યાત્મિક કેળવણી માટે બહાઈ વર્ગોના શિક્ષણનો પરિચય કરાવે છે. જો, આ પુસ્તકનો અભ્યાસ કર્યા પછી અને તેના પ્રેક્ટિસ ઘટકનું અનુસરણ કર્યા પછી, તમે તમારો થોડો સમય અને શક્તિ સેવાના આ કાર્યમાં સમર્પિત કરવાનું નક્કી કરો છો, તો તમે તમારા સમુદાયમાં છ વર્ષના શૈક્ષણિક કાર્યક્રમના પહેલા ધોરણમાં દાખલ થતા બાળકોના એક જૂથ માટે એક સાપ્તાહિક વર્ગ શરૂ કરવાની સ્થિતિમા હશો. જયારે તમે વર્ગ ચાલુ કરશો ત્યારે, નિઃશક, તમે મુખ્ય શ્રેણીના પુસ્તકો દ્વારા આગળ અભ્યાસ કરવાનું ચાલુ રાખશો.

બાળકોને શીખવવું એ તમે જે માર્ગ પર ચાલી રહ્યા છો તે માર્ગ પરના અનેક સેવા કાર્યોમાંથી માત્ર એક સેવા કાર્ય છે. જો તમે તેમાં સામેલ થવાનું પસંદ કરતા નથી, તો પણ તમને આ પાઠયક્રમનો અભ્યાસ મૂલ્યવાન લાગશે. તમારા ગામ, નગર કે મહોલ્લામાં સમુદાય નિર્માણની પ્રક્રિયામાં યોગદાન આપવા માટે, તમે ઘણા પ્રસંગોએ નાના બાળકો સાથે વાર્તાલાપ કરશો અને અહિં તમારા અભ્યાસમાંથી તમે જે અંતઃદૃષ્ટિ પ્રાપ્ત કરશો તેના વિશે ઘણીવાર ચર્ચા કરી શકશો. વિશ્વ ન્યાય મંદિરનું નીચેનું નિવેદન બાળકો પ્રત્યે જે પ્રકારની લાગણીઓ ઉત્પન્ન કરે છે તેના વિશે ચિંતન કરવા કરવા માટે થોડો સમય કાઢો:

> **"બાળકો એક સમુદાય પાસે રહેલો સૌથી અમૂલ્ય ખજાનો છે, કારણકે તેમનામાં ભવિષ્યનું વચન અને ગેરંટી છે. તેઓ ભાવિ સમાજના ચરિત્રના બીજ ધરાવે છે જે મોટાભાગે સમુદાયની રચના કરતા પુખ્ત વયના લોકો બાળકોના સંદર્ભમાં શું કરે છે અથવા કરવામાં નિષ્ફળ જાય છે તેના દ્વારા આકાર લે છે. તેઓ એક થાપણ છે જેની કોઈપણ સમુદાય સજા મુક્તિ સાથે અવગણના કરી શકે નહિ. બાળકો પ્રત્યેનો સર્વ-આલિંગનકારી પ્રેમ, તેમની સાથે વર્તવાની રીત, તેમના પ્રત્યે આપવામાં આવતા ધ્યાનની ગુણવત્તા, તેમના પ્રત્યેના પુખ્ત વયના લોકોના વર્તનની ભાવના -આ બધા જરૂરી વલણના મહત્વના તત્વો છે."[૧]**

આ પુસ્તકના બીજા એકમમાં રજૂ કરાયેલા પહેલા ધોરણના પાઠ સરળ છે. દરેક પાઠમાં પ્રવૃતિઓના એવા સેટનો સમાવેશ થાય છે જે કોઈ એક આધ્યાત્મિક ગુણ પર કેન્દ્રિત હોય. બાળકોને પ્રાર્થના અને પવિત્ર લખાણોમાંથી અવતરણો મોઢે કરવા, વાર્તાઓ અને ઉપદેશોની સમજૂતિ સાંભળવા, ચિત્રો દોરવા અને રંગકામ કરવા, ગાવા અને રમવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ પાઠ ચલાવવા માટે, મોટા પ્રમાણમાં શિક્ષણ ક્ષેત્રના જ્ઞાનની જરૂર નથી. શિક્ષક તરીકે તમારી પાસે કોઈ ઔપચારિક તાલીમ છે કે નહિ તેને ધ્યાનમાં લીધા વિના, આ કોર્સ તમને દર અઠવાડિયે અસરકારક રીતે બાળકોના વર્ગો ચલાવવા માટે તૈયાર કરશે. જેમ જેમ તમે પુસ્તક ૩ માંથી પ્રસ્ફૂટિત થતા પાઠયક્રમોનો અભ્યાસ કરશો, તેમ તમને કેળવણીના ઘણાં મૂળભૂત વિષયો વિશે વિચાર કરવાની તક મળશે. શરૂઆતમાં તમે કદાચ, પાઠ આયોજનનું નજીકથી અનુસરણ કરશો પરંતુ તમે જાતે જ ઉત્તરોત્તર વધારાની વિષયવસ્તુઓથી તેને વધુને વધુ સમૃદ્ધ બનાવવામાં સક્ષમ હશો.

## વિભાગ ૨

ચાલો આપણે બહાઉલ્લાહ અને અબ્દુલબહાના નીચેના શબ્દો પર ચિંતન કરીએ, જે આપણને એક શિક્ષક દ્વારા કરવામાં આવેલા કાર્યની પ્રશંસા કરવામાં આપણી મદદ કરશે. તમે આ શબ્દો મોઢે કરવાની ઈચ્છા રાખી શકો છો, કે જેથી શીખવતી વખતે તમે તેને યાદ રાખી શકો.

**"આશીર્વાદીત છે તે શિક્ષક જે બાળકોને શિક્ષણ આપવા અને લોકોને પરમેશ્વરના માર્ગમાં માર્ગદર્શન આપવા માટે ઊભો થશે, તે દાનશીલ છે પરમ પ્રિય છે."[૨]**

**"સર્વશક્તિમાન ઈશ્વરને મનુષ્ય દ્વારા અર્પણ કરી શકાય એવી બધી સેવાઓમાંથી શ્રેષ્ઠત્તમ એવી એક સેવા છે બાળકોની કેળવણી અને પ્રશિક્ષણ...."[૩]**

**"દિવ્ય શાસ્ત્ર મુજબ બાળકોને શીખવવું અત્યાવશ્યક અને અનિવાર્ય છે. તે સ્પષ્ટ કરે છે કે શિક્ષકો પ્રભુ, પરમેશ્વરના સેવક છે, કારણ કે તેઓ આ કાર્ય કરવા માટે ઊભા થયા છે, જે પૂજા સમાન છે. તેથી તમારે દરેક શ્વાસથી ઈશ્વરનું ગુણગાન કરવું જોઈએ, કારણકે તમે તમારા આધ્યાત્મિક સંતાનોને કેળવણી આપી રહ્યા છો."[૪]**

1. તમે આ શબ્દોના મહત્વ પર ચિંતન કરો છો ત્યારે, નીચેના વાક્યોમાં ખાલી જગ્યા પૂરો.

   ક. ________ છે તે શિક્ષક જે ________ ને શિક્ષણ આપવા અને લોકોને પરમેશ્વરના ________ માં ________ આપવા માટે ________ થશે, તે ________ છે ________ છે.

   ખ. સર્વશક્તિમાન ઈશ્વરને મનુષ્ય દ્વારા અર્પણ કરી શકાય એવી બધી ________ માંથી ________ એવી એક સેવા છે બાળકોની ________ અને ________.

   ગ. દિવ્ય શાસ્ત્ર મુજબ, બાળકોને શીખવવું ________ અને ________ છે. તે સ્પષ્ટ કરે છે કે ________ પ્રભુ, પરમેશ્વરના ________ છે, કારણ કે તેઓ આ કાર્ય કરવા માટે ________ થયા છે, જે ________ ________ છે. તેથી તમારે દરેક શ્વાસથી ઈશ્વરનું ________ કરવું જોઈએ, કારણકે તમે તમારા ____________ ને કેળવણી આપી રહ્યા છો.

૨. હાલ સુધી આપણે જેનો અભ્યાસ કરી ગયા છીએ તેના આધારે નીચેના પૈકી કયા વિધાનો સાચા છે તે નક્કી કરો :

_____ માતા પિતા, શિક્ષકો અને સમુદાય બધા બાળકોની આધ્યાત્મિક કેળવણીની જવાબદારીમાં ભાગીદાર છે.

____ બાળકોની આધ્યાત્મિક કેળવણી માટે વર્ગોની સ્થાપના કરવી એ દરેક સમુદાયનું કર્તવ્ય છે.

_____ બાળકોને શિક્ષણ આપવાના કાર્યનો પૂજા તરીકે વિચાર કરી શકાય છે.

_____ બાળકો શાળામાં જતા હોવાથી, સમુદાયને તેમની આધ્યાત્મિક કેળવણી માટે વર્ગો ની સ્થાપના કરવાની કોઈ જરૂર નથી.

_____ બાળકોના શિક્ષક આધ્યાત્મિક છોકરાઓ અને છોકરીઓનો ઉછેર કરે છે.

## વિભાગ ૩

પ્રભુધર્મના લખાણોમાં શિક્ષણના ક્ષેત્રને લગત ઘણાં ફકરાઓ છે. આપણે તેમાંથી કેટલાક ફકરાનો આ પાઠયક્રમ અને તેમાંથી શાખાના રૂપમાં શરૂ થતા પાઠયક્રમમાં અભ્યાસ કરીશું. શરૂ કરવા માટે, બહાઉલ્લાહના નીચેના શબ્દો વાંચો :

**"મનુષ્યને અમુલ્ય રત્નોથી સમૃધ્ધ એક ખાણ સમાન સમજો. એકમાત્ર કેળવણી જ તેના ખજાના પ્રગટ કરવાનું અને તેમાંથી લાભ પ્રાપ્ત કરવા માનવજાતને સમર્થ બનાવવાનું કારણ બની શકે છે."[૫]**

નીચેની ખાલી જગ્યા પૂરવાનું કાર્ય તમને આ વિધાનના ગહન અર્થ વિશે ચિંતન કરવામાં મદદ કરશે, અને જો તમે પહેલાં મોઢે કર્યું નહિ હોય તો તેને મોઢે કરો.

ક. મનુષ્ય અમુલ્ય ________ થી સમૃધ્ધ એક ________ સમાન છે.

ખ. એક માત્ર __________ જ તેના ખજાના _________ કરવાનું અને તેમાંથી ________ પ્રાપ્ત કરવા માનવજાતને સમર્થ બનાવવાનું કારણ બની શકે છે.

શિક્ષણના ક્ષેત્ર માટે બહાઉલ્લાહના શબ્દોના સૂચિતાર્થો કે મહત્વ વિશાળ છે, તેમાંથી ઘણાં સૂચિતાર્થોની આગામી વિભાગોમાં ચર્ચા કરવામાં આવશે. હાલ માટે, ચાલો એક વિચારધારાનો વિચાર કરીએ. ધારો કે તમને વીસ ખાલી બરણીઓ આપવામાં આવી છે અને તેમાં ચમચીથી પાણી ભરવાનું કહેવામાં આવ્યું છે. જો શિક્ષણની આવી રીતે -વિદ્યાર્થીઓને થોડી થોડી માહિતીથી ભરવાની -કલ્પના કરવામાં આવે તો તે કેટલું કંટાળાજનક કાર્ય હશે, ખરૂં ને ? તેના પછી, શોધ કરવા અને પ્રકાશમાં લાવવા માટે તૈયાર એવા છુપાયેલા રત્નોથી ભરેલી એક ખાણ વિશે કલ્પના કરો. શું તમે સહમત થતા નથી કે શિક્ષણને ખાણકામ દ્વારા બહાર કાઢવાના રત્નો તરીકે જોવું એ ખરેખર આનંદપૂર્ણ વ્યવસાય છે ?

## વિભાગ ૪

ચાલો ઉપરોક્ત અવતરણ વિશે વધુ વિચારીએ. શું આપણે પ્રેમ, સત્યવાદીતા, ન્યાય, ઉદારતા, દ્રઢતા અને નિખાલસતા જેવા ગુણોનો એવા રત્નોમાં સમાવેશ કરી શકીએ છીએ જેનો બહાઉલ્લાહ સંદર્ભ આપે છે ? માનવ મનની શક્તિઓ, પ્રકૃતિના રહસ્યો શોધવાની, કલાની સુંદર કૃતિઓનું નિર્માણ કરવાની, ઉમદા અને ઉત્થાનકારી વિચારો વ્યક્ત કરવાની તેની શક્તિઓ વિશે શું ? તમે જે બાળકોને શીખવશો તેઓ આ બધા ગુણો સુષુપ્ત રીતે ધરાવે છે. શું તમે કેટલાક બીજા ગુણોનો ઉલ્લેખ કરી શકો છો ? શું તેમાંથી કોઈનો યોગ્ય શિક્ષણ વિના વિકાસ થશે ? આ પ્રશ્નો પર ચિંતન કરતી વખતે, પુસ્તક ૧ માં ઉપયોગ કરવામાં આવેલું ઉદાહરણ યાદ કરો, કે એક દીવામાં પ્રકાશ આપવાની ક્ષમતા છે પરંતુ તેમ કરવા માટે, તેને પ્રગટાવવું જોઈએ..

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

## વિભાગ ૫

આપણી ક્ષમતાનો વિકાસ કરવા માટે, આપણે બધા શૈક્ષણિક પ્રક્રિયાના વિવિધ તબક્કાઓમાંથી પસાર થઈએ છીએ, જે આપણે કહી શકીએ કે, આપણા જીવનના અંત સુધી વિકાસ પામે છે. આપણે ઘરે, શાળામાં, કામના સ્થળે અને સમુદાયમાં શિક્ષણ મેળવીએ છીએ. અહીં આપણે આપણી જાતને એક પ્રશ્ન પૂછવો જોઈએ કે, આ જીવનભરની શૈક્ષણિક પ્રક્રિયાના એક ઘટક તરીકે,

ખાસ કરીને પહેલા ધોરણમાં, બાળકો માટેના બહાઈ વર્ગોનું ધ્યાન શેના પર કેન્દ્રિત હોવું જોઈએ? અબ્દુલબહાની કેટલીક સલાહો આપણને તેનો જવાબ શોધવામાં મદદ કરશે:

> **"તમારે સદાચરણના પ્રશ્નનો સૌથી પહેલા મહત્વના પ્રશ્ન તરીકે વિચાર કરવો જોઈએ. દરેક પિતા અને માતાની જવાબદારી છે કે તેઓ તેમના બાળકોને લાંબા સમય સુધી સલાહ આપે અને એવી ચીજો તરફ માર્ગદર્શન આપે જે શાશ્વત સન્માન તરફ દોરી જાય છે."[૬]**

> **"પુસ્તક -જ્ઞાન કરતાં નૈતિક મુલ્યો અને સદાચરણમાં તાલીમ સૌથી વધારે મહત્વપૂર્ણ છે. કોઈ એક બાળક સ્વચ્છ, સ્વીકાર્ય, સદગુણી અને સારા ચરિત્રવાળુ છે તો તે અભણ હોવા છતાં – એવા બાળક કરતાં વધારે સ્વીકાર્ય છે, જે બધાજ વિજ્ઞાનો અને કલા-કૌસલમાં નિપૂણ હોવા છતાં ઉધ્ધ્ત, અસભ્ય, દુષ્ટ આચરણવાળો છે. કારણકે જો એક બાળક સદાચરણવાળુ છે તો, તે અભણ હોવા છતાં, બીજા માટે લાભદાયી બનશે, જ્યારે દુષ્ટ આચરણવાળુ બાળક વિદ્વાન હોવા છતાં, તે ભ્રષ્ટાચારી અને બીજા માટે હાનિકારક છે. આમછતાં, જો કોઈ બાળકને વિદ્વતા અને ભલાઈ એમ બંનેમાં તાલીમ આપવામાં આવે તો તેનું પરિણામ સોનામાં સુગંદ જેવું છે."**

> **"આવનારા સમયમાં, નૈતિકતા આત્યંતિક સ્તર સુધી અધોગતિ પામશે. તે જરૂરી છે કે બાળકોને બહાઈ રીતે ઉછેરવામાં આવે, જેથી તેઓ આ લોક અને પરલોકમાં સુખ મેળવી શકે. જો નહિ, તો તેઓ દુ:ખ અને મુશ્કેલીઓથી ઘેરાયેલા હશે, કારણકે માનવ સુખ આધ્યાત્મિક આચરણ પર સ્થાપિત છે."[૮]**

આવા ફકરાએ બાળકોની આધ્યાત્મિક કેળવણી માટેના રૂહિ સંસ્થાના કાર્યક્રમના પહેલા ધોરણમાં તેને ચરિત્ર્ય શુદ્ધિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવાની પ્રેરણા આપી છે. આપણે આ ઉદ્દેશનું વિશ્લેષણ કરવા આગળ વધીએ તેના પહેલાં, "સદ્ચરિત્ર્ય" દ્વારા તમે શું સમજો છો તેના વિશે તમે તમારા જૂથમાં ચર્ચા કરી શકો છો અને નીચે આપેલી ખાલી જગ્યામાં તમારા કેટલાક તારણો લખી શકો છો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

## વિભાગ ક

જયારે કોઈ સદ્ચરિત્ર્ય વિશે વિચારે છે ત્યારે તરત જ મનમાં એક ખ્યાલ આવે છે, તે છે "સદ્ગુણ". વિશ્વમાં ઘણાં મૂલ્યવાન કાર્યક્રમો છે જે વિદ્યાર્થીમાં એક અથવા બીજા ગુણોના સમૂહનો વિકાસ કરવાનો પ્રયત્ન કરે છે. આ કાર્યક્રમો પ્રશંસનીય માનવીય ગુણોની વિશાળ શ્રેણીનું વર્ણન કરવા માટે "સદ્ગુણ" શબ્દનો ઉપયોગ કરે છે. કેટલીક સમયબધ્ધતા જેવી આદતો હોય છે. બીજા મુશ્કેલીમાં રહેતા લોકો પ્રત્યે સહાનુભૂતિ જેવા વલણો હોય છે. છતાં અન્ય ચોક્કસ કૌશલ્યો અને ક્ષમતાઓનો સંદર્ભ આપે છે, જેમ કે, સ્પષ્ટ રીતે બોલવાની ક્ષમતા. પરંતુ સદ્ગુણોની એક શ્રેણી છે જે બાકી બધાથી અલગ તરી આવે છે -સત્યવાદીતા, ઉદારતા, વિનમ્રતા, પ્રેમ, વગેરે તેના કેટલાક ઉદાહરણો છે -જેને આપણે "આધ્યાત્મિક ગુણો" તરીકે ઓળખીએ છીએ. તમને પહેલા ધોરણમાં માનવ આત્માના આ

મૂળભૂત ગુણોના વિકાસ પર તમારા પ્રયત્નોને કેન્દ્રિત કરવા માટે કહેવામાં આવે છે. એનો અર્થ એવો નથી કે, બાળકો સાથેની તમારી ક્રિયાપ્રતિક્રિયામાં, તમે બીજા ગુણોની અવગણના કરશો. તે માત્ર એટલું જ છે કે તમે જે પાઠ શીખવો છો તે મુખ્યત્વે એવા ગુણો સાથે સંબંધિત હશે જે માનવ આત્માની ઈશ્વર તરફની શાશ્વત યાત્રા માટે જરૂરી છે. અહિં જે પ્રકારનો ભેદ કરવામાં આવી રહ્યો છે તેને સમજવા માટે, સમયબધ્ધતાનો એક ગુણ તરીકે વિચાર કરો. એવી કોઈ વ્યક્તિ જે સમયબધ્ધ છે તે સ્વાર્થી અને કૃર પણ હોઈ શકે છે. પરંતુ કૃરતા અને સ્વાર્થ જે વ્યક્તિએ સત્યવાદીતા અને નિખાલતા, પ્રેમ અને ન્યાય, ઉદારતા અને ક્ષમાશીલતા જેવા ગુણો પ્રાપ્ત કર્યા છે તેના લક્ષણો હોઈ શકતા નથી. નિ:શક, આવી વ્યક્તિ માટે પણ સમયબધ્ધ રહેવું અત્યંત ઈચ્છનીય છે.

તમે પુસ્તક ૧ ના ત્રીજા એકમમાં આત્માએ આ જીવનમાં કયા ગુણો પ્રાપ્ત કરવા જોઈએ તેના વિશે થોડો વિચાર કર્યો છે. તે એકમ તરફ પાછા જવું અને તેના સંબંધિત વિભાગોનું પુનરાવર્તન કરવું તમારા માટે ઉપયોગી બની શકે છે. પછી બાળપણના નાજુક વર્ષોથી આધ્યાત્મિક ગુણોનો વિકસ કરવાના મહત્વના સંદર્ભમાં તમે ત્યાં શું અભ્યાસ કર્યો હતો તેના વિશે વિચાર કરો. તમારી ચર્ચા વિશે લખવા માટે તમારા માટે નીચે થોડી ખાલી જગ્યા આપી છે.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## વિભાગ ૭

બાળકોને પ્રશંસનીય ચારિત્ર્ય પગટ કરવામાં મદદ કરવા માટે, તમે સ્વાભાવિક રીતે તેમના વર્તન વિશે ચિંતા કરશો, કારણકે સદ્ગુણોને આચરણમાં મૂકવું આવશ્યક છે. એક શિક્ષક તરીકે, તમે સારી વર્તણૂકને ઘણી રીતે મજબૂત કરશો. પ્રશંસા, પ્રોત્સાહન, સલાહ, સમજૂતિ, પુરસ્કાર -આ દરેકનો તમે બાળકોના નાના જૂથની પ્રગતિનું અનુસરણ કરવા માટે વારંવાર ઉપયોગ કરશો. એક વાર તમે તમારા વર્ગમાં વિદ્યાર્થીઓ સાથે પ્રેમ અને સ્નેહનો ગહન સંબંધ સ્થાપિત કરી લો, તેના પછી તમારા તરફથી વ્યક્ત કરવામાં આવતી નારાજગીની હળવી અભિવ્યક્તિ પણ કોઈ બાળક દ્વારા પ્રદર્શિત અયોગ્ય વર્તનને નિરૂત્સાહિત કરવાનું એક માધ્યમ તરીકે કામ કરશે. તેને લગતા કેટલાક મુદ્દાઓના સંદર્ભમાં તમે તમારા વિદ્યાર્થીઓ સાથે કેવી રીતે વર્તન કરશો તેના વિશે આપણે આગળના વિભાગોમાં વિશ્લેષણ કરીશું. આપણી હાલની ચર્ચાના હેતુ માટે, ચાલો આપણે એક ઉદાહરણ વિશે વિચાર કરીએ. બાળકો સાથેની ક્રિયાપ્રતિક્રિયામાં, તમે નિ:શંકપણે તેમનામાં આદાન-પ્રદાનનું વલણ અને તેને અનુરૂપ ટેવનો વિકાસ કરવાનો પ્રયત્ન કરશો. એવી કેટલીક બાબતો કઈ છે જે તમે કહી અને કરી શકો છો ? તમારા જૂથના બીજા સભ્યો સાથે આ પ્રશ્નની ચર્ચા કરો.

હવે નીચેના પ્રશ્ન વિશે ચિંતન કરો: દાખલા તરીકે, ઉદારતા એક આધ્યાત્મિક ગુણ છે જે ઉદાર, દાતા એવા ઈશ્વરનો એક ગુણ છે, જો તે ઉદારતા, જે એક આધ્યાત્મિક ગુણ છે તેની અભિવ્યક્તિ નથી, તો શું વર્તનના એક તત્વ તરીકે આદાન-પ્રદાન કરવાનું કાયમી ટકી રહેશે ખરૂં ? નિ:શક, તેનો જવાબ એ છે કે વર્તનમાં સુધારાવધારાનું પોતાનું સ્થાન છે પરંતુ વાસ્તવિક ઉદ્દેશ

આધ્યાત્મિક ગુણોનો વિકાસ છે, જેનો માનવ આત્માની શક્તિઓ તરીકે, ઈશ્વરનું જ્ઞાન અને ઈશ્વરનો પ્રેમ દ્વારા વિકાસ કરવો જોઈએ. અબ્દુલબહા આપણને સલાહ આપે છે :

> **"તમે બાળકોના સંદર્ભમાં લખ્યું છે : શરૂઆતથી જ, બાળકોને દિવ્ય શિક્ષણ મળવું જોઈએ અને તેમના ઈશ્વરનું સ્મરણ કરવા માટે સતત યાદ કરાવવું જોઈએ. માતાના દૂધ સાથે ભળીને, ઈશ્વરનો પ્રેમ તેમના અંતરત્તમ અસ્તિત્વમાં વ્યાપ્ત થવા દો."[૯]**

> **"શીશુકાળથી, ઈશ્વરના પ્રેમની છાતી વડે બાળકની સંભાળ રાખવી જોઈએ, અને તેના જ્ઞાનના આલિંગનમાં ઉછેર કરવો જોઈએ, જેથી તે પ્રકાશ ફેલાવે, આધ્યાત્મિકતામાં વૃદ્ધિ પામે, શાણપણ અને શિક્ષણથી ભરેલો હોય અને દેવદૂતના લક્ષણો અપનાવે."[૧૦]**

> **"બાળકોની કેળવણીને લગતા તમારા પ્રશ્નના સંદર્ભમાં: તમારા માટે શોભનીય છે કે તમે પ્રભુપ્રેમની છાતી વડે તેમનું પાલન-પોષણ કરો, અને તેમને ચેતનાની ચીજો તરફ પ્રેરિત કરો, જેથી તેઓ ઈશ્વર તરફ તેમના મુખ ફેરવી શકે; કે જેથી તેમનું વર્તન સદાચરણના નિયમોને અનુરૂપ બને અને તેમનું ચરત્ર અદ્વિતિય હોય; કે જેથી તેઓ માનવજાતની બધી કૃપાઓ અને પ્રસંશનીય ગુણો ધારણ કરી શકે...."[૧૧]**

આ અવતરણોમાંથી તમે ઓછામાં ઓછું એક અવતરણ મોઢે કરવાની ઈચ્છા રાખી શકો છો.

## વિભાગ ૮

સામાન્ય રીતે પાંચ કે છ વર્ષની વયના બાળકોને તમે પહેલા ધોરણમાં જે પાઠ ભણાવશો, તે આપણે અત્યાર સુધી મનમાં વિશ્લેષણ કરેલા વિચારો સાથે વિસ્તૃત કરવામાં આવ્યા છે. આ ક્ષણે તમારા માટે બીજા એકમ તરફ વળવું અને ખાસ કરીને શરૂઆતના એક પાઠ પર ધ્યાન આપીને, બે થી ત્રણ પાઠોનો અભ્યાસ કરવાનું મદદરૂપ થઈ શકે છે. પછીથી તમને બધા ચોવીસ પાઠોનું વિગતવાર વિશ્લેષણ કરવાની તક મળશે. હાલ માટે, નીચે નોંધ કરવામાં આવી છે તે મુજબ, અગાઉના વિભાગોની ચર્ચાના પ્રકાશમાં, તમને તેના વિવિધ ઘટકો વિશે વિચાર કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

દરેક વર્ગની શરૂઆત તમારા દ્વારા અને કેટલાક બાળકો દ્વારા કરવામાં આવતી પ્રાર્થનાઓથી થાય છે. તરત જ, પછી બાળકો તમારી મદદથી પ્રાર્થના માઢે કરવા માટે સમય ફાળવે છે. પ્રાર્થના બાળકના વિકાસ માટે અનિવાર્ય છે જેની "ઈશ્વરના પ્રેમની છાતીમાં સંભાળ રાખવી જોઈએ". અબ્દુલબહા આપણને કહે છે કે "બાળકો નાના છોડ જેવા છે અને તેમને પ્રાર્થના શીખવવી એ તેમના પર વરસાદ વરસાવવા જેવું છે, જેથી તેઓ કોમળ અને તાજા થઈ શકે, અને ઈશ્વરના પ્રેમની કોમળ સુરભી તેમના પરથી ફૂંકાય, અને તેમને આનંદથી હિલોળા મરાવે." વર્ગનું આ તત્વ બાળકોમાં સારા ચારિત્ર્યનું નિર્માણ કરવાના એકંદર ઉદ્દેશમાં કેવી રીતે ફાળો આપે છે તેના વિશે વિચાર કરવા માટે થોડો સમય કાઢો. તમારા વિચારોને થોડા વાક્યોમાં વ્યક્ત કરવાનો પ્રયત્ન કરો. નીચે આપવામાં આવ્યા છે એવા, પુસ્તક ૧ માં ટાંકવામાં આવેલા કેટલાક અવતરણો તમારી મદદ કરશે:

> **"સવોત્તમ ઉપલબ્ધિ કે મધુરત્તમ સ્થિતિ ઈશ્વર સાથેના વાર્તાલાપ સિવાય બીજી કોઈ નથી. તે આધ્યાત્મિકતાનું સર્જન કરે છે, સભાનતા અને સ્વર્ગીય અનુભૂતિનું સર્જન કરે છે, દિવ્ય લોકનું નવું આકર્ષણ ઉત્પન્ન કરે છે અને ઉચ્ચત્તર બુદ્ધિમત્તાનું સર્જન કરે છે."[૧૨]**

**"હે મારા સેવક, તને પ્રાપ્ત થયેલા ઈશ્વરના શ્લોકોનું એવી રીતે ગાન કર, જેવી રીતે તેમણેં ગાન કર્યું છે જેઓ તેની સમીપ આવ્યા છે, કે જેથી તારા સુરનું માધુર્ય તારા પોતાના આત્માને પ્રદિપ્ત કરી શકે અને બધા મનુષ્યોના હૃદયોને આકર્ષિત કરે."[૧૩]**

**"ચેતના પ્રભાવશાળી છે ; પ્રાર્થનાની આધ્યાત્મિક અસર છે."[૧૪]**

**"સેવક માટે ઉચિત છે કે તે પરમેશ્વરની પ્રાર્થના કરે અને તેની પાસે સહાયતા માંગે, તેની મદદ માટે વિનંતી અને યાચના કરે. તે દાસત્વના પદને શોભે છે, અને પ્રભુ, તેના સર્વોચ્ચ વિવેક અનુસાર, ઈચ્છે તેવો આદેશ કરશે."[૧૫]**

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

દરેક પાઠનો વિષય પવિત્ર ગ્રંથમાંથી લેવામાં આવેલા એક અવતરણની આસપાસ પરિભ્રમણ કરે છે જેને બાળકો મોઢે કરે એવી અપેક્ષા રાખવામાં આવે છે. તમને કહેવામાં આવે છે કે તમે તેના અર્થની મૂળભૂત સમજ પ્રાપ્ત કરવામાં તેમની મદદ કરવા માટે તમારા શ્રેષ્ઠ પ્રયાસો કરો, એવી સમજ જે આધ્યાત્મિક ગુણોના વિકાસ માટે હંમેશા આવશ્યક પુરવાર થાય છે. આ સંદર્ભમાં વિચારવા જેવો એક પ્રશ્ન છે કે, શું તમે ઈશ્વરના શબ્દોની મદદ વિના અર્થપૂર્ણ રીતે કોઈપણ ઈચ્છિત ગુણોનો વિકાસ કરી શકો છો. ફરીથી, તમારા વિચારોને સંગઠિત કરવા માટે, આ શ્રેણીના અગાઉના પુસ્તકો, ઉદાહરણ તરીકે પુસ્તક ૨ ના બીજા એકમમાં ઈશ્વરના શબ્દોની શક્તિ વિશેની તમારી ચર્ચા પર ધ્યાન આપો. ખાસ કરીને નીચેનું અવતરણ, જે કદાચ તમને મોઢે છે, તે કેવી રીતે આ પ્રશ્નની ચર્ચા કરવામાં તમારી મદદ કરે છે ?

**"ઈશ્વરના શબ્દોની કુમળા છોડ સાથે સરખામણી કરી શકાય છે, જેના મૂળીયા માનવ હૃદયોમાં રોપાયેલા છે. તમારા માટે અનિવાર્ય છે કે તમે વિવેકનું જીવન જળ, શુધ્ધ અને પવિત્ર શબ્દોથી તેના વિકાસમાં અભિવૃદ્ધિ કરો, જેથી તેના મૂળીયા દઢપણે સ્થાપિત થાય અને તેની શાખાઓ સ્વર્ગની ઊંચાઈઓ અને તેનાથી પણ આગળ વિસ્તરિત થાય."[૧૬]**

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

પાઠના બીજા તત્વોમાં બાળકોને સંભળાવેલી વાર્તાઓનો સમાવેશ થાય છે. મોટાભાગની વાર્તાઓ અબ્દુલબહાના જીવનમાંથી લેવામાં આવી છે, જેઓ તેમના પિતાના ઉપદેશોના સંપૂર્ણ ઉદાહરણ તરીકે, તમે જે ગુણોનો વિકાસ કરવા માંગો છો તેને મૂર્તિમંત કરે છે. પુસ્તક ૨ ના ત્રીજા એકમના તમારા અભ્યાસ પરથી, અબ્દુલબહાના વ્યક્તિત્વના રૂપમાં માનવજાતને આપવામાં આવેલી અતુલનીય બક્ષીસથી તમે પચિચિત છો. બાળકો તેમના જીવન વિશે જે વાર્તાઓ શીખે છે તે તેમના ચરિત્ર્યના વિકાસમાં વિશેષ ભૂમિકા ભજવે છે, અને બાળકો પ્રત્યેના તેમના મહાન પ્રેમની તેમને

વારંવાર યાદ અપાવવી જોઈએ. જેમ જેમ અબ્દુલબહા સાથેનો તેમનો સંબંધ મજબૂત થશે, તેમ તેમ તમે તેમને ખાતરી આપી શકો છો કે, જ્યારે તેઓ તેમના ઉદાહરણને અનુસરવાનો પ્રયત્ન કરે છે, ત્યારે તેઓ તેમના હૃદયમાં આનંદ લાવે છે. તમે કેવી રીતે વિચારો છો કે, આનંદ અને આદર સાથે કહેવામાં આવતી અબ્દુલબહાના જીવનની વાર્તાઓ બાળકોમાં ઈચ્છિત ગુણોનો વિકાસ કરવામાં ફાળો આપે છે ?

ગીતો ગાવું એ વર્ગનું બીજું એક તત્વ છે, જે બાળકોના હૃદય અને આત્માને આનંદથી ભરી દે છે. અબ્દુલબહા કહે છે :

> **"સંગીતની કળા દિવ્ય અને પ્રભાવશાળી છે. તે આત્મા અને ચેતનાનું ભોજન છે. સંગીતની શક્તિ અને મોહિની દ્વારા માનવીના આત્માની પ્રગતિ થાય છે. બાળકોના હૃદયમાં તેની અદ્‌ભૂત અસર અને પ્રભાવ પડે છે, કારણ કે તેમના હૃદય શુદ્ધ હોય છે અને મધૂર સુરોનો ઊંડો પ્રભાવ પડે છે. આ બાળકોના હૃદય જે સુષુપ્ત કૌશલ્યોથી વિદ્યમાન છે તે સંગીતના માધ્યમથી અભિવ્યક્ત થઈ શકે શે."**[૧૭]

તમારા જૂથ સાથે ચર્ચા કરો કે, શા માટે બાળકોને ખૂબ નાની વયથી જ સુંદર ગીતો ગાવાનું શીખવવું મહત્વનું છે.

રમતો અને રંગપુરણી એ વર્ગના બીજા બે ઘટકો છે. રમતોનું સ્વરૂપ સહકારી છે અને તેનો ઉદ્દેશ અમુક ઈચ્છનીય વલણો અને ટેવોના વિકાસમાં યોગદાન આપવાનો છે. પાઠ માટે આપવામાં આવેલા રંગપૂરણી માટેના કાગળનો આધ્યાત્મિક ગુણ સાથે સંબંધ છે જેના પર દરેક પાઠ કેન્દ્રિત છે. રંગપૂરણી પણ વિકાસના આ તબક્કે બાળકો માટે આવશ્યક એવા અનેક મહત્વના કૌશલ્યો અને વલણોને પ્રબળ કરે છે. આ બે પ્રવૃતિઓ આનંદપૂર્ણ વાતાવરણનું નિર્માણ કરવામાં મદદ કરે છે જે બાળકોની આધ્યાત્મિક કેળવણી માટે એક વર્ગની ઓળખ હોવી જોઈએ. આધ્યાત્મિક ગુણોના વિકાસ માટે આનંદીત વાતાવરણ કેટલું અનિવાર્ય છે તેના વિશે તમે થોડા શબ્દો કહેવાની ઈચ્છા રાખી શકો છો.

## વિભાગ ૯

છેલ્લા કેટલાક વિભાગોમાં તમે પહેલા ધોરણના પાઠના ઉદ્દેશ વિશે થોડી અંત:દૃષ્ટિ પ્રાપ્ત કરી છે અને જોઈ ગયા છો કે દરેક તત્વ ચરિત્રના શુદ્ધિકરણમાં કેવી રીતે ફાળો આપે છે. ચાલો હવે આપણે, તમે જે બાળકોને શીખવશો તેમની સાથેના તમારા સંબંધોના સ્વરૂપ વિશે ટૂંકમાં વિશ્લેષણ કરીએ.

પ્રથમ અને સૌપ્રથમ એ પ્રેમ છે જે પ્રેમ તમે તમારા વિદ્યાર્થીઓ પ્રત્યે અનુભવશો, એવો પ્રેમ જે, ઈશ્વરના પ્રેમના પ્રતિબિંબ તરીકે, દરેક પૃષ્ઠભૂમિના બધા બાળકોને આલિંગનમાં લેશે. આ પ્રેમ કેવી રીતે વ્યક્ત કરવો કે જેથી તે દરેક બાળક સુધી પહોંચે તે શીખવાનો એક શિક્ષક પ્રયત્ન કરે છે.

શુદ્ધ અને પક્ષપાતથી મુક્ત એવો તમારા વિદ્યાર્થીઓ માટેનો તમારો પ્રેમ, તમારા માટે અમૂલ્ય રત્નો શોધવાનું સરળ બનાવશે જે સર્વશક્તિમાનના હાથે દરેક બાળકની વાસ્તવિકતામાં અમાનત તરીકે જમા કરવામાં આવ્યા છે. તમે દરેક વિદ્યાર્થીને ઈશ્વરની છબીના રૂપમાં સર્જિત એક ઉમદા વ્યક્તિ તરીકે જોશો, એક એવી હકીકત જેની બહાઉલ્લાહના નીચેના શબ્દો સાક્ષી આપે છે :

> **"મારા સનાતન અસ્તિત્ત્વમાં ગોપિત, અને મારા સારત્વની પુરાતન અનંતતામાં, હું તારા માટેના મારા પ્રેમથી સભાન હતો. તેથી મેં તારું સર્જન કર્યું, તારા પર મારું સ્વરૂપ મુદ્રિત કર્યું, અને તારી સમક્ષ મારું સૌંદર્ય પ્રગટ કર્યું.[૧૮]**
>
> **"સામર્થ્યનાં હાથે મેં તારી રચના કરી છે, અને શક્તિશાળી આંગળીઓથી મેં તારું સર્જન કર્યું છે, અને તારા અંતરમાં મેં મારા પ્રકાશનું સત્ત્વ મૂક્યું છે.[૧૯]**
>
> **"તું મારો દીપક છે અને તારામાં મારો પ્રકાશ છે. તું તેમાંથી તારું તેજ પ્રાપ્ત કર, અને મારા સિવાય અન્ય કોઈની ઝંખના ના કર. કારણકે મેં તને સમૃદ્ધ સર્જ્યો છે અને ઉદારપણે મારી કૃપા તારા પર વરસાવી છે."[૨૦]**

નિ:શક, તમારે સમજી લેવું જોઈએ કે પ્રેમનું અનિવાર્યપણે પરીક્ષણ કરવામાં આવશે. જ્યારે તમે શીખવશો ત્યારે, તમે તમારા વિદ્યાર્થીઓમાં અનિચ્છનીય ચરિત્ર્યના લક્ષણો જોવા માટે બંધાયેલા છો. એવા પ્રસંગોએ જરૂરી છે કે તમારા માટે આવશ્યક છે કે તમે એ ભૂલભરેલી ધારણાને નકારી કાઢો કે અમુક બાળકો રીઢા હોય છે. બહાઈ બાળ વર્ગના એક શિક્ષકને કોઈ શંકા હોવી જોઈએ નહિ કે દરેક બાળકમાં ઈશ્વરને તેના અવતારો દ્વારા ઓળખવાની અને તેમના ઉપદેશોનું પાલન કરવાની ક્ષમતા હોય છે. દરેક બાળકમાં આધ્યાત્મિક રીતે આગળ વધવાની ક્ષમતા છે. તમારા વર્ગના દરેક બાળકને ઉમદા બનાવવામાં આવ્યા છે અને તમારી મદદથી, આ ખાનદાની બતાવી શકે છે.

બાળકોના સંદર્ભમાં પ્રિય માસ્ટર દ્વારા ઉપયોગમાં લેવામાં આવેલા વાક્યોને ધ્યાનમાં લેવાથી, તમને ઈશ્વરનું સર્જન તરીકે તેમનો આધ્યાત્મિક સાર વધુ સ્પષ્ટ રીતે સમજવામાં મદદ મળશે. નીચે એવા વાક્યોનું એક સંકલન આપેલું છે ; તે વાંચો અને તમે જે અમૂલ્ય બાળકોને શીખવશો તેમના વિશેની તમારી સમજને તેણે કેવી રીતે આકાર આપવો જોઈએ તેના વિશે ચિંતન કરો :

- આ સુંદર બાળકો
- આ તેજસ્વી, ખુશખુશાલ બાળકો
- દિવ્ય લોકના આ સુંદર બાળકો
- આ છોડવા જે તારા માર્ગદર્શનના પ્રવાહથી અંકુરિત થયા છે

– આભા સ્વર્ગના નાના છોડ

– તારા ઉપવનના છોડ

– ઈશ્વરના પ્રેમના બગીચામાં કુમળા રોપ

– ઈશ્વરના જ્ઞાનના ઉપવનમાં તાજા રોપ

– તારી દિવ્ય વસંતઋતુમાં ખીલતા તાજા રોપ

– તારા બાગના ગુલાબ

– તારા માર્ગદર્શનના બાગના ગુલાબ

– તારા ઉપવનના ફૂલો

– જીવન રૂપી વૃક્ષની ડાળીઓ

– તારા જ્ઞાનના બગીચાઓમાં વિકાસ પામતી કુમળી શાખાઓ

– તારી કૃપાના ઉપવનમાં અંકુરિત કુંપળો

– મોક્ષના ઉપવનના પક્ષીઓ

– એવી મીણબત્તીઓ જે આશીવાર્દીત સૌંદર્યની આંગળી દ્વારા પ્રગટાવવામાં આવી છે

– તારી શક્તિની આંગળીઓની કારીગરી

– તારી મહાનતાના અદ્‌ભૂત ચિન્હો

– અબ્દુલબહાના પ્રિયજન

## વિભાગ ૧૦

પ્રેમની સાથે, તમે તમરા વિદ્યાર્થીઓ સાથે જે સંબંધ કેળવો છો તે ધોરણ ૧ ના પાઠોમાં ચર્ચા કરવામાં અવેલા બીજા બધા આધ્યાત્મિક ગુણો દ્વારા વિશિષ્ટ આવશે. તેમાં કોઈ શંકા નથી કે તમે આ ગુણોને ફકત વર્ગ દરમિયાન બાળકો સાથેની તમારી ક્રિયાપ્રતિક્રિયામાં જ નહિ પરંતુ તમારા જીવનના દરેક પાસામાં તેને વધુને વધુ પ્રગટ કરવાનો પ્રયત્ન કરશો. બહાઉલ્લાહ આપણને સલાહ આપે છે :

> **"ધ્યાન રાખો, હે લોકો, કે તમે તેમના પૈકી ન બનો જેઓ બીજાને સારી સલાહ આપે છે પણ પોતે તેનું પાલન કરવાનું ભૂલી જાય છે."**[૨૧]

બાળ વર્ગના શિક્ષકો માટે ખાસ કરીને મહત્વનું છે કે તેઓ પાઠોમાં ચર્ચા કરવામાં આવેલા દરેક ગુણનો અર્થ અને તેના મહત્વની વધતી જતી સમજ પ્રાપ્ત કરે, એવી સમજ જે કુમળા રોપને તેમની સંભાળ હેઠળ તાલીમ આપવા અને ઉછેર કરવાના તેમના પ્રયત્નોમાં મદદ કરશે. તમે નોંધ લીધી હશે તે મુજબ, ઉદાહરણ તરીકે, પહેલો પાઠ શુદ્ધતા પર કેન્દ્રિત છે. તે યોગ્ય જણાય છે કે ચરિત્રના પ્રશ્ન સાથે સંકળાયેલા વર્ગો હૃદયની શુદ્ધતાના ગુણની ચર્ચા સાથે શરૂ કરવા જોઈએ. બહાઉલ્લાહ આપણને યાદ અપાવે છે કે, "માનવ હૃદય સિવાય સ્વર્ગ અને પૃથ્વીમાં જે કંઈ છે તે બધું" ઈશ્વરે આપણા માટે સર્જન કર્યું છે, જેને એટલે કે માનવ હૃદયને તેમણે તેમનું સૌંદર્ય અને મહિમાનું નિવાસસ્થાન બનાવ્યું છે. વ્યક્તિના હૃદયનું શુદ્ધિકરણ તેને એવા બધા ગુણોને પ્રતિબિંબિત કરવા સક્ષમ બનાવે છે જેનાથી મનુષ્યના આત્માને શણગારવું જોઈએ.

શિક્ષકોને આ ધોરણમાં ચર્ચા કરવામાં આવેલા આધ્યાત્મિક ગુણો વિશે વિચારવામાં મદદ કરવા માટે, બીજા એકમમાં દરેક ગુણને લગતા કેટલાક અવતરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. હાલ માટે, તમને પ્રોત્સાહન આપવામાં આવે છે કે તમે શુદ્ધતાને લગતા નીચે આપેલા અવતરણો વાંચો. તેના પછી, મનુષ્ય જીવનમાં સામાન્ય રીતે અને ખાસ કરીને બાળકોને શિક્ષણ આપવા માટે ઉભા થતા લોકોના પ્રયત્નોના સંદર્ભમાં આ ગુણના મહત્વ વિશે ચર્ચા કરો. નીચે આપેલી ખાલી જગ્યામાં તમારા વિચારો લખ્યા પછી, તમે ઓછામાં ઓછું એક અવતરણ મોઢે કરવાની ઈચ્છા રાખી શકો છો.

**"હે મારા ભ્રાતા ! શુદ્ધ હૃદય અરીસા જેવું છે ; તેને પ્રેમ અને ઈશ્વર સિવાય બધી ચીજોના તેજથી શુદ્ધ કર, જેથી સાચો સૂર્ય તેમાં ચમકે અને શાશ્વત સવારનો ઉદાય થાય."**[૨૨]

**"હે અસ્તિત્ત્વના પુત્ર ! તારું હૃદય મારું ઘર છે ; તેને મારા અવતરણ માટે પવિત્ર બનાવ. તારી ચેતના મારા પ્રગટીકરણનું સ્થળ છે ; તેને મારા આવિર્ભાવ માટે વિશુદ્ધ કર."**[૨૩]

**"માણસનું હૃદય જેટલું શુદ્ધ અને પવિત્ર બને છે, તેટલું તે ઈશ્વરની વધુને વધુ નજીક જાય છે, અને તેમાં વાસ્તવિકતાના સૂર્યનો પ્રકાશ પ્રગટ થાય છે."**[૨૪]

**"મનુષ્યની જીવનશૈલીમાં સૌપ્રથમ શુદ્ધતા, પછી તાઝગી, સ્વચ્છતા, અને ચેતનાની સ્વતંત્રતા હોવી જોઈએ. સૌથી પહેલાં નહેરને શુદ્ધ કરવું જોઈએ, તેના પછી તેમાં મધુર નદીનું પાણી લઈ જવું જોઈએ."**[૨૫]

## વિભાગ ૧૧

હવે, તમને તમારી જાતને પૂછવાની જરૂર છે કે, નાના બાળકોના શિક્ષક તરીકે, તમે કેવી રીતે ઈશ્વરે તેમના અવતાર બહાઉલ્લાહ દ્વારા પ્રગટ કરેલા ઉપદેશો અનુસાર કાર્ય કરવાની અને તેઓ આપણા આત્માઓને જે ગુણોથી સુશોભિત કરવાનું કહે છે તેનો વિકાસ કરવાની પ્રેરણાને મજબૂત કરવામાં તેમની મદદ કરી શકશો. તમે આ પ્રશ્નનો જવાબ શોધવાનો પ્રયત્ન કરો છો ત્યારે, બહાઉલ્લાહના નીચેના શબ્દો પર ચિંતન કરો :

**"મારી શક્તિશાળી મહિમાના સ્વર્ગમાંથી, મારી સત્તાની જીભે મારા સર્જનને આ શબ્દોમાં સંબોધન કર્યુ..."મારા સૌંદર્યના પ્રેમને ખાતર મારા આદેશોનું પાલન કરો." આનંદિત છે તે પ્રેમી જેણે આ શબ્દોમાંથી તેના પરમ-પ્રિયત્તમની દિવ્ય સુવાસ માણી છે, જે એવી કૃપાની સુંગંધથી લદાયેલી છે કે કોઈપણ જીભ તેનું વર્ણન કરી શકતી નથી."**[૨૬]

**"તમારા તેજસ્વી હૃદયમાં પ્રભુ-પ્રેમની જ્યોતને પ્રખરતાથી સળગી ઉઠવા દો. તેને દિવ્ય માર્ગદર્શનરૂપી તેલનું બળતણ આપો અને તમારા દૃઢવિશ્વાસના કવચમાં તેને સુરક્ષિત રાખો.**

**વિશ્વાસ અને ઈશ્વર સિવાયની બધી ચીજોથી અનાસક્તિના કિલ્લામાં તેને સુરક્ષિત રાખો, જેથી નાસ્તિકોનો દુષ્ટ શોરબકોર તેના પ્રકાશને બુઝાવી ન દે."[૨૭]**

**"હે અસ્તિત્ત્વના પુત્ર! મારો પ્રેમ મારો દુર્ગ છે; જે તેમાં પ્રવેશ કરે છે તે સલામત અને સુરક્ષિત છે, અને જે તેનાથી વિમુખ થાય છે તે નિશ્ચિત ભટકી જશે અને નાશ પામશે."[૨૮]**

૧. ઉપરોક્ત અવતરણોના આધારે નીચે આપેલ ખાલી જગ્યા પુરો:

ક. આપણે ઈશ્વરના સૌંદર્યના ________________ ને ખાતર તેના આદેશોનું પાલન કરવું જોઈએ.

ખ. આપણા ___________ હૃદયમાં ઈશ્વરના પ્રેમની ___________ પ્રખરતાથી સળગવવી જોઈએ.

ગ. આપણે ઈશ્વરના ___________ ની જ્યોતને દિવ્ય ____________ નું ___________ બળતણ પુરૂ પાડવું જોઈએ.

ઘ. આપણે આપણા ________________ ના કવચમાં તેને સુરક્ષિત રાખવું જોઈએ.

ચ. આપણે ________________ અને ઈશ્વર સિવાયની બધી ચીજોથી ________________ ના કિલ્લામાં ઈશ્વરના _______________ ની જ્યોતને ________________ રાખવું જોઈએ.

છ. આપણે ઈશ્વરના સૌંદર્યના ___________ને ખાતર તેના આદેશોનું પાલન કરવું જોઈએ. આપણા ___________ માં ઈશ્વરના પ્રેમની ___________ પ્રખરતાથી સળગવવી જોઈએ. આપણે ઈશ્વરના ___________ ની જ્યોતને દિવ્ય ____________ ના ___________ નું બળતણ પુરૂ પાડવું જોઈએ. આપણે આપણા ________________ ના કવચમાં તેને સુરક્ષિત રાખવું જોઈએ. આપણે ________________ અને ઈશ્વર સિવાયની બધી ચીજોથી ________________ ના કિલ્લામાં ઈશ્વરના ______________ ની જ્યોતને ________________ રાખવું જોઈએ. આપણે ઈશ્વરના પ્રેમની જ્યોતને બળતણ આપવું જોઈએ, સલામત અને સુરક્ષિત રાખવુ જોઈએ કે જેથી નાસ્તિકોનો દુષ્ટ શોરબકોર તેના ________________ને બુઝાવી ન દે. જે કોઈ તેમાં પ્રવેશ કરે છે તે સલામત અને ________________ છે.

## વિભાગ ૧૨

તમે બાળકો સાથે પસાર કરતા સમય દરમિયાન, તમને તેમના તેજસ્વી હૃદયમાં ઈશ્વરના પ્રેમની જ્યોતને હવા આપવાનો અને તેમને ઈશ્વરના આશીર્વાદ અને તેમના શબ્દો દ્વારા વૃદ્ધિ પામવા સક્ષમ હોવાના આનંદ વિશે સભાન કરવાનો પ્રયત્ન કરશો. નિઃશક, ઈશ્વર પ્રત્યેનો આપણો પ્રેમ અને તેની કૃપા પ્રાપ્ત કરવાની આપણી ઝંખના તેની સાથે એવો ડર લાવે છે કે, કોઈ કારણસર તેનો પ્રેમ આપણા સુધી કદાચ નહિ પહોંચે. જો આપણા દુષ્કૃત્યો આપણને તેના આશીર્વાદ મેળવવામાં બાધારૂપ બને તો શું? ઈશ્વરનો પ્રેમ આપણા અસ્તિત્વનું મૂળ કારણ છે, અને એક ક્ષણ માટે પણ જો આપણે તેનાથી વંચિત રહીશું તો આપણું જીવન વિખેરાઈ જશે. આ ડર, કે જો આપણે ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરીશું તો આપણે તેનો પ્રેમ પ્રાપ્ત કરીશું નહિ, તે આપણને સીધા માર્ગ પર રાખે છે અને આપણને આપણા અહંકારની ઉત્તેજના કે પ્રલોભનથી તથા ઈર્ષા, લોભ, વ્યર્થ કલ્પનાઓ અને ભ્રષ્ટ ઈચ્છાઓથી આપણું રક્ષણ કરે છે.

બાળકોના હૃદયમાં ઈશ્વરના પ્રેમના બીજ રોપવાના તમારા પ્રયાસમાં તમારે ઈશ્વરના ડરનો પણ વિચાર કરવો જોઈએ, કારણકે આ બંન્ને એકબીજાથી અવિભાજ્ય છે. અબ્દુલબહા આપણને સલાહ આપે છે:

> **"આ બાળકોને દૈવી ઉપદેશો દ્વારા તાલીમ આપો. નાનપણથી જ તેમના હૃદયમાં ઈશ્વરનો પ્રેમ રેડો જેથી તેઓ તેમના જીવનમાં ઈશ્વરનો ડર પ્રગટ કરે અને ઈશ્વરના ઉપહારોમાં વિશ્વાસ રાખે. તેમને માનવીય અપૂર્ણતાઓથી તેમની જાતને મુક્ત કરવાનું અને માણસના હૃદયમાં વિદ્યમાન દૈવી સંપૂર્ણતાઓને પ્રાપ્ત કરવાનું શીખવો."**[૨૯]

એક વાતની નોંધ લેવાનું મહત્વનું છે કે ઈશ્વરનો ડર એ બાળકો સાથે સીધી ચર્ચા કરવા માટેનો ખ્યાલ નથી. તેમની પાસે એક જ છબી હોવી જોઈએ, અને તે પ્રેમાળ ઈશ્વરની છે. જેમ જેમ તમે તેમનામાં ઈશ્વરનો પ્રેમ કેળવવાનો પ્રયત્ન કરો છો, તેમ તેમ તમે તેમને એક ખ્યાલ સમજાવી શકો છો કે અમુક શબ્દો અને કાર્યો ઈશ્વરને ખુશી આપે છે જ્યારે બીજા શબ્દો અને કાર્યો ખુશી આપતા નથી. તમે બાળકોને સમયે સમયે પર યાદ અપાવી શકો છો કે કારણકે તેઓ ઈશ્વરને પ્રેમ કરે છે, તેથી તેઓ તેને ખુશ કરવાની ઈચ્છા રાખે છે. દાખલા તરીકે, તેમને કહી શકાય કે વિનમ્ર વાણી અને એક બીજા સાથેનું પ્રેમાળ વર્તન એવા કાર્યો છે જે ઈશ્વરને પ્રિય છે, જયારે નિર્દયી શબ્દોનો ઉપયોગ કરવામાં આવે કે બીજાને દુઃખ પહોંચાડવામાં આવે તો તેનાથી ઈશ્વર નાખુશ થાય છે.

તમારા ચિંતન માટે નીચેના અવતરણો આપવામાં આવ્યા છે:

> **"તમારા માટે ફરજિયાત છે કે, તમે દરેક પરિસ્થિતિમાં લોકોને જે કંઈ આધ્યાત્મિક ગુણો અને સારા કાર્યો બતાવવાનું કારણ બને, તેના તરફ તેમને ફરમાન કરો, જેથી બધા તેનાથી જાગૃત થાય જે માનવ ઉત્થાનનું કારણ બને અને દરેક પ્રયત્ન સાથે, તે તેમનીજાતને સર્વોત્કૃષ્ટ સ્થાન અને મહિમાના શિખર તરફ દોરવણી આપી શકે. ઈશ્વરનો ડર હંમેશા તેની સૃષ્ટિ માટે કેળવણીનું મુખ્ય પરિબળ રહ્યું છે. ભલુ થજો તેમનું જેમણેં તેને પ્રાપ્ત કરી લીધું છે."**[૩૦]

> **"આ પ્રગટીકરણમાં એવા યજમાનો જે તેને વિજયી બનાવી શકે છે તે પ્રશંસનીય કાર્યો અને પ્રમાણિક ચરિત્ર છે. આ યજમાનોના નેતા અને કમાન્ડર હંમેશા ઈશ્વરનો ડર રહ્યો છે, એવો ડર જે બધી ચીજોને આવરી લે છે અને બધી ચીજો પર શાશન કરે છે."**[૩૧]

> **"સંપૂર્ણતાના બીજા લક્ષણો છે ઈશ્વરનો ડર રાખવો, તેના સેવકોને પ્રેમ કરીને ઈશ્વરને પ્રેમ કરવો, વિનમ્રતા અને સહનશીલતા અને પ્રશાંતીનો અમલ કરવો, નિષ્ઠાવાન, આજ્ઞાધીન,**

**દયાળુ અને કરૂણામય બનવું; દૃઢનિશ્ચય અને હિંમત, વિશ્વાસપાત્રતા અને ઉર્જા રાખવી, પ્રયત્ન અને સંઘર્ષ કરવો, દ્વેષભાવ વિના ઉદાર, વફાદાર બનવું, ઉત્સાવ અને સન્માનની ભાવના રાખવી, ઉચ્ચ માનસિકતા રાખવી અને ઉદાર બનવું, અને બીજાના અધિકારોનું ધ્યાન રાખવું."**[૩૨]

આ અને અગાઉના વિભાગના ફકરાઓના પ્રકાશમાં, એવા એક -બે ફકરા લખો જે ઈશ્વરનો પ્રેમ અને ઈશ્વરનો ડર વચ્ચેનો સંબંધ અને પ્રશંસનીય ચરિત્રના વિકાસ માટે આ બંન્નેની ગતિશીલ ક્રિયાપ્રતિક્રિયા કેવી રીતે મહત્વની છે તેનું વર્ણન કરતા હોય.

## વિભાગ ૧૩

અગાઉના વિભાગોમાં આપણી ચર્ચા પરથી સ્પષ્ટ થવું જોઈએ કે, આધ્યાત્મિક કેળવણી સૌંદર્ય પ્રત્યે આકર્ષણના બળને આકર્ષિત કરે છે અને આધ્યાત્મિક ગુણોના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને, બાળકોના હૃદયને સાચું સૌંદર્ય -સદ્‌ચરિત્રનું સૌંદર્ય, પવિત્ર વચનોમાં વિદ્યમાન સૌંદર્ય, અનુકરણીય આચરણનું સૌંદર્ય, ઉચ્ચ વિચારોનું સૌંદર્ય, અને સૌથી અગત્યનું, સર્વમહિમાવંતના સૌંદર્ય તરફ દોરવણી આપે છે. અંતે, ઈશ્વરના નિયમોનું પાલન તેના સૌંદર્ય પ્રત્યેના પ્રેમમાંથી ઉદ્‌ભવે છે. આમ બાળકો એવું સમજતા મોટા થાય છે કે આધ્યાત્મિક ગુણો પ્રાપ્ત કરવું એ પોતે જ સૌથી મોટો પુરસ્કાર છે, અને અયોગ્ય ચરિત્ર ધારણ કરવું એ સૌથી મોટી સજા છે. અબ્દુલબહા કહે છે :

**"દુષ્કર્મનું મૂળ કારણ અજ્ઞાનતા છે, અને તેથી આપણે સમજ અને જ્ઞાનના સાધનોને દૃઢપણે વળગી રહેવું જોઈએ. સારૂ ચરિત્ર શીખવવું જોઈએ. પ્રકાશને દૂર દૂર સુંધી ફેલાવવું જોઈએ, કે જેથી, માનવતાની શાળામાં, બધા લોકો ચેતનાના સ્વર્ગીય ગુણો પ્રાપ્ત કરી શકે, અને તેઓ તેમની જાતે કોઈ પણ શંકાથી પર જોઈ શકે કે દુષ્ટ અને તુચ્છ ચરિત્ર પ્રાપ્ત કરવાથી મોટુ બીજું કોઈ નર્ક નથી, કે વધારે ઊંડી કોઈ ખીણ નથી; આ નિંદનીય ગુણો વ્યક્ત કરવા કરતાં વધારે મોટી એવી કોઈ અંધારી કોટડી કે ઘૃણાસ્પદ પીડા નથી."**[૩૩]

બાળકોને સ્વર્ગીય ગુણોને પ્રતિબિંબિત કરવાના આનંદનો અનુભવ કરવામાં મદદ કરવા માટે, આપણે તેમને સદ્‌ગુણી વર્તન કરવાના તેમના પ્રયત્નોમાં પ્રોત્સાહન આપવું જોઈએ અને અનિચ્છનીય આચરણ માટે નિરૂત્સાહિત કરવું જોઈએ. કઠોર સજા અને બાળકોને તેમની ઈચ્છા પ્રમાણે વર્તન કરવાની છૂટ આપતી સંપૂર્ણ સ્વતંત્રતા -બંનેથી દૂર રહેવું જોઈએ. વિશ્વ ન્યાય મંદિર આપણાને યાદ અપાવે છે તે મુજબ, "પ્રેમ શિસ્તની માંગ કરે છે, બાળકોને તેમની ધૂનમાં મગ્ન થઈ જવા માટે કે તેમને સંપૂણપણે તેમની જાત પર છોડી દેવા માટે નહિ, પરંતુ મુશ્કેલીઓની ટેવ પાડવા હિંમત આપો." તેઓ આગળ કહે છે કે, "બાળકોને બહાઈ આદર્શો પ્રમાણે જીવન જીવવા માટે પ્રેમપૂર્વક પરંતુ આગ્રહપૂર્વક માર્ગદર્શન આપવું જોઈએ". અને અબ્દુલબહા સમજાવે છે :

> **"જ્યારે પણ કોઈ માતા જુએ છે કે તેના બાળકે કંઈક સારૂ કર્યું છે, તો તેને બાળકની પ્રશંસા કરવા દો અને તેને શાબાશી આપવા દો, અને તેના હૃદયને ખુશી આપવા દો; અને જો સહેજ પણ અનિચ્છનીય લક્ષણ પ્રગટ થાય છે તો, તેને બાળકને સલાહ આપવા દો અને તેને નસિયત આપવા દો, અને એવા માધ્યમોનો ઉપયોગ કરવા દો જે તર્કપૂર્ણ હોય, જો જરૂર પડે તો તેના માટે સહેજ શાબ્દિક શિક્ષા પણ જરૂરી બની શકે છે. પરંતુ બાળકને મારવાની કે બદનામ કરવાની મંજૂરી નથી, કારણ કે જો તેને માર મારવામાં આવે છે કે અપશબ્દથી ઠપકો આપવામાં આવે છે તો તેનું ચરિત્ર સંપૂર્ણપણે વિકૃત થઈ જશે."**[૩૪]

અબ્દુલબહાના માર્ગદર્શનને અનુસરવા માટે, બાળકો જ્યારે સારૂં કરતા હોય ત્યારે એવી રીતો વિશે વિચાર કરવો જોઈએ જે તેમની પ્રશંસા કરતી હોય અને તેમના હૃદયને આનંદ આપતી હોય. તેના માટે જરૂરી છે કે શિક્ષક સતર્ક રહે અને દરેક બાળકની પ્રગતિની નોંધ લે, તેની સાથે તે માત્ર કેટલાક બાળકોની હંમેશા પ્રશંસા કરીને બાકીના બાળકોની અવગણના નહિ કરે તેની તેણેં કાળજી રાખવી જોઈએ. કારણકે એક બાળક જે શિક્ષક તરફથી પ્રેમાળ ધ્યાન પ્રાપ્ત કરવા ટેવાયેલો હોય, તેના માટે અસંતુલિત વર્તનનો અસ્વીકાર કરવાનો એક સરળ હાવભાવ સજાનું સૂક્ષ્મ છતાં અસરકારક માધ્યમ બની શકે છે. કયારેક, ખાસ કરીને જો બાળક કોઈ પ્રવૃતિમાં વિક્ષેપ પાડતું હોય તો, તેનાથી આગળ જવું અને ગેરવર્તણૂક માટે મૌખિક અસ્વીકાર વ્યક્ત કરવાનું જરૂરી બની શકે છે. ગુસ્સો કે અધીરાઈનું કોઈ નામોનિશાન દર્શાવ્યા વિના, તે એવા શબ્દોમાં વ્યક્ત કરવું જોઈએ જે મક્કમ અને આદરપૂર્ણ હોય. વધુમાં, શિક્ષકને ઘણીવાર એક કે બીજા બાળકને સલાહ આપવા માટે વર્ગની બહાર સમય શોધવાની જરૂર પડે છે.

એવું બની શકે છે કે, શિક્ષક ઉપરોક્ત સલાહનું અનુસરણ કરતો હોય છતાં પણ કેટલાક બાળકો અપેક્ષા મુજબ વર્તે નહિં. એવા કિસ્સામાં, નાના અને યોગ્ય પ્રતિબંધોની જરૂર પડી શકે છે. આવા પ્રતિબંધોમાં કેટલાક ઉદાહરણનો સમાવેશ કરી શકાય, જેમકે એક બાળકને રંગપૂરણી માટે રંગ નહિ આપવા અથવા થોડા સમય માટે તેને રમત રમવાથી દૂર રાખવું. આ સંદર્ભમાં ધ્યાનમાં રાખવાની બે આવશ્યક વિચારધારા છે. પ્રથમ એ છે કે, શિક્ષકે બાળકને સ્પષ્ટપણે સમજાવવું જોઈએ કે તેના પર શા માટે નિયંત્રણ લાદવામાં આવ્યું છે, ઉદાહરણ તરીકે, એમ કહીને કે "તમે આવું કે તેવું કર્યું હોવાથી, તમારે રમતમાં ભાગ લેવા માટે પાંચ મિનિટ રાહ જોવી પડશે." બીજી વિચારધારા એ છે કે ગેરવર્તન પછી તરત જ પ્રતિબંધ લાગુ કરવો જોઈએ; અન્યથા બાળક સજાનો વર્તન સાથે સંબંધ સ્થાપિત કરી શકશે નહિ.

હવે તમારા જૂથના બીજા સભ્યો સાથે ઉપરોક્ત વિચારધારાઓ વિશે ચર્ચા કરો. શું તમે સાથે મળીને એવા વાક્યોની રચના કરી શકો છો જેનો તમારા મતે બાળકોમાં સારૂં વર્તનને પ્રોત્સાહન આપવા અને તમે વ્યક્તિગત રીતે કે જૂથ તરીકે તેમને જે પ્રગતિ કરતા જુઓ છો તેની પ્રશંસા કરવા માટે

ઉપયોગ કરવો યોગ્ય હોય ? જરૂર પડે ત્યારે, ગેરવર્તણૂકને નિરૂત્સાહિત કરવા માટે કયા વાક્યો યોગ્ય રહેશે ?

## વિભાગ ૧૪

પ્રશંસનીય ગુણોનો વિકાસ કરવામાં બાળકોની મદદ કરવા માટે, તમારા માટે વર્ગમાં સુયોગ્ય વાતાવરણનું નિર્માણ કરવું મહત્વપૂર્ણ છે, એવું વાતાવરણ જે શિસ્ત અને સુવ્યવસ્થા દ્વારા વિશિષ્ટ હોય.

અબ્દુલબહા કહે છે :

> **"... બાળકોની શાળા મહત્તમ શિસ્ત અને સુવ્યવસ્થાનું સ્થળ હોવું જોઈએ, સૂચના વિસ્તૃત હોવી જોઈએ અને ચરિત્રની સુધારણા અને શુદ્ધિકરણની જોગવાઈ હોવી જોઈએ; કે જેથી, તેમના શરૂઆતના વર્ષોમાં, બાળપણથી જ, આધ્યાત્મિક પાયાની સ્થાપના થાય અને પવિત્રતાનું માળખું ઊભુ થાય."**[૩૫]

અને બાળકોના સાપ્તાહિક વર્ગોનો સંદર્ભ આપતાં, તેઓ નીચે મુજબ પરામર્શ આપે છે :

> **"તમારે નિશ્ચિતપણે વિરામ આપ્યા વિના આ સંગઠીત પ્રવૃતિ ચાલુ રાખવી જોઈએ, અને તેને મહત્વ આપવું જોઈએ, જેથી દિવસે દિવસે તેનો વિકાસ થાય અને પવિત્ર ચેતનાના શ્વાસથી સજીવંત બને. જો આ પ્રવૃતિ સુઆયોજિત હોય, તો તમે ખાતરી રાખજો કે તે ઉત્તમ પરિણામ આપશે."**[૩૬]

શિક્ષણની મોટાભાગની કળામાં એ જાણવાનો સમાવેશ થાય છે કે કેવી રીતે દરેક બાળકને માર્ગદર્શન આપવું જેથી તેનું વર્તન આનંદી છતાં શિસ્તબદ્ધ શિક્ષણના વાતાવરણમાં ફાળો આપે. જો કે આ સંદર્ભમાં અનુભવમાંથી તમને અનેક અંત :દૃષ્ટિઓ પ્રાપ્ત કરવાની જરૂર પડશે, આપણે શરૂઆતથી જ તમારી જાતને તૈયાર કરવામાં તમારી મદદ કરવા માટે કેટલાક મૂળભૂત વિચારોની ચર્ચા કરીશું. શરૂ કરવા માટે, એક વર્ગનું નીચે આપેલું વર્ણન વાંચો :

> તમે બાળકોને તેમનીજાતને વ્યવસ્થિત કરવા માટે થોડો સમય આપો અને જયારે તેઓ આવે ત્યારે શાંતિથી બેસો. એકવાર બધા બાળકો ઠરીઠામ થઈ જાય, પછી તમે પ્રાર્થનાથી વર્ગ શરૂ કરવા માટે શાંત વાતાવરણનો લાભ લો. પછી તમે ગીત ગાવાની બીજી પ્રવૃતિનો પરિચય આપો, તેના પછી તમે પાઠના મુખ્ય વિષયનો પરિચય આપો અને બાળકોને અવતરણ મોઢે કરવામાં મદદ કરો. પછી, અપેક્ષિત વાતાવરણ બનાવીને, તમે બાળકોને વાર્તા કહો. તેના પછી રમત રમો. રમત પૂરી થાય, તેના પછી તમે રંગપૂરણી માટે ચિત્રો અને રંગીન પેન્સિલ

કે રંગની વહેંચણી કરો અને તેમને ધ્યાનથી ચિત્રમાં રંગ પુરવાનું કહો. વર્ગનું સમાપન કરવા માટે, તમે બાળકોને શાંતિથી બેસીને પ્રાર્થના માટે તૈયાર થવા પ્રોત્સાહન આપો, જેનું તમે અને કેટલાક બાળકો દ્વારા ગાન કરવામાં આવે છે.

શું પ્રવૃતિઓના આ ક્રમમાં કોઈ તર્ક છે ? તમને એવું કેમ લાગે છે કે પ્રવૃતિઓ આવી રીતે સુવ્યવસ્થિત ક્રમમાં છે ?

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

## વિભાગ ૧૫

તમે પહેલાંથી જાણો છો તેમ, બાળકો ચુપચાપ બેસી રહેવા માટે વર્ગમાં આવતા નથી. કે નહિ તેમને એવી રીતે રાખવાનો તમારો આશય હોવો જોઈએ. તમારે તેમની યુવા ઉર્જાનો લાભ ઉઠાવવાનો પ્રયત્ન કરવો જોઈએ અને તેને શીખવા તરફ દોરવણી આપવી જોઈએ. આમ કરવા માટે, શાંત ક્ષણો અને પ્રવૃત્તિઓ તથા સ્વયંસ્ફુરિતતાના સમયગાળાનું આયોજન કરવું જરૂરી છે. દરેક કિસ્સામાં વ્યવસ્થા એક મૂળભૂત તત્વ છે. જયારે વર્ગ સુવ્યવસ્થિત હોય છે ત્યારે બાળકો માટે ધ્યાન કેન્દ્રિત કરવાનું અને શીખવાનું વધારે સરળ બને છે. તમારા વર્ગની વ્યવસ્થા વિશે વિચાર કરવાની શરૂઆત કરવા માટે ત્રણ મુદ્દા ધ્યાનમાં રાખવા મહત્વનું છે :

૧. દરેક વર્ગની સ્પષ્ટ અને સાતત્યપૂર્ણ રીતે શરૂઆત થવી જોઈએ, અને અંત પણ સુવ્યવસ્થિત રીતે થવો જોઈએ.

૨. એક દિનચર્યાની સ્થાપના કરવી જરૂરી છે. એવી રીતે, ધીરે ધીરે, બાળકો જાણતાં થાય છે કે કઈ પ્રવૃત્તિ પછી કઈ પ્રવૃત્તિ આવે છે, અને શિક્ષક પાસેથી શું અપેક્ષા રાખવી જોઈએ.

૩. દરેક પ્રવૃત્તિ માટે ફાળવેલા સમયમાં લચકતા હોવી જોઈએ અને તે બાળકોનો ઉત્સાહ અને ઉર્જા ઉપર નિર્ભર હોવી જોઈએ. બાળકો સાથે તમે જે પાંચ પ્રવૃત્તિ કરવાના છો તે નીચે મુજબ છે :

અગાઉના વિભાગમાં વર્ણન કરવામાં આવ્યું છે તેમ, દરેક વર્ગના સમયગાળામાં બાળકો જે પ્રવૃતિઓ કરશે તે નીચે મુજબ છે :

ક. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

ખ. ગીત ગાવું

ગ. બહાઈ પવિત્ર લખાણોમાંથી અવતરણો શીખવા અને મોઢે કરવા

ઘ. વાર્તા સાંભળવી

ચ. રમત રમવી

છ. ચિત્રમાં રંગ પૂરવો

જ. સમાપન પ્રાર્થના કરવી

આ પ્રવૃત્તિઓ માટે ફાળવવામાં આવતા સમયમાં, સામાન્ય રીતે તેની ઉર્જા અને ગતિશીલતાના સ્તર મુજબ તફાવત હશે; કેટલીક પ્રવૃતિઓ ખૂબ સક્રિય હશે જ્યારે કેટલીક વધારે શાંત હશે.

આ સાત પ્રવૃત્તિઓમાંથી કઈ પ્રવૃત્તિઓમાં સૌથી વધુ ગતિશીલતાનો સમાવેશ થાય છે ? ___

___

___

___

કઈ પ્રવૃત્તિઓ પ્રમાણમાં શાંત છે ? ___

___

___

___

સુવ્યસ્થિત વાતાવરણ જાળવી રાખવા માટે એવી કેટલીક જવાબદારીઓ છે જે શિક્ષકે પુરી કરવી જોઈએ. નીચેના પૈકી કઈ બાબતો ઈચ્છિત વાતાવરણમાં ફાળો આપે છે અને કઈ બાબતો તેને અવરોધે છે ? તે મુજબ તેમની સામે 'ફ' અથવા 'અ'ની નિશાની કરો.

___ વર્ગનું આયોજન કરવામાં આવતું હોય તે જગ્યા સ્વચ્છ અને સુયોજિત રાખવી

___ શાંતિ અને ધીરજ રાખવી, પછી પરિસ્થિતિ ગમે તેવી હોય

___ બાળકો સૂચનાનું પાલન કરતા નહિ હોય ત્યારે, ધીરજ ગુમાવી દેવી

___ પહેલાંથી દરેક પ્રવૃતિ માટે સાધન સામગ્રી તૈયાર રાખવી

___ બાળકો રાહ જોતા હોય ત્યારે ચોક્કસ પ્રવૃતિ માટે સાધન સામગ્રીની દરેક બાજુ શોધખોળ કરવી

___ દરેક પ્રવૃતિ માટે બાળકોએ શું કરવાનું છે તે સ્પષ્ટ રીતે સમજાવવું

___ જે બાળકો તેમનું કાર્ય વહેલું પૂરૂં કરે છે તેમને વ્યસ્ત રાખવા માટે બીજી પ્રવૃતિઓ તૈયાર રાખવી

___ બાળકોને વ્યવસ્થિત રીતે એક પ્રવૃતિમાંથી બીજી પ્રવૃતિમાં જવામાં મદદ કરવી

___ બાળકો સમક્ષ પુસ્તકમાંથી વાર્તા વાંચવી

___ વાર્તા એટલી સારી રીતે શીખી લેવી કે બાળકો સમક્ષ તેનું ઉત્સાહ અને સરળતાથી વર્ણાન કરી શકાય

## વિભાગ ૧૬

વર્ગમાં શિસ્ત અને વ્યવસ્થાના વાતાવરણનું નિર્માણ કરવાના પ્રયત્નમાં, તમને વર્તનના કેટલાક ધોરણોની સ્થાપના કરવાની જરૂર પડશે. આ સંદર્ભમાં ખાસ કરીને શરૂઆતના કેટલાક અઠવાડિયા મહત્વના રહેશે. આ પ્રારંભિક સમયગાળા દરમિયાન જે પણ અપેક્ષાઓ નિર્ધારિત કરવામાં આવે છે તે આખા વર્ષ દરમિયાન જળવાઈ રહેવાની શક્યતા છે. શરૂઆતમાં, શિક્ષકે વર્તનના કેટલાક ધોરણો પસંદ કરવા જોઈએ, જે એક સાથે ત્રણ કે ચારથી વધારે હોવા જોઈએ નહિ અને તેના વિશે બાળકોને સરળ ભાષામાં સમજાવવું જોઈએ. "આપણે આપણી જાતે સારૂં વર્તન કરવું જોઈએ" જેવા સામાન્ય ધોરણો તેમને વધુ મદદ કરતા નથી, પરંતુ બીજા ધોરણો જેમકે "આપણે વારા પ્રમાણે બોલવું જોઈએ" સમજવામાં સરળ છે. નીચે આપેલા વિધાનોમાં નિર્ધારિત ધોરણો વિશે તમારા જૂથના બીજા સભ્યો સાથે ચર્ચા કરો.

ક. રમત વખતે આપણે એકબીજાની મદદ કરીશું

ખ. આપણે એકતામાં રહીશું અને ઝઘડો કરીશું નહિં.

ગ. આપણે નવા મિત્રોનું આપણા વર્ગમાં સ્વાગત કરીશું.

ઘ. આપણા શિક્ષક અને બીજા લોકો બોલતા હોય ત્યારે આપણે તેમને ધ્યાનથી સાંભળીશું.

ચ. આપણે વિનમ્ર વાણીમાં એકબીજા સાથે વાત કરીશું.

છ. આપણે બોલવા માટે આપણા વારાની રાહ જોઈશું.

જ. આપણે આપણા રંગોની એકબીજા સાથે આપ-લે કરીશું.

ઝ. આપણે આપણા કાર્યો પૂરા કરવાનો પ્રયત્ન કરીશું.

ચ. ____________________________________________

જ. ____________________________________________

ઝ. ____________________________________________

ટ. ____________________________________________

આચરણ માટેની અપેક્ષાઓની, જયારે આવા સરળ વાક્યોમાં રચના કરવામાં આવે છે, ત્યારે તેની બાળકો સાથે ચર્ચા કરી શકાય છે અને આ વિધાનોનું નિયમિત રીતે તેમની સાથે પુનરાવર્તન કરી શકાય છે. આવી રીતે, વિધાનોને એવા ધોરણો તરીકે આત્મસાત કરી શકાય છે જેની બાળકો અપેક્ષા રાખે છે અને તેને સખત રીતે લાદવામાં આવેલા નિયમો તરીકે જોશે નહિં. જયારે તેઓ અપેક્ષિત ધોરણોના સમૂહથી પરિચિત થઈ જાય, તેના પછી શિક્ષક ધીરેધીરે બીજાનો ઉમેરો કરી શકે છે, એવું યાદ રાખીને કે એક સાથે વધારે ધોરણોનો ઉમેરો કરવાનું ટાળવું જોઈએ. જો વર્ગ દરમિયાન કોઈ ખાસ મુશ્કેલી ઊભી થાય, તો એવા કેટલાક વાક્યો બનાવવામાં શિક્ષકે બાળકોની સહાયતા કરવી જોઈએ જે તેની ચર્ચા કરતા હોય. આવા કિસ્સામાં, શિક્ષકે મક્કમ અને કાયમ હોવું જોઈએ, તેની સાથે મૈત્રીપુર્ણ અને માયાળુ હોવું જોઈએ.

## વિભાગ ૧૭

વિભાગ ૮ માં આપણે સંક્ષિપ્તમાં ધોરણ ૧ ના પાઠના વિવિધ ઘટકોના મહત્વની સમીક્ષા કરી અને તેમાંથી દરેક ઘટક કેવી રીતે પ્રશંસનીય ચરિત્રમાં ફાળો આપવાનો પ્રયત્ન છે તેના વિશે ચર્ચા કરી. આ અને આગામી સાત વિભાગોમાં આપણે એવા કેટલાક અભિગમો વિશે વિચાર કરીશું જેનો તમે સૂચિત પ્રવૃતિઓમાં બાળકોને સામેલ કરવા માટે ઉપયોગ કરી શકો છો, મોઢે કરવાની પ્રવૃતિથી આપણે શરૂઆત કરીશું.

તમે જે પાઠ ભણાવશો તેમાં પ્રાર્થના અને પવિત્ર લખાણોમાંથી અવતરણો મોઢે કરવાનું કેન્દ્રસ્થાને છે, અને દરેક વર્ગના સમયગાળામાં તમે તમારા વિદ્યાર્થીઓને તેમને યાદ હોય એવી પ્રાર્થનાનું ગાન કરવા અને એક નવું અવતરણ મોઢે કરવાના તેમના પ્રયત્નોમાં મદદ કરશો. તમે તેમને આ પ્રવૃતિમાં કેવી રીતે સામેલ કરી શકો છો તેની ચર્ચા કરીએ તે પહેલાં, એક સામાન્ય ગેરસમજ વિશે થોડી ચર્ચા કરવી જોઈએ, અને તેનાથી બાળકોને પવિત્ર શબ્દો મોઢે કરવામાં મદદ કરતી વખતે દૂર રહેવું જોઈએ.

તમે સાંભળ્યું હશે અથવા જ્યારે તમે શીખવવાનું શરૂ કરો ત્યારે તમે કદાચ આવી ટીપ્પણીઓ સાંભળશો, જેમકે “બાળકોએ વસ્તુઓનું પુનરાવર્તન કરવું જોઈએ નહિ”, “તેમણે તેમના વિચારોને વ્યક્ત કરવાનું શીખવું જોઈએ”, “તેમણે હકીકતો અને માહિતીનું પોપટની જેમ રટણ કરવું જોવું જોઈએ નહિ”. હકીકતમાં, કહેવાતી મોઢે કરીને શીખવાની ટીકા એટલી વ્યાપક છે કે આ વિચારો વિશ્વના તમામ ભાગોમાં વધુ વ્યાપક બની રહ્યા છે. એ સાચું છે કે કોઈ વ્યક્તિ ઓછી કે કોઈપણ પ્રકારની સમજ વિના ગણિતમાં સમીકરણ, ભૌતિક શાસ્ત્રમાં કાયદાની વ્યાખ્યા, અથવા સાહિત્યમાં ગદ્યનો ભાગ મોઢે કરી શકે છે. પરંતુ તમારે તમારી જાતને જે પ્રશ્ન પૂછવો જોઈએ તે આ છે કે: શા માટે ગહન વિધાનોને મોઢે કરવું અને તેના અર્થની સમજણને એકબીજાના વિરૂદ્ધમાં મૂકવું જોઈએ? યાદાસ્ત એ માનવ મનની એવી જ શક્તિ છે જેવી સમજણ, વિચાર અને કલ્પનાની શક્તિ છે. તે બધા એકબીજાના પૂરક છે અને એકબીજાને પ્રબળ બનાવે છે. આપણે ફકત કલ્પના કરી શકીએ છીએ કે ઈશ્વરના શબ્દોને મોઢે કરવાથી, માનવ હૃદય અને મનનું નવસર્જન કરવાની અનંત ક્ષમતાઓ સાથે, બાળકોમાં બુદ્ધિ અને સમજણનો કેટલો વધારો થશે. પછીથી, જ્યારે તેઓ વિકાસના વિવિધ તબક્કાઓમાંથી પસાર થાય છે, ત્યારે તેમણેં મોઢે કરેલા અવતરણોમાંથી તેઓ નવી અંત:દૃષ્ટિ પ્રાપ્ત કરશે અને તેમના સમગ્ર જીવન દરમિયાન તેઓ ઈશ્વરના શબ્દની સર્જનાત્મક, પુનર્જીવન અને પરિવર્તનકારી શક્તિ પ્રાપ્ત કરવા સમર્થ બનશે.

તમારા જૂથના બીજા સભ્યો સાથે ચર્ચા કરો કે, શા માટે શિક્ષકોમાં એવો વિશ્વાસ હોવો મહત્વનું છે કે ઈશ્વરના શબ્દોને મોઢે કરવાથી બાળકોના મન અને હૃદયમાં આધ્યાત્મિક જ્ઞાનના બીજ રોપવામાં મદદ મળે છે, એવા બીજ જેનો સમય જતાં રસદાર ફળોમાં વિકાસ થાય છે.

## વિભાગ ૧૮

ઉપરોક્ત ચર્ચાને ધ્યાનમાં રાખીને, ચાલો આપણે ઉદાહરણ તરીકે પાઠ ૧ માં આપેલું અવતરણ લઈને, વિચાર કરીએ કે તમે તમારા વિદ્યાર્થીઓને પવિત્ર લખાણોમાંથી અવતરણો મોઢે કરવામાં કેવી રીતે મદદ કરશો. શરૂ કરવા માટે, આધ્યાત્મિક ગુણ કે જેના પર પાઠ ધ્યાન કેન્દ્રિત કરે છે તેના મહત્વ વિશે થોડી પ્રારંભિક અંતઃદૃષ્ટિ મેળવવામાં તમે તેમને મદદ કરવાની ઈચ્છા રાખશો. આ હેતુ માટે, તમારી સહાયતા માટે એક ટૂંકો પરિચય આપતું નિવેદન કે વર્ણન આપવામાં આવ્યું છે. પછી તમને પ્રોત્સાહિત કરવામાં આવે છે તમે તેમને અવતરણના અર્થની પ્રથમ મૂળભૂત સમજણ પ્રાપ્ત કરવામાં મદદ કરો અને તેમાં સમાયેલા મુશ્કેલ શબ્દો પસંદ કરીને બાળકો સરળતાથી સમજી શકે એવી પરિસ્થિતિઓમાં તેનો ઉપયોગ કરો. પાઠ ૧ માં વર્ણન કરવામાં આવ્યું છે તે મુજબ આ અભિગમ વિશે વિચાર કરો, જે શુદ્ધતાના ગુણ વિશે ચર્ચા કરે છે:

આપણા હૃદય અરિસા જેવા છે. આપણે હંમેશા તેને સ્વચ્છ રાખવું જોઈએ. ધિક્કાર, ઈર્ષા અને નકારાત્મક વિચારો એવી ધૂળ સમાન છે જે અરિસાને ચકચકિત થતાં અટકાવે છે. જયારે આપણા હૃદય નિર્મળ હોય છે ત્યારે તે પરમેશ્વરના પ્રકાશને પ્રતિબિંબિંત કરે છે અને આપણે બીજાની ખુશીનું કારણ બનીએ છીએ. આપણા હૃદયને શુધ્ધ રાખવામાં મદદ કરવા માટે, ચાલો આપણે બહાઉલ્લાહનું આ અવતરણ મોઢે કરીએ:

**“હે ચેતના પુત્ર! મારો પ્રથમ ઉપદેશ આ છે: એક શુધ્ધ, દયાળુ અને પ્રફુલ્લિત હૃદય ધારણ કર...”**

*ઉપદેશ*

1. એક દિવસ ગેરાર્ડ અને મેરી ચિત્રોમાં રંગકામ કરી રહ્યા હતા. ગેરાર્ડને પીળા રંગની જરૂર હતી, પણ મેરી તેને આપવા ઈચ્છતી ન હતી. શિક્ષકે મેરીને કહ્યું કે તેમણે એક બીજા સાથે વસ્તુઓની આપ-લે કરવી જોઈએ. શિક્ષકે મેરીને સરસ ઉપદેશ આપ્યો.
2. પેટ્રીસીયાએ નકકી કરવાનું હતું કે તેણે ચોકલેટ માટે પૈસા ખર્ચવા જોઈએ કે વાર્તાની ચોપડી માટે. તેના માતા-પિતાએ તેને ચોપડી ખરીદવાની સલાહ આપી. તેના માતા-પિતાએ પેટ્રીસીયાને સારો ઉપદેશ આપ્યો.

*ધારણ કરવું*

1. ટીનાયેને ઉંઘતા પહેલા પ્રાર્થના કરવાનું ગમે છે. તેની પાસે પ્રાર્થનાની એક નાની ચોપડી છે. ટીનાયે પ્રાર્થનાની એક નાની ચોપડી ધરાવે છે.
2. એક વખત પૂર આવ્યો અને લોકો પાસે જે કંઈ હતું તે બધું તણાઈ ગયું, પરંતું મિત્રો તેમની મદદ માટે આવ્યા અને થોડા વખતમાં તેઓ ફરીથી તેમની જરૂરી ચીજો ધારણ કરી શકયા.

*શુધ્ધ હૃદય*

1. કેથી ગુસ્સે થઈને સુઝાનને ઠપકો આપવા લાગી. સુઝાનને દુ:ખ થયું, પણ તરત જ તેણે કેથીને માફ કરી દીધું. સુઝાન શુધ્ધ હૃદય ધરાવે છે.
2. જ્યોર્જને બાળકો સાથે તેની ચોકલેટની આપ-લે કરવાનું ગમે છે, તે ગુસ્તાવોને પણ ચોકલેટ આપે છે જે તેના પર પથ્થર ફેંકે છે. જ્યોર્જ શુધ્ધ હૃદય ધરાવે છે.

*દયાળુ હૃદય*

1. જયારે જરૂરતમંદ લોકો મીંગ લીંગના ઘરે આવે છે ત્યારે, તેણી હંમેશા તેમનો ખ્યાલ રાખે છે. મીંગ લીંગ દયાળુ હૃદય ધરાવે છે.
2. શ્રી. રોબર્ટસન ખૂબ ઘરડાં થઈ ગયા છે. જીમી બજારમાંથી તેમના ફળફળાદી ઉંચકીને લઈ જવામાં તેની મદદ કરે છે. જીમી દયાળુ હૃદય ધરાવે છે.

*પ્રફુલ્લિત હૃદય*

1. હું ઉદાસ હોંઉ છું ત્યારે મારી માં હંમેશા મને હસાવીને ખુશ કરી દે છે. મારી માં પ્રફુલ્લિત હૃદય ધરાવે છે.
2. ઓબુયા બીમાર છે અને તેને આખો દિવસ પથારીમાં જ રહેવું પડે છે. તે ખૂબ પ્રાર્થના કરે છે, ઉદાસ રહેતો નથી અને ખુશી બતાવતો રહે છે. ઓબુયા પ્રફુલ્લિત હૃદય ધરાવે છે.

નિ:શક, તમે પુસ્તકમાંથી પરિચયાત્મક નિવેદન અને સમજૂતિ આપતા વાક્યોને માત્ર વાંચી જવાના નથી, અને તેથી તેને સહજ રીતે પ્રસ્તુત કરવા માટે તમને અગાઉથી સારી તૈયારી કરવાની જરૂર પડશે.

બાળકો જે પ્રાર્થનાઓ મોઢે કરશે તેના માટે, એવું સૂચન કરવામાં આવે છે કે તમે સમાન અભિગમ અપનાવો, પરંતું તેના કયા શબ્દો અને વાક્યો વિશે સમજાવવાની જરૂર પડશે તે નક્કી કરવાનું તમારા પર છોડી દેવામાં આવશે. આ સંદર્ભમાં તમે થોડી કાળજી રાખવાની ઈચ્છા રાખશો. એવો સમય હોય છે જયારે બાળકોને તેમની જાતે જ પ્રાર્થનામાંથી ધીમે ધીમે તેના શબ્દોનો અર્થ સમજવા દેવાનું પૂરતું હોઈ શકે છે. ઉદાહરણ તરીકે, નીચેની પ્રાર્થના જુઓ જે બાળકો પાઠ ૧ માં શીખવાનું શરૂ કરે છે. તેઓ સહેલાઈથી સમજી જશે કે "શુદ્ધ હૃદય" અને "મોતી" બંને કિંમતી વસ્તુ છે. પરંતુ, એ સમજવા માટે કે આખરે, શુદ્ધ હૃદય આપણને ઈશ્વર દ્વારા પ્રદાન કરવામાં આવે છે, તેમને કદાચ "પ્રદાન કરવું" શબ્દનો અર્થ શું છે તેના વિશે શીખવાની જરૂર પડશે. આ હેતુ માટે તમે કયા વાક્યો બનાવી શકશો ?

**"તે ઈશ્વર છે ! હે ઈશ્વર, મારા ઈશ્વર ! મને મોતી જેવું એક શુદ્ધ હૃદય આપ"**[૩૭]

________________________________________

________________________________________

## વિભાગ ૧૯

હવે ચાલો આપણે તમારા વિદ્યાર્થીઓને પ્રાર્થના અને અવતરણો મોઢે કરવામાં મદદ કરવા માટે અપનાવી શકાય એવા એક અભિગમ વિશે વિચાર કરીએ. તમે અવતરણને નાના ભાગોમાં વિભાજિત કરી શકો છો, જેને એક સમયે શીખી શકાય. પહેલો ભાગ મોઢે થઈ જાય પછી, તેમાં બીજો ભાગ ઉમેરી શકાય છે અને આખું અવતરણ કે આખી પ્રાર્થના મોઢે થઈ જાય ત્યાં સુધી એવી રીતે ભાગોનો ઉમેરો કરી શકાય છે. તમે બાળકોને તમારી પછી, કયારેક વ્યક્તિગત રીતે અને કયારેક એક જૂથ તરીકે ભાગોનું પુનરાવર્તન કરવાનું કહી શકો છો.

ઉદાહરણ તરીકે, તમારા વિદ્યાર્થીઓને પાઠ ૧ નું અવતરણ શીખવવા માટે, તમે "હે ચેતના પુત્ર!" થી શરૂ કરશો. અને બાળકોને તેનું પુનરાવર્તન કરાવાનું કહેશો. તેના પછી તમે "હે ચેતના પુત્ર!" સાથે "મારો પ્રથમ ઉપદેશ આ છે" જોડી દો અને તેમને બંને વાક્યોનું એક સાથે પુનરાવર્તન કરવાનું કહો. છેલ્લે તમે "એક શુદ્ધ, દયાળુ અને પ્રફુલ્લિત હૃદય ધારણ કર" આ શબ્દો ઉમેરશો. એક વાર જૂથ આવી રીતે અવતરણ શીખી લે, પછી કેટલાક બાળકોને અવતરણ મોઢે બોલવામાં મદદ કરી શકાય છે. નિઃશક, તમને સુનિશ્ચિત કરવાની જરૂર પડશે કે આ કવાયત યોગ્ય રીતે કરવામાં આવે, જેથી બાળકો સચેત રહે અને આનંદી વાતાવરણ જળવાઈ રહે. આગળ જતાં, જેમ જેમ તેમની ક્ષમતા ધીરે ધીરે વધતી જશે, તેમ તેમ તેઓ પ્રાર્થનાના લાંબા ભાગો અને આખા અવતરણોને એક સાથે મોઢે કરી શકશે.

તમે જ્યારે વર્ગના આ ભાગનું સંચાલન કરો છો ત્યારે, એવી કેટલીક પરિસ્થિતિઓ સ્વયં ઉભી થઈ શકે છે જેની અપેક્ષા રાખવી મુશ્કેલ છે, અને તમને તમારા જાત અનુભવ દ્વારા તેનો કેવી રીતે ઉકેલ લાવવો તેના વિશે શીખવું પડશે. આમ છતાં, એવી કેટલીક પરિસ્થિતિઓ છે જેને તમે તમારી તૈયારીના ભાગ રૂપે ધ્યાનમાં રાખી શકો છો. નીચેના પ્રશ્નો વિશે તમારા જૂથના બીજા સભ્યો સાથે ચર્ચા કરો :

– જો તમારા વર્ગમાં મોટી સંખ્યામાં બાળકો હોય, તો તમે તેમને અવતરણ મોઢે કરવામાં કેવી રીતે મદદ કરશો ?

– જો કેટલાક બાળકો બાકીના બાળકો કરતાં વધુ ઝડપથી મોઢે કરી લેતા હોય તો તમે શું કરશો ?

– જો એક અથવા વધુ બાળકોને મોઢે કરવામાં મુશ્કેલી પડતી હોય તો તમે શું કરશો ?

– તમે કેવી રીતે સુનિશ્ચિત કરશો કે, વર્ગ દરમિયાન એક બાળક અવતરણને સંપૂર્ણ રીતે મોઢે કરી શકતું નથી, છતાં તે સફળતાની લાગણી અનુભવે છે ?

## વિભાગ ૨૦

બાળકો ગાવાનું પસંદ કરે છે, અને આ પ્રવૃતિ, જે અવતરણો મોઢે કરવાના પહેલા આવે છે, તે સૌથી આનંદપૂર્ણ છે. પ્રકિટસ સફળતાની ચાવી છે. તમારે જાતે કોઈ એવી વ્યક્તિ સાથે ગીતો ગાવા જોઈએ જેને, ખાસ કરીને તાલ અને ધૂન પર વિશેષ ધ્યાન આપીને સારૂં ગાતા આવડતું હોય. જો તમે ગીતોનું રેકોર્ડિંગ સાંભળી શકતા હોય, તો તમે વધુ ઝડપથી શીખી શકશો. બાળકો સારી રીતે શીખી જાય ત્યાં સુધી, તમારે પણ તેમની સાથે વારંવાર ગીતો ગાવા પડશે. ગીતોના શબ્દો અવતરણોની જેમ જ મોઢે કરી શકાય છે, પરંતુ આ વખતે શબ્દોનું રાગમાં પુનરાવર્તન કરવામાં આવે છે. તમારા વિદ્યાર્થી -ઓની ક્ષમતાને આધારે તમે જાણી શકો છો કે કેટલાક ગીતો ગાવું તેમના માટે મુશ્કેલ છે. આવા કિસ્સામાં, તમે પદો ગાઈ શકો છો અને તમારા વિદ્યાર્થીઓ સમુહગાનમાં તમારી સાથે જોડાઈ શકે છે.

## વિભાગ ૨૧

હવે પછીની પ્રવૃતિ વાર્તા કહેવાની છે. અગાઉ જણાવ્યા મુજબ, પહેલા ધોરણની મોટાભાગની વાર્તાઓ અબ્દુલબહાના જીવનમાંથી લેવામાં આવી છે. આ વાર્તાઓ ખુબ જ વિશિષ્ટ હેતુ પૂરો કરે છે. તે બાળકોને સમજવામાં મદદ કરે છે કે તેઓ જે આધ્યાત્મિક ગુણો પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે તે આ ધરતી પર અબ્દુલબહાના દિવસોમાં સંપૂર્ણ ઉદાહરણના રૂપમાં કેવી રીતે સંપૂર્ણ રીતે પ્રગટ થયા છે. આ પ્રસંગોનું વર્ણન કરતી વખતે શિક્ષક દ્વારા દર્શાવવામાં આવેલ આદર તેમના કુમળા હૃદયમાં સ્વર્ગીય લાગણીઓને ઉત્તેજિત કરે છે અને તેમની આધ્યાત્મિક સંવેદનશીલતાને જાગૃત કરે છે.

જો કે તમે બાળકોને અબ્દુલબહાની જ વાર્તાઓ કહેશો તે ટૂંકી છે, પરંતુ તેઓ જે આધ્યાત્મિક અંત:દૃષ્ટિઓ પૂરી પાડે છે તે ગહન છે. તેથી તમે તમારા વિદ્યાર્થીઓને તેમાં વર્ણવેલા પ્રસંગોથી આગળ જઈને, તેમને આધ્યાત્મિક વાસ્તવિકતાની ઝલક મેળવવામાં મદદ કરવાની ઈચ્છા રાખશો. આ સંદર્ભમાં ચાલો આપણે પાઠ ૧ ની વાર્તાની સમીક્ષા કરીએ.

*અબ્દુલબહા હંમેશા કહી શકતા હતા કે બીજાના મનમાં શું હતું, અને જેમનાં દહય શુધ્ધ અને પ્રફુલ્લિત હતા તેઓ તેમને ખૂબ ગમતા હતાં. એક વાર એક સ્ત્રીને સાંજના ભોજન માટે અબ્દુલબહાના મહેમાન બનવાનું સન્માન મળ્યું. તે અબ્દુલબહાના વિવેકી શબ્દો સાંભળવા બેઠી હતી ત્યારે તેની નજર તેની સામેના એક ગ્લાસ પર પડી અને મનમાં વિચાર આવ્યો, "અરે આ ગ્લાસની જેમ, જો અબ્દુલબહા મારા હદયમાંથી બધી દૂન્યવી ઈચ્છાઓને ખાલી કરીને તેને દિવ્ય પ્રેમ અને સમજદારીથી ભરી દીધું હોત તો કેટલું સારૂં થયું હોત!"*

આ વિચાર તેના મગજમાંથી ઝડપથી પસાર થઈ ગયો અને તેણીએ તેના વિશે કોઈ વાત નહિ કરી, પરંતું થોડી વારમાં કંઈક એવું થયું જેનાથી તેને ખબર પડી ગઈ કે, તેણી જે વિચારતી હતી તેના વિશે અબ્દુલબહા જાણતા હતા. અબ્દુલબહાની વાત

ચાલુ હતી ત્યારે, અધવચ્ચે તેઓ થોડી વાર થોભી ગયા અને એક નોકરને બોલાવીને તેને ફારસી ભાષામાં કંઈક કહ્યું. નોકર ચુપચાપ ટેબલ પાસે આ સ્ત્રીની નજીક આવ્યો, તેના ગ્લાસ તરફ નજર કરી, તેમાંથી પાણી ખાલી કર્યું અને ફરીથી તેની સામે મુકી દીધો.

થોડી વાર પછી, તેમની વાત ચાલુ રાખતાં અબ્દુલબહાએ ટેબલ પરથી પાણીનો જગ ઉપાડયો, અને સહજ રીતે ધીરે ધીરે આ મહિલાનો ગ્લાસ પાણીથી ભરી દીધો. શું થયું હતું તેની કોઈને ખબર પડી નહિ, પરંતું મહિલા સમજી ગઈ કે અબ્દુલબહા તેમનાં મનની ઈચ્છા પૂરી કરી રહ્યા હતા. તે આનંદ વિભોર થઈ ગઈ. હવે તે સમજી ગઈ હતી કે અબ્દુલબહાની સામે આપણા હૃદય અને મન ખુલ્લી ચોપડી જેવા હતાં જેને તેઓ ખૂબ પ્રેમ અને દયાભાવથી વાંચતા હતા.

સ્પષ્ટપણે શુદ્ધતા એ આધ્યાત્મિક ગુણ છે જેના પર વાર્તા -અને વાસ્તવમાં, આખો પાઠ કેન્દ્રિત છે. કેવી રીતે તમારૂં વર્ણન વિદ્યાર્થીઓની આ ગુણ વિશેની સમજને ગહન બનાવશે અને તેના માટે પ્રયત્ન કરવાનો અર્થ શુ છે તેના વિશે વિચાર કરવામાં નીચેના પ્રશ્નો તમારી મદદ કરશે.

1. બાળકો માટે એ સમજવું અગત્યનું રહેશે કે અબ્દુલબહાના મહેમાન હૃદયની શુદ્ધતા મેળવવા ઝંખતા હતા. વાર્તામાં આ ઝંખના અને મહેમાનની સામે રહેલા પાણીના ગ્લાસ વચ્ચે શું સંબંધ છે ?

2. શુદ્ધતા પ્રાપ્ત કરવા માટે, જેવી રીતે ગ્લાસને ખાલી કરી અને ફરીથી ભરવામાં આવે છે, એવી જ રીતે આપણે અયોગ્ય વિચારો અને લાગણીઓથી પોતાને મુક્ત કરવું જોઈએ, જેથી ઈશ્વર આપણા હૃદયને પ્રેમ, ઉદારતા અને દયા જેવા ગુણોથી પ્રકાશિત કરી શકે. નિ:શક, આપણે જાણીએ છીએ કે ઈશ્વરની નજરથી કંઈ છુપાયેલું નથી. શુદ્ધતા માટેના પ્રયત્નોમાં આ સમજણ કેવી રીતે આપણી મદદ કરે છે ?

તમારા જૂથના બીજા સભ્યો સાથે આ પ્રશ્નોની ચર્ચા કર્યા પછી, તમારા કેટલાક વિચારો અહિં લખો.

____________________________________________________________________

આ ધોરણમાં કેટલીક વાર્તાઓ છે જે અબ્દુલબહાના જીવન સાથે સંકળાયેલી ન હોવા છતાં, તે આધ્યાત્મિક ગુણોનું મહત્વ સમજાવે છે. તેમાં બાળકો આ ગુણો દર્શાવવા બદલ પુરસ્કાર અને તેમની

અવગણના કરવાના પરિણામો જોઈ શકે છે. ઉદાહરણ તરીકે, પાઠમાં આપેલી ગોવાળીયાની વાર્તા જે 'વાઘ આવ્યો' ની બૂમ પાડે છે, જે વાર્તા ઘણી સંસ્કૃતિઓમાં જાણીતી છે, તે જુઠુ બોલવાના પરિણામ દર્શાવે છે અને એવી રીતે, સત્યવાદીતાના ગુણમાં અંતઃદૃષ્ટિ પૂરી પાડે છે. આ વાર્તાઓમાં આપવામાં આવેલા સંદેશથી બાળકોને ઘણો લાભ થઈ શકે છે, જે તેમના ચરિત્ર ઘડતરમાં મહત્વનું સાબિત થશે.

## વિભાગ ૨૨

વાર્તા કહેવી એ એક કળા છે. પ્રભાવશાળી રીતે વાર્તા કહેવા માટે, વ્યકિતએ તેનાથી સુપરિચિત થવું જોઈએ. આ વિભાગમાં, આપણે એક શિક્ષકે બાળકો સમક્ષ કેવી રીતે વાર્તાનું વર્ણન કરવું જોઈએ તે સમજવા માટે વિભાગ ૧ ની વાર્તાનો વધુ વિગતવાર અભ્યાસ કરીશું.

આપણે સ્થાપિત કર્યું છે કે હૃદયની શુદ્ધતાનો આધ્યાત્મિક ગુણ એ આ વાર્તાનો મુખ્ય વિષય છે, જેનું કાચના ઉદાહરણ દ્વારા વિશ્લેષણ કરવામાં આવ્યું છે. પછી તમારે તમારી જાતને પહેલો પ્રશ્ન પૂછવાની જરૂર છે કે, વાર્તાના કયા ભાગો આ મુખ્ય વિષય સાથે સંબંધિત છે ? અબ્દુલબહાના શબ્દો મહિલાને વિચારવા માટે પ્રેરિત કરે છે કે, તેણીએ તેની સામેના ગ્લાસની જેમ દુન્યવી ઈચ્છાઓથી તેના હૃદયને કેટલા પ્રમાણમાં શુદ્ધ કરવું જોઈએ, આ એક મહત્વનો ભાગ છે. અબ્દુલબહાએ સેવકને ગ્લાસમાંથી પાણી ખાલી કરવાની આપેલી સૂચના, જેને તેઓ ફરીથી ભરી દે છે, આ બીજો મહત્વનો ભાગ છે. ઉદાહરણ તરીકે, અબ્દુલબહાએ સેવકને મહિલાનો ગ્લાસ ખાલી કરવા કહ્યું, જો તમે તેનો ઉલ્લેખ નહિ કરો તો શું થશે ?

હવે, ભલે આપણે વાર્તાના આવશ્યક ભાગો નક્કી કરી લીધા હોય, છતાં તેની બીજી વિગતો ભૂલી શકાય નહિં. જો તમે માત્ર એમ કહો કે અબ્દુલબહાના મહેમાન જયારે રાત્રિ ભોજન માટે બેઠા હતા, ત્યારે તેના મનમાં એવી ઈચ્છા થઈ કે જેવી રીતે એક ગ્લાસને ખાલી કરવામાં આવે છે એવી જ રીતે તેના હૃદયને શુદ્ધ કરવામાં આવે તો કેટલું સારૂં થયું હોત ? વાર્તામાં હંમેશા એવી વિગતો હોય છે જે તેને વધુ લાગણી આપે છે અને તેને આકર્ષક બનાવે છે. આ શું છે ?

- જમતી વખતે મહેમાનને ખાલી ગ્લાસનો વિચાર આવે છે, તે મનની વાત સાંભળીને અબ્દુલબહા તેમની બુદ્ધિમત્તાની આપ-લે કરે છે, પરંતુ તેણી કયારેય તેનો વિચાર વ્યક્ત કરતી નથી.
- રાત્રિભોજન માટે ભેગા થયેલા લોકો સાથે વાત કરતા હોવા છતાં, અબ્દુલબહા મહિલાના મનના વિચારનો જવાબ આપવા માટે થોભે છે.
- શું થયું હતું તેના વિશે બીજા કોઈને ખબર પડતી નથી.
- મહેમાન એ જાણીને અપાર આનંદ અનુભવે છે કે અબ્દુલબહા તેના હૃદયની ઈચ્છા સાંભળી શકતા હતા.

અહિં એ નોંધવું જોઈએ કે, દરેક શિક્ષકે ધોરણ ૧ ની વાર્તાઓને વધારાની વિગતો અને બીજા તત્વોથી સુશોભિત નહિ કરવાની કાળજી રાખવી જોઈએ, જે એવી આધ્યાત્મિક હકીકતોથી બાળકોના ધ્યાનને વિચલિત કરી શકે છે જે વાર્તાઓ પ્રસ્તુત કરવા માંગે છે.

તેથી તમારા સમગ્ર વર્ણન દરમિયાન, તમે ધ્યાનમાં રાખવા ઈચ્છશો કે વાર્તા કહેવાનો હેતુ બાળકોને કંઈક મહત્વનું શીખવવાનો છે. જયારે તમે આનંદ અને લાગણી સાથે વાર્તા કહેશો, ત્યારે તેઓ તેને વધુ સારી રીતે સમજી શકશે. બાળકોને કંટાળાજનક રીતે કહેવામાં આવેલી વાર્તામાં કોઈ રસ પડતો નથી. તમારે તમારા અવાજ, ચહેરાના હાવભાવ અને શારીરિક મુદ્રા દ્વારા સુખ, દુઃખ,

નિરાશા, ભય અને હિંમત જેવી લાગણીઓને વ્યક્ત કરવાનું શીખવું જોઈએ. વાર્તાના વિકાસ અનુસાર તમારા અવાજનો સ્વર અને પ્રમાણમાં ફેરફાર થવો જોઈએ, અને તમારા હાવભાવ સરળ હોવા છતાં, તે દરેક ભાગને અનુરૂપ હોવા જોઈએ. તમને તમારા વર્ણનના લય અને ગતિ વિશે પણ વિચારવાની જરૂર છે. જો તમે ખૂબ ધીમેથી વાત કરો છો, તો બાળકો કંટાળી જશે, અને જો તમે ખૂબ ઝડપથી વાત કરો છો, તો તેઓ વાર્તાનું અનુસરણ કરી શકશે નહિં. સૌથી ઉપર, તમારે યાદ રાખવું જોઈએ કે તમે નાટક કરતા નથી અને તમારી લાગણીઓમાં સચ્ચાઈ હોવી જોઈએ. બાળકો નિખાલસતાનો અભાવ સરળતાથી શોધી શકે છે. અહિં બાળકોના હૃદયને જોડવાની અને વાર્તા કહેવાની લાંબા સમયથી ચાલતી પરંપરાને આગળ ધપાવવાની ઈચ્છા રાખવામાં આવે છે, જેના દ્વારા હજારો વર્ષોથી, માનવતા દ્વારા પ્રાપ્ત કરાયેલ શાણપણનો ભંડાર એક પેઢીથી બીજી પેઢી સુધી આગળ લઈ જવામાં આવ્યો છે.

## વિભાગ ૨૩

હવે ચાલો આપણે વાર્તા પછી આવતી બે પ્રવૃતિઓ વિશે વિચાર કરીએ -રમતો રમવી અને રંગપૂરણી. આ વિભાગમાં અપણે રમતો માટે સમર્પિત સમયગાળાનો કેવી રીતે ઉપયોગ કરવો તેના વિશે ચર્ચા કરીશું, અને આગામી વિભાગમાં રંગપૂરણી વિશે ચર્ચા કરીશું.

પહેલાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે મુજબ, ધોરણ ૧ ની રમતોનું સ્વરૂપ સહકારી છે. ઘણા લોકો માને છે કે, રમતોને પડકારરૂપ બનાવવા માટે, બાળકોને એકબીજા સાથે સ્પર્ધા કરવાની જરૂર છે. આપણે એક વાત સમજવાની છે કે, જ્યારે બાળકોને એવી પરિસ્થિતિઓમાં મુકવામાં આવે છે જેમાં તેમને સ્પર્ધા કરવી પડે છે, ત્યારે કેટલાક અનિચ્છનીય વલણો અને આદતો કેળવાય છે જે રમતના સમય પછી કામય રહે છે. વધુમાં, એવી માન્યતા છે કે શ્રેષ્ઠતા માત્ર સ્પર્ધા દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે. તમને આ વિચારની હકીકતની નજીકથી તપાસ કરવાની જરૂર છે. શું તે ખરેખર સાચું છે કે આપણે સહકાર દ્વારા શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકતા નથી? સ્પર્ધામાં, કેટલાક જીતે છે જયારે બીજા હારી જાય છે; સહકારમાં દરેક વ્યક્તિ સિદ્ધિની લાગણી અનુભવે છે.

પહેલા ધોરણની રમતો બાળકોમાં સૂચનાઓ સાંભળવાની અને તેનું પાલન કરવાની કુશળતા વધારવાનો પ્રયાસ કરે છે. તેઓ એ પણ સમજવા લાગશે કે દરેક રમત આખા વર્ગ માટે એક સામાન્ય ધ્યેયની સ્થાપના કરે છે અને તે, તેમના પ્રયત્નોનું સંકલન કરીને, તેમાંથી દરેકે તેને હાંસલ કરવામાં ભૂમિકા ભજવવાની હોય છે. સૌથી ઉપર, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ એકબીજા પ્રત્યેની કાળજીના પ્રમાણમાં વધારો કરશે, ખંત શીખશે અને મિત્રતાના બંધનને મજબૂત કરશે જે તેમને જોડે છે. તમારે યાદ રાખવું જોઈએ કે, સફળતાની અનુભૂતિ કરવા માટે તેમને શ્રેષ્ઠ રીતે રમત રમવાની જરૂર નથી. ઉદાહરણ તરીકે, ધોરણ ૧ માં સૂચિત રમત જુઓ. કેવી રીતે તે ઈચ્છિત ઉદ્દેશમાં યોગદાન આપે છે?

*બીજી પ્રવૃતિ માટે, કારનું એક ટાયર જમીન ઉપર મૂકો અને પછી બાળકોને પ્રયત્ન કરવાનું કહો કે, તેમના પૈકી કેટલા બાળકો એક સાથે તેના ઉપર ઊભા રહી શકે છે. જો ટાયર ઉપલબ્ધ ન હોય તો, તેના બદલે તમે સાદડી કે ટુવાલ, અથવા તેના જેવી બીજી કોઈ વસ્તુ જમીન પર મૂકી શકો છો. તમે જે કોઈપણ વસ્તુ પસંદ કરતા હોય, તે એટલી નાની હોવી જોઈએ કે વર્ગના બાળકોની સંખ્યા માટે એક સાથે ઉભા રહેવાનું પડકારરૂપ બનાવતી હોવી જોઈએ.*

શિક્ષક જેવી રીતે રમતનો પરિચય આપે છે તે બાળકો કેવી રીતે રમત રમે છે તેને અસર કરે છે. તેનો ઉદ્દેશ સ્પષ્ટ રીતે સમજાવવો જોઈએ. વધુમાં, બાળકોને સૂચના આપતી વખતે, શિક્ષકને વારંવાર તેને કેવી રીતે રમવું તેનું નિદર્શન કરવું જોઈએ અને તેમની સાથે પ્રેકટસ કરવી જોઈએ.

## વિભાગ ૨૪

બાળકોની સર્જનાત્મકતા અને માનસિક કૌશલ્યોના વિકાસ માટે કલાત્મક પ્રવૃતિઓ મહત્વપૂર્ણ છે અને નાની ઉંમરથી જ તેમને ફ્રી સ્ટાઈલ ચિત્રકામ અને કલાત્મક અભિવ્યક્તિના બીજા સ્વરૂપો દ્વારા તેમની કલ્પના શક્તિનો ઉપયોગ કરવાની તક આપવી જોઈએ. વિશ્વના ઘણા ભાગોમાં, બાળકોને પાંચ કે છ વર્ષની વય પહેલા ઓછા પ્રમાણમાં ચિત્રકામ કરવાની તક મળતી હોય છે, અને તેમાંથી ખૂબ જ ઓછા લોકોને રંગીન પેન્સિલની તક મળે છે. તેમના માટે, ધોરણ ૧ માં ચિત્રોમાં રંગપૂરણીની પ્રવૃતિ વર્ગનો એક સૌથી રોમાંચક સમયગાળો છે, અને તે તેમનામાં અનુગામી ધોરણોમાં વધુ જટિલ કલાત્મક પ્રવૃતિઓ તરફ આગળ વધવા માટે જરૂરી આત્મવિશ્વાસનું નિર્માણ કરે છે. તે તેમની કુશળતા અને શિસ્તની ભાવના વિકસાવવાનું પણ એક માધ્યમ છે. રંગપૂરણી દ્વારા બાળકોમાં કેવી રીતે નીચેની ક્ષમતાઓ, કૌશલ્યો અને વલણોનો વિકાસ થાય છે ?

- વ્યવસ્થા અને સૂદરતાની કદર કરવી
- વિગતો પર ધ્યાન આપવું
- હાથમાં રહેલા કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરવું
- બીજા સાથે સંસાધનોની વહેચણી કરવી
- બીજાનો આદર કરવો

કેટલાક કૌશલ્યો અને વલણોનો વિકાસ કરવાની સાથે, રંગપૂરણી માટે સમર્પિત વર્ગનો સમયગાળો શિક્ષકને તેના વિદ્યાર્થીઓ સાથે ધોરણ ૧ ના પાઠમાં સામેલ ગુણોની ચર્ચા કરવાની બીજી તક આપે છે. ચિત્રોમાં આપેલા દૃષ્યો વિશે વર્ગને પ્રશ્ન પૂછીને, ચિત્રમાં શું થઈ રહ્યું છે તેના વિશે જ્યારે તેઓ વાત કરે છે ત્યારે, શિક્ષક બાળકોને વિચારોને સ્પષ્ટ કરવાની અને તેમના મનમાં સંબંધ સ્થાપિત કરવાની તક આપી શકે છે. પહેલા પાઠની રંગપૂરણીનું ચિત્ર જુઓ અને તમારા જૂથ સાથે ચર્ચા કરો કે, કેવી રીતે તમે તેનો બાળકોને પરિચય આપશો. તમારા વિચારો નીચે લખો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

શિક્ષકે આ પ્રવૃતિ માટે પૂરતી તૈયારી કરવી જોઈએ. બાળકો હંમેશા રંગપૂરણી માટે મહાન ઈચ્છા દર્શાવે છે ; તેમ છતાં, વર્ગના આ ભાગને યોગ્ય રીતે સંયોજિત કરવામાં ન આવે તો તે અસ્તવ્યસ્ત બની શકે છે. બાળકો માટે રંગપૂરણી કરવાની જગ્યા પસંદ કરવી જોઈએ, અને દરેક પાઠ માટે અગાઉથી ચિત્રોની નકલો તૈયાર કરવી જોઈએ. ખાસ કરીને પહેલા થોડા પાઠોમાં, બાળકોએ રંગો સાથે કેવી રીતે વર્તન કરવું જોઈએ તેના સંદર્ભમાં શિક્ષકને એક ધોરણ નક્કી કરવાની અને તેમની સાથે શિસ્ત અને સહકારની ભાવનાની સ્થાપના કરવાની જરૂર પડી શકે છે. શરૂઆતમાં, દરેક બાળકને

શિક્ષકના હાથમાં રહેલા બોક્ષમાંથી એક રંગ પસંદ કરવાનું કહી શકાય. જ્યારે તેઓ રંગ બદલવા માંગતા હોય, ત્યારે તેઓ એક રંગ પાછો મૂકીને તેના બદલે બીજો રંગ લઈ શકે છે. કેટલાક વર્ગો પછી, જ્યારે તેઓ એક સમયે માત્ર એક જ રંગ હાથમાં રાખવા ટેવાયેલા હોય છે, ત્યારે રંગોના બોક્ષને બધાની વચ્ચે રાખી શકાય છે.

હવે, નીચેની પરિસ્થિતિઓ જુઓ. દરેક જોડીમાંથી કઈ પરિસ્થિતિ આ પ્રવૃતિની અસરકારકતામાં ફાળો આપશે?

_____ જ્યાં સુંધી એક બાળક સારી રીતે રંગ પૂરવાનો પ્રયાસ કરી રહ્યો હોય ત્યાં સુધી, શિક્ષક તેને લીટીઓની બહાર રંગ પૂરવાની પરવાનગી આપે છે.

_____ બધા બાળકોને સખ્તપણે લાઈનની અંદર રંગ પૂરવાનું કહેવામાં આવે છે.

_____ જ્યારે બાળકો રંગકામ કરી રહ્યા હોય, ત્યારે શિક્ષક તેમની પાસે જાય છે, તેમને મદદ કરે છે અને પ્રોત્સાહન આપે છે.

_____ જ્યારે બાળકો રંગકામ કરી રહ્યા હોય, ત્યારે શિક્ષક બેસી રહે છે અને પોતાનું અમુક કામ કરે છે.

_____ રંગપૂરણી માટે ફાળવેલા સમય દરમિયાન, બાળકો હાથ પરના કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

_____ રંગપૂરણી માટે ફાળવેલા સમય દરમિયાન, બાળકો એકબીજાને વિચલિત કરે છે.

_____ બાળકો રંગકામ કરી રહ્યા હોય, ત્યારે તેઓ એકદ્દમ મૌન રહે છે.

_____ બાળકો રંગકામ કરી રહ્યા હોય, ત્યારે તેઓ આનંદથી વાતચિત કરે છે અને એકબીજાને પ્રોત્સાહન આપે છે.

## વિભાગ ૨૫

ઘણા શિક્ષકોને એક નોટબૂટ રાખવાનું ઉપયોગ લાગે છે જેમાં બાળકોના જે જૂથને તેઓ ભણાવે છે તેમની કેટલીક મૂળભૂત માહિતી રાખી શકાય છે. આ સંદર્ભમાં બે પત્રકો ઉપયોગી છે, એક પત્રકમાં વર્ગના બાળકોની હાજરીની નોંધ રાખવા માટે તેમના નામ અને ઉંમર લખવામાં આવે છે, અને બીજા પત્રકમાં અવતરણો મોઢે કરવાના સંદર્ભમાં તેમની પ્રગતિની નોંધ કરવામાં આવે છે. બીજા પત્રકમાં, ઉદાહરણ તરીકે, ડાબા ખાનામાં બાળકોના નામ અને ઉપરની લીટીમાં પાઠના ક્રમનો સમાવેશ થઈ શકે છે. પછી શિક્ષક, બાળકોએ મોઢે કરેલા અવતરણોને આધારે સંબંધિત ખાનામાં નોંધ કરી શકે છે.

નોટબૂકમાં એક ભાગ પાઠો માટે ફાળવી શકાય છે, જેમાં શિક્ષકો દરેક પાઠનું તેમનું વિશ્લેષણ લખી શકે છે, પાઠ કેવી રીતે શીખવવો તે અંગેના તેમના વિચારો લખી શકે છે અને, પછીથી, બાળકો સાથેના તેમના સત્રો કેવી રીતે આગળ વિકસિત થયા તે વિશેના તેમના ચિંતનની નોંધ કરી શકે છે.

બીજા વિભાગમાં, શિક્ષક દરેક બાળકની પ્રગતિની નોંધ કરી શકે છે, તેમજ માતા -પિતા સાથે આપ-લે કરી શકાય એવા કોઈ પ્રસંગો કે બાબતોની નોંધ કરી શકે છે. કેટલાક શિક્ષકોને, આ વિભાગમાં

બાળકના માતા-પિતા અને તેના ભાઈ-બહેન તથા તેમના ઘરની મુલાકાત દરમિયાન ચર્ચા કરવામાં આવેલા વિષયોનો સારાંશ લખવાનું મદદરૂપ લાગે છે.

## વિભાગ ૨૬

બાળ વર્ગના શિક્ષક તરીકે, તમને દરેક બાળકના માતા-પિતા સાથે ગાઢ અને પ્રેમાળ સંબંધ સ્થાપિત કરવાની જરૂર પડશે, તેમના પુત્ર અને પુત્રીની પ્રગતિ અને વિકાસ વિશે ચર્ચા કરવા તથા તેમનું સમર્થન મેળવવા માટે નિયમિતપણે તેમની મુલાકાત લેવાની જરૂર પડશે. પુસ્તક ૨ ના તમારા અભ્યાસ પછી તમે તમારા સમુદાયમાં ચાલતા બાળ વર્ગોના કેટલાક બાળકોના પરિવારોની મુલાકાત લીધી હશે. તમારી યાદ તાજી કરવા માટે, તમે આ પુસ્તકના ત્રીજા એકમના વિભાગ ૧૫ નો સંદર્ભ લઈ શકો છો. આ વિભાગમાં આપણે જોઈએ છીએ કે બાળવર્ગની શિક્ષિકા, મેરિબેલ એમ્માના પરિવાર સાથેની તેની બીજી મુલાકાત દરમિયાન તે એમ્માની માતા સાથે શું વાત કરશે તેને લગતી માહિતી કેવી રીતે ભેગી કરે છે. વર્ગમાં એમ્માની હાજરીથી તેના હૃદયને કેટલો આનંદ થાય છે તેના વિશે વાત કરીને અને તેણે તેની પુત્રીમાં શોધી કાઢેલા અદ્‌ભૂત ગુણોનો ઉલ્લેખ કરીને તે તેની વાત શરૂ કરવાનું નક્કી કરે છે. એક શિક્ષક જે આનંદ અને ઉત્સાહથી સમુદાયના બાળકોની સેવા કરે છે તે જોવું માતા-પિતા માટે કેટલું મહત્વપૂર્ણ છે? બીજા કયા લક્ષણો છે જે માતા-પિતાના હૃદયને આકર્ષિત કરશે અને તેમની સાથે વિશ્વાસના બંધનને મજબૂત બનાવશે?

શિક્ષક એક બાળકમાં જે આધ્યાત્મિક ગુણોનો વિકાસ થતો જુએ છે તેને તેના માતા-પિતાના ધ્યાન પર લાવવું તેના માટે કેમ મહત્વનું છે?

મેરિબેલ એમ્માની માતા સાથે આ એકમના વિભાગ ૩ માં તમે જે અવતરણનો અભ્યાસ કર્યો છે તેના વિશે ચર્ચા કરવાનું અને બાળકોની કેળવણી માટે તેનું મહત્વ વિશે વિશ્લેષણ કરવાનું પણ નક્કી કરે છે. માતા-પિતા સાથેના જે વાર્તાલાપમાં તમે જોડાશો, તેમાં તમને એવી શૈક્ષણિક વિચારધારા વિશે સમજાવવાની તક મળશે જેણે બાળ વર્ગના કાર્યક્રમને આકાર આપ્યો છે. નીચે કેટલાક ખ્યાલો આપ્યા છે જેના વિશે તમે આ એકમમાં વિશ્લેષણ કર્યું છે. માતા-પિતા સાથે તેમના બાળકોની આધ્યાત્મિક કેળવણીના સંદર્ભમાં તમે દરેક વિશે શું વાત કરશો? શું એક કે બીજા ખ્યાલ વિશે પવિત્ર લખાણોમાં એવા કોઈ અવતરણો છે જેનો તમે માતા-પિતા સાથેની તમારી વાતચિત દરમિયાન આપ-લે કરી શકશો?

પ્રશંસનીય ચરિત્રનો વિકાસ

આધ્યાત્મિક ગુણોની પ્રાપ્તિ

બાળકોના હૃદય પર પ્રાર્થનાની અસર

ઈશ્વરના શબ્દો મોઢે કરવાનું મહત્વ

અબ્દુલબહાના જીવનમાંથી લેવામાં આવેલી વાર્તાઓનો બાળકો પર પડતો પરિવર્તનકારી પ્રભાવ

ઈશ્વરનો પ્રેમ અને ઈશ્વરનો ડર

શિસ્ત અને સ્વતંત્રતા

મેરિબેલ તેના વિચારોની રજુઆત દરમિયાન થોભવાનું નક્કી કરે છે અને એમ્માની માતાને તેના વિચારો વ્યક્ત કરવા આમંત્રિત કરે છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે શિક્ષકો અને બાળકોના માતા-પિતા વચ્ચે સમય જતાં ગહન વાર્તાલાપ વિકસિત થશે. તે શા માટે મહત્વપૂર્ણ છે કે, માતા-પિતા સાથેની તેમની પ્રથમ મુલાકાતથી, શિક્ષકો તેમની સાથે ચર્ચા કરવામાં આવતા વિષયો પર ટિપ્પણીઓ, વિચારો અને વિચારધારધારાઓ મેળવે ?

માતા-પિતા સાથે આધ્યાત્મિક ગુણોના સામાન્ય ખ્યાલોની ચર્ચા કરવાની સાથે, તમારે એવા અવસરોનો લાભ મેળવવો જોઈએ જે આખા વર્ષ દરમિયાન બાળવર્ગના પાઠો, તેમના પુત્રો અને પુત્રીઓમાં જે ચોક્ક્સ ગુણોનો વિકાસ કરવાનો પ્રયત્ન કરે છે તેના વિશે વાર્તાલાપ કરવા માટે સ્વયં રજુઆત કરતા હોય. પાઠ ૧ માં સંબોધવામાં આવેલ હૃદયની શુદ્ધતાના ગુણમાં તમે પ્રાપ્ત કરેલ અંત:દૃષ્ટિને ધ્યાનમાં રાખીને, તમે આવા વાર્તાલાપની કેવી રીતે ચર્ચા કરશો તેના વિશે તમારા જૂથના સભ્યો સાથે વિશ્લેષણ કરી શકો છો.

મેરિબેલને ખબર છે કે જો તેની પુત્રીને તે જે વર્ગોમાં ભાગ લઈ રહી છે તેનો સંપૂર્ણ લાભ મેળવવો હોય તો તેની પોતાની અને એમ્માની માતા વચ્ચે પરસ્પર સમજણ અને સમર્થન હોવું જરૂરી છે. ઉદાહરણ તરીકે, વર્ગમાં શીખેલી પ્રાર્થના અને અવતરણોનું માતા-પિતાની મદદથી ઘરે પુનરાવર્તન કરી શકાય છે. આવી રીતે, બાળકો ઈશ્વરના શબ્દોને વધુ સારી રીતે આત્મસાત કરી શકે છે, જે તેમના હૃદય અને આત્મામાં ઉતરી જશે અને તેમના ચરિત્રને આકાર આપશે. માતા-પિતા કેવી રીતે શિક્ષકોના પ્રયત્નોને પ્રબળ કરી શકે છે અને સમર્થન આપી શકે છે તેના વિશે તમારા જૂથના સભ્યો સાથે ચર્ચા કરો.

લાંબા સમયગાળાની ઉચિત કેળવણી દ્વારા જ બાળકોમાં હૃદય અને મનના ઈચ્છિત ગુણોનો વિકાસ થઈ શકે છે. હાલ સુધીમાં સ્પષ્ટ છે કે માતા-પિતા સાથેની તમારી નિયમિત બેઠકોમાં જે બાબત પર ભાર મૂકવો જોઈએ, તે તેમના બાળકોની પ્રગતિ છે, પછી તે ગમે તેટલી નાની હોય. જેમ જેમ તમારો વાર્તાલાપ આગળ વધે તેમ તેમ, આ સિધ્ધિઓ પર કેવી રીતે નિર્માણ કરવું તેના વિશે માતા-પિતા સાથે વિશ્લેષણ કરી શકો છો. જયારે માહિતીસંચારની આવી સકારાત્મક પધ્ધતિ સ્થાપિત થાય છે, ત્યારે શિક્ષકને જોવા મળેલી કોઈપણ મુશ્કેલી વિશે તે ખૂબ કાળજીપૂર્વક માતા-પિતા સાથે ચર્ચા કરી શકશે. તેનો ઉદ્દેશ એવા સહયોગની રીત શોધવાનો હોવો જોઈએ જે બાળકને તેની મુશ્કેલીઓ દૂર કરવામાં મદદ કરે. માતા-પિતા સાથે માહિતીસંચારની આવી રચનાત્મક રીતનું નિર્માણ કરવાના મહત્વ વિશે તમારા જૂથ સાથે ચર્ચા કરો.

## વિભાગ ૨૭

એકમની શરૂઆતમાં જણાવ્યા મુજબ, આ કોર્ષમાં ભાગ લેનાર દરેક જણ બાળકોના વર્ગની સ્થાપના કરવાનું કાર્ય હાથ ધરશે નહિ. જેઓ વર્ગની સ્થાપના કરશે તેમાંથી, કેટલાક લોકો સેવાના બીજા ક્ષેત્રમાં જતા પહેલાં માત્ર થોડા સમય માટે જ વર્ગ ચાલુ રાખવાનું પસંદ કરી શકે છે. પરંતુ બીજા લોકો પ્રયત્નના આ ક્ષેત્રમાં તેમની જાતને સમર્પિત કરશે, લાંબા સમય સુધી વર્ગને જાળવી રાખશે જે બાળકોનો ઈશ્વરના પ્રેમમાં ઉછેર કરશે. સહભાગીઓ જે કોઈ પણ માર્ગ અપનાવે છે તેને ધ્યાનમાં લીધા વિના, બધાને તેમના સમુદાયના નાના સભ્યો સાથે વાર્તાલાપ કરવાનો અવસર મળશે, પછી તે પડોશીઓને બેઠકો કે સભાઓમાં ભાગ લેવા માટે બોલાવવાના રૂપમાં હોય, કે ભાઈ બહેન અને માતા-પિતા તરીકે હોય. પરિસ્થિતિ ગમે તે હોય, આ એકમમાં ચર્ચા કરવામાં આવેલા ખ્યાલો અને વિચારો, વિશ્વ ન્યાય મંદિર કહે છે તે મુજબ, આ એકમ સહભાગીઓને તેમના સમાજનો "સૌથી અમુલ્ય ખજાનો" વિશેની તેમના સમુદાયની જવાબદારી વિશે અંતઃદૃષ્ટિ પ્રદાન કરશે. જયારે આપણે બધા માનવજાતના ઇજ્જવળ ભાવિ તરફ અપેક્ષિત આંખોથી જોઈએ છીએ ત્યારે, નીચેના અવતરનોમાંથી પ્રેરણા અને પોષણ પ્રાપ્ત કરી શકીએ છીએ:

> **"અમે બધા લોકોને તેનું સૂચન કરીએ છીએ જે તેમના સેવકોમાં ઈશ્વરના શબ્દની ઉત્કૃષ્ટતા તરફ દોરી જશે, અને એવી જ રીતે, અસ્તિત્વ જગતની પ્રગતિ અને આત્માઓના ઉત્થાન તરફ દોરી જશે. તેના માટે સૌથી મોટું માધ્યમ છે બાળકોની કેળવણી."[૩૮]**
>
> **"બાળકોની કેળવણી અને પ્રશિક્ષણ એ માનવજાતનું એક સૌથી પ્રશંસનીય કાર્ય છે અને તે સર્વ-દયાળુની કૃપા અને આશીષને નીચે ખેંચી લાવે છે, કારણકે કેળવણી એ બધી માનવીય શ્રેષ્ઠતાનો અનિવાર્ય પાયો છે અને તે માણસને કાયમી કિર્તીની ઉંચાઈઓ સુધી કાર્ય કરવાની અનુમતિ આપે છે. જો એક બાળકને તેના બાળપણથી જ પ્રશિક્ષણ આપવામાં આવે છે, તો તે, પવિત્ર માળીની પ્રેમાળ સંભાળ દ્વારા, ખળખળ વહેતા ઝરણા વચ્ચેના નાના છોડની જેમ, ચેતના અને જ્ઞાનના શુદ્ધ જળનું પાન કરશે. અને નિશ્ચિતપણે તે સ્વયં સત્યના સૂર્યના તેજસ્વી કિરણો મેળવશે, અને તેના પ્રકાશ અને ઉર્જા દ્વારા જીવન રૂપી બગીચામાં હંમેશા તાઝગી અને નિષ્પક્ષ રીતે વિકાસ પામશે...**
>
> **"જો આ મહત્વપૂર્ણ કાર્યમાં, એક શક્તિશાળી પ્રયત્ન કરવામાં આવશે, તો માનવ જગત બીજા આભૂષણોથી ચમકી ઉઠશે, અને સૌથી સુંદર પ્રકાશ પાડશે. પછી આ અંધકારમય સ્થાન તેજસ્વી બનશે, અને ધરતીનું આ નિવાસસ્થાન સ્વર્ગમાં ફેરવાશે."[૩૯]**

## સંદર્ભસૂચિ


1. વિશ્વ ન્યાય મંદિરના 21 એપ્રિલ 2000 ના એક સંદેશમાંથી
2. બહાઉલ્લાહ, 'બહાઈ એજ્યુકેશન' સંકલનમાંથી
3. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 106.1
4. અબ્દુલબહા, 'બહાઈ એજ્યુકેશન' સંકલનમાંથી
5. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 122
6. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 108.1
7. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 110.2
8. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 100.2
9. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 99.1
10. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 103.5
11. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 122.1
12. અબ્દુલબહા, સ્ટાર ઓફ ધ વેસ્ટમાં આપેલ સંદર્ભમાંથી.
13. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 136
14. અબ્દુલબહા, પ્રમોલગેશન ઓફ યૂનિવર્સલ પીસમાંથી
15. અબ્દુલબહા, 'પ્રાર્થના અને ભક્તિમય જીવન' નામના સંકલનમાંથી
16. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 43
17. અબ્દુલબહા, પ્રમોલગેશન ઓફ યૂનિવર્સલ પીસમાંથી
18. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં. 3
19. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં. 12
20. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં. 11
21. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 128
22. બહાઉલ્લાહ, ધ કોલ ઓફ ધ દિવાઇન બિલોવ્ડ
23. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં. 59
24. અબ્દુલબહા, પ્રમોલગેશન ઓફ યૂનિવર્સલ પીસમાંથી
25. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 129.2
26. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 155
27. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 153

28. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં. 9

29. અબ્દુલબહા, પ્રમોલગેશન ઓફ યૂનિવર્સલ પીસમાંથી

30. બહાઉલ્લાહ, એપિસ્ટલ ટુ ધ સન ઓફ ધ વુલ્ફ

31. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી બહાઉલ્લાહ દ્વારા પ્રગટિત પાતીઓમાંથી

32. અબ્દુલબહા, સિક્રેટ ઓફ દિવાઇન સિવિલાઈઝેશન

33. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 111.1

34. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 95.2

35. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 111.4

36. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 124.1

37. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થનાઓમાંથી

38. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી બહાઉલ્લાહ દ્વારા પ્રગટિત પાતીઓમાંથી

39. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 103.1



# બાળવર્ગના પાઠ

# ધોરણ ૧

ઉદ્દેશ

પાંચ થી ૬ વર્ષની વયના બાળકો માટેના વર્ગોમાં શિખવવાની ક્ષમતાનો વિકાસ કરવો,જે ચરિત્રના શુદ્ધિકરણ પર કેન્દ્રિત હોય, જેમાં પ્રાર્થના અને અવતરણો મોઢે કરવાનો, તથા ગીત, વાર્તા, રમતો અને રંગપુરણીનો સમાવેશ થાય છે

## વિભાગ ૧

છેલ્લા એકમમાં, તમે પહેલા ધોરણમાં તમારા શિક્ષણ પ્રયાસના સ્વરૂપ વિશે વિચાર્યું અને એવા વિભિન્ન તત્વોની સમીક્ષા કરી જે એક પાઠની રચના કરે છે. આ બીજા એકમમાં ચોવીસ પાઠ સામેલ છે, જે તમે જાણો છો તેમ, આધ્યાત્મિક ગુણોના વિકાસની આસપાસ રચાયેલા છે. આ પ્રારંભિક વિભાગોમાં, તમારી જાતને પાઠની સામગ્રીથી પરિચિત કરવાનો અને તેનું સંચાલન કરવાની પ્રકિટસ કરવાનો અવસર પૂરો પાડવામાં આવશે. આપણે એક સમયે ચાર પાઠ લઈશું અને દરેકમાં સંબોધિત આધ્યાત્મિક ગુણો પર વિચાર કરીશું. તેના પછી તમને પ્રોત્સાહિત કરવામાં આવે છે કે તમે તમારા સહભાગીઓ સાથે પાઠોનો વિગતવાર અભ્યાસ કરો અને તમે આગળના ચાર પાઠ તરફ જાઓ તેના પહેલાં, વારા પ્રમાણે અલગ અલગ પ્રવૃતિઓની પ્રેકિટસ કરો.

## વિભાગ ૨

ધોરણ ૧ માં દરેક વર્ગના સમયગાળાની શિક્ષક દ્વારા કરવામાં આવતી શરૂઆતની પ્રાર્થના સાથે શરૂઆત થવી જોઈએ. તમારી મદદ માટે, દરેક ચાર પાઠ માટે સૂચિત એક નવી પ્રાર્થના સહિત, કુલ છ પ્રાર્થનાનું સૂચન કરવામાં આવશે. જો તમે આ પ્રાર્થના મોઢે કરી શકતા હોય તો, તે બાળકોને પ્રાર્થના મોઢે કરવાના તેમના પ્રયત્નોમાં ખૂબ પ્રોત્સાહન આપશે. પાઠ ૧ થી ૪ માટે, નીચેની પ્રાર્થનાનું સૂચન કરવામાં આવ્યું છે :

> **"હે ઈશ્વર! આ બાળકોને શિક્ષણ આપ. આ બાળકો તારા ઉપવનના છોડવાં છે. તારા ઉદ્યાનના પુષ્પો છે, તારા બાગના ગુલાબ છે. તેમના પર તારી વર્ષા પડવા દે, તારી વાસ્તવિકતાનો સૂર્ય, તારા પ્રેમ સહિત તેમના પર પ્રકાશવા દે. તારી સમીર લહરી તેમને નવસ્ફૂર્તિ આપે, કે જેથી તેઓ કેળવણી, વૃધ્ધિ અને વિકાસ પામે, અને સર્વાધિક સૌંદર્યવાળા દેખાય. તું જ દાતા છે. તું જ કરૂણામય છે."**[1]

ઉપરોક્ત પ્રાર્થના કર્યા પછી, તમે કેટલાક બાળકોને તેમને મોઢે આવડતી પ્રાર્થના કરવા પ્રોત્સાહિત કરશો. શરૂઆતમાં બધા બાળકો વર્ગની શરૂઆતના આ ભાગમાં કદાચ યોગદાન આપી શકશે નહિ. પરંતુ, જેમ જેમ આ ધોરણમાં તેમને પાર્થના મોઢે થતી જશે તેમ, ધીરે ધીરે, વધુને વધુ બાળકો આવું કરી શકશે. પાછલા એકમના તમારા અભ્યાસથી તમે નીચે આપેલી એક પ્રાર્થનાથી પહેલાથી જ સુપરિચિત છો, જેના પર તેઓ શરૂઆતના કેટલાક પાઠોમાં તેમના પ્રયત્નોને કેન્દ્રિત કરશે.

> **"તે ઈશ્વર છે ! હે ઈશ્વર, મારા ઈશ્વર ! મને મોતી જેવું એક શુદ્ધ હૃદય આપ"**

શરૂઆતની પ્રાર્થના માટે સમર્પિત સમયગાળો ખૂબ મહત્વનો છે ; તે ઈશ્વર પ્રત્યેની ભક્તિના વાતાવરણનું નિર્માણ કરશે, એવું વાતાવરણ જે શીખવા માટે યોગ્ય છે. અબ્દુલબહા આપણને કહે છે કે બાળકોને સાથે ભેગા કરીને તેમને પ્રાર્થના શીખવવાની ક્રિયા તેમના હૃદયમાં "આનંદ લાવે" છે. ઈશ્વર સાથેનો વાર્તાલાપ "ઉચ્ચ સ્તરિય બુદ્ધિમતાની સંવેદનશીલતા ઉત્પન્ન કરે છે".

બાળકોને ઈશ્વર પ્રત્યેના આદરની ગહન ભાવના વિકસાવવામાં અને પ્રાર્થના કરતી વખતે તે મુજબ વર્તન કરવામાં મદદ કરવી જોઈએ. તેમને તેમના હૃદય અને મનને પવિત્ર શબ્દ પર કેન્દ્રિત કરવા માટે મદદ કરવાની જરૂર પડી શકે છે, ચાહે પછી તેઓ પોતે પ્રાર્થના કરતા હોય અથવા બીજા બાળકો દ્વારા કરવામાં આવતી પ્રાર્થના સાંભળતા હોય. શિક્ષક બાળકોને પૂછી શકે છે કે તેઓ કેવી રીતે

આદરભાવ બતાવી શકે છે -ઉદાહરણ તરીકે તેમણે કેવી રીતે બેસવું જોઈએ, તેમણે તેમના હાથ વડે શું કરવું જોઈએ જેથી તેઓ વિચલિત નહિ થાય અને જો તેઓ વિચલિત થતા હોય તો તેમણેં આંખો સાથે શું કરવું જોઈએ. બાળકોએ પ્રાર્થના માટે તેમની જાતને કેવી રીતે તૈયાર કરવી જોઈએ તેના સંદર્ભમાં શિક્ષક નિદર્શન પણ કરી શકે છે. તમે યાદ રાખવા માંગશો કે જ્યારે ઘોંઘાટ અને હલનચલન હોય ત્યારે દરેક બાળક પ્રાર્થના કરે તેના કરતા આધ્યાત્મિક વાતાવરણમાં ત્રણ થી ચાર જ બાળકો પ્રાર્થના કરે તે બહેતર છે. તેથી, તમારા માટે સલાહભર્યું હશે કે, વર્ગની શરૂઆતમાં જે બાળકો પ્રાર્થના કરવાના હોય તેમની તમે પહેલાથી જ પસંદગી કરી લો. તમે સુનિશ્ચિત કરવાની ઈચ્છા રાખશો કે દરેક બાળકને દર ત્રણ થી ચાર વર્ગોમાં ઓછામાં ઓછી એક વાર પ્રાર્થના કરવાની તક આપવામાં આવે.

આખા વર્ષ દરમિયાન, તમારા માટે મહત્વપૂર્ણ રહેશે કે તમે તમારા વિદ્યાર્થીઓ સાથે સમયાંતરે પ્રાર્થનાનું સ્વરૂપ અને આપણે શા માટે પ્રાર્થના કરીએ છીએ તેના વિશે વાત કરતા રહો. શરૂઆતના કેટલાક અઠવાડિયા દરમિયાન તમે તેમની સાથે શું વાત કરશો તેના વિશે નીચે આપેલી ખાલી જગ્યામાં વર્ણન કરો.

## વિભાગ ૩

હવે, તમારા જૂથના બીજા સભ્યો સાથે, એક પછી એક, પહેલા ચાર પાઠ કાળજીપૂર્વક વાંચો. તમારે પ્રારંભિક ટિપ્પણીઓ અને બાળકો જે અવતરણો મોઢે કરશે તેના પર ખાસ ધ્યાન આપવું જોઈએ. નિઃશક, તમે જાણો છો કે પહેલો પાઠ શુદ્ધતાના વિષય પર કેન્દ્રિત છે. તેના પછીના ત્રણ પાઠો જે આધ્યાત્મિક ગુણની આસપાસ પરિભ્રમણ કરે છે તે ગુણો લખો.

પાઠ ૧: શુદ્ધતા

પાઠ ૨:

પાઠ ૩:

પાઠ ૪:

આ પાઠ શીખવવાની તૈયારીમાં, તમે પહેલા એકમમાં હૃદયની શુદ્ધતા માટે કર્યું છે તે મુજબ, તમારે દરેક પાઠમાં સંબોધિત ગુણ પર ચિંતન કરવામાં થોડો સમય ફાળવવો જોઈએ. નીચે પવિત્ર લખાણોમાંથી બીજા ત્રણ ગુણોને લગતા કેટલાક અવતરણો આપવામાં આવ્યા છે. એવું સૂચન કરવામાં આવે છે કે, તમારા વિદ્યાર્થીઓ જે અવતરણો મોઢે કરશે તેને ધ્યાનમાં રાખીને, તમે તમારા જૂથ સાથે દરેક અવતરણ વાંચો અને સાથે મળીને તેના પર ચિંતન કરો. તેના પછી, સામાન્ય રીતે વ્યક્તિના જીવનમાં, અને ખાસ કરીને શિક્ષક તરીકેના તમારા પ્રયત્નો માટે ગુણના મહત્વ વિશે થોડા વિચારો લખો. યાદ રાખો કે આ અવતરણો તમારા વર્ગના બાળકો માટે નહિ પરંતુ તમારા પોતાના ચિંતન માટે છે.

ન્યાયના સંદર્ભમાં આપણે વાંચીએ છીએ:

**"ન્યાય એ મનુષ્યનો પ્રકાશ છે. તેને અત્યાચાર અને જુલમના વિરોધી પવનોથી બુઝાવી ન દો. ન્યાયનો ઉદ્દેશ મનુષ્યો વચ્ચે એકતા લાવવાનો છે."[૩]**

**"ન્યાય સાથે કોઈપણ પ્રકાશની સરખામણી કરી શકાય નહી. દુનિયાની વ્યવસ્થા અને માનવજાતની પ્રશાંતિ તેના ઉપર નિર્ભર છે."[૪]**

**"તે જે દુનિયાને તાલીમ આપે છે તે ન્યાય છે, કારણકે તે પુરસ્કાર અને સજા રૂપી બે સ્તંભ ઉપર આધારિત છે. દુનિયા માટે આ બે સ્તંભ જીવનના સ્ત્રોત છે."[૫]**

**"હે ચેતના પુત્ર! મારી નજરમાં સમસ્ત વસ્તુઓમાં સૌથી પ્રિય વસ્તુ ન્યાય છે; જો તું મને ચાહતો હોય તો તેનાથી વિમુખ ન થા અને તેની ઉપેક્ષા ન કર, કે જેથી હું તારામાં વિશ્વાસ રાખી શકું. તેની સહાયતાથી તું તારી પોતાની આંખે જોઈ શકીશ, બીજાઓની આંખોથી નહીં, અને તારા પોતાના જ્ઞાન દ્વારા સમજ પામીશ, તારા પડોશીના જ્ઞાન દ્વારા નહીં. તારા હૃદયમાં વિચાર કે તારે માટે કેવા થવું યોગ્ય છે. ખરેખર ન્યાય તને મારી બક્ષિસ છે અને મારી પ્રેમાળ -કરૂણાની નિશાની છે. તેથી તેને તારી નજર સમક્ષ રાખ."[૬]**

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

પ્રેમના ગુણ વિશે, પવિત્ર લખાણો આપણને કહે છે:

**"માનવ માટે પ્રેમનો સાર છે તેના હૃદયને પરમપ્રિય ઈશ્વર તરફ ઉન્મુખ કરવાનો અને તેનીજાતને તેના સિવાય બીજા બધાથી અલિપ્ત કરવાનો, તથા તેના પ્રભુની જે ઈશ્છા છે તેના સિવાય બીજી કોઈ ઈચ્છા નહિ રાખવાનો."[૭]**

**"આ યુગમાં, પ્રભુધર્મની સેવા કરવાનો અર્થ તેમના મિત્રો વચ્ચે પ્રેમ અને ભાઈચારાનું નિર્માણ કરવાનો છે."[૮]**

**“પવિત્ર અવતારોના આવિર્ભાવનો હેતુ હંમેશા માનવતાની દુનિયામાં ભાઈચારો અને પ્રેમની સ્થાપના કરવાનો રહ્યો છે.”[૯]**

**“તમે નિશ્ચિતપણે સમજી લો કે પ્રેમ એ ઈશ્વરના પવિત્ર ધર્મકાળનું રહસ્ય છે, સર્વદયાળુનું પગટીકરણ છે, આધ્યાત્મિક આશીર્વાદનો ફુવારો છે. પ્રેમ એ સ્વર્ગનો માયાળુ પ્રકાશ છે, પવિત્ર ચેતનાનો શાશ્વત શ્વાસ છે જે માનવ આત્માને સજીવંત બનાવે છે.”[૧૦]**

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

અને સત્યવાદીતાના સંદર્ભમાં, આપણને સલાહ આપવામાં આવી છે :

**“કહો : સત્યવાદીતા અને શિષ્ટાચારને તમારૂં આભૂષણ બનાવો.”[૧૧]**

**“સત્યવાદીતા વિના ઈશ્વરની બધીજ દુનિયાઓમાં કોઈપણ આત્મા માટે પ્રગતિ અને સફળતા અશક્ય છે.”[૧૨]**

**“સત્યવાદીતા ગુણોમાં સૌથી ઉત્તમ ગુણ છે કારણકે તે બીજા બધા ગુણોને સમાવી લે છે. સત્યવાદી વ્યક્તિ તમામ નૈતિક મુશ્કેલીઓથી સુરક્ષિત રહેશે, દરેક દુષ્કૃત્યથી દૂર રહેશે, અને દરેક દુષ્ટ કાર્યથી સુરક્ષિત રહેશે, કારણકે તમામ દુષણો અને દુષ્કૃત્યો સત્યવાદીના વિરોધી છે, અને એક સત્યવાદી વ્યક્તિ તે બધાને સંપૂર્ણ ધિકકારથી તેને વળગી રહેશે.”[૧૩]**

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

હવે, બાળકો આ પાઠોમાં જે અવતરણો શીખશે તેને મોઢે કરવાની સાથે, દરેક સમુહમાંથી તમે ઓછામાં ઓછું એક અવતરણ મોઢે કરવાની ઈચ્છા રાખી શકો છો.

## વિભાગ ૪

ઉપરોક્ત ચિંતનને ધ્યાનમાં રાખીને, પહેલા ચાર પાઠમાં તમે તમારા વિદ્યાર્થીઓને જે વાર્તાઓ સંભળાવશો તે ફરીથી વાંચો. તમે નોંધ લેશો તેમ, ચારમાંથી ત્રણ વાર્તાઓ અબ્દુલબહાના જીવનમાંથી લેવામાં આવી છે, જેઓ સર્વોચ્ચ માનવીય આદર્શોના મુર્તરૂપ છે. તમે જે બાળકોને ભણાવશો તેમાંથી કેટલાક બાળકો હજુ સુધી અબ્દુલબહાના વ્યક્તિત્વથી પરિચિત નહિ હોય, તેથી તમારે બાળકોને તેમનો ટૂંકો પરિચય આપવાની જરૂર પડશે. પુસ્તક ૨ ના ત્રીજા એકમમાં તમે જે શીખ્યા

છો તેનાથી તેમના અતુલનીય સ્થાન વિશેની તમારી જાગૃતિ વધી છે, અને જેમ જેમ તમે આ શ્રેણીના પાઠયક્રમોના અભ્યાસમાં આગળ વધતા જશો તેમ તમે અબ્દુલબહાના વ્યક્તિત્વના રૂપમાં માનવતાને આપેલી અમૂલ્ય ભેટ માટે ઈશ્વર પ્રત્યેની તમારી કૃતજ્ઞતામાં વૃદ્ધિ પામશો. જયારે તેઓ ધોરણ ૧ માં પહેલો પાઠ શરૂ કરશે ત્યારે તમે તેમના વિશે બાળકોને શું કહેશો ?

પહેલા એકમના તમારા અભ્યાસ પરથી, તમે જાણો છો કે, બાળકોને વાર્તાઓ સંભળાવીને, તમે તેમને ઘટનાઓ કે પ્રસંગોથી આગળ લઈ જવા અને તેમને આધ્યાત્મિક વાસ્તવિકતાની ઝલક મેળવવામાં મદદ કરવા માંગો છો. પાઠ ૧ માં અબ્દુલબહાના મહેમાનની વાર્તા તમારા વિદ્યાર્થીઓને શુદ્ધતાના ગુણનું મહત્વ અને તેના માટે પ્રયત્ન કરવાનો અર્થ શું છે તેના વિશે સમજવામાં કેવી રીતે મદદ કરશે તે વિશે વિચારવાની તમને પહેલાથી તક આપવામાં આવી છે. ચાલો હવે આપણે આગળના ત્રણ પાઠમાં આપેલી વાર્તાઓની એવી જ રીતે સમીક્ષા કરીએ.

તમે જોયું હશે તેમ, પાઠ ૨ માં તમે એક વાર્તા સંભળાવશો જે ન્યાય માટેની અબ્દુલબહાની ચિંતા દર્શાવે છે, જે પાઠનો મુખ્ય વિષય છે. તે એક ઘટનાનું વર્ણન કરે છે જે ઘટના ત્યારે બને છે જ્યારે અબ્દુલબહા એક દિવસ અક્કાથી હાઈફા સુધીની મુસાફરી કરે છે. જો બાળકોએ વાર્તાનું અનુસરવું હોય તો તેમણે કેટલીક વિગતો સમજવી પડશે -ઉદાહરણ તરિકે, નિયમિત ડબ્બાની સીટ અને ખાનગી વાહનની સીટ વચ્ચેનો તફાવત. તેનાથી તેમને એ સમજવામાં મદદ મળશે કે અબ્દુલબહા જરૂરીયાતમંદ લોકોને આધ્યાત્મિક અને ભૌતિક પોષણ આપવા સક્ષમ બનવાના હેતુથી તેમના વ્યક્તિગત સુખચેનનો ત્યાગ કરવા માટે તૈયાર હતા. તમે કેવી રીતે સુનિશ્ચિત કરશો કે તમારા વિદ્યાર્થીઓ સમક્ષ અબ્દુલબહાની જીવન જીવવાની રીત -પોતાના માટે બિનજરૂરી ખર્ચ નહિ કરવાની અને જરૂરીયાતમંદોને આપવાની રીત - ન્યાયનો આધ્યાત્મિક ગુણ પ્રગટ કરે છે ? એવી કેટલીક વિગતો કઈ છે જે તમે વાર્તા કહો તેના પહેલાં તમારા મગજમાં સ્પષ્ટ હોવી જોઈએ ?

પ્રેમ એ પાઠ ૩ નો મુખ્ય વિષય છે, અને અહિં તમે બાળકોને અક્કાના એક એવા માણસની વાર્તા કહેશો જે, અબ્દુલબહાનો હંમેશા તિરસ્કાર કરતો હોવા છતાં, તે ઘણા વર્ષોથી તેમની પ્રેમાળ-

કરૂણા પ્રાપ્ત કરનાર હતો. નિઃશક, જેઓ આપણા પ્રત્યે દયાળુ છે તેમના માટે આપણા હૃદયમાં પ્રેમ રાખવો સહેલું છે. પરંતુ અબ્દુલબહાના પ્રેમની કોઈ સીમા ન હતી અને તે શરતી ન હતો. તમે જે રીતે વાર્તાનું વર્ણન કરો છો, તેમાં બાળકો સમક્ષ અબ્દુલબહાના પ્રેમનો આ ગુણ સ્પષ્ટ થાય તેની તમે કેવી રીતે ખાતરી કરશો? અજ્ઞાનતાને કારણે ખોટી રીતે વર્તન કરતી હોય એવી કોઈ વ્યક્તિના હૃદયમાં પરિવર્તન લાવવા માટે, પ્રેમની શક્તિની કદર કરવામાં તમે કેવી રીતે તેમની મદદ કરી શકો છો? એવી કેટલીક વિગતો કઈ છે, જો તેને છોડી દેવામાં આવે, તો બાળકો માટે વાર્તાનું અનુસરણ કરવાનું અને આ અંતઃદૃષ્ટિ પ્રાપ્ત કરવાનું મુશ્કેલ બનશે?

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

પાઠ ૪, જે સત્યવાદીતાના ગુણ પર કેન્દ્રિત છે, તેમાં એવા ગોવાળીયાની વ્યાપકપણે જાણીતી વાર્તાનો સમાવેશ થાય છે જે 'વાઘ આવ્યો, વાઘ આવ્યો' નામની બૂમ પાડે છે. આ વાર્તા યુવાન ગોવાળીયાના જૂઠાણાના પરિણામો દર્શાવે છે, જે બાળકો સહેલાઈથી સમજી જશે. પરંતુ તમે અપેક્ષા રાખશો કે તેઓ તેનાથી આગળ વધે અને સત્યવાદી બનવાના ઈનામ વિશે સમજે. આ ઈનામ શું છે, અને બાળકો વાર્તામાંથી તેની ઝલક મેળવે છે તે તમે કેવી રીતે સુનિશ્ચિત કરશો?

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

## વિભાગ ૫

આ વિભાગોમાં તમે ધોરણ ૧ ના પહેલા ચાર પાઠમાં સંબોધિત આધ્યાત્મિક ગુણો વિશે વિચાર કર્યો છે, તેમના મહત્વ વિશેની તમારી પોતાની સમજને વધુ ગહન બનાવી છે. તમે એ પણ જોયું છે કે, કેવી રીતે વાર્તાઓ એવા ગુણોના સ્વરૂપની ઝલક આપે છે, જે ગુણોનો તમારા વિદ્યાર્થીઓ આ ધોરણમાં વિકાસ કરશે એવી તમે તેમની પાસેથી અપેક્ષા રાખો છો.

તમે આગળના ચાર પાઠ તરફ આગળ વધો તે પહેલાં, તમારે આ ચાર પાઠ શીખવવાની તૈયારી કરવા માટે તમારા સાથી સહભાગીઓ સાથે થોડો સમય પસાર કરવો જોઈએ. અગાઉના એકમમાં ચર્ચા કરવામાં આવેલા અભિગમોને ધ્યાનમાં લઈને, તમે મોઢે કરવાની પ્રાર્થનાનો પરિચય આપવા અને મોઢે કરવા માટે આપેલ અવતરણની સાથે દરેક પાઠમાં ચર્ચા કરવામાં આવેલ આધ્યાત્મિક ગુણને પ્રસ્તુત કરવા માટે તમે વારા પાડી શકો છો. તમે આત્મવિશ્વાસપૂર્વક શીખવી શકો ત્યાં સુધી તમારે એકબીજાને વાર્તા સંભળાવવી જોઈએ અને સાથે મળીને રમતો રમવી જોઈએ અને ગીતો ગાવા જોઈએ. તમે રંગપૂરણી માટે ચિત્રોનો કેવી રીતે પરિચય આપશો તેના વિશે વિચારો. તમે આ કવાયત શરૂ કરો તે પહેલાં, પહેલા એકમના વિભાગ ૧૭ થી ૨૪ ની સમીક્ષા કરવી મદદરૂપ પૂરવાર થઈ શકે

છે. સૂચન કરવામાં આવેલા વિભિન્ન ઘટકોની પ્રેક્ટિસ કર્યા પછી, તમારા જૂથના દરેક સભ્યને એક અથવા વધારે પાઠ શીખવવાનું કહી શકાય છે, જયારે બીજા બધા વિદ્યાર્થી તરીકેની ભૂમિકા ભજવી શકે છે. તમારી પરિસ્થિતિને આધારે, ત્રણ કે ચાર બાળકોને ભેગા કરી અને તેમને પાઠ શીખવવાનું પણ શક્ય બની શકે છે.

ઉપરોક્ત પ્રકિટસ હાથ ધરવા માટે, સંભવત: તમે દરેક પાઠ અને આ પાઠ કેવી રીતે શીખવવો તે અંગેની નોંધ કરવાની ઈચ્છા રાખી શકો છો. વધુમાં, કેટલીક રમતો માટે, અગાઉથી પાઠની કેટલીક ચીજોની તૈયારી કરવાની જરૂર પડી શકે છે. ઘણા શિક્ષકો આવી તૈયારી માટે પહેલા એકમમાં વર્ણવેલ નોટબૂકનો એક વિભાગ સમર્પિત કરે છે.

યાદ રાખો કે, જ્યારે તમે આ પુસ્તક અને તમારી નોટબુક વર્ગમાં તમારી સાથે લઈ જશો, ત્યારે તમે તેમાંથી માત્ર વાંચી જવાની જ ઈચ્છા રાખતા નથી. જેટલા પ્રમાણમાં તમે સરળતા અને ઉત્સાહથી વિષયવસ્તુ પ્રસ્તુત કરી શકશો તેટલા પ્રમાણમાં તમારા વિદ્યાર્થીઓ પ્રવૃતિઓ સાથે જોડાઈ શકશે. તેથી, પ્રેકિટસ અને તૈયારી આવશ્યક રહેશે.

## વિભાગ ૬

પાઠ ૫ થી ૮ માટે, એવું સૂચન કરવામાં આવે છે કે તમે દરેક વર્ગ શરૂ કરવા માટે, તમને મોઢે આવડતી નીચેની પ્રાર્થનાનું ગાન કરો :

> **"હે દયાળુ પ્રભુ! આ મનોહર બાળકો તારી શક્તિની આંગળીઓની કૃતિ અને તારી મહાનતાના અદ્‌ભૂત ચિન્હ છે. હે ઈશ્વર! આ બાળકોનું રક્ષણ કર, તેમને શિક્ષિત કરવામાં ઉદારપણે મદદ કર અને તેમને માનવ જગતની સેવા કરવા સક્ષમ બનાવ. હે ઈશ્વર! આ બાળકો મોતી છે, તેમને તારી પ્રેમાળ-કરૂણાના કવચમાં ઉછેરવા દો.**
>
> **તું ઉદાર છે, સર્વ-પ્રેમાળ છે."**[૧૪]

તમારા શિખવવાના પ્રયત્નોના સંદર્ભમાં તમે આ શબ્દો પર વિચાર કરવા માટે થોડો સમય આપવાની ઈચ્છા રાખી શકો છો. દરેક વર્ગના સમયગાળા દરમિયાન તમે જે અભિગમ અપનાવશો તેને તે કેવી રીતે પ્રભાવિત કરશે? તે બાળકોના કુમળા હૃદયમાં કેવી રીતે ઈશ્વરના પ્રેમને મજબૂત કરશે?

આ પાઠોમાં તમે વિદ્યાર્થીઓને નીચેની પ્રાર્થના મોઢે કરવામાં મદદ કરશો, અને તમે જાણો છો તેમ, જો તેઓ તેની થોડી સમજ ધરાવતા હશે તો તેમના માટે તેને મોઢે કરવામાં સરળતા રહેશે. આ સંદર્ભમાં તમે નીચે આપેલી ખાલી જગ્યામાં તમારા થોડા વિચારો લખી શકો છો. તમારા મત મુજબ કયા શબ્દો તેમના માટે નવા હશે અથવા તેનાથી તેઓ અપરિચિત હશે, અને બાળકો સરળતાથી સમજી

શકે તેવી પરિસ્થિતિઓ દ્વારા તમે કેવી રીતે તેમને સમજાવી શકશો ? આવા શબ્દોની સાથે, તમારે તેમને સમજવામાં મદદ કરવાની જરૂર પડશે કે દીવો અને તારો -બંને પ્રકાશ આપે છે અને પ્રકાશ વિના અંધારૂં હોય છે, અને આપણે જોઈ શકતા નથી અને ખોવાઈ જઈ શકીએ છીએ. તેથી, પ્રાર્થનામાં આપણે ઈશ્વરને વિનંતી કરીએ છીએ કે આપણે આધ્યાત્મિક પ્રકાશથી ચમકી શકીએ, તથા આપણે તેમની શક્તિ અને સામર્થ્યની સાક્ષી આપીએ છીએ.

> **હે ઈશ્વર, મને માર્ગદર્શન આપ, મારુ રક્ષણ કર, મને તેજસ્વી દીવો અને ઝળહળતો તારો બનાવી દે. તું શક્તિશાળી અને સમર્થ છે.**[૧૫]

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## વિભાગ ૭

હવે, તમે તમારા વિદ્યાર્થીઓ સાથે જે વિચારોની ચર્ચા કરશો અને તેઓ જે અવતરણ મોઢે કરશે તેના પર વિશેષ ધ્યાન આપીને, પાઠ ૫ થી ૮ એક પછી એક વાંચો. દરેક પાઠમાં ચર્ચા કરવામાં આવેલ આધ્યાત્મિક ગુણ અહિ લખો :

પાઠ ૫: ______________________________________

પાઠ ૬: ______________________________________

પાઠ ૭: ______________________________________

પાઠ ૮: ______________________________________

નીચે પવિત્ર લખાણોમાંથી કેટલાક અવતરણો આપેલા છે જે આ ચાર ગુણોમાં અંત:દૃષ્ટિ પૂરી પાડે છે. તમે પહેલા કર્યું હતું તે મુજબ, દરેક સમૂહ પર ચિંતન કરો અને નીચે આપેલી ખાલી જગ્યામાં તમારા કેટલાક વિચારો લખો.

ઉદારતાના ગુણ વિશે, આપણે વાંચીએ છીએ :

> **"સમૃધ્ધિના તમારા દિવસોમાં ઉદાર બનો અને નુકશાનની ઘડીમાં ધીરજ રાખો."**[૪]

> **"મનુષ્ય જયારે તેની સંપતિ તેના પોતાના ઉપર, તેના પરિવાર ઉપર, અને તેના ધર્મમાં તેના બાંધવો વચ્ચેના ગરીબો ઉપર ખર્ચ કરે છે ત્યારે તેની ઉદારતાની શરૂઆત થાય છે."**[૧૭]

> **"તેઓ જેટલી વધુ દુશ્મનાવટનો સામનો કરે છે, તેટલી વધુ પ્રમાણમાં તેમને તેમની સદ્‌ભાવના બતાવવા દો; તેમને જેટલી વધુ યાતનાઓ અને આફતોનો સામનો કરવો પડે**

**છે, તેટલી વધારે ઉદારતાથી તેમને ઉદારતાના જામની આસપાસ પસાર થવા દો. આ એવી ચેતના છે જે સંસારનું જીવન બની જશે, આ તેના હૃદય (કેન્દ્ર)માં પ્રસરતો પ્રકાશ છે...”[૧૮]**

**“તમે ઉદારતાના ઝરણા બનો, અસ્તિત્વના રહસ્યોના ઉદ્‌ગમ બિંદુઓ બનો, એવા સ્થળો બનો જ્યાંથી પ્રેરણા મળે છે, વૈભવના ઉદય સ્થળ બનો, એવા આત્માઓ બનો જે પવિત્ર આત્મા દ્વારા પોષણ મેળવે છે, ઈશ્વરના પ્રેમમાં મોહિત છે, તેના સિવાય બધાથી અનાસક્ત છે, માનવજાતની બધી લાક્ષણિકતાઓથી પવિત્ર છે, સ્વર્ગના દૂતોના ગુણોથી સજ્જ છે, જેથી તમે આ નવીન સમયમાં, આ અદ્‌ભૂત યુગમાં તમારા માટે સર્વોચ્ચ આશીર્વાદ જીતી શકો.”[૧૯]**

નિ:સ્વાર્થતાના સંદર્ભમાં આપણને પરામર્શ આપવામાં આવ્યો છે :

**“તમને એકબીજા માટે અનંત પ્રેમ હોવો જોઈએ, દરેકે પોતાના કરતાં બીજાને પ્રાધાન્ય આપવું જોઈએ.”[૨૦]**

**“પ્રભુ ! મને નિ:સ્વાર્થતાના અમૃતનું પાન કરાવ; તેનો ઝબ્બો મને પહેરાવ, અને તેના સમુદ્રમાં મને ડુબાડી દે. તારા પ્રિયજનોના માર્ગમાં મને ધૂળ જેવો બનાવ, અને વરદાન આપ કે તારા માર્ગમાં ચુનંદા લોકોના પગલાંથી ધન્ય થયેલી ધરતી માટે હું મારા આત્માને અર્પણ કરી શકું, હે સર્વોચ્ચ મહિમાના પ્રભુ !”[૨૧]**

**“માણસ તે છે જે બીજાના હિત માટે પોતાનું હિત ભૂલી જાય છે. બીજાના કલ્યાણ માટે પોતાના સુખચેનનો ત્યાગ કરે છે. એટલું જ નહી, તેના બદલે તેણે માનવજાતના જીવન માટે પોતાનો જીવ ગુમાવવા તૈયાર હોવું જોઈએ. આવો માણસ માનવ જગતનું સન્માન છે. આવો માણસ માનવ જગતની મહિમા છે. આ એવો માણસ છે જે શાશ્વત આનંદ મેળવે છે. આવો માણસ ઈશ્વરના દરબારની નજીક છે. આવો માણસ શાશ્વત સુખની અભિવ્યક્તિ છે.”[૨૨]**

નીચેના અવતરણોમાં, આપણે આનંદની ગતિશીલતાની એક ઝલક મેળવીએ છીએ :

**“ઈશ્વરના પ્રેમના વાતાવરણમાં આનંદની પાંખો પર વિહાર કરો.”[૨૩]**

**"બધો આનંદ તેમને મળે જેમણેં તેની ઉપસ્થિતિ પ્રાપ્ત કરી છે, તેના સૌંદર્યનું દર્શન કર્યું છે, તેમની ધૂન સાંભળી છે અને તેમના પવિત્ર અને ઉત્કૃષ્ટ, તેમના ભવ્ય અને તેજસ્વી હોઠમાંથી બહાર પડેલા વચનો દ્વારા જાગૃત થયા છે."[૨૪]**

**"ખુશી આપણને પાંખો આપે છે ! ખુશીના સમયમાં આપણી શક્તિ વધુ મહત્વની હોય છે, આપણી બુદ્ધિ વધુ તેજ હોય છે અને આપણી સમજણ ઓછી ધૂંધળી હોય છે."[૨૫]**

**"જ્યાં સુધી તમે સક્ષમ છો ત્યાં સુધી, દરેક બેઠકમાં પ્રેમનો દીવો પ્રગટાવો, અને સુકોમળતાથી આનંદ મનાવો અને દરેક હૃદયને ખુશ કરો."[૨૬]**

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

નીચેના અવતરણો આપણી સમક્ષ નિખાલસતા વિશે વાત કરે છે :

**"કહો, નિખાલસ આત્મા ઈશ્વરના સામિપ્યની ઝંખના કરે છે, જેવી રીતે દૂધ પીતું બાળક તેની માતાના ધાવણ માટે ઝંખે છે, તેના કરતાં વધુ પ્રખર તેની ઝંખના છે, જો તમે સમજી શકતા હોય તો ! ફરીથી, તેની ઝંખના કૃપાના જીવન જળ માટેની તરસથી હાંફી રહેલ વ્યક્તિ જેવી, કે ક્ષમા અને દયા માટે ઝંખના રાખતા પાપી જેવી છે."[૨૭]**

**"આ દિવસોમાં સત્યવાદીતા અને નિખાલસતા જૂઠાણાના જાળમાં ખૂબ જ પીડાય છે, અને ન્યાય અન્યાયના શાપથી પીડાય છે."[૨૮]**

**"દરેક માટે શોભનીય છે કે તે આ ટૂંકા જીવનકાળને નિખાલસતા અને નિષ્પક્ષ રીતે પસાર કરે."[૨૯]**

**"તમારા હૃદય શુદ્ધ હોવા જોઈએ અને તમારા આશયો નિખાલસ હોવા જોઈએ જેથી તમે દિવ્ય આશીર્વાદ પ્રાપ્ત કરી શકો."[૩૦]**

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

દરેક સમૂહમાંથી ઓછામાં ઓછું એક અવતરણ મોઢે કરવાનો પ્રયત્ન કરો.

## વિભાગ ૮

ચાલો હવે આપણે પાઠ ૫ થી ૮ ની વાર્તાઓ તરફ વળીએ અને બાળકો જે આધ્યાત્મિક ગુણોનું વિશ્લેષણ કરશે તેની અંત:દૃષ્ટિ પ્રાપ્ત કરવામાં તે કેવી રીતે તેમની મદદ કરશે તેના વિશે વિચાર કરીએ. દરેક વાર્તા ફરીથી વાંચ્યા પછી, નીચેના પ્રશ્નો વિશે વિચાર કરો.

ઉદારતા એ પાઠ ૫ નો મુખ્ય વિષય છે, જે અબ્દુલબહાના બાળપણમાં બનેલા એક પ્રસંગનું વર્ણન કરે છે જેમાં તેના પિતાના ઘેટાંના સમૂહનો સમાવેશ થાય છે. વાર્તાના કયા ભાગો મુખ્ય વિષય સાથે સંબંધિત છે ? એવી કેટલીક વિગતો કઈ છે, જો તેને છોડી દેવામાં આવે તો તે બાળકો માટે વાર્તા ને અનુસરવાનું મુશ્કેલ બનાવી દેશે ? નિ :શક, ભરવાડો તરફ           દર્શાવવામાં આવેલ ઉદારતાની ભાવની વિશે જાણ થતાં બહાઉલ્લાહ દ્વારા વ્યક્ત કરવામાં આવેલ આનંદ એ સૌથી મહત્વપૂર્ણ છે. તેમની ટિપ્પણીમાં ભવિષ્યવાણી કરવામાં આવી હતી કે કેવી રીતે અબ્દુલબહા મોટા થઈને માનવજાતની ભલાઈ માટે તેમની પાસે જે હતું તે બધું, માત્ર ભૌતિક સંપતિ જ નહિ પરંતુ તેમનું આખું જીવન અર્પણ કરી દેશે. તમે કેવી રીતે સુનિશ્ચિત કરાશો કે બાળકો અબ્દુલબહાની ઉદારતાના પ્રમાણ વિશે સમજે છે જેની કોઈ મર્યાદા નથી ?

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

પાઠ ૬ ની વાર્તા બાળકોને નિસ્વાર્થતાની રીતોની એક ઝલક આપે છે. અબ્દુલબહા, મોંઘો કોટ સ્વીકારવાનો ઈનકાર કરીને બતાવે છે કે, કેવી રીતે તેઓ પોતાના કરતાં બીજાને પ્રાધાન્ય આપે છે. તમે કેવી રીતે ખાતરી કરશો કે બાળકો તમારા વર્ણનમાંથી આ નિષ્કર્ષ પર પહોંચે છે ? એવી કેટલીક વિગતો કઈ છે જે તમે વાર્તા કહો તેના પહેલાં તમારા મગજમાં સ્પષ્ટ હોવી જોઈએ ?

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

પાઠ ૭ નો મુખ્ય વિષય આનંદ છે, અને તમે લેરોય આયોસની એક વાર્તા કહેશો, જેઓ એક નાના બાળક તરીકે અબ્દુલબહાને મળ્યા હતા અને તેમણેં ઈશ્વરના ધર્મના પ્રસાર માટે તેમનું જીવન સમર્પિત કરી દીધું હતું. વાર્તામાં, લેરોય અબ્દુલબહા માટે જે ફૂલોનો ગુલદસ્તો ખરીદીને લાવે છે તે અબ્દુલબહાને નહિ આપવાનો નિર્ણય કરે છે ; તેના બદલે તે તેમને તેનું હૃદય અર્પણ કરવા માંગે છે. લેરોયે શા માટે આવું કર્યું તેના વિશે બાળકો સમજી શકે તે માટે, તમારા માટે બાળકોને સમજાવવાનું મહત્વનું રહેશે કે કોઈપણ ભૌતિક બાબત કરતાં માનવ હૃદય વધારે અણમોલ છે. તમે જ્યારે વાર્તાના આ ભાગ વિશે વાત કરતા હોય ત્યારે, શું તમારા માટે તમારા અવાજ પર ભાર મુકવો પૂરતું હશે ? તમારા વર્ણનમાં કઈ વિગતો પર ભાર મૂકવો જરૂરી છે, કે જેથી બાળકો વિચારોના ક્રમનું અનુસરણ કરે અને સમજે કે તેમના કોટમાંથી લાલ ગુલાબ લેરોયને આપવાની ક્રિયાએ છોકરાને આટલો આનંદ કેમ આપ્યો ?

તેમના સમગ્ર જીવન દરમિયાન, અબ્દુલબહાએ તેમની હાજરીમાં આવનાર દરેકને આનંદ આપ્યો. આ વાર્તામાં, આપણે જોઈએ છીએ કે લેરોય અબ્દુલબહાના હૃદયને ખુશ કરવા સિવાય બીજી કોઈ અપેક્ષા ઈચ્છા રાખતો નથી. બાળકો માટે, શા માટે એ સમજવું હિતાવહ છે કે, આનંદનો સૌથી મોટો સ્ત્રોત બીજાને આનંદ આપવાનો છે ?

નિખાલસતા એ પાઠ ૮ નો મુખ્ય વિષય છે, અને બાળકો સમક્ષ વાર્તા પ્રસ્તુત કરતી વખતે, તમે સમજાવવાની ઈચ્છા રાખી શકો છો કે, ઘણીવાર, આપણે કોઈ એક ગુણ ધારણ કરવાનો અર્થ આપણે એવી વાર્તા દ્વારા વધુ સારી રીતે સમજી શકીએ છીએ જે તેનો અભાવ દર્શાવે છે. જે માણસ તેના પડોશીને તેનું ઝાડ કાપવા માટે મનાવે છે તેની વાર્તા તેનું એક ઉદાહરણ છે. દેખાવ કયારેક છેતરે છે તેનો અર્થ શું છે તેના વિશે સમજવામાં તમે બાળકોની કેવી રીતે મદદ કરશો? વાર્તાનું વર્ણન કરતી વખતે, તમારે ખાતરી કરવી પડશે કે બાળકો એમ વિચારીને દૂર નહિ જાય કે જે પડોશી નિખાલસ હતો તેને ખરેખર પુરસ્કાર મળ્યો હતો. નિખાલસતાની નકારાત્મક અસરોને સમજવામાં મદદ કરવા માટે તમે બાળકોને શું કહેશો?

## વિભાગ ૯

હવે જયારે તમે પાઠ ૫ થી ૮ માં ચર્ચા કરવામાં આવેલા આધ્યાત્મિક ગુણો વિશે થોડી સમજ પ્રાપ્ત કરી લીધી છે, ત્યારે તમે પહેલા ચાર પાઠ માટે કર્યું હતું તેમ, તમારે તમારા સાથી સહભાગીઓ સાથે પાઠ અને તેના વિવિધ ઘટકોની પ્રેક્ટિસ કરવા માટે અહિં થોભવું જોઈએ. યાદ રાખો કે, તમે દરેક પાઠ વિશે લખવા માંગતા હોય એવા કોઈપણ મુદ્દાઓ અને તે પાઠ કેવી રીતે શીખવવો તે અંગેના તમારા વિચારોની તમારી નોટબૂકમાં નોંધ કરી શકો છો.

## વિભાગ ૧૦

સૂચન કરવામાં આવે છે કે, તમે નીચેની પ્રાર્થના દ્વારા, પાઠ ૯ થી ૧૨ ના દરેક વર્ગની શરૂઆત કરો, જે પ્રાર્થના મોઢે કરી લેવા માટે તમને પ્રોત્સાહિત કરવામાં આવે છે :

> **"હે મારા સ્વામી! તારા સૌંદર્યને મારો આહાર બનાવ, તારી ઉપસ્થિતિને મારૂં પીણું બનાવ, અને તારા આનંદને મારી આશા, અને તારી સ્તુતિને મારૂં કાર્ય, અને તારા સ્મરણને મારો સાથી, અને તારી પ્રભુસત્તાને મારો સહાયક બનાવ, અને તારા ધામને મારૂં ઘર બનાવી દે, અને મારા નિવાસસ્થાનને એવું આસન બનાવી દે જેને તેં તારાથી એક પડદા દ્વારા દૂર રહેતા હોય એમના ઉપર નિષેધો લગાડીને પવિત્ર બનાવ્યું છે.**
>
> **"તું ખરેખર, સર્વશક્તિમાન, પૂર્ણ ગરિમામય અને પરમ શક્તિશાળી છે."**[૩૧]

આ ચાર પાઠમાં તમે તમારા વિદ્યાર્થીઓને નીચેની પ્રાર્થના મોઢે કરવામાં મદદ કરશો. બાળકો આ પ્રાર્થનાનું મહત્વ સમજી શકે તે માટે તમને વિદ્યાર્થીઓને કયા શબ્દો અને વાકયો સમજાવવાની જરૂર પડશે?

**"મંગલમય છે એ સ્થળ, અને એ ઘર, અને એ નગર, અને એ હૃદય, અને એ પર્વત, અને એ આશ્રય, અને એ ખીણ, અને એ ભૂમી, અને એ સાગર, અને એ દ્વીપ, અને એ ઉપવન જ્યાં પ્રભુનું સ્મરણ થાય છે અને તેની મહિમાનું સ્તુતિગાન થાય છે."[૩૨]**

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

## વિભાગ ૧૧

તમે અગાઉ કર્યું હતું તેમ, પરિચયાત્મક ટિપ્પણીઓ અને મોઢે કરવાના અવતરણ પર ખાસ ધ્યાન આપીને, પાઠ ૯ થી ૧૨ વાંચો. દરેક પાઠ જે ગુણ પર કેન્દ્રિત છે તે ગુણ નીચે લખો.

પાઠ ૯ : ______________________________

પાઠ ૧૦ : ______________________________

પાઠ ૧૧ : ______________________________

પાઠ ૧૨ : ______________________________

ઉપરોક્ત ચાર ગુણોનું મહત્વ વિશે તમારી પોતાની સમજને ઊંડી બનાવવા માટે, દરેક ગુણને લગતા અવતરણોના સંકલન પર ચિંતન કરો. જ્યારે તમે આમ કરો ત્યારે, તમારા વિદ્યાર્થીઓ જે અવતરણ મોઢે કરશે તેને ધ્યાનમાં રાખો. તેના પછી એક વ્યક્તિના જીવનમાં અને નાના બાળકોના શિક્ષક માટે તે ગુણના મહત્વ વિશે તમારા વિચારો લખો.

વિનમ્રતાના ગુણના સંદર્ભમાં, પવિત્ર લખાણો આપણને કહે છે :

**"વિનમ્રતા માણસને મહિમા અને શક્તિના સ્વર્ગ તરફ લઈ જાય છે, જ્યારે અભિમાન તેને દરિદ્રતા અને અધોગતિની ખાઈ તરફ લઈ જાય છે."[૩૩]**

**"દરેક આત્મા જે આ યુગમાં તેના ઈશ્વર સાથે વિનમ્રભાવે ચાલે છે, અને તેને વળગી રહે છે તે પોતાને બધા સારા નામો અને સ્થાનોના સન્માન અને ગૌરવથી વિભૂષિત કરે છે."[૩૪]**

**"તે જેઓ ઈશ્વરના પરમ પ્રિયતમ છે તેઓ, કોઈ પણ જગ્યાએ એકત્રિત થતા હોય અને કોઈને પણ મળતા હોય ત્યારે, પ્રભુ પ્રત્યેના તેમના વલણમાં તથા પ્રભુની સ્તુતિ અને મહિમાના ગુણગાનમાં તેમણે એવી વિનમ્રતા અને સમર્પણની ભાવના પ્રદર્શિત કરવી જોઈએ કે તેમના પગ નીચેની ધૂળનો દરેક કણ તેમની ભક્તિની ગહનતાની સાક્ષી આપે."[૩૫]**

**"આ નિશ્ચિત છે કે ઈશ્વર પ્રત્યેની નમ્રતા અને આજ્ઞાધિનતામાં મનુષ્યની સર્વોચ્ચ વિશિષ્ટતા રહેલી છે."[૩૬]**

કૃતજ્ઞતાનું મહત્વ વિશે આપણે વાંચીએ છીએ:

**"તું જાણી લે કે મેં તારા પર પવિત્રતાની સોડમ રેલાવી છે, મારો શબ્દ સંપૂર્ણપણે તારી સમક્ષ પ્રગટ કર્યો છે, તારા દ્વારા મારી ઉદારતા પરિપૂર્ણ કરી છે, અને તારા માટે એવું જ ઈચ્છ્યું છે જે મેં સ્વયં મારા માટે ઈચ્છ્યું છે. એટલે મારી પ્રસન્નતાથી તું સંતુષ્ટ થા અને મારો આભારી બન."[૩૭]**

**"ઈશ્વરને તારા માટે પર્યાપ્ત થવા દે. તેની ચેતના સાથે એકાકાર બન અને તેનો તું કૃતજ્ઞ બન."[૩૮]**

**"તેથી, ઈશ્વરનો આભાર માન કારણ કે તેણે તને પ્રભુધર્મની સહાયતા કરવાની શક્તિ આપી છે, કારણ કે તેણે તારી હૃદય વાટિકામાં જ્ઞાન અને ડહાપણના પુષ્પો ઉગાડયા છે. આવી રીતે તેની કૃપાએ તને અને આખી સૃષ્ટિને આવરી લીધી છે."[૩૯]**

**"સત્ય એ છે કે પરમેશ્વરે માણસને એવા ગુણો, શક્તિઓ અને આદર્શ ક્ષમતાઓથી સંપન્ન કર્યા છે જેનાથી પ્રકૃતિ સંપૂર્ણપણે દૂર છે અને જેનાથી માણસ ઉન્નત, વિશિષ્ટ અને શ્રેષ્ઠ છે. આપણે આ ભેટ માટે, તેણે આપણને આપેલી આ શક્તિઓ માટે, તેણે આપણા માથા પર જે તાજ મૂક્યો છે તેના માટે પરમેશ્વરનો આભાર માનવો જોઈએ"[૪૦]**

નીચે આપેલા અવતરણો આપણને ક્ષમાશીલતાનો પરિચય આપે છે :

**"તેણે પાપીઓને ક્ષમા આપવી જોઈએ અને તેમની નિમ્ન સ્થિતિ પ્રત્યે તિરસ્કાર કરવો જોઈએ નહિ કારણ કે પોતાનો અંત કેવો હશે તેના વિશે કોઈ જાણતું નથી."[૪૧]**

**"બધી વસ્તુઓનો અંતરત્તમ સાર બધી વસ્તુઓમાં પોકારીને કહે છે : "આ યુગમાં બધી ક્ષમા પરમેશ્વર તરફથી વહે છે, જેની કોઈ સાથે તુલના કરી શકાય નહી, જેની સાથે કોઈ ભાગીદાર જોડાઈ શકતા નથી, તે બધા મનુષ્યોના સંરક્ષક અને તેમના પાપોને છુપાવનાર છે !"[૪૨]**

**"તેથી કોઈની ખામીઓ ન જુઓ ; ક્ષમાની દૃષ્ટિથી જુઓ.અપૂર્ણ આંખ અપૂર્ણતા જુએ છે. એવી આંખ જે દોષોને છુપાવે છે તે આત્માઓના સર્જનહાર તરફ જુએ છે."[૪૩]**

**"તમારા હ્રદયને કોઈથી દુ:ખી નહિ થવા દો. જો કોઈ તમારી સાથે ખોટું અને ભૂલ કરે, તો તમારે તેને તરત જ માફ કરી દેવું જોઈએ..."[૪૪]**

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

અને આ અવતરણો પ્રમાણિકતાના આદર્શનું વર્ણન કરે છે જેની આપણે આકાંક્ષા રાખીએ છીએ :

**"કહો : પ્રમાણિકતા, સદ્‌ગુણ, વિવેક અને સંત જેવું ચરિત્ર્ય માણસની ઉન્નતિ તરફ દોરી જાય છે, જ્યારે અપ્રમાણિકતા, ઢોંગ, અજ્ઞાનતા અને દંભ તેના અપમાન તરફ દોરી જાય છે."[૪૫]**

**"હે તમે ઈશ્વરના નગરમાં તેના મિત્રો, અને તેની ભૂમિમાં તેના પ્રિયજન ! આ મજલૂમ તમને ઈમાનદારી અને ધર્મનિષ્ઠાનો આદેશ આપે છે. ધન્ય છે તે શહેર જે તેના પ્રકાશથી ચમકે છે. તેનાથી માણસ શ્રેષ્ઠ બને છે, અને આખી સૃષ્ટિ સમક્ષ તેની સુરક્ષાનું દ્વાર ખુલે છે. સુખી છે તે માણસ જે તેને વળગી રહે છે, અને તેના ગુણોને સ્વીકારે છે, અને દુર્ભાગ્ય હો તેમનું જેઓ તેમના સ્થાનનો ઈન્કાર કરે છે."[૪૬]**

**"વિશ્વાસપાત્રતા, વિવેક અને પ્રમાણિકતા સત્ય છે, તેની સૃષ્ટિ માટે પરમેશ્વરના સુંદર શણગાર છે. આ સુંદર વસ્ત્રો દરેક મંદિર માટે સુયોગ્ય વસ્ત્ર છે. સુખી છે તેઓ જેઓ સમજે છે, અને ભલુ થાય તેમનું જેઓ આવા ગુણો પ્રાપ્ત કરે છે."[૪૭]**

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

ઉપરોક્ત અવતરણોના દરેક સમૂહમાંથી ઓછામાં ઓછું એક અવતરણ મોઢે કરવાનો પ્રયત્ન કરો.

## વિભાગ ૧૨

હવે ચાલો આપણે જોઈએ કે, આ ચાર પાઠમાંની વાર્તાઓ કેવી રીતે તમારા વિદ્યાર્થીઓને ઉપરોક્ત આધ્યાત્મિક ગુણોની સમજ પૂરી પાડશે.

પાઠ ૯ ની વાર્તા એક ઘટનાનું વર્ણન કરે છે જે ત્યારે બની હતી જ્યારે અબ્દુલબહા કેટલાક શ્રીમંત મુલાકાતીઓ સાથે મળ્યા હતા; તે બાળકોને તેમની સંપૂર્ણ વિનમ્રતાનું ઉદાહરણ પૂરૂં પાડશે. કે અબ્દુલબહા ઈચ્છતા ન હતા કે ઠાઠમાઠ અને ભપકાથી તેમની સાથે વર્તન કરવામાં આવે, આ તેનો મુખ્ય વિચાર છે. કેવી રીતે આ તેમની વિનમ્રતા દર્શાવે છે ? નિઃશક, વાડકો, પાણી અને સુગંધિદાર ટુવાલ -જેવી ઠાઠમાઠ દર્શાવતી ચોક્કસ વિગતો એ માત્ર રોચક વિગતો છે અને તેનાથી વાર્તા કહેવાના મુખ્ય વિષયથી તમારે વિચલિત થવું જોઈએ નહિ. તેના બદલે નિષ્કર્ષ પર ભાર મૂકવો જોઈએ. કેવી રીતે તે અબ્દુલબહાની વિનમ્રતા અને બીજા લોકોની સેવા કરવાની તેમની ઈચ્છા વિશે બાળકોની સમજના પ્રમાણમાં વધારો કરશે ?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

પાઠ ૧૦ નો મુખ્ય વિષય કૃતજ્ઞતા છે, અને બાળકો એક મહિલાની વાર્તા સાંભળશે જે અબ્દુલબહાની મુકાકાતે જાય છે અને તેમની સાથે તેની બધી મુશ્કેલીઓ અને દુઃખ વિશે વાત કરવાનું શરૂ કરે છે. તેના પછી, અબ્દુલબહા હૈદર અલી સાથે તેણીનો પરિચય કરાવે છે, જેણે જીવનમાં ખૂબ મોટી મુશ્કેલીઓનો અનુભવ કર્યો હોવા છતાં, તેણે ઈશ્વર તરફથી મળેલા આશીર્વાદો માટે કયારેય આભાર માનવાનું બંધ કર્યું નથી. વાર્તાનું વર્ણન કરતી વખતે, તમે તમારા વિદ્યાર્થીઓને સ્પષ્ટ કરવાની ઈચ્છા રાખશો કે, અબ્દુલબહાએ મિર્ઝા હૈદર અલીનો આકસ્મિક રીતે મહિલા સાથે પરિચય કરાવ્યો નથી. તમારા મતે મહિલા તેની સાથેની મુલાકાતમાંથી શું શીખી હશે ? આ વાર્તા કેવી રીતે આ પાઠનો પરિચય આપવાનો પ્રયાસ કરે છે ?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

ક્ષમાશીલતા એ પાઠ ૧૧ નો મુખ્ય વિષય છે, અને તમે તમારા વિદ્યાર્થીઓને અબ્દુલબહાની એક વાર્તા કહેશો જે, આપણે જેને ક્ષમા કરીએ છીએ તેના પર પડતી ક્ષમાશીલતાની અસરો દર્શાવે છે. જો બાળકોએ વિચારોના ક્રમનું અનુસરણ કરવું હોય તો વાર્તામાં ઘણી એવી વિગતો છે જેનું તમને સ્પષ્ટ રીતે વર્ણન કરવાની જરૂર પડશે. તેમાં અક્કાના એક ગવર્નરનો સમાવેશ થાય છે જે અબ્દુલબહા

અને તે નગરના તેમના સાથીઓને નુકશાન પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. વાર્તામાં, અબ્દુલબહા ગવર્નરને તેના કૃત્ય માટે ક્ષમા કરે છે એટલું જ નહિ પરંતુ જ્યારે તે બધું જ ગુમાવી દે છે ત્યારે તે તેમની સાથે દયાળુ વર્તન કરે છે અને તેના દુ:ખની ઘડીમાં તેની મદદ પણ કરે છે. તમારે એવી આશા રાખવી જોઈએ કે વાર્તામાંથી બાળકો એવી સમજ પ્રાપ્ત કરશે કે ક્ષમાશીલતા, અબ્દુલબહાએ દર્શાવ્યું છે તેમ, જેઓ આપણી સાથે અન્યાય કરે છે તેમના પ્રત્યે ખરાબ લાગણીઓને આશ્રય આપતી નથી. તમે કેવી રીતે જાણી શકશો કે, તેઓ આ વિચાર વિશે સમજી શક્યા છે કે કેમ ?

પાઠ ૧૨ ની વાર્તામાં, બાળકો જોશે કે કેવી રીતે અબ્દુલબહા એક ડ્રાઈવરને પ્રતિસાદ આપે છે જે ગાડીની મુસાફરી માટે અયોગ્ય ભાડાની માંગ કરે છે. દયા અને શિષ્ટાચારનો સાર હોવા છતાં, અબ્દુલબહાએ કયારેય પણ તેમના પ્રત્યે કે બીજા પ્રત્યે અપ્રમાણિક કે કપટયુક્ત વર્તન કરવાની મંજૂરી આપી નથી. તમારા મતે અબ્દુલબહાના પ્રતિસાદથી ડ્રાઈવર શું શીખ્યા હશે ? તમે બાળકોને એ સમજવામાં કેવી રીતે મદદ કરશો કે અપ્રમાણિક બનીને આપણે જે કંઈ ગુમાવીએ છીએ તે કોઈપણ ચીજવસ્તુ, જેમ કે ડ્રાઈવરે ગુમાવેલી સુંદર ટીપ કરતાં ઘણું વધારે છે ?

## વિભાગ ૧૩

તમે તમારા સાથી સહભાગીઓ સાથે પાઠ ૯ થી ૧૨ ની પ્રવૃતિઓનું સંચાલન કરવાની પ્રેક્ટિસ કરી લો તેના પછી, તમે આગાળના ચાર પાઠ તરફ જઈ શકો છો. એવું સૂચન છે કે, પાઠ ૧૩ થી ૧૬ માટે, તમને મોઢે આવડતી નીચેની પ્રાર્થનાનું ગાન કરીને દરેક વર્ગની શરૂઆત કરો :

> **"હે મારા દયાળુ પ્રભુ ! આ તારી સુ-પ્રસન્નતાના બગીચામાં ઉગેલો લીલીનો એક છોડ છે અને એક ડાળી છે જે સાચા જ્ઞાનના ઉદ્યાનમાં પ્રગટ થઈ છે. હે કૃપાળુ પ્રભું, તેને તારા પ્રાણ પૂરતા પવનો દ્વારા અવિરત અને હંમેશા તાજુ રહેવાનું કારણ બનાવ, અને તારી કૃપાના વાદળોની વર્ષા દ્વારા તેને લીલુછમ, તાજુ અને સમૃદ્ધ બનાવ, હે કૃપાળુ પ્રભુ !**
>
> **"ખરેખર તું સર્વ -મહિમાવંત છે."**[૪૮]

નીચે પ્રાર્થના આપવામાં આવી છે જે તમારા વિદ્યાર્થીઓ પાઠ ૧૩ થી ૧૬ દરમિયાન મોઢે કરવાનું શીખશે. તેનું મહત્વ સમજવામાં તેમની મદદ કરવા માટે, તમારે એવા શબ્દો કે વાક્યો શોધી કાઢવા જોઈએ જે તમારા વિદ્યાર્થીઓ માટે નવા હોય અથવા તેઓ તેનાથી અપરિચિત હોય અને તેના

વિશે સમજાવવા માટે યોગ્ય વાક્યો તૈયાર કરો. નિઃશક, તેઓ પ્રાર્થનાનો ભાવ સરળતાથી સમજી શકશે, જે આ પાઠ દરમિયાન તમને મોઢે આવડતી જે પ્રાર્થના તમે કરશો તેની સાથે સુસંગત હશે.

> **"હે પ્રભુ! આ કુમળા છોડને તારી બહુવિધ બક્ષિસોના બગીચામાં રોપ, તેને તારી પ્રેમાળ-કરૂણાના ફુવારામાંથી પાણી આપો અને આશીર્વાદ આપો કે તારી કૃપા અને અનુગ્રહના પ્રવાહ દ્વારા તેનો એક સારા છોડ તરીકે વિકાસ થાય.**
>
> **તું શક્તિશાળી અને સમર્થ છે."[૪૯]**

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

## વિભાગ ૧૪

હંમેશની જેમ તમારા સાથી સહભાગીઓ સાથે પાઠ ૧૩ થી ૧૬ નો અભ્યાસ કર્યા પછી, દરેક પાઠમાં સંબોધિત ગુણ નીચે લખો.

પાઠ ૧૩ ________________________________

પાઠ ૧૪ ________________________________

પાઠ ૧૫ ________________________________

પાઠ ૧૬ ________________________________

તમે પહેલાં કર્યું હતું તેમ, નીચે આપેલા અવતરણો આ પાઠોમાં ચર્ચા કરવામાં આવેલા આધ્યાત્મિક ગુણો પર વધારે ચિંતન કરવામાં તમને તક પૂરી પાડશે.

કરૂણા બતાવવાના મહત્વ વિશે આપણે વાંચીએ છીએ:

> **"કરૂણાના દીપ પ્રગટાવો જેથી હૃદયો શુદ્ધ અને નિર્મળ થઈ શકે અને તેઓ તારી સંપૂષ્ટિમાંથી એક હિસ્સો અને ભાગ મેળવી શકે."[૫૦]**
>
> **"કરૂણામય બનો, જેથી તમારા કાર્યો દીવામાંથી નીકળતા પ્રકાશની જેમ ચમકી ઉઠે."**
>
> **"તમે એક વૃક્ષના ફળ અને એક ડાળના પાંદડા છો; તમે સમસ્ત માનવજાત માટે હમદર્દ અને કરૂણામય બનો."[૫૨]**

**"હવે ઈશ્વરના પ્રેમીઓએ તેમની આ સૂચનાઓનું પાલન કરવા માટે ઉભા થવું જોઈએ: મનવજાતના બાળકો માટે તેમને માયાળુ પિતા બનવા દો, અને યુવાનો માટે કરૂણામય ભાઈ બનવા દો, અને વૃધ્ધો માટે સ્વ-બલીદાન આપતા સંતાન બનવા દો."[૫૩]**

અનાસક્તિના ગુણ વિશે આપણને સલાહ આપવામાં આવી છે :

**"તમારી જાતને મારા સિવાય બીજા બધાથી અનાસક્ત કરો, અને તમારા મુખને મારા મુખ તરફ વાળો, કારણકે તમે જે ચીજો ધરાવો છો તેના કરતાં આ તમારા માટે વધુ સારૂં છે."[૫૪]**

**"આ દુન્યવી વસ્તુઓ અને તેના વ્યર્થ આભૂષણોમાં આનંદ નહિ મનાવો, અને તેના પર તમારી આશા ન રાખો. ઈશ્વરના સ્મરણમાં તમારો ભરોસો રહેવા દો, તે સર્વોચ્ચ, પરમ મહાન છે."[૫૫]**

**"અનાસક્તિનો સાર એ છે કે માણસ ઈશ્વરના દરબાર તરફ તેનું મુખ ફેરવે, તેની હાજરીમાં પ્રવેશ કરે, તેના મુખારવિંદના દર્શન કરે અને તેની સમક્ષ સાક્ષી તરીકે ઊભો રહે."[૫૬]**

**"અનાસક્તિ સૂર્ય જેવી છે; જે કોઈપણ હૃદયમાં તે ચમકે છે તે લોભ અને અહંમની આગને ઓલવી નાંખે છે. જેની દૃષ્ટિ સમજના પ્રકાશથી પ્રકાશિત થાય છે તે નિશ્ચિતપણે પોતાની જાતને વિશ્વ અને તેની ક્ષુલ્લકતાઓથી અનાસક્ત કરશે... દુનિયા અને તેની ક્ષુલ્લકતાઓથી તમને દુ:ખી નહિ થવા દો. સુખી છે તે જેને સમૃદ્ધિ વ્યર્થ કીર્તિથી, કે ગરીબી દુ:ખથી ભરી દેતી નથી."[૫૭]**

નીચેના અવતરણો આપણી સાથે સંતોષના ગુણ વિશે વાત કરે છે :

**"હે માનવ પુત્ર! "અંતરિક્ષની વિશાળતામાંથી તું વેગથી પસાર થઈ જાય અને આકાશના વિસ્તારને પાર કરી જાય, છતાં મારી આજ્ઞાઓ પ્રત્યે સમર્પણ અને મારા મુખારવિંદ સમક્ષ વિનમ્રતા સિવાય, તને બીજે ક્યાંય શાંતિ નહીં મળે."[૫૮]**

**"હે વાસનાના સત્ત્વ! "લોભવૃતિનો સંપૂર્ણ ત્યાગ કર અને સંતોષની કામના કર, કારણકે લોભી હંમેશા વંચિત રહ્યો છે અને સંતોષીને હંમેશા પ્રેમ અને પ્રશંસા મળી છે."[૫૯]**

**"તેથી, સ્વીકૃતિ અને મુક-સંમતિના માર્ગે ચાલો, કોઈ મુશ્કેલીથી તમારા હૃદયને દુ:ખી નહિ થવા દો, અને કોઈ પણ દુન્યવી ઉપહારો પર તમારી આશાઓને કેન્દ્રિત નહિ કરો. ઈશ્વરે જે કંઈ ઈચ્છયું છે તેનાથી ખુશ અને સંતુષ્ટ રહો, જેથી તમારા હૃદય અને આત્માને શાંતિ મળે અને તમારૂં આંતરિક અસ્તિત્વ અને અંત:કરણ સાચા આનંદનો અનુભવ કરી શકે."[૬૦]**

નીચેના અવતરણો દયાળુતા વિશેની આપણી સમજને પ્રકાશિત કરે છે :

**"અમે તમને હંમેશા મારી સુ-પ્રસન્નતાના સ્વર્ગમાં મૈત્રી અને સંવાદીતામાં નિવાસ કરતા જોવા ઈચ્છીએ છીએ અને તમારા કાર્યોમાંથી મિત્રતા અને એકતા, પ્રેમાળ કરૂણા અને ભાઈચારાની સુગંધ માણવા ઈચ્છીએ છીએ."[૬૧]**

**"તમે માત્ર દેખાવમાં જ નહિ પરંતુ નિખાલસપણે દયાળુ બનો. માનવી સમક્ષ ઈશ્વરની દયા બનવા માટે, ઈશ્વરની કૃપા બનવા માટે ઈશ્વરના દરેક પ્રિયજનને તેના પર ધ્યાન કેન્દ્રિત કરવા દો. જે કોઈ તેના માર્ગમાં આવે છે એવા દરેક માટે તેને કંઈક સારૂં કરવા દો, અને તેના માટે કોઈક રીતે લાભદાયી બનવા દો."[૬૨]**

**"...શા માટે માણસોએ એકબીજા પ્રત્યે અન્યાયી અને નિર્દયી બનવું જોઈએ, અને એવું દર્શાવવું જોઈએ જે ઈશ્વરની વિરૂદ્ધ છે? તે આપણને પ્રેમ કરતા હોવાથી, આપણે શા માટે દુશ્મનાવટ અને નફરત કરવી જોઈએ? જો ઈશ્વર બધાને પ્રેમ કરતા નહિ હોત તો, તેમણેં બધાનું સર્જન કર્યુ ન હોત, પ્રશિક્ષિત અને પાલન-પોષણ કર્યું ન હોત. પ્રેમાળ -કરૂણા એ દૈવી નીતિ છે."[૬૩]**

**"ફકત શબ્દોમાં જ મિત્રતા બતાવીને સંતુષ્ટ નહિ રહો, જે કોઈ તમારા માર્ગમાંથી પસાર થાય તે બધા માટે, પ્રેમાળ-કરૂણાથી તમારા હૃદયને સળગી ઉઠવા દો."[૬૪]**

અવતરણોના ઉપરોકત દરેક સમૂહમાંથી ઓછામાં ઓછું એક અવતરણ મોઢે કરવાનો પ્રયાસ કરો.

## વિભાગ ૧૫

પાઠ ૧૩ થી ૧૬ માં ચર્ચા કરવામાં આવેલા આધ્યાત્મિક ગુણો વિશેની તમારી સમજને ઊંડી કર્યા પછી, ચાર વાર્તા ફરીથી વાંચો અને તમારા જૂથ સાથે નીચેના પ્રશ્નો વિશે ચર્ચા કરો.

પાઠ ૧૩ નો મુખ્ય વિષય કરૂણા છે, અને તમે જે વાર્તાનું વર્ણન કરશો તેમાં એક મહિલાનો સમાવેશ છે જેણે અબ્દુલબહાને મળવાની અપેક્ષાએ અબ્દુલબહા જ્યાં રહેતા હતા તે ઘરનો દરવાજો ખખડાવ્યો હતો અને પછી તે દરવાજેથી પાછી જઈ રહી હતી. વાર્તાનો કયો ભાગ અબ્દુલબહાની તે મહિલા પ્રત્યે કરૂણા દર્શાવે છે ? કઈ વિગતો બાળકોને વાર્તાનું અનુસરણ કરવા અને સમજવામાં મદદ કરશે કે કરૂણામય હૃદય, બધા ગુણો પ્રત્યે ચિંતિત હોવાની સાથે, ખાસ કરીને જેઓ મુશ્કેલી, યાતના કે દુ:ખમાં હોય છે તેમના પ્રત્યે સંવેદનશીલ હોય છે ?

________________________________________

પાઠ ૧૪ અનાસક્તિના આધ્યાત્મિક ગુણ પર કેન્દ્રિત છે. વાર્તામાં બે મિત્રો સામેલ છે જેઓ પવિત્ર ભૂમિમાં યાત્રાએ જવાનું નક્કી કરે છે, તેમાંથી એક શ્રીમંત છે અને બીજો ઓછો શ્રીમંત છે. નિ:શક, અનાસક્તિના ગુણ વિશે અંત:દૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે, બાળકોને સમજવાની જરૂર પડશે કે પવિત્ર ભૂમિની યાત્રા એ સાંકેતિક છે અને તેનો અર્થ ઈશ્વરની નજીક જવાનો છે. તમે બાળકો પાસે એવી અપેક્ષા રાખશો કે તેઓ સમજે કે, અનાસક્તિ એ આપણી પાસે કેટલું વધારે કે કેટલું ઓછું છે તેના પર નિર્ભર નથી, પરંતુ આપણે આપણી ધનસંપતિને ઈશ્વરની નજીક જવાથી આપણને દૂર લઈ જવાની અનુમતિ આપીએ છીએ કે નહિ તેના પર નિર્ભર છે. આ સમજ વધારવામાં આ વાર્તા કેવી રીતે મદદ કરશે ?

પાઠ ૧૫ ની વાર્તા બાળકોને સંતોષના ગુણ વિશે અંત:દૃષ્ટિ પૂરી પાડશે, જે આ પાઠનો મુખ્ય વિષય છે. અબ્દુલબહા તેમના સાથીઓને કહે છે કે જયારે તેઓ અક્કાની શહેરના કોટ વિસ્તારમાં કેદ હતા ત્યારે તેઓ ખુશ હતા કારણકે તેમણે આ દિવસો સેવાના માર્ગમાં વિતાવ્યા હતા. આ વિધાન સંતોષને લગતી બાળકોની સમજને કેવી રીતે પ્રભાવિત કરશે ? તેઓ કેવી રીતે સમજશે કે, અબ્દુલબહા ભૌતિક રીતે કેદમાં હોવા છતાં, તેમનો આત્મા કયારેય કેદમાં ન હતો ?

પાઠ ૧૬ ની વાર્તા, જેમાં એક માણસનો સમાવેશ થાય છે જે ગુસ્સો અને ધિક્કારની આગમાં સળગી રહ્યો છે, તમને કેટલીક વિગતો પર ભાર આપવાની જરૂર પડશે; નહિ તો તે જે દયાળુતાના મુખ્ય વિષયની વાત કરે છે તેના વિશે બાળકો સમજી શકશે નહિ. આવી વિગતો કઈ છે ? જે માણસ એટલા લાંબા સમયથી ગુસ્સો અને ધિક્કારને વળગી રહ્યો હતો તેને અબ્દુલબહાએ કયો પાઠ શીખવ્યો છે ?

## વિભાગ ૧૬

આશા છે કે પાઠ ૧૩ થી ૧૬ નું તમારૂં વિશ્લેષણ ફળદાયી પુરવાર થયું હશે અને તમે અને તમારા સાથી સહભાગીઓએ સાથે મળીને વિભિન્ન તત્વોની પ્રેકિટસ કરતાં આનંદ માણ્યો હશો. પાઠ ૧૭ થી ૨૦ દરમિયાન, તમે દરેક પાઠની શરૂઆતમાં તમને મોઢે આવડતી નીચેની પ્રાર્થનાનું ગાન કરી શકો છો :

> **"હે ભગવાન ! હે ભગવાન ! આ તારો સેવક તારા તરફ આગળ વધ્યો છે, તારા પ્રેમના રણમાં ઉત્સાહપૂર્વક ભટકે છે, તારી સેવાના માર્ગમાં ચાલે છે, તારી કૃપાની આશા રાખે છે, તારા લોક પર ભરોસો રાખે છે અને તારી ભેટની મદીરામાં મગ્ન છે. હે ભગવાન ! તારા પ્રત્યેના તેના સ્નેહની તીવ્ર ઈચ્છામાં, તારા માટેની તેની સ્તુતિના સાતત્યમાં, અને તારા માટેના તેના પ્રેમના ઉત્સાહમાં વધારો કર."**
>
> **"ખરેખર, તું પરમ ઉદાર છે, અપાર કૃપાનો સ્વામી છે. તારા સિવાય બીજો કોઈ ઈશ્વર નથી, તું ક્ષમાશીલ, દયાળુ છે."[૬૫]**

આ પાઠોમાં, બાળકો નીચેની પ્રાર્થના મોઢે કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, અને તમે બીજા પાઠો માટે કર્યું છે તેમ, બાળકો જે પ્રાર્થના મોઢે કરવાના છે તેના શબ્દો વિશે તેઓ થોડી સમજ પ્રાપ્ત કરે તેની ખાતરી કરવાની તમારે કાળજી રાખવી જોઈએ. આ પ્રાર્થના અગાઉની પ્રાર્થનાઓ કરતાં પ્રમાણમાં લાંબી છે, અને તેના માટે ફાળવવામાં આવેલા ચાર કલાક દરમિયાન, જો બાળકોને આ પ્રાર્થના મોઢે કરવાનું પડકારરૂપ લાગે તો, તમે તમને યોગ્ય લાગે એવી રીતે સમાયોજન કરી શકો છો.

**"તારૂં નામ મારૂં સ્વાસ્થ્ય છે, હે પ્રભુ, અને તારૂં સ્મરણ મારો ઈલાજ છે. તારી નિકટતા મારી આશા છે. તારા માટેનો પ્રેમ મારો સાથી છે. તારી દયા મારૂં આરોગ્ય છે અને આ લોક તથા પરલોકમાં મારૂં જીવનબળ છે. ખરેખર તું પરમ સમૃદ્ધિવાન, સર્વજ્ઞ, સર્વપ્રજ્ઞ છે."**[૬૬]

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## વિભાગ ૧૭

પાઠ ૧૭ થી ૨૦ નું પુનરાવર્તન શરૂ કરવા માટે, હંમેશની જેમ એક એક પાઠનો અભ્યાસ કરો, અને દરેક પાઠમાં જે આધ્યાત્મિક ગુણ વિશે તમે બાળકો સાથે ચર્ચા કરશો તે ગુણ નીચે લખો.

પાઠ ૧૭: _______________________________________________

પાઠ ૧૮: _______________________________________________

પાઠ ૧૯: _______________________________________________

પાઠ ૨૦: _______________________________________________

નીચે થોડા અવતરણો છે જે ઉપરોક્ત ગુણોના મહત્વ વિશે અંત:દૃષ્ટિ પ્રાપ્ત કરવામાં તમારી અને તમારી સાથી સહભાગીઓની મદદ કરશે. યાદ રાખો કે તમારે માત્ર વ્યક્તિના જીવનના દૃષ્ટિકોણના સંદર્ભમાં જ ચર્ચા કરવાની નથી; પરંતુ બાળકોના એક શિક્ષકના રૂપમાં તમારા પોતાના માટે તેનો અર્થ શું છે તેના વિશે પણ તમારે વિચાર કરવો જોઈએ.

હિંમતના ગુણ વિશે આપણને પરામર્શ આપવામાં આવ્યો છે :

**"દિવ્ય લોક તરફ વળવા માટે તમે શક્ય એટલો પ્રયત્ન કરો, જેથી તમે જન્મજાત હિંમત અને આદર્શ શક્તિ પ્રાપ્ત કરી શકો."**[૬૭]

**"તમે તૂટેલા હૃદય માટે આરામનો સ્ત્રોત બનો. તમે ભટકતા લોકો માટે આશ્રય બનો. તમે ભયભીત વ્યક્તિ માટે હિંમતનો સ્ત્રોત બનો. આ રીતે, ઈશ્વરની કૃપા અને સહાયતા દ્વારા વિશ્વના કેન્દ્રમાં માનવતાના સુખનું ધોરણ ઉંચુ રાખવામાં આવે અને સાર્વત્રિક સહમતિની ધજા લહેરાવવામાં આવે."**[૬૮]

આશાવાદીપણુંના સંદર્ભમાં, આપણે વાંચીએ છીએ:

**"તમારી બધી આશા ઈશ્વરમાં કેન્દ્રિત કરો, અને અચૂકપણે તેની દયાને વળગી રહો. તેમના સિવાય બીજું કોણ નિરાધારને સમૃદ્ધ કરી શકે છે, અને પતન પામેલાને તેમના અપમાનમાંથી મુક્ત કરી શકે છે?"[૬૯]**

**"હે માટીનું ગતિમાન સ્વરૂપ! હું તારી સાથે વાર્તાલાપ કરવા ચાહું છું, પણ તું મારામાં વિશ્વાસ નથી મૂકતો. તારા વિદ્રોહની તલવારે તારી આશાના વૃક્ષને ધરાશાયી કરી દીધું છે. હું સર્વદા તારી સમીપ છું, પણ તું હંમેશા મારાથી દૂર છે. મેં તારે માટે અવિનાશી કીર્તિ પસંદ કરી છે, પણ તેં પોતાને માટે અનહદ નામોશી પસંદ કરી છે. હજુ પણ સમય છે ત્યારે પાછો આવ, અને તને મળેલી તક ગુમાવી ન દે."[૭૦]**

**"માણસ બધી પરિસ્થિતિઓમાં ઈશ્વરના આશીર્વાદોના સમુદ્રમાં ડુબેલો છે. તેથી, તું કોઈપણ સંજોગોમાં નિરાશ ન થા, પરંતુ તારી આશામાં અડગ બન."[૭૧]**

**"જો હૃદય ઈશ્વરના આશીર્વાદોથી દૂર થઈ જાય તો તે કેવી રીતે સુખની આશા રાખી શકે? જો તે ઈશ્વરની દયા પર તેની આશા અને વિશ્વાસ રાખતો નથી, તો તેને આરામ ક્યાંથી મળશે? અરે, ઈશ્વરમાં વિશ્વાસ રાખો! કારણકે તેની કૃપા અનંત છે, અને તેના આશીર્વાદ શાનદાર છે."[૭૨]**

અને વિશ્વાસપાત્રતાના સંદર્ભમાં, પવિત્ર લખાણો આપણને કહે છે:

**"હે લોકો! આ દિવસમાં વિશ્વાસપાત્રતા ઈશ્વરની નજરમાં સૌથી સુંદર પોષાક છે. તમામ બક્ષિસ (કૃપા) અને સન્માન એવા આત્માનો ભાગ હશે જે પોતાને આ શ્રેષ્ઠ શણગારથી સજ્જ કરે છે."[૭૩]**

**"વિશ્વાસપાત્રતા એ માનવતાના નગરનો એક કિલ્લો છે, અને માનવ મંદિરની આંખ છે. જે કોઈ તેનાથી વંચિત રહે છે, તે તેના સિંહાસન સમક્ષ એના જેવો હશે જે દ્રષ્ટિથી વંચિત છે."[૭૪]**

**"તમે દરેક ભૂભાગમાં વિશ્વાસપાત્રતાનું ઈશ્વરનું પ્રગટીકરણ બનો. તમારે આ ગુણ એટલો સંપૂર્ણ રીતે પ્રગટ કરવો જોઈએ કે જો સોનાના ઢગલાવાળા શહેરોમાંથી મુસાફરી કરો તો પણ તમારી નજર એક ક્ષણ માટે પણ તેના આકર્ષણથી લલચાય નહીં."[૭૫]**

અને આ શબ્દો તેજસ્વીતા વિશે આપણી સાથે વાત કરે છે :

**“હે મિત્રો ! આ દિવસમાં તમે બધા ઈશ્વરના પ્રેમની અગ્નિથી એટલા પ્રજ્વલિત થાઓ કે તેની ગરમી તમારી નસેનસમાં, તમારા અંગો અને તમારા શરીરના અવયવોમાં પ્રગટ થાય અને વિશ્વના લોકો તેની ગરમીથી પ્રજ્વલિત થાય અને પ્રિયત્તમની ક્ષિતિજ તરફ વળે.”[૭૬]**

**“આ અમર અગ્નિની જ્યોતથી તમારા આત્માને પ્રકાશિત થવા દો, જે દુનિયાના હૃદયની વચ્ચે એવી રીતે સળગી રહી છે કે બ્રહ્માંડનો જળભંડાર તેની જ્વાળાને ઓલવવા માટે અસમર્થ છે.”[૭૭]**

**“તમે આ અમર અગ્નિની જ્યોત દ્વારા તેજસ્વીતાથી સળગી ઉઠો જેને સર્વદયાળુએ સૃષ્ટિના હૃદયના કેન્દ્રમાં પ્રજ્વલિત કરી છે, જેથી તમારા દ્વારા તેના પ્રેમની ગરમી તેના પ્રિયજનોના હૃદયમાં પ્રજ્વલિત થઈ શકે. મારા માર્ગનું અનુસરણ કરો અને સર્વ-શક્તિમાન, પરમ સ્તુત્ય એવા મારા સ્મરણ દ્વારા મનુષ્યોના હૃદયને પ્રસન્ન કરો.”[૭૮]**

**“પ્રેમની આગ સળગાવો અને બધી વસ્તુઓને ભષ્મ કરી દો; તેના પછી પ્રેમીઓની ભૂમિમાં તમારા પગલાંને કેન્દ્રિત કરો.”[૭૯]**

અવતરણોના ઉપરોકત દરેક સમૂહમાંથી ઓછામાં ઓછું એક અવતરણ મોઢે કરવાનો પ્રયાસ કરો.

## વિભાગ ૧૮

ચાલો હવે આપણે પાઠ ૧૭ થી ૨૦ માં આપેલી વાર્તાઓ તરફ વળીએ. દરેક વાર્તાનું પુન:વાંચન કર્યા પછી, તમારા જૂથના બીજા સભ્યો સાથે નીચેના પ્રશ્નો વિશે ચર્ચા કરો.

પાઠ ૧૭ માં તમે અલી અશ્કરની વાર્તા કહેશો, જેમને ભ્રષ્ટ અધિકારી દ્વારા ધમકાવવામાં આવ્યા હોવા છતાં, તેઓ જુઠુ બોલવા અને છેતરવા માટે તૈયાર થયા ન હતા. બાળકો પહેલાંથી જ જાણે છે કે જુઠુ બોલવું ઈશ્વરની નજરમાં સ્વીકાર્ય નથી. આ વાર્તા ઈશ્વરના શિક્ષણોનું આજ્ઞાપાલન કેવી રીતે હિંમતનો સ્ત્રાત છે તે સમજવામાં બાળકોને સક્ષમ બનાવશે. વાર્તાનો કયો ભાગ આવો સંબંધ બાંધવામાં તેમની મદદ કરશે ? જો બાળકોએ વાર્તાનું અનુસરણ કરવું હોય અને આ મહત્વનો મુદ્દો સમજવો હોય તો કઈ વિગતો પર ભાર આપવું તમારા માટે મહત્વનું હશે ?

પાઠ ૧૮ આશાવાદીપણાના ગુણની ફરતે પ્રદક્ષિણા કરે છે, અને તમે બાળકોને એક એવા માણસની વાર્તા કહેશો જેનું હૃદય નિરાશાથી ટૂટી ગયું હતું અને અબ્દુલબહા દ્વારા તેની આશાને પુન:સ્થાપિત કરવામાં આવી હતી. તેઓ પેલા માણસ પર દયા વરસાવે છે અને તેને યાદ અપાવે છે કે ઈશ્વરના સામ્રાજ્યમાં તે શ્રીમંત છે. ઈશ્વરના સામ્રાજ્યમાં શ્રીમંત હોવાનો અર્થ એવો નથી કે આપણી પાસે મોટા પ્રમાણમાં ભૌતિક સંપતિ હોવી જોઈએ. તેનો અર્થ શું છે ? અબ્દુલબહા જે બાબતની તેને યાદ અપાવે છે તે કેવી રીતે ઈશ્વરની કૃપામાં પેલા માણસના વિશ્વાસમાં વધારો કરે છે ? તમે બાળકોને કેવી રીતે સમજવામાં મદદ કરશો કે, ઈશ્વરમાં વિશ્વાસ વિના, આશાવાદી રહેવું મુશ્કેલ છે ?

વિશ્વાસપાત્રતા એ પાઠ ૧૯ નો મુખ્ય વિષય છે, અને આ ગુણનું ઉદાહરણ પુરૂં પાડવા માટે તમે તમારા વિદ્યાર્થીઓને મહમદ તકીની વાર્તા કહેશો, જેને અબ્દુલબહા દ્વારા પવિત્ર ભૂમિમાં ટપાલ પ્રાપ્ત કરવાની અને ત્યાંથી ટપાલ બહાર મોકલવાની જવાબદારી આપવામાં આવી હતી. આ વાર્તાનું વર્ણન કરતી વખતે એવી ઘણી વિગતો છે જે તમને ધ્યાનમાં રાખવાની જરૂર પડશે કે જેથી બાળકો તેનો મુખ્ય વિચાર સમજી શકે. એવી વિગતો કઈ છે ? મહમદ તકીનું વર્ણન કરતી વખતે તમે ‘વિશ્વસનીય’ અને ‘નિર્ભર’ જેવા શબ્દોનો ઉપયોગ કરશો. શું તમે એમ માનો છો કે, એક જ સમયમાં બેદરકાર અને વિશ્વાસપાત્ર હોવું શક્ય છે ?

થોમસ બ્રેકવેલનું વ્યક્તિત્વ પાઠ ૨૦ ની વાર્તાના કેન્દ્રમાં છે, જેનો સંબંધ પ્રજજલિતતા સાથે છે. ઘણીવાર પવિત્ર લખાણોમાં સળગતી મીણબતી, સળગતી જ્યોત, ઝળહળતી આગના ઉદાહરણનો પ્રજ્જ્વલિતતા -આપણ હૃદયમાં રહેલા ઈશ્વરના પ્રેમની તીવ્રતા -ના ગુણ વિશે આપણને સમજાવવા માટે ઉપયોગ કરવામાં આવે છે. તમને આત્મવિશ્વાસ હોવો જોઈએ કે, આ ઉદાહરણ દ્વારા તમારા વિદ્યાર્થીઓ સમજશે કે તેજસ્વીતાનો અર્થ શું છે. બાળકોમાં નાનપણથી જ કાલ્પનિક રીતે વિચારવાની ક્ષમતા હોય છે અને ભાષાની સુવિધા સાથે તેનો વિકાસ થાય છે. આ વિચારોને ધ્યાનમાં રાખીને,

થોમસ બ્રેકવેલ કેવી રીતે ઈશ્વરના પ્રેમની અગ્નિ દ્વારા પ્રજ્જ્વલિત હતા તે દર્શાવતા વાર્તાના ભાગ શોધી કાઢો. એવી કઈ વિગતો છે જે વાર્તાને જકડી રાખે છે ?

## વિભાગ ૧૯

એવી આશા રાખવામાં આવે છે કે તમે અને તમારા સાથી સહભાગીઓ પાઠ ૧૭ થી ૨૦ ના તત્વોની પ્રેક્ટિસમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી છે અને હવે તમે ધોરણ ૧ માં છેલ્લા ૨૧ થી ૨૪ પાઠ તરફ જવા માટે તૈયાર છો. વર્ગની શરૂઆતમાં તમને મોઢે આવડતી નીચેની પ્રાર્થના કરવાની ઈચ્છા રાખી શકો છો :

**"મારામાં એક શુદ્ધ હૃદયનું નિર્માણ કર, હે મારા ભગવાન, અને મારી અંદર એક પ્રશાંત અંત:કરણનું સર્જન કર, હે મારી આશા ! શક્તિની ચેતના દ્વારા મને તારા ધર્મમાં પુષ્ટિ આપ, હે મારી ઈચ્છાના લક્ષ્ય ! તારી અપાર શક્તિ દ્વારા મને તારી પાવનતાના સ્વર્ગમાં ઉંચકી લે, હે મારા અસ્તિત્વના સ્ત્રોત, અને તારી શાશ્વતીની સુરભીથી મને આનંદિત કર, હે તું જે મારા ભગવાન છે ! તારી શાશ્વત ધૂનને મારા પર પ્રશાંતિનો શ્વાસ ફૂંકવા દે, હે મારા સાથી, અને તારા પ્રાચિનત્તમ મુખારવિંદની સમૃદ્ધિને મને તારા સિવાય બીજા બધાથી મુક્ત કરવા દે, હે મારા સ્વામી, અને તારા અવિનાશી સારત્વના સાક્ષાત્કારના શુભસમાચારને મને આનંદ આપવા દે, હે તું જે પ્રગટોમાં સૌથી પ્રગટ છે અને ગૂઢમાં સૌથી ગૂઢ છે !"[૯૦]**

નીચે છેલ્લી પ્રાર્થના આપવામાં આવી છે જે બાળકો આ ધોરણમાં મોઢે કરશે. તેઓ ઝડપથી તેનું મહત્વ સમજી જશે, આમછતાં કોઈ શબ્દો તેમના માટે નવા હોય કે તેઓ અપરિચિત હોય તેના વિશે કેવી રીતે તેમને સમજાવવું તેના વિશે તમે નક્કી કરી શકો છો.

**"હે દયાળુ ઈશ્વર ! હું એક નાનો બાળક છુ, તારા સામ્રાજ્યમાં પ્રવેશ આપીને મને ગૌરવ આપ. હું સંસારિક છું, મને સ્વર્ગીય બનાવ ; હું આ દુનિયાનો નિવાસી છું, મને પરલોક વાસી બનાવ ; હું અંધકારમય છું મને પ્રકાશમાન બનાવ; હું ભૌતિક છું મને આધ્યાત્મિક બનાવ, અને આશીર્વાદ આપ કે હું તારી અનંત ઉદારતા પ્રગટ કરૂં.**

**તું શક્તિશાળી છે, તું સર્વ-પ્રેમાળ છે."[૯૧]**

## વિભાગ ૨૦

હંમેશની જેમ, બાળકો જે અવતરણો મોઢે કરશે તેનો પરિચય આપવા માટે તમે જે વિચારોનો ઉપયોગ કરશો તેના પર વિશેષ ધ્યાન આપીને, ધોરણ ૧ ના છેલ્લા ચાર પાઠ વાંચો. દરેક પાઠ જે ગુણ ઉપર કેન્દ્રિત છે તે ગુણ નીચે લખો.

પાઠ ૨૧: ______________________

પાઠ ૨૨: ______________________

પાઠ ૨૩: ______________________

પાઠ ૨૪: ______________________

તમે પહેલાના પાઠો માટે કર્યું છે તેમ, નીચેના અવતરણો તમને અને તમારા જૂથના બીજા સભ્યોને પાઠોમાં ચર્ચા કરવામાં આવેલા ગુણો વિશે સાથે મળીને ચિંતન કરવાનો અવસર પૂરો પાડશે.

તેજસ્વીતાના મહત્વ વિશે, પવિત્ર લખાણો આપણને કહે છે :

**"હે ઈશ્વરના પ્રેમની જ્યોત ! કિરણે પ્રકાશ આપવો જોઈએ અને સૂર્ય ઉગવો જોઈએ; પૂનમનો ચાંદ ચમકવો જોઈએ અને તારા ટમટમવા જોઈએ. તું એક કિરણ છે તેથી તું ઈશ્વરને વિનંતી કર કે તે તને પ્રકાશ અને જ્ઞાન આપવા, ક્ષિતિજોને ઉજ્વળ કરવા અને ઈશ્વરના પ્રેમની અગ્નિથી વિશ્વને પ્રજ્વલિત કરવા સક્ષમ બનાવે."**[૮૨]

**"હે લોકો ! આનંદ અને ઉલ્લાસથી તમે એકબીજા સાથે હળી મળીને રહો."**[૮૩]

**"સર્વ-પ્રેમાળ ઈશ્વરે દિવ્ય પ્રકાશ ફેલાવવા અને મનુષ્યના શબ્દો, કાર્ય અને જીવન દ્વારા વિશ્વને પ્રકાશિત કરવા માટે તેનું સર્જન કર્યું છે."**[૮૪]

**"માનવતાની સેવા એ પરમેશ્વરની સેવા છે. જ્યાં સુધી જે લોકો તમને જુએ છે તેઓ બધા દિવ્ય લોકના પ્રેમ અને પ્રકાશના પ્રતિબિંબથી પ્રકાશિત ન થાય ત્યાં સુધી તેનો તમારા દ્વારા ફેલાવો થવા દો. તમે તેમના સ્વર્ગીય સ્થાનની ઊંચાઈઓમાં તેજસ્વી અને ચમકતા તારા જેવા બનો."**[૮૫]

______________________

______________________

______________________

______________________

______________________

આ અવતરણોમાંથી, આપણે વફાદારીના ગુણ વિશે અંત:દૃષ્ટિ પ્રાપ્ત કરીએ છીએ :

**"ઈશ્વરની મહિમા, તમારા પર, દરેક અડગ અને અવિચળ હૃદય પર તથા દરેક અચળ અને વફાદાર આત્મા પર બિરાજે."[૮૬]**

**"તમે દયાળુ ઈશ્વરની દાસીઓને સંદેશો પહોંચાડો કે જ્યારે કોઈ કસોટી હિંસક બને છે ત્યારે તેમણેં અડગ ઊભા રહેવું જોઈએ, અને 'બહા' માટેના તેમના પ્રેમમાં વફાદાર રહેવું જોઈએ. શિયાળામાં તોફાનો આવે છે, અને તેજ પવન ફૂંકાય છે, પરંતુ તેના પછી વસંતઋતુ તેની સુંદરતા સાથે આવે છે, પર્વતો અને મેદાનોને સુગંધિત ફૂલછોડ અને લાલ ફૂલોથી શણગારે છે, જેને જોવાનું ગમે છે."[૮૭]**

**"આ દિવસે, એવી વ્યક્તિ પ્રભુના ઉંબરે આશીર્વાદીત છે જે વફાદારીનો જામ હાથ ધરે છે; જે તેના દુશ્મનોને પણ, આ કૃપાનું રત્ન પ્રદાન કરે છે, અને તેના પર જુલ્મ કરતા લોકોને પણ મદદના હાથ આપે છે; આ તે છે જે તેના ઘાતકી દુશ્મનોના પણ પ્રેમાળ મિત્ર બનશે."[૮૮]**

નીચેના અવતરણો આપણને ધીરજ વિશે કહે છે:

**"હે માનવ પુત્ર! દરેક વસ્તુનું એક ચિન્હ હોય છે. પ્રેમનું ચિન્હ છે મારા આદેશના પાલનમાં દૃઢતા, અને મારી કસોટીઓમાં ધૈર્ય."[૮૯]**

**"ધન્ય છે તેઓ જેઓ મક્કમ રહીને સહન કરે છે, જેઓ દુ:ખ અને મુશ્કેલીમાં ધૈર્ય રાખે છે, જેઓ તેમના ઉપર આવી પડતી મુશ્કેલીમાં વિલાપ કરતા નથી અને જેઓ સમર્પણના માર્ગનું અનુસરણ કરે છે."[૯૦]**

**"જે અફર આદેશ દ્વારા આદેશિત છે તેનાથી સંતુષ્ટ રહો અને તેમના પૈકી બનો જેઓ ધીરજપૂર્વક સહન કરે છે."[૯૧]**

**"જે કોઈએ પરમ પાવન ક્ષિતિજ તરફ તેનું મુખ કેન્દ્રિત કર્યું છે તેના માટે શોભનીય છે કે તે ધીરજની ડોરને દૃઢતાથી વળગી રહે, અને ઈશ્વરમાં તેનો ભરોસો રાખે, તે દુ:ખમાં સહાયક અને અપ્રતિબંધિત છે."[૯૨]**

અને દૃઢતાના સંદર્ભમાં આપણે નીચેના અવતરણો વાંચીએ છીએ:

**"જે શાશ્વત સત્ય છે તેનો સ્વીકાર કર્યા પછી માનવી માટે નિધારિત પ્રથમ અને પરમોચ્ચ કર્તવ્ય છે તેના ધર્મમાં અડગ રહેવાનું."[૯૩]**

**"પ્રભુધર્મમાં તારી દૃઢતા એટલી અડગ હોવી જોઈએ કે દુનિયાની કોઈપણ વસ્તુ તને તારા કર્તવ્યથી વિચલિત કરી શકે નહિ."[૯૪]**

**"તમે ઈશ્વરના પ્રેમમાં અડગ રહો, અને તેના ધર્મમાં મક્કમ રહો, અને તમારી વાણીની શક્તિથી તેની સહાયતા કરો."[૯૫]**

**"આવી રીતે કદાચ આપણે યકીનના માર્ગે ચાલી શકીએ, જેથી ઈશ્વરની સુ-પ્રસન્નતા ઉપવનોમાંથી વહેતી પવનની સુરભી દિવ્ય સ્વીકૃતિનો મીઠો સ્વાદ લહેરાવે, અને આપણે જેઓ વિનાશ પામતા નશ્વર અસ્તિત્વ છીએ તેઓ શાશ્વત મહિમાના દિવ્ય લોક સુધી પહોંચવાનું કારણ બને."[૯૬]**

**"તમે આત્મવિશ્વાસુ અને અડગ બનો; તમારી સેવાને સ્વર્ગની શક્તિઓ દ્વારા સંપૂષ્ટિ મળે, કારણકે તમારા આશયો ઉંચા છે, તમારા ઉદ્દેશો શુદ્ધ અને યોગ્ય છે."[૯૭]**

ઉપરોક્ત અવતરણોના દરેક સમૂહમાંથી ઓછામાં ઓછું એક અવતરણ મોઢે કરવાનો પ્રયાસ કરો.

## વિભાગ ૨૧

ચાલો હવે આપણે છેલ્લી ચાર વાર્તા જોઈએ જે તમારા વિદ્યાર્થીઓને કહેશો, જેમની સાથે મળીને તમે એટલા અદ્‌ભૂત કલાકો પસાર કર્યા છે, અને તેઓ જે આધ્યાત્મિક ગુણો વિશે શીખ્યા છે તેનો તેમનામાં વિકાસ કરવાનો પ્રયાસ કરી રહ્યા છો. દરેક વાર્તા ફરીથી વાંચ્યા પછી, તમારા જૂથમાં નીચેના પ્રશ્નો વિશે ચર્ચા કરો.

પાઠ ૨૧ માં, બાળકો એક યુવાન છોકરી તરીકેની ડોરોથી બેકરની વાર્તા સાંભળશે, જ્યારે તે પહેલી વાર અબ્દુલબહાને મળી હતી. વાર્તા દરમિયાન તેઓ જોશે કે, કેવી રીતે તે તેમના તેજથી મોહિત થઈ જાય છે, જે મુખ્ય વિષય છે. ડોરોથી પર અબ્દુલબહાના તેજનો કેવો પ્રભાવ પડે છે? વાર્તા અબ્દુલબહા પ્રત્યેના બાળકોના લગાવમાં જે વધારો કરશે તેના સંદર્ભમાં તમે શું અપેક્ષા રાખો છો?

પાઠ ૨૨ નો મુખ્ય વિષય વફાદારી છે, જે ગુણનું ઈસ્ફાન્દીયાર દ્વારા ઉદાહરણ પુરૂં પાડવામાં આવે છે. વાર્તાના કયા ભાગો આ મુખ્ય વિષય સાથે ગાઢ રીતે સંકળાયેલા છે ? ઈસ્ફાન્દીયાર બીજા કયા ગુણોનું ઉદાહરણ પુરૂં પાડે છે જે તેને વફાદાર રહેવામાં મદદ કરે છે ? તમારા વર્ણન દરમિયાન કઈ વિગતોનો સમાવેશ કરવાની તમે ખાતરી રાખશો ?

પાઠ ૨૩ ધીરજ નામના ગુણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ વાર્તામાં, લી ઝીન પીચનું વૃક્ષ રોપતી વખતે અને -એક નાના બીજ માંથી અંતે ફયદાયી વૃક્ષના રૂપમાં વિકાસના વિભિન્ન તબક્કાઓમાંથી પસાર થાય છે તે સમય દરમિયાન તે ધીરજ દર્શાવે છે. આ વાર્તા પ્રયત્નના લાંબા ગાળા દરમિયાન દર્શાવવામાં આવેલ ધીરજના ઈનામના આનંદ પર ભાર આપે છે અને દર્શાવે છે કે ઘણીવાર, આપણી મહેનતના ફળ જોતા પહેલાં, આપણે મોટા પ્રમાણમાં પ્રયત્નો કરવા જોઈએ. આવી રીતે ધીરજનો આધ્યાત્મિક ગુણ વિશે સમજવું બાળકો માટે શા માટે મહત્વનું છે ? તમારા વિદ્યાર્થીઓ સમક્ષ વાર્તાનું વર્ણન કરતી વખતે તમે કઈ વિગતો તમારા મગજમાં સ્પષ્ટ કરવાની ઈચ્છા રાખો છો ?

પાઠ ૨૪ માં તમે બાળકોને અબ્દુલબહાની બહેન, બાહિયા ખાન્મની વાર્તા સંભળાવશો. પ્રતિકુળ પરિસ્થિતિમાં કેવી રીતે બાહિયા ખાન્મે દ્રઢતા દર્શાવી હતી તે સમજવામાં તે મદદ કરશે. પરંતુ તમે એવી પણ આશા રાખશો કે, તેઓ સમજે કે ઈશ્વરના પ્રેમમાં દ્રઢતામાં કોઈ ચોક્કસ પ્રકારની કટોકટી કે મુશ્કેલી પર વિજય મેળવવાનો સમાવેશ થાય છે. તેમના જીવનની વાર્તા કેવી રીતે બાળકોને દ્રઢતા અને મક્કમતાની ઝલક પુરી પાડશે જેની પ્રભુધર્મમાં જરૂર પડે છે ?

## વિભાગ ૨૨

આ એકમમાં, તમે એવા આધ્યાત્મિક ગુણો વિશે વિચાર કર્યો છે જેની તમે ધોરણ ૧ માં બાળકો સાથે ચર્ચા કરશો અને તેમના ચરિત્ર્યના વિકાસમાં ફાળો આપવાની આશા સાથે તમે તેમને જે ચોવીસ પાઠ શીખવશો તેના વિભિન્ન તત્વોનું સંચાલન કરવાની પ્રેકિટસ કરી છે. ધોરણ ૧ માં જે આધ્યાત્મિક ગુણોનો વિકાસ કરવામાં તમારા વિદ્યાર્થીઓની મદદ કરવાનો તમને આશીર્વાદ મળશે તે ગુણોને યાદ કરવા માટે થોડો સમય કાઢો. તે સુયોગ્ય હશે કે, પહેલાં ચર્ચા કરવામાં આવી છે તેમ, હૃદયની શુદ્ધતા પર ધ્યાન કેન્દ્રિત કરીને તેમના માટે શરૂ કરવાનું જેટલું મહત્વનું છે, એવી જ રીતે ઈશ્વરના પ્રેમમાં દૃઢતા સાથે પાઠોનું સમાપન કરવું મહત્વનું રહેશે. જ્યારે તમે તમારા પહેલા શિક્ષણ પ્રયાસની શરૂઆત કરી રહ્યા છો ત્યારે, તમારે વારંવાર ચિંતન કરવું જોઈએ કે, ઈશ્વરના પ્રેમમાં દૃઢતા કેવી રીતે બાળકોમાં વિદ્યમાન રત્ન જેવા ગુણોને પ્રગટ કરવાના તેમના પ્રયત્નોમાં તમારા વિદ્યાર્થીઓની મદદ કરશે.

# બાળકો માટે ૨૪ પાઠ

## પાઠ ૧

### A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

દિવ્ય આશીર્વાદને આકર્ષવા અને આધ્યાત્મિક વાતાવરણનું નિર્માણ કરવા, જેમકે વિભાગ ૨ માં સૂચન કરવામાં આવ્યું છે તે મુજબ, તમને મોઢે હોય એવી કોઈ એક પ્રાર્થનાથી વર્ગ શરૂ કરો. પછી જો કોઈ બાળકને કોઈ પ્રાર્થના મોઢે આવડતી હોય તો તેનું ગાન કરવાનું કહી શકો છો. તેના પછી, તેઓ નીચે આપેલી પ્રાર્થના મોઢે કરશે. તેનું મહત્વ સમજવામાં તેમની મદદ કરવા માટે, એવા શબ્દો શોધી કાઢો જેના વિશે નક્કર ઉદાહરણ સાથે તેમને સમજાવવાની તમને જરૂર લાગતી હોય. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ઘણા બાળકો આ પ્રાર્થના સરળતાથી શીખી લેશે, પરંતુ તમારે આગામી ત્રણ વર્ગોની શરૂઆતમાં તેનું તેમની સાથે પુનરાવર્તન કરવું જોઈએ કે જેથી, પાઠ ૫ માં જયારે તેઓ એક નવી પ્રાર્થના શીખવાનું શરૂ કરે ત્યારે, આ પ્રાર્થના તેમના મન-માનસમાં અંકિત થઈ ગઈ હોય.

**"તે ઈશ્વર છે ! હે ઈશ્વર, મારા ઈશ્વર ! મને મોતી જેવું એક શુદ્ધ હૃદય આપ"**[૯૮]

શરૂઆતના આ કેટલાક વર્ગોમાં બાળકો જે પ્રાર્થના મોઢે કરશે તે ટૂંકી હોવાથી, તમને વિભાગ ૨ માં પૂજયભાવ અને પ્રાર્થનાનું સ્વરૂપ વિશે આપેલા કેટલાક વિચારોની તેમની સાથે ચર્ચા કરવાની તમને થોડા અવસર મળશે.

### B. ગીત

પ્રાર્થના માટે સમર્પિત કરવામાં આવેલા સમયગાળા પછી, બાળકો નીચેનું ગીત ગાવાનું શીખી શકે છે જે પાઠનો મુખ્ય વિષય, હૃદયની શુદ્ધતાને લગતા અવતરણને રાગ આપે છે. કેટલાક શબ્દો બાળકો માટે મુશ્કેલ હોઈ શકતા હોવાથી, સૌથી પહેલાં તમે પહેલી ચાર લાઈન ગાવાનું શીખવી શકો છો, અને પછી આગળ વધી શકો છો.

**પ્રથમ ઉપદેશ**

હે ચેતના પુત્ર !
હે ચેતના પુત્ર !
મારો પ્રથમ ઉપદેશ આ છે
મારો પ્રથમ ઉપદેશ આ છે
એક શુધ્ધ, દયાળુ અને પ્રફુલ્લિત હદય ધારણ કર
જેથી તને સનાતન
અવિનાશી અને શાશ્વત પ્રભુત્વ પ્રાપ્ત થાય

### C. અવતરણ મોઢે કરવું

બીજી પ્રવૃતિ તરીકે, બાળકો બહાઈ પવિત્ર લખાણોંમાંથી એક અવતરણ મોઢે કરશે. તમે બાળકોને પાઠનો મુખ્ય વિષય અને જે અવતરણ મોઢે કરવાનું છે તેના વિશે નીચે મુજબ સમજાવી શકો છો :

આપણું હૃદય અરિસા જેવું છે. આપણે હંમેશા તેને સ્વચ્છ રાખવું જોઈએ. કોઈના પ્રત્યે દ્વેષભાવ રાખવો, કોઈની ઈર્ષા કરવી, અને કોઈપણ કારણસર કોઈની સાથે નિર્દય બનવું -આ એવી ધૂળ જેવા છે જે આપણા હૃદયના અરીસાને ઢાંકી દે છે. જયારે આપણું હૃદય શુદ્ધ હોય છે, ત્યારે તે પરમેશ્વરના પ્રકાશ અને તેના ગુણો - દયા, પ્રેમ અને ઉદારતા જેવા ગુણોને પ્રતિબિંબિંત કરે છે અને આપણે બીજા લોકો માટે ખુશીનું કારણ બનીએ છીએ. આપણા હદયને શુધ્ધ રાખવામાં મદદ કરવા માટે, ચાલો આપણે બહાઉલ્લાહનું આ અવતરણ મોઢે કરીએ:

**"હે ચેતના પુત્ર ! મારો પ્રથમ ઉપદેશ આ છે : એક શુધ્ધ, દયાળુ અને પ્રફુલ્લિત હૃદય ધારણ કર..."**[૯૯]

જો બાળકો આ અવતરણ બરાબર સમજી જશે તો તેઓ સરળતાથી તેને માઢે શકશે. તેથી, સૂચન કરવામાં આવે છે કે તમે તેમની સાથે અવતરણના શબ્દો અને રૂઢિપ્રયોગોની ચર્ચા કરવા માટે થોડો સમય ફાળવો. આવું કરવામાં નીચે આપેલા વાકયો તમારી સહાયતા કરશે.

*ઉપદેશ*

૧. એક દિવસ ગેરાર્ડ અને મેરી ચિત્રોમાં રંગકામ કરી રહ્યા હતા. ગેરાર્ડને પીળા રંગની જરૂર હતી, પણ મેરી તેને આપવા ઈચ્છતી ન હતી. શિક્ષકે મેરીને કહ્યું કે તેમણે એક બીજા સાથે વસ્તુઓની આપ-લે કરવી જોઈએ. શિક્ષકે મેરીને સરસ ઉપદેશ આપ્યો.

૨. પેટ્રીસીયાએ નકકી કરવાનું હતું કે તેણે ચોકલેટ માટે પૈસા ખર્ચવા જોઈએ કે વાર્તાની ચોપડી માટે. તેના માતા-પિતાએ તેને ચોપડી ખરીદવાની સલાહ આપી. તેના માતા-પિતાએ પેટ્રીસીયાને સારો ઉપદેશ આપ્યો.

*ધારણ કરવું*

૧. ટીનાયેને ઉંઘતા પહેલા પ્રાર્થના કરવાનું ગમે છે. તેની પાસે પ્રાર્થનાની એક નાની ચોપડી છે. ટીનાયે પ્રાર્થનાની એક નાની ચોપડી ધરાવે છે.

૨. અમે અમારા બગીચામાં ઘણી સ્વાદિષ્ટ શાકભાજી ઉગાડીએ છીએ. અમે જમીનનો સારો પ્લોટ ધરાવીએ છીએ જે અમને ઘણી તાજી શાકભાજી આપે છે.

*શુધ્ધ હદય*

૧. કેથી ગુસ્સે થઈ અને એગોટને નિર્દય શબ્દોમાં બોલવા લાગી. એગોટ ઉદાસ હતો, પણ તરત જ તેણે કેથીને માફ કરી દીધું. એગોટ શુધ્ધ હદય ધરાવે છે.

૨. ગુસ્તાવોને બધા બાળકો સાથે તેની ચોકલેટની આપ-લે કરવાનું ગમે છે, તે જ્યોર્જને પણ ચોકલેટ આપે છે જે બીજા સાથે કોઈ વસ્તુની આપ-લે કરતો નથી. ગુસ્તાવો શુધ્ધ હદય ધરાવે છે.

*દયાળુ હદય*

૧. જયારે મીંગ લીંગના માતા-પિતા મિત્રોને તેમના ઘરે આમંત્રણ આપે છે ત્યારે, તેણી ખુશીથી તેમને ભોજન પીરસે છે. મીંગ લીંગ દયાળુ હદય ધરાવે છે.

૨. શ્રી. રોબર્ટસન ખૂબ વૃધ્ધ છે. જીમી તેના પાકને બજાર સુધી લઈ જવામાં તેની મદદ કરે છે. જીમી દયાળુ હદય ધરાવે છે.

*પ્રફુલ્લિત હદય*

૧. હું ઉદાસ હોંઉ છું ત્યારે મારી માં હંમેશા મને હસાવીને ખુશ કરી દે છે. મારી માં પ્રફુલ્લિત હદય ધરાવે છે.

૨. ઓબુયા બીમાર હતા અને તેને આખો દિવસ પથારીમાં જ રહેવું પડયું હતું. તેણે ખૂબ પ્રાર્થના કરી, તે ઉદાસ ન હતો, અને ખુશ રહેવા લાગ્યો. ઓબુયા પ્રફુલ્લિત હદય ધરાવે છે.

D. વાર્તા

બાળકો અવતરણ મોઢે કરી લે પછી, તમે તેમને અબ્દુલ-બહાની નીચે આપેલી વાર્તા સંભળાવી શકો છો, જે હૃદયની શુધ્ધતાનું મહત્વ ઉપર વધારે પ્રકાશ પાડશે. યાદ રાખો કે, જો તમારા વર્ગના કેટલાક બાળકો અબ્દુલ્બહાથી અપરિચિત હોય તો, તમારે શરૂઆત કરતાં પહેલાં તેમના વિશે થોડા શબ્દો કહેવાની તૈયારી કરી લેવી જોઈએ.

> અબ્દુલબહા હંમેશા કહી શકતા હતા કે બીજાના મનમાં શું હતું, અને જેમનાં દહય શુધ્ધ અને પ્રફુલ્લિત હતા તેઓ તેમને ખૂબ ગમતા હતાં. એક વાર એક સ્ત્રીને સાંજના ભોજન માટે અબ્દુલબહાના મહેમાન બનવાનું સન્માન મળ્યું. તે અબ્દુલબહાના વિવેકી શબ્દો સાંભળવા બેઠી હતી ત્યારે તેની નજર તેની સામેના એક ગ્લાસ પર પડી અને તેના મનમાં વિચાર આવ્યો, ‘‘અરે આ ગ્લાસની જેમ, જો અબ્દુલબહા મારા હદયમાંથી બધી દૂન્યવી ઈચ્છાઓને ખાલી કરીને તેને દિવ્ય પ્રેમ અને સમજદારીથી ભરી દીધુ હોત તો કેટલું સારૂં થયું હોત!’’
>
> આ વિચાર તેના મગજમાંથી ઝડપથી પસાર થઈ ગયો અને તેણીએ તેના વિશે કોઈ વાત નહિ કરી, પરંતું થોડી વારમાં કંઈક એવું થયું જેનાથી તેને ખબર પડી ગઈ કે, તેણી જે વિચારતી હતી તેના વિશે અબ્દુલબહા જાણતા હતા. અબ્દુલબહાની વાત ચાલુ હતી ત્યારે, અધવચ્ચે તેઓ થોડી વાર થોભી ગયા અને એક નોકરને બોલાવીને તેને ધીમેથી કંઈક કહ્યું. નોકર ચુપચાપ ટેબલ પાસે આ સ્ત્રીની નજીક આવ્યો, તેના ગ્લાસ તરફ નજર કરી, તેમાંથી પાણી ખાલી કર્યું અને ફરીથી તેની સામે મુકી દીધો.
>
> થોડી વાર પછી, તેમની વાત ચાલુ રાખતાં અબ્દુલબહાએ ટેબલ પરથી પાણીનો જગ ઉપાડયો, અને સહજ રીતે ધીરે ધીરે આ મહિલાનો ગ્લાસ પાણીથી ભરી દીધો. શું થયું હતું તેની કોઈને ખબર પડી નહિ, પરંતું મહિલા સમજી ગઈ કે અબ્દુલબહા તેમનાં મનની ઈચ્છા પૂરી કરી રહ્યા હતા. તે આનંદ વિભોર થઈ ગઈ. હવે તે સમજી ગઈ હતી કે અબ્દુલબહાની સામે આપણા હૃદય અને મન ખુલ્લી ચોપડી જેવા હતાં જેને તેઓ ખૂબ પ્રેમ અને દયાભાવથી વાંચતા હતા.

E. રમત: “આપ-લે કરવી”

બીજી પ્રવૃતિ માટે, કારનું એક ટાયર જમીન ઉપર મૂકો અને પછી બાળકોને પ્રયત્ન કરવાનું કહો કે, તેમના પૈકી કેટલા બાળકો એક સાથે તેના ઉપર ઊભા રહી શકે છે. જો ટાયર ઉપલબ્ધ ન હોય તો, તેના બદલે તમે સાદડી કે ટુવાલ, અથવા તેના જેવી બીજી કોઈ વસ્તુ જમીન પર મૂકી શકો

છો. તમે જે કોઈપણ વસ્તુ પસંદ કરતા હોય, તે એટલી નાની હોવી જોઈએ કે વર્ગના બાળકોની સંખ્યા માટે એક સાથે ઉભા રહેવાનું પડકારરૂપ બનાવતી હોવી જોઈએ.

F. **રંગપુરણી: ચિત્ર ૧**

રમત પછી, તમે બાળકોને ભેગા કરીને રંગપૂરણી માટે દરેકને એમ સમજાવીને ચિત્ર ૧ ની એક એક નકલ આપી શકો છો કે તેમણેં જે અવતરણ મોઢે કર્યું છે તે ચિત્રની નીચે આપેલું છે અને તમે પહેલાંથી તૈયારી કરી છે તે મુજબ આ ચિત્ર કેવી રીતે પાઠના વિષય સાથે સંબંધિત છે તેના વિશે થોડા શબ્દોમાં વર્ણન કરી શકો છો.

G. **સમાપન પ્રાર્થના**

વર્ગ પૂરો કરવા માટે, બે થી ત્રણ બાળકોને તેમને આવડતી પ્રાર્થના કરવા અથવા તેમણેં મોઢે કરેલું અવતરણ બોલવાનું કહી શકો છો. પછી તમે એક છેલ્લી પ્રાર્થના કરી શકો છો.

## પાઠ ૨

### A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

સૂચન કરવામાં આવે છે કે તમે પાઠ ૧ ની શરૂઆતમાં જે પ્રાર્થના કરી હતી તેની સાથે આ અને આ પછીના બે વર્ગની શરૂઆત કરો. તેના પછી તમે, પહેલાથી પસંદ કરેલા થોડા બાળકોને, તેમને આવડતી હોય એવી એક એક પ્રાર્થના કરવાનું કહી શકો છો. તેના પછી, તમે ગયા વર્ગમાં શરૂ કરેલી પ્રાર્થના મોઢે કરવામાં તેમની મદદ કરવાનું ચાલુ રાખી શકો છો.

B. **ગીત**

બીજી પ્રવૃતિ માટે, બાળકો બે ગીતો ગાઈ શકે છે- છેલ્લા પાઠનું એક ગીત અને ન્યાયને લગતું નીચે આપેલું નવું ગીત, જે આ પાઠનો મુખ્ય વિષય છે.

શ્રેષ્ઠ માર્ગ

ન્યાય છે સત્યનો માર્ગ

દિવસને પ્રકાશિત કરવાનો (૨)

લોકોને જ્યારે તેની જરૂર છે

ત્યારે ન્યાય છે એક પ્રકાશ (૨)

એવો જ પ્રખર પ્રકાશ

જે સારા કાર્યોને પ્રકાશે છે (૨) ...ન્યાય છે...

વારંવાર આપણે સાંભળ્યું છે (૨)

અબ્દુલબહા બધું જ આપતા

જે તેમની પાસે હતુ (૨) ...ન્યાય છે...

તેઓ ઓછામાં સંતુષ્ટ હતા (૨)

સરળ જીવન જીવતા હતા

જેથી લોકો ખુશ રહે     ...ન્યાય છે...

ન્યાય નિષ્પક્ષ કરતાં અધિક છે

ન્યાયી બનવા આપવાનું છે

આપણી પાસે છે તેની આપ-લે કરવાની છે

આપણને ગમતું હોય તેની આપ-લે કરવાની છે

જીવનના આનંદની આપણે આપ-લે કરવાની છે

ન્યાય છે...

## C. અવતરણ મોઢે કરવું

બે ગીતો પછી, તમે બાળકોને બહાઉલ્લાહના લખાણોંમાંથી એક અવતરણ માઢે કરવા પ્રોત્સાહન આપશો. પાઠનો મુખ્ય વિષય અને સૂચિત અવતરણ સમજાવવા, તમારા માટે નીચે થોડા વિચારો આપેલા છે :

> પરમેશ્વરને ન્યાય પ્રિય છે. જ્યારે ન્યાય હોય છે, ત્યારે દરેક વ્યક્તિ જીવનની સારી વસ્તુઓનો આનંદ માણે છે. દરેક બાળક શાળાએ જઈ શકે છે, દરેક કુટુંબ પાસે આરામદાયક ઘર હોય છે, અને જેમની પાસે વધારે હોય છે તેઓ ઈશ્વર તરફથી તેમને મળેલી બક્ષીસમાંથી બીજાના ભલા માટે આપે છે. જ્યારે આપણે એકબીજા સાથે નિષ્પક્ષ અને ન્યાયી વર્તન કરીએ છીએ ત્યારે ભગવાન આપણાથી પ્રસન્ન થાય છે. જો આપણે કોઈની સાથે દુર્વ્યવહાર થતો જોઈએ, તો આપણે તેમના માટે ઊભા રહેવું જોઈએ અને તેમની મદદ કરવી જોઈએ. જે આપણા મિત્રો કે પડોશીઓનું છે તેને આપણે તેમની પાસેથી લેવું જોઈએ નહિ. જ્યારે કોઈ વસ્તુની આપ-લે કરવાની હોય, ત્યારે આપણે સુનિશ્ચિત કરવું જોઈએ કે કોઈ બાકી નહિ રહે અને દરેકને યોગ્ય હિસ્સો મળે. ન્યાયી બનવામાં આપણી મદદ કરવા માટે, ચાલો આપણે બહાઉલ્લાહનું આ અવતરણ માઢે કરીએ:

**"તમે ન્યાયના માર્ગે ચાલો, કારણકે, ખરેખર, આ સીધો માર્ગ છે."**[૧૦૦]

એ સુનિશ્ચિત કરવાનું મહત્વનું બની રહેશે કે, બાળકો ઉપરોક્ત અવતરણ મોઢે કરવાનું શરૂ કરે તેના પહેલાં, તેમની પાસે આ અવતરણની મૂળભૂત સમજ હોય. જે શબ્દો બાળકો માટે નવા હોય તેનો અર્થ સમજાવવામાં તમારી મદદ કરવા માટે નીચે થોડા વાક્યો આપેલા છે.

*ચાલવું*

૧. જંગલમાં ઝાડના ઘણાં પાંદડા ખરી પડયાં છે અને તેનાથી આખો રસ્તો ઢંકાઈ ગયો છે. કુમીકો જંગલમાંથી પસાર થાય છે. તે પાંદડાથી ઢંકાયેલા માર્ગે ચાલે છે.

૨. પેડ્રોને ખુશીથી એક સાથે મળીને રમવામાં તેના બધા મિત્રોની મદદ કરવાનું ગમે છે. પેડ્રો અને તેના મિત્રો વચ્ચે એકતા છે. પેડ્રો એકતાના માર્ગે ચાલે છે.

*માર્ગ*

૧. લૂઈશ પાસે એક ગધેડો છે. લૂઈશ તેને જંગલમાં ચરાવવા લઈ જાય છે અને તેને એકલાને છોડી આવે છે. ગધેડો તેની જાતે જ ઘરે આવવાનો માર્ગ શોધી લે છે.

૨. શાળામાં જવા માટે બે માર્ગો છે. મીલીને હંમેશા તેના દાદીના ઘર પાસેથી જતા માર્ગે જવાનું ગમે છે.

*ન્યાય*

૧. કાર્લોસને વર્ગમાં રંગની વહેંચણી કરવાની જવાબદારી આપવામાં આવે છે. વર્ગમાં પાંચ બાળકો અને દસ રંગીન પેન્સિલ છે. કાર્લોસ દરેક બાળકને બે બે રંગ આપે છે. કાર્લોસ રંગની વહેંચણીમાં ન્યાયી વર્તન કરે છે.

૨. એનાના ખેતરના કુવામાં ભરપુર પાણી હોય છે, પરંતુ તેના પડોશીનો કુવો ઘણીવાર સુકાઈ જાય છે. એના તેના પડોશીને કદી મુશ્કેલી પડવા દેતી નથી અને પાણી લેવા માટે હંમેશા તેમનું સ્વાગત કરે છે. એના ન્યાય પ્રિય છે.

**D.** વાર્તા

બાળકો અવતરણ મોઢે કરી લે તેના પછી, તમે તેમને અબ્દુલ-બહાની નીચેની વાર્તા સંભળાવી શકો છો, જે તેઓ કેટલા ન્યાયી હતા તેનું ઉદાહરણ પુરૂં પાડે છે.

> એક દિવસ અબ્દુલબહાને અકકાથી હાઈફા જવાનું હતું. તેઓ રેલગાડીના સામાન્ય દરજ્જાની સસ્તી ટિકીટ ખરીદવા ગયા, જે ડબ્બો સામાન્ય રીતે લોકોથી ભરેલો રહેતો હતો. ડ્રાઈવરને આશ્ચર્ય થયું અને તેમણે પોતાની જાતને પુછયું હશે કે અબ્દુલબહા શા માટે એટલી કરકસર કરીને સસ્તા દરજ્જાના ડબ્બામાં મુસાફરી કરવાનું પસંદ કરતા હતા. તેમણે અબ્દુલબહાને કહ્યું, "મહામહિમ, નિશ્ચતપણે તમે એક ખાનગી ગાડીમાં યાત્રા કરવાનું વધારે પસંદ કરશો." અબ્દુલબહાએ કહ્યું, "નહિ" અને તેમણે સામાન્ય ડબ્બામાં મોટી ભીડમાં હાઈફા સુંધીની મુસાફરી કરી. તેઓ હાઈફામાં ગાડીમાંથી ઉતર્યા એટલામાં એક દુ:ખી માછણ તેમની પાસે આવીને મદદ માગવા લાગી. તે આખો દિવસ એક પણ માછલી પકડી શકી ન હતી અને હવે તેને તેમના ભૂખ્યા પરિવાર પાસે પાછા જવાનું હતું. અબ્દુલબહાએ તેને સારી રકમ આપી, ડ્રાઈવર તરફ નજર કરી અને કહ્યું, "જ્યારે અનેક લાકો ભૂખે મરી રહ્યા હોય ત્યારે મારે શા માટે આરામદાયક ડબ્બામાં મોંઘી મુસાફરી કરવી જોઈએ?"

**E.** રમત: "તીવ્ર તૃષ્ણા"

વાર્તા માટે ફાળવેલ સમય પછી, બાળકો રમત રમવા માટે આતુર હશે. બાળકોના હાથ એવી રીતે બાંધી દો કે તેઓ તેમના હાથની કોંણી વાળી શકે નહિ, અને તેના પછી તેમને અભિનય કરવાનું કહો કે, તેઓ રણમાં ચાલે છે અને તેમને ખૂબ વધારે તરસ લાગી છે. જયારે તેઓ પાણી ભરેલા ગ્લાસ પાસે પહોંચી જાય છે ત્યારે, તેમણે પાણી પીવાની રીત શોધી કાઢવી જોઈએ. તેઓ શોધી કાઢશે કે તેમની પાસે એક જ ઉપાય છે કે તેઓ એકબીજાની મદદ કરે અને ધ્યાન રાખે કે તેઓ એક બીજાને પલાળે નહી.

## F. રંગપુરણી: ચિત્ર ૨

બીજી પ્રવૃતિ તરીકે, રંગકામ કરવા માટે દરેક બાળકને ચિત્ર નં. ૨ ની એક એક નકલ આપો. તમે તેમને યાદ અપાવી શકો છો કે તેમણેં જે અવતરણ મોઢે કર્યું છે તે ચિત્રની નીચે આપેલું છે અને તમે પહેલાંથી તૈયારી કરી છે તે મુજબ આ ચિત્ર કેવી રીતે પાઠના મુખ્ય વિષય સાથે સંબંધિત છે તેના વિશે થોડા શબ્દોમાં વાત કરો.

## G. સમાપન પ્રાર્થના

બાળકો રંગકામ પુરૂં કરે તેના પછી, તમે કેટલાક બાળકોને પ્રાર્થના કરવા અથવા તેમણેં આ અને અગાઉના પાઠમાં મોઢે કરેલું અવતરણ બોલવા આમંત્રણ આપી શકો છો. પછી તમે સમાપન પ્રાર્થના કરી શકો છો.

# પાઠ 3

## A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

વર્ગ શરૂ કરવા માટે, તમને મોઢે હોય એવી એક પ્રાર્થના કરો અને તેની સાથે પહેલાથી પસંદ કરેલા કેટલાક બાળકોને એક એક પ્રાર્થના કરવાનું કહો. તેના પછી પાઠ ૧ માં તમારા વિદ્યાર્થી ઓએ જે પાર્થના શીખવાનું શરૂ કર્યું છે તેનું પુનરાવર્તન કરવા માટે તમે થોડો સમય ફાળવી શકો છો.

## B. ગીત

અગાઉના પાઠોમાં બાળકોએ શીખેલા બે ગીતોના ગાનથી તમે આગળની પ્રવૃતિ શરૂ કરો. પછી તમે તેમને નીચેનું ગીત શીખવો, જે પાઠનો મુખ્ય વિષય, પ્રેમ સાથે સંબંધિત છે.

પ્યાર પ્યાર પ્યાર

પ્યાર પ્યાર પ્યાર પ્યાર
કરો માનવને પ્યાર
પ્યાર પ્યાર પ્યાર પ્યાર
જેનાથી શરૂ થયો સંસાર ...૨
પ્રભુને છે સૃષ્ટિથી પ્યાર
તેણે સર્જયો છે તને
તેથી તમે પણ કરો
સમસ્ત માનવજાતિને
પ્યાર પ્યાર પ્યાર પ્યાર..... પ્યાર પ્યાર પ્યાર પ્યાર
પ્યાર પ્યાર પ્યાર પ્યાર
કરો સચ્ચાઈને પ્યાર
પ્યાર પ્યાર પ્યાર પ્યાર

કરો ભાઈચારાને પ્યાર
પ્રભુને છે સૃષ્ટિથી પ્યાર
તેણે સર્જયો છે તને
તેથી તમે પણ કરો
સમસ્ત માનવજાતિને
પ્યાર પ્યાર પ્યાર પ્યાર..... પ્યાર પ્યાર પ્યાર પ્યાર
પ્રભુની સૃષ્ટિને કરો પ્યાર
ચાહે તે નજીક હોય કે દૂર દૂર
દરેક માનવને જુઓ
એક ચમકતા તારાની જેમ
પ્રભુને છે સૃષ્ટિથી પ્યાર
તેણે સર્જયો છે તને
તેથી તમે પણ કરો
સમસ્ત માનવજાતિને
પ્યાર પ્યાર પ્યાર..... પ્યાર પ્યાર પ્યાર

## C. અવતરણ મોઢે કરવું

મોઢે કરવા માટે આ અવતરણનો પરિચય આપવા માટે, તમે બાળકો સાથે પાઠના મુખ્ય વિષયને લગતા નીચેના વિચારોની આપ-લે કરી શકો છો:

> પરમેશ્વરનો પ્રેમ સૂર્યના કિરણોની જેમ સમસ્ત માનવજાત ઉપર પ્રકાશે છે. સૂર્યના કિરણો સુકા રણ અને લીલા બગીચાઓ ઉપર એક સમાન રીતે પડે છે. તેની ઉર્જાથી, ફળદ્રૂપ જમીનમાં રોપેલા બીજ વિકાસ પામે છે અને ફળ આપે છે. એવી રીતે આપણે આપણા હૃદયમાં ઈશ્વરના પ્રેમના બીજ રોપવા જોઈએ, જેનો તેની પ્રેમાળ દેખરેખની ઉર્જા હેઠળ વિકાસ થાય અને પલ્લવિત થાય. ત્યારે આપણો પ્રેમ ફેલાશે અને આપણે એકબીજા પ્રત્યે પ્રેમ બતાવીશું, આપણે એવા લોકો પ્રત્યે પણ પ્રેમ દર્શાવીશું જેઓ અમુક વાર આપણી સાથે નિર્દય હોય છે. સમસ્ત માનવજાતને પ્રેમ કરવામાં આપણી મદદ કરવા માટે ચાલો આપણે બહાઉલ્લાહનું આ અવતરણ મોઢે કરીએ:

**"હે મિત્ર ! તારી હદય વાટિકામાં પ્રેમના ગુલાબ સિવાય બીજું કંઈ ન રોપ..."**[૧૦૧]

આ અવતરણમાં કદાચ એક જ શબ્દ સમજાવવાની જરૂર પડશે અને તે છે "કંઈ નહી", એટલે કે "કશું જ નહી."

૧. ડીનીયોને સૂર્ય અને ફૂલો વિશેના ગીતો ગાવાનું ગમે છે અને તે બીજા કોઈ વિષયને લગતા ગીત ગાતો નથી. ડીનીયો સૂર્ય અને ફૂલો સિવાયના કોઈ ગીતો ગાતો નથી.

૨. તા જેન નદીએ જવા ઈચ્છતો હતો, પરંતું તેણે હજુ તેનું ઘરકામ પુરૂં કર્યુ નથી. તેના પિતાજીએ કહ્યું કે કામ પુરૂં કર્યા પહેલાં તે નદીએ જઈ શકશે નહી, દુર્ભાગ્યવશ તા જેન

ગુસ્સે થઈ ગયો. તેની દાદીએ કહ્યું, બેટા, જો તું તારા પિતાજીની આજ્ઞાનું પાલન નહી કરે તો તારી કોઈપણ યોજનામાંથી બીજું કંઈ પરિણામ મળશે નહી.

**D.** વાર્તા

મોઢે કરવા માટે સમય ફાળવ્યા પછી, તમે તમારા વિદ્યાર્થીઓને નીચેની વાર્તા કહી શકો છો:

અબ્દુલબહા કારાનગરી અક્કામાં રહેતા હતા તે સમય દરમિયાન, તે શહેરમાં એક માણસ હતો જે તેમની સાથે ખૂબ ખરાબ વર્તન કરતો હતો. તે વિચારતો હતો કે અબ્દુલબહા એક ભલો માણસ ન હતો અને બહાઈઓ સાથે કરવામાં આવતું ગમે તેટલું ખરાબ વર્તન પરમેશ્વરની નજરમાં સ્વીકાર્ય હતું. વાસ્તવમાં તે માનતો હતો કે, બહાઈઓ પ્રત્યે ઘૃણા બતાવીને તે ઈશ્વર પ્રત્યેનો તેનો પ્રેમ વ્યક્ત કરતો હતો. તે તેના સંપૂર્ણ હૃદયથી અબ્દુલબહાને ધિક્કારતો હતો. તેના હદયમાં ધિક્કારની આગ વધારે ને વધારે તીવ્ર બનતી ગઈ અને તેના નસનસમાં ફેલાવવા લાગી, જેવી રીતે એક ફુટેલા માટલા માંથી પાણી બહાર ઢોળાઈ જાય છે તેવી રીતે ઘણીવાર તેનો ધિક્કાર પણ બહાર દેખાઈ રહ્યો હતો, મસ્જિદમાં, જ્યારે લોકો નમાજ પડવા આવતા ત્યારે આ માણસ અબ્દુલબહાના વિરોધમાં બૂમબરાડા પાડતો અને તેમના ઉપર ગંભીર આરોપ લગાવતો. રસ્તામાં જ્યારે તે અબ્દુલબહાની બાજુમાંથી પસાર થતો, ત્યારે તે તેના કપડાથી તેનો ચહેરો ઢાંકી લેતો જેથી તે અબ્દુલબહાનો ચહેરો જોઈ શકે નહિ.

આ માણસ ખૂબ ગરીબ હતો, તેની પાસે પુરતું ખાવાનું કે પહેરવા માટે પુરતા ગરમ કપડા પણ ન હતા. તમારા મતે અબ્દુલબહાએ તેમના માટે શું કર્યુ હશે ? અબ્દુલબહાએ તેમના પ્રત્યે દયાભાવના બતાવી, તેને ભોજન પુરૂં પાડયું, તેને કપડા આપ્યા અને તેની સંભાળ રાખવામાં આવે તેની કાળજી લીધી. દાખલા તરીકે, એક વખત જ્યારે આ માણસ ખૂબ બીમાર હતો ત્યારે અબ્દુલબહાએ તેના માટે ડોકટરની વ્યવસ્થા કરી, તેની દવા અને ભોજનનો ખર્ચ ચુકવ્યો અને તેને થોડા પૈસા પણ આપ્યા. તેણે અબ્દુલબહા તરફથી ભેટ સ્વીકારી પણ તેમનો આભાર વ્યકત કર્યો નહિ. વાસ્તવમાં, આ માણસે તેની નાડી તપાસવા માટે એક હાથ ડોકટરને આપ્યો ત્યારે તેના બીજા હાથથી પોતાનો ચહેરો ઢાંકી લીધો જેથી તે અબ્દુલબહાનો ચહેરો જાઈ શકે નહિ. આવું ઘણાં વર્ષો સુંધી ચાલુ રહ્યું. અંતે એક દિવસ આ માણસનું હૃદય પીગળી ગયું. તેઓ અબ્દુલબહાના ઘરે ગયા, તેમના પગમાં પડી ગયા અને એકદ્મ ભારે હદય સાથે બે નદીઓની ધારાની જેમ તેના આંખમાં આસુંઓની ધારા સાથે રડવા લાગ્યા. ‘‘મને માફ કરો, સાહેબ ! ચોવીસ વર્ષ મેં તમારી સાથે દુષ્ટ વર્તન કર્યુ અને તમે ચોવીસ વર્ષ સુંધી મારા પ્રત્યે ભલાઈ દાખવી. હવે મને ખબર પડે છે કે હું ખોટો હતો. મહેરબાની કરીને મને માફ કરો !’’ આવી રીતે ધિક્કારની સામે અબ્દુલબહાના મહાન પ્રેમનો વિજય થયો.

**E.** રમત: “પુલ”

બીજી પ્રવૃતિ માટે, જમીન ઉપર એક લાઈન બનાવવા માટે તમે પાટલીઓ, પાટીયા, ઈંટો કે લાદીઓનો ઉપયોગ કરી શકો છો. બાળકોને બે જૂથમાં વિભાજિત કરો અને તેમને કહો કે બંન્ને જૂથોએ એક જ સમયે, એકબીજાની વિરૂધ્ધ દિશામાંથી આવીને, કોઈને પણ પુલ ઉપરથી નીચે પડવા દીધા વગર, તેના ઉપરથી પસાર થવાનું છે. બાળકો શોધી કાઢશે કે, તેમણેં એક એક કરીને પુલ

પરથી પસાર થતાં એકબીજાને જગ્યા આપતી વખતે, જગ્યા બદલતી વખતે એકબીજાની મદદ કરવાની જરૂર પડશે.

તેમની મદદ કરવા માટે, તમે બાળકોને ધીરેધીરે માર્ગદર્શન આપી શકો છો અને તેમને એક એક પગલું આગળ વધવામાં મદદ કરી શકો છો. બધા બાળકોને પુલ ઉપર એકી સાથે ઉભા રાખવાને બદલે, તમે થોડા બાળકો, એક સમયે બે બાળકો સાથે પ્રેકટીસ કરાવી શકો છો. કેટલીક વાર નિદર્શ ન કર્યા પછી, બધા તેમાં ભાગ લે ત્યાં સુધી, પુલ ઉપર બાળકોની સંખ્યામાં વધારો કરી શકાય છે.

F. રંગપુરણી: ચિત્ર ૩

રમત પછી, તમે છેલ્લી પ્રવૃત્તિ તરીકે રંગકામ કરવા માટે દરેક બાળકને ચિત્ર નં. ૩ ની એક એક નકલ આપી શકો છો. ચિત્ર કેવી રીતે પાઠના મુખ્ય વિષય સાથે સંબંધિત છે તેના વિશે થોડી વાત કરવાનું યાદ રાખો.

G. સમાપન પ્રાર્થના

વર્ગ પૂરો કરવા માટે, બે કે ત્રણ બાળકો પ્રાર્થના કરતા હોય કે તેમને મોઢે આવડતું અવતરણ બોલતા હોય ત્યારે, તમારા વિદ્યાર્થીઓને શાંતિથી બેસવા પ્રોત્સાહન આપો. તેના પછી તમે અથવા કોઈ એક બાળક સમાપન પ્રાર્થના કરી શકો છો.

## પાઠ ૪

### A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

શરૂઆતની પ્રાર્થનાઓ પછી, તમારા વિદ્યાર્થીઓ છેલ્લા થોડા પાઠમાં જે પ્રાર્થના મોઢે કરી રહ્યા છે તેનું તેમની સાથે પુનરાવર્તન કરો.

### B. ગીત

બીજી પ્રવૃત્તિ માટે, બાળકોને સત્યવાદીતાના મુખ્ય વિષય પર આધારિત આ નવું ગીત શીખવતા પહેલાં, બાળકો અગાઉના પાઠોમાં જે ગીતો શીખી ગયા છે તે ગીતો ગવડાવો:

સાચા શબ્દો

એક અરિસો જે ધૂળવાળો<br>
તે સુરજના તેજ પ્રકાશને પ્રગટ કરી શકતો નથી<br>
એક પક્ષી જેની પાંખો કાદવ કિચ્ચડ વાળી છે<br>
તે ઉડવા માટે સક્ષમ નથી....<br>
જયારે આપણા શબ્દો સાચા હોય છે<br>
ત્યારે આપણો આત્મા પ્રગતિ કરે છે<br>
આપણે જાણીએ છીએ કે સત્યવાદીતા

બધા માનવીય ગુણોનો પાયો છે....

એક વહાણ જો તે ફાટેલી લંગરનો ઉપયોગ કરે છે તો

તે પવનનો સામનો કરી શકશે નહિ

જો આંખો પડદામાં આવરિત છે તો

તે આગળનો માર્ગ જોઈ શકશે નહિ...

**B. અવતરણ મોઢે કરવું**

સુચન કરવામાં આવે છે કે તમે આવી રીતે પાઠનો મુખ્ય વિષય અને મોઢે કરવાનું અવતરણ વિશે સમજાવો.

> સત્યવાદીતા એક સૌથી મહત્વનો આધ્યાત્મિક ગુણ છે જે દરેક વ્યક્તિ પાસે હોવો જોઈએ. જો કોઈ પણ વ્યક્તિને ખબર પડે એવું નહિ હોય છતાત્ત આપણેં કદી નાનું સરખું પણ જુઠુ બોલવું જોઈએ નહિ. અમુક વાર તેઓ જુઠુ બોલે છે કારણકે તેઓ સાચુ બોલવાથી ડરે છે. પરંતું આપણે જાણીએ છીએ કે પરમેશ્વર આપણા બધા કાર્યોનો જાણકાર છે અને આપણે તેમનાથી કશું છુપાવી શકતા નથી. જો આપણે સત્યવાદી નથી તો આપણાં માટે બીજા સદગુણો, જેમકે ન્યાય, પ્રેમ અને દયાનો વિકાસ કરવાનું ખૂબ મુશ્કેલ બની જશે અને આપણે પરમેશ્વરનું સાંનિધ્ય પ્રાપ્ત કરી શકીશું નહિ. ચાલો આપણે અબ્દુલબહાનું નીચેનું અવતરણ મોઢે કરીએ:

**“સત્યવાદીતા બધાજ માનવીય સદગુણોનો પાયો છે.”**[૧૦૨]

નીચે થોડા વાકયો  આપવામાં આવ્યા છે, તે ઉપરના અવતરણમાં બાળકોને કઠીન લાગતા શબ્દોનો અર્થ સમજાવવામાં તમારી મદદ કરશે.

*સત્યવાદીતા*

૧. સંજયે ગ્લાસ નીચે પાડી દીધો અને તૂટી ગયો. જયારે તેની માતાએ પૂછયું કે શું થયું ત્યારે, તેણે તેની માતાને સાચું કહી દીધું અને તે જુઠુ બોલ્યો નહિ. સંજયે સત્યવાદીતા વર્તન કર્યું.

૨. એક દિવસે સાંજે ગીતાએ એટલો બધો સમય રમવામાં ગાળ્યો કે તેણેં તેનું ઘરકામ પુરૂં કર્યુ ં નહિં. બીજા દિવસે, જયારે ઘરકામ જમા કરવાનો સમય આવ્યો ત્યારે, તેને લાગ્યું કે શિક્ષક નારાજ થશે, છતાં તેણે નક્કી કર્યું કે તેણે શિક્ષકને સાચું કહી દેવું જોઈએ. ગીતાએ સત્યવાદી વર્તન કર્યું.

*પાયો*

૧. આલોકના પિતા ઘર બનાવી રહ્યા હતા. દિવાલનું ચણતર કરતાં પહેલાં તેણે જમીનમાં પથ્થર અને સિમેન્ટનું બાંધકામ કર્યું જેના પર દિવાલનું ચણતર કરી શકાય. પથ્થર અને સિમેન્ટ ઘરનાં પાયાની રચના કરે છે. તે ઘરને જકડી રાખવાના મદદ કરે છે.

૨. વાંચવાનું અને લખવાનું શીખતાં પહેલાં તમને કક્કા અને તેનો ઉચ્ચાર શીખવાની જરૂર પડે છે. કક્કાનો ઉચ્ચાર કરવાનું શીખવું એ વાંચવા અને લખવાનું શીખવાનો પાયો છે.

*સદગુણ*

૧. અરોરા મિત્રતાપૂર્ણ, વિનયી અને દયાળુ છે. મિત્રતા, વિનય અને દયા અરોરાના ઘણાં સદગુણોમાંથી કેટલાક સદગુણો છે.

૨. શ્રીમતી પટેલ બાળકોને ન્યાય, ઉદારતા, વિનમ્રતા અને પ્રમાણિકતા વિશે શીખવે છે. આ કેટલાક સદગુણો છે જેનો દરેકે વિકાસ કરવો જોઈએ.

## C. વાર્તા

બીજી પ્રવૃત્તિ તરીકે, તમે તમારા વિદ્યાર્થીઓને નીચેની વાર્તા સંભાળાવી શકો છો જે સત્યવાદીતાના ગુણ વિશે વિચાર કરવામાં તેમની મદદ કરશે.

*ઘણાં સમય પહેલા, દૂર દેશના એક ગામમાં એક યુવાન ગોવાળીયો રહેતો હતો, તેના પિતા ખેતરમાં કામ કરતા હતા અને તેની માતા ઘરની સંભાળ રાખતી હતી, તેનું કામ તેના પરિવારના ઘેટાંની સંભાળ રાખવાનું હતું. એક દિવસ આ છોકરોને ખૂબ કંટાળો આવ્યો અને તેથી તેણે તેના પડોશીઓને છેતરવાની યુક્તિ અજમાવવાનું નક્કી કર્યું. એકાએક તે જોર જોરથી બૂમ પાડવા લાગ્યો ''વાઘ આવ્યો રે, વાઘ આવ્યો ! વાઘ ઘેટાંને મારીને ખાઈ ગયો !'' આ બૂમ સાંભળીને તેના બધાં મિત્રો વાઘને ભગાડવા માટે દોડતાં દોડતાં આવી ગયા, પણ ત્યા આવીને જોયું તો આ યુવાન ગોવાળીયો તો જોર જોરથી તેમના પર હસવા લાગ્યો, કારણકે તેઓ છેતરાયા હતા અને આજુબાજુ કયાંય વાઘ દેખાતો ન હતો. આ છેકરાએ ખૂબ ખરાબ વર્તન કર્યું છે એવી વાતો કરતાં કરતાં તેના બધા મિત્રો પોતપોતાના કામે પરત ગયા.*

બીજા દિવસે પણ આ છોકરાએ તેની મૂર્ખતાનું પુનરાવર્તન કર્યું. ''વાઘ આવ્યો રે, વાઘ આવ્યો !, બચાવો..., બચાવો...'' થોડાક પડોશીઓ ફરીથી તેની મદદ માટે દોડી આવ્યાં, આવીને જોયું તો આ યુવાન ગોવાળીયો તેમને જોઈને હસતો હતો, કારણકે આ વખતે પણ તે જુઠુ બોલી રહ્યો હતો. ત્રીજા દિવસે, જ્યારે છોકરાને બધાંએ બૂમ પાડતાં સાંભળ્યું, ''વાઘ આવ્યો રે, વાઘ આવ્યો ! મારા ઘેટાંને મારીને ખાઈ ગયો !'' ત્યારે કોઈએ તેના તરફ ધ્યાન આપ્યું નહિ, કારણકે તેમને લાગતું હતું કે તે ફરી વાર બધાંને છેતરી રહ્યો હશે. તે દિવસે ખરેખર વાઘ આવ્યો અને બધાં ઘેટાંને મારીને ખાઈ ગયો. યુવાન ગોવાળીયાને ખૂબ દુ:ખ થયું, પણ તે દિવસે તેને એક સારો પાઠ શીખવા મળ્યો. જો આપણે જુઠુ બોલીશું તો એક દિવસ એવો આવશે કે જ્યારે આપણે સાચું બોલતાં હોઈશું તો પણ આપણા માતા-પિતા, આપણા ભાઈઓ અને બહેનો કે આપણા મિત્રો પણ આપણા ઉપર વિશ્વાસ કરશે નહી.

## D. રમત: "ટેલિફોન"

વાર્તા સંભળાવ્યા પછી, તમે બાળકોને રમત રમાડી શકો છો. બાળકોને એક લાઈનમાં ઊભા રહેવાનું કહો. બધાએ એક જ દિશામાં તેમનું મોઢું રાખવું જોઈએ, અને સૌથી આગળ ઊભેલા બાળકે દિવાલ કે ઝાડ ઉપર ટીંગાળેલા કાગળના ટુકડા તરફ અથવા ઉપલબ્ધ હોય તો બ્લેકબોર્ડ તરફ નજર રાખવી જોઈએ. તેને લખવા માટે કોઈ વસ્તુની જરૂર પડશે. જો બાળકોની સંખ્યા વધારે હોય તો, એક કરતાં વધારે લાઈન બનાવી શકાય છે.

હવે તમારી આંગળીનો ઉપયોગ કરીને, લાઈનમાં છેલ્લે ઉભેલા બાળકની પીઠ ઉપર એક ચિત્ર કે આકાર દોરો. આ બાળક તેના આગળના બાળકની પીઠ ઉપર તે ચિત્ર દોરશે. બીજું બાળક તેના આગળના બાળકની પીઠ ઉપર તે ચિત્ર દોરશે. અને એવી રીતે પહેલું બાળક કાગળ ઉપર અથવા બ્લેક બોર્ડ ઉપર ચિત્ર દોરે ત્યાં સુંધી રમત આગળ ચાલશે. હવે તમે છેલ્લા બાળકની પીઠ ઉપર જે ચિત્ર દોર્યું હતુ તે ચિત્ર તેની બાજુમાં દોરો. તમારૂં ચિત્ર સરળ હોવું જોઈએ જેથી બધાં બાળકો સરળતાથી દોરી શકે.

E. રંગપુરણી: ચિત્ર ૪

બીજી પ્રવૃતિ તરિકે, તમે બાળકોએ રંગકામ કરવા માટે ચિત્ર ૪ ની એક એક નકલ આપી શકો છો.

F. સમાપન પ્રાર્થના

હંમેશની જેમ, જયારે અવતરણો અને પ્રાર્થનાઓનું ગાન કરવામાં આવે ત્યારે બાળકોને શાંતિથી બેસવાનું કહીને વર્ગ પૂરો કરો.

## પાઠ ૫

### A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

આ અને આગામી ત્રણ પાઠ માટે, તમને મોઢે આવતી બીજી પ્રાર્થનાથી તમે વર્ગ શરૂ કરી શકો છો, અને આ ઉદ્વેશ માટે વિભાગ ૬ માં એક પ્રાર્થનાનું સૂચન કરવામાં આવ્યું છે. તમારી સાથે કેટલાક બાળકો શરૂઆતની પ્રાર્થનાઓ કરે તેના પછી, તમે નીચે આપેલી પ્રાર્થનાનો પરિચય આપી શકો છો જે બાળકોએ મોઢે કરવાની છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે બધા બાળકો આ વર્ગ માં પ્રાર્થનાની ઓછામાં ઓછી એક કડી મોઢે કરી શકશે અને પાઠ ૮ સુધીમાં આખી પ્રાર્થના મોઢે બોલી શકશે.

> **"હે ઈશ્વર મને માર્ગદર્શન આપ, મારૂ રક્ષણ કર,મને તેજસ્વી દિવો અને દૈદિપ્યમાન તારો બનાવ, તું શકિતમાન અને સમર્થ છે."**[૧૦૩]

### B. ગીત

આ પાઠ માટે, બાળકોને નીચેનું ગીત શીખવવાની સાથે, તમે તેઓ અગાઉના પાઠોમાં જે ગીતો શીખી ગયા છે તે ગીતો તેમની સાથે ગાઈ શકો છો.

ઉદારતાનો ફૂવારો

ફુવારો બનો ઝરણું બનો

બનો નિરંતર વહેતી ધારા

આ સત્ય છે કે જો તમે બનશો

ખુશી તમારી પાસે આવશે

...ફૂવારો બનો...

દરરોજ તમારા અંતરમાં જુઓ
શું તેમા કંઈક આપવા જેવું છે
પ્રસન્નતા તમારૂં લક્ષ છે
આપો હૃદય અને આપો આત્મા
...ફૂવારો બનો...
જો તમે આવું કરશો તો
પ્રભુ હંમેશા સાથે રહેશે
...ફૂવારો બનો...

**B. અવતરણ મોઢે કરવું**

આજે બાળકો જે અવતરણ મોઢે કરવાનાં છે તેની રજુઆત કરવામાં, નીચેના વિચારો તમારી મદદ કરશે:

પરમેશ્વર તેના સર્જન પ્રત્યે ખૂબ ઉદાર છે. તે છોડ માટે વરસાદ વરસાવે છે તથા પ્રાણીઓ અને મનુષ્યો માટે ખોરાક અને પોષણ પુરૂં પાડે છે. તે આપણાં બધાંની સંભાળ રાખે છે. તેણે આપણને અનેક ઉપહાર આપ્યા છે: આંખો આપી છે જેનાથી આપણે પર્વતો, નદીઓ, તારા અને આપણી આજુબાજુનું બધું સૌંદર્ય જોઈ શકીએ છીએ; ગીતોના મધૂર સૂર, પક્ષીઓનો કલરવ, આપણા વાલીઓની સલાહ, અને ઈશ્વરના વચનો સાંભળવા માટે કાન આપ્યા છે. તેણે આપણને બુદ્ધિ આપી છે જેનાથી આપણે બ્રહ્માંડના રહસ્યો વિશે શીખી શકીએ છીએ, આ બધાથી ઉપર, તેણે આપણને આધ્યાત્મિક શક્તિઓ આપી છે જેનાથી આપણે તેને જાણી શકીએ છીએ અને તેને પ્રેમ કરી શકીએ છીએ. જેવી રીતે પરમેશ્વર આપણાં પ્રત્યે ઉદાર છે તેવી જ રીતે આપણે બીજા પ્રત્યે ઉદાર બનવું જોઈએ. બીજાની જરૂરીયાતો પુરી કરવા માટે આપણી પાસે જે છે -આપણો ખોરાક, આપણી સંપતિ, આપણો સમય, આપણું જ્ઞાન આપવું જોઈએ. આપણે આપણો પ્રેમ, આપણો આનંદ, આપણે આપણા ઘરમાં અને શાળામાં જે સારી ચીજો શીખીએ છીએ તેની આપ-લે કરવી જોઈએ. ઉદાર બનવાના આપણા પ્રયત્નોમાં આપણી મદદ કરવા માટે, ચાલો આપણે બહાઉલ્લાહનું આ અવતરણ મોઢે કરીએ જે આપણને પરમેશ્વરની ઉદારતાની યાદ અપાવે છે:

**"આપવું અને ઉદાર બનવું એ તો મારા ગુણો છે, જે મારા ગુણોથી સ્વયંને શણગારે છે તેનું શુભ થાય છે."**[૧૦૪]

*ઉદાર*

૧. રામ અને રાજેશે થોડા પૈસાની બચાવ્યા છે. તેમણે તેમના નાના ભાઈઓ અને બહેનો માટે પુસ્તકો ખરીદવાનું નક્કી કર્યું છે. રામ અને રાજેશ ઉદાર છે.

૨. શ્રીમતી. મર્ફીએ સવારનો સમય દિવસ મીઠાઈ બનાવવામાં પસાર કર્યો. શહેરમાં મીઠાઈ વેચવા જતાં પહેલાં તેણે તેના પડોશીઓને થોડી મીઠાઈ આપી. શ્રીમતી. મર્ફી ઉદાર છે.

*ગુણ*

૧. પથ્થર ખૂબ સખત પદાર્થ છે. સખતપણું એ પથ્થરનો એક ગુણ છે.

૨. શિક્ષક ચાર્લીને કહે છે કે, ''સખત કામ કરવાની તૈયારી એ તમારો એક સદ્‌ગુણ છે''.

*શણગારવું*

૧. આજે રાત્રે સમુદાય કેન્દ્રમાં એક પ્રાર્થનાસભા રાખવામાં આવી છે. રૂમમાં મુકવા માટે બાળકો થોડા ફૂલ તોડી લાવે છે. બાળકોએ બેઠક રૂમને ફૂલોથી શણગાર્યું છે.

૨. લી ફેંન્ગની મુસ્કુરાહટ ખૂબ મીઠી છે. મુસ્કુરાહટ હંમેશા તેના ચહેરાને શણગારે છે.

**C.** વાર્તા

આ પાઠમાં, તમે બાળકોને નીચેની વાર્તા કહેશો, જે ઉદારતાના ખ્યાલ વિશે ચિંતન કરવામાં તેમની મદદ કરશે :

> એક દિવસે, અબ્દુલબહાને ગોવાળીયા સાથે જંગલમાં દિવસ પસાર કરવા માટે એવા માણસ દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું જે તેમના પિતાજીના ઘેટાંની સંભાળ રાખતા હતા. તે વખતે અબ્દુલબહા એક નાના બાળક હતા, તેમજ હજુ સુંધીમાં બહાઉલ્લાહ અને તેમના પરિવાર ઉપર અત્યાચારોની શરૂઆત થઈ ન હતી. તે વખતે બહાઉલ્લાહ પાસે પર્વતો પર વિશાળ પ્રમાણમાં જમીન હતી અને તેમની પાસે ઘેંટાના વિશાળ ઝુંડ પણ હતા. તેમની માતાની સહમતિથી અબ્દુલબહા ગોવાળીયા સાથે રહ્યા અને તેમની સંગતમાં સુંદર રીતે એક દિવસ પસાર કર્યો, કારણકે તેમણેં ગીતો ગાયા, નાચ્યા અને સુંદર મિસ્ટાન તૈયાર કર્યુ ંહતું. જયારે દિવસ પૂરો થયો અને અબ્દુલબહા ત્યાંથી પાછા જવાની તૈયારીમાં હતા ત્યારે, બધા ગોવાળીયા તેમની ચારેબાજુ ભેગા થઈ ગયા અને વિદાય માટે વક્તવ્યો આપ્યા, જેમાં તેમણેં સંકેત આપ્યો કે તેઓ તેમની પાસેથી કોઈ ભેંટ પ્રાપ્ત કરવાની અપેક્ષા રાખતા હતા. જે માણસ અબ્દુલબહાની સાથે આવ્યો હતો તેણેં સમજાવ્યું કે જેઓ જમીન અને ઘેંટાના માલિકો હતા તેઓ આવી રીતે વિદાય લેતી વખતે તેમને ભેંટ આપતા હતા અને આ તેમની એક પ્રથા હતી. અબ્દુલબહા થોડા સમય માટે ચુપ થઈ ગયા. એમની પાસે ભરવાડોને આપવા જેવું કશું હતું નહિ. પરંતું પેલા માણસે આગ્રહ કર્યો કે ગોવાળીયાને કોઈ વસ્તુની અપેક્ષા હતી. તેના પછી અબ્દુલબહાને એક વિચાર આવ્યો: કે જે ઘેંટાના ઝુંડની આ ગોવાળીયા સંભાળ રાખતા હતા તેમાંથી થોડા ઘેટાં અબ્દુલબહા તેમને આપી દેશે. અબ્દુલબહાના ગોવાળીયા પ્રત્યેના આ ઉદાર વિચારોની જ્યારે બહાઉલ્લાહને ખબર પડી ત્યારે તેઓ ખૂબ જ ખુશ થયા. તેમણે રમુજમાં ટકોર કરી કે બધાએ અબ્દુલબહાની બરાબર દેખરેખ રાખવી જોઈએ, કારણકે એક દિવસ તેઓ તેમની જાતને પણ આપી દેશે. નિશ:ક તેમના શેષ જીવનમાં અબ્દુલબહાએ ખરેખર આવું જ કર્યું. તેમણે આપણને એક કરવા અને આપણને સાચી ખુશી આપવા માટે તેમની પાસે જે કંઈ હતું તે બધું અને તેમના જીવનની દરેક ક્ષણ માનવજાતને અર્પણ કરી દીધી.

**D.** રમત: "જોડિયા"

વાર્તાના સમય પછી, હંમેશની જેમ બાળકો રમત રમશે. તેમને જોડીમાં વહેંચી દો, શક્ય હોય ત્યાં સુધી સરખી ઉંચાઈ ધરાવતા બાળકોને એક સાથે રાખો. દરેક જોડીને અકબીજા તરફ પીઠ

રાખીને ઊભા રહેવાનું અને પછી પલાઠી વાળીને બેસવાનું કહો. પછી તેમના હાથની કોણીને એક બીજાની કોણીઓમાં ભરાવીને બધાને એક સાથે ઊભા થવાનો પ્રયત્ન કરવાનું કહો.

E. રંગપુરણી: ચિત્ર ૫

છેલ્લી પ્રવૃતિ તરીકે, તમે બાળકોને રંગકામ કરવા માટે ચિત્ર ૫ ની નકલો આપી શકો છો.

F. સમાપન પ્રાર્થના

હંમેશની જેમ તમે અને કેટલાક બાળકો દ્વારા કરવામાં આવતી પ્રાર્થના અને અવતરણના ગાન સાથે વર્ગનું સમાપન કરી શકાય છે.

## પાઠ ૬

### A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

તમે અને કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી શરૂઆતની પ્રાર્થનાઓ પછી, તમે પાઠ ૫ માં શરૂ કરેલી પ્રાર્થના શીખવામાં બાળકોની મદદ કરી શકો છો.

### B. ગીત

બીજી પ્રાવૃતિ તરીકે, બાળકોને નીચેનું ગીત ગાવાનું શીખવો, જે પાઠના મુખ્ય વિષયને લગતું છે. તેઓ બીજા પણ ગીતો ગાઈ શકે છે, ખાસ કરીને એવા ગીતો જે ગીતો ગાવાનું તેમને ગમતું હોય.

ભાઈને અગ્રતા આપવી

ભાઈને અગ્રતા આપવી
એ છે એક આશીર્વાદ
તેની સંભાળ રાખવાનો
આ છે સુંદર એક માર્ગ
બહેનને અગ્રતા આપવી
એ છે એક આશીર્વાદ
તેની સંભાળ રાખવાનો
આ છે સુંદર એક માર્ગ...ભાઈને...
હું તરસ્યો છું તરસ્યો છું પણ
મારો ભાઈ પ્રથમ આવે
તેથી તેને હું પાણી પાઈ
તેની તરસ છીપાવીશ...ભાઈને...
હું ભૂખ્યો છું ભૂખ્યો છુ પણ

મારી બેન પ્રથમ આવે

તેથી તેને મારૂં ભોજન આપું

તેજ ઉચિત માર્ગ છે...બહેનને અગ્રતા આપવી...

**C. અવતરણ મોઢે કરવું**

આ પાઠમાં બાળકો બહાઉલ્લાહના લખાણોંમાંથી એક અવતરણનું ગાન કરવાનું શીખશે જે આપણને નિ:સ્વાર્થતાની યાદ અપાવે છે. તમે નીચે મુજબ આ વિષય સમજાવી કરી શકો છો:

> પરમેશ્વર આપણાં પૈકી દરેકને પ્રેમ કરે છે તથા તેને ઓળખવા અને તેને પ્રેમ કરવા માટે તેણેં માનવ-હૃદયનું સર્જન કર્યુ છે. જ્યારે આપણું હૃદય શુધ્ધ હોય છે, ત્યારે આપણે પરમેશ્વરની સૃષ્ટિમાં તેના ચિન્હો પ્રતિબિંબિત થતા જોઈ શકીએ છીએ. આપણે તેની ઉદારતા, તેની દયા, તેની કૃપા જોઈ શકીએ છીએ. પરમેશ્વર પ્રત્યેના આપણાં પ્રેમને કારણે આપણી આજુબાજુના બધા લોકોને-આપણા માતા પિતાને, આપણા મિત્રો અને પડોશીઓને -આપણે ખુશી અને આનંદ આપવા ઈચ્છીએ છીએ. આપણોં પ્રેમ એટલો મહાન છે કે, જીવનમાં આપણે જે સારી ચીજોની આપણાં માટે ઈચ્છા રાખીએ છીએ- તેનો તેમને આનંદ માણતા જોઈને આપણને સૌથી વધારે ખુશી થાય છે અને આપણે આપણા સુખચેન કરતા બીજાના સુખચેનને પ્રાધાન્ય આપીએ છીએ. તેથી, આપણાં પોતાના વિશે વિચારતા પહેલાં, આપણે આપણાં સાથી મનુષ્યો વિશે વિચારીએ છીએ. ચાલો આપણેં બહાઉલ્લાહનું નીચેનું અવતરણ મોઢે કરીએ:

**"આશીવાર્દીત છે તે જે સ્વયં કરતા તેના ભાઈને પ્રાધાન્ય આપે છે,"[૧૦૫]**

*આશીર્વાદિત*

૧. એમિલીયાની માતા તેને દુકાનમાં જઈને પાંચ વસ્તુઓ ખરીદવાનું કહે છે. તે યાદી બનાવતી નથી પરંતું કોઈ વસ્તુ ભૂલ્યા વગર બધી વસ્તુઓ ખરીદવાનું યાદ રાખે છે. એમિલીયા સારી યાદ શક્તિથી આશીવાર્દીત છે.

૨. વિકટરનો પરિવાર દરરોજ સવારે તેમના ઘરના બેઠક રૂમમાં પ્રાર્થના કરે છે. વિકટરના ઘરનો પરિવાર પરમેશ્વરના સ્મરણથી આશીર્વાદિત છે.

*પ્રાધાન્ય આપવું*

૧. અનુષ્કાની દાદીને મરીવાળી ચા અને લીબુંવાળી ચા ગમે, પણ જ્યારે તેની પાસે પસંદગી હોય છે ત્યારે તે મરીવાળા ચા પસંદ કરે છે. તે મરીવાળા ચા ને પ્રાધાન્ય આપે છે.

૨. વેસ્ના બહાર જઈને રમી શકે છે અથવા બગીચામાં તેના પિતાજીની મદદ કરવા જઈ શકે છે. તે બગીચામાં તેના પિતાજીની મદદ કરવાનું નક્કી કરે છે. વેસ્ના તેના પિતાની મદદને પ્રાધાન્ય આપે છે.

**D.** વાર્તા

નીચેની વાર્તા, અબ્દુલ-બહા કેવી રીતે તેમના શબ્દો અને કાર્યોથી આપણને નિ:સ્વાર્થ તાનો માર્ગ બતાવતા હતા, તેનું ઉદાહરણ પુરુ પાડે છે.

અબ્દુલબહા પોતાના માટે સાદા કપડા પસંદ કરતા. તેમના માટે સૌથી મહત્વનું હતું કે તે એકદ્મ ચોખ્ખા હોય. જ્યારે પણ તેમની પાસે વધારાના કપડા રહેતા, ત્યારે તેઓ હંમેશા તે બીજાને આપી દેતાં. એક દિવસ તેઓ અક્કાના ગવર્નરને મળવા જવાના હતા. તેમની પત્નીએ વિચાર્યું કે આ પ્રસંગ માટે તેમની પાસે સારો કોટ હતો નહિ. થોડા સમય પહેલાં તેમના પત્ની દરજી પાસે ગયા અને અબ્દુલબહા માટે એક સુંદર કોટનો ઓર્ડર આપ્યો. જયારે ગવર્નરની મુલાકાતનો દિવસ આવ્યો, ત્યારે અબ્દુલબહા માટે નવો કોટ મુકવામાં આવ્યો હતો. પરંતું તેઓ તેમનો જૂનો કોટ શોધવા લાગ્યા. આટલો મોંઘો કોટ કેવી રીતે તેમનો હોઈ શકે છે ? એટલી જ કિંમતમાં શાદા પાંચ કોટ તૈયાર કરી શકાશે. તેમણે તેમની પત્નીને કહ્યું કે, ''ત્યારે તમે જોઈ શકશો કે, મારી પાસે એક નવો કોટ હશે એટલું જ નહી, પણ બીજા લોકોને આપવા માટે મારી પાસે ચાર નવા કોટ હશે.''

E. રમત: "ગોકળગાય"

બીજી પ્રવૃતિ માટે, બાળકોને કહો કે તેઓ ગોકળગાય બનવા જઈ રહ્યા છે. તેમાં સફળ થવા માટે, તેમણેં એક લાઈનમાં ઊભા રહેવું જોઈએ, એકબીજાના હાથ પકડી રાખવા જોઈએ અને હાથ છોડવા જોઈએ નહિ. લાઈનના એક છેડે આવેલી વ્યક્તિ કેન્દ્ર બનશે, અને તેણેં સ્થિર ઊભા રહેવું જોઈએ. બીજા છેડે આવેલા બાળકે બીજા બધાને કેન્દ્રમાં ઉભેલા બાળકની ફરતે ગોળ ફરવા માટે માર્ગદર્શન આપવું જોઈએ. ધીરે ધીરે તેમણે ગોળાકાર ફરવું જોઈએ અને એવી રીતે ગોકળગાયનો આકાર બનાવવો જોઈએ.

ઉપરોક્ત રમતના વિકલ્પ તરીકે બાળકોને ફરીથી લાઈનમાં ઊભા રહીને એકબીજાના હાથ પકડવાનું કહો. તેના પછી એક છેડાના બાળકને વર્તુળાકારમાં ફરવાનું શરૂ કરવાનું કહો અને ધીરે ધીરે બાકીના બાળકોને તેમની સાથે તેમનું અનુસરણ કરને એક વર્તુળાકારની બહાર બીજું વર્તુળ બનાવવા દો. આમ કરતી વખતે તેઓ એક બીજાના પગ ઉપર પગ નહી મૂકે તેની તેમને કાળજી રાખવાનું સમજાવો.

જો સમય અનુમતિ આપે તો, એક વાર બાળકો ગોકળગાયનો આકાર બનાવી લે પછી, જેઓ વચમાં હોય તેમને વાંકા વળવાનું કહો અને જે બાળક કેન્દ્રમાં છે તેને તેની બાજુના બાળકના બે હાથની વચ્ચેથી અને આવી રીતે બાકીના બાળકોના બે હાથની વચ્ચેથી ગોકળગાળને બહાર નિકળવા દો. બાકીના બાળકો પણ આવી જ રીતે એકબીજાના હાથ છોડયા વગર એકબીજાના હાથની નીચેથી બહાર આવે છે અને ફરીથી એક લાઈન બનાવે છે. સ્પષ્ટ છે કે આવી રીતે રમવા માટે, તમારી પાસે વર્ગમાં પૂરતી સંખ્યામાં બાળકો હોવા જોઈએ.

F. રંગપુરણી: ચિત્ર ૬

G. સમાપન પ્રાર્થના

## પાઠ ૭

### A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

તમે અને કેટલાક બાળકો શરૂઆતની પ્રાર્થના કરી લો, તેના પછી બાળકોએ પાઠ ૫ માં જે પ્રાર્થના મોઢે કરવાનું શરૂ કર્યું છે તેનું તમે બાળકો સાથે પુનરાવર્તન કરી શકો છો.

B. ગીત (અગાઉના ગીતોનું પુનરાવર્તન સહિત)

ખુશી આપે ઉડવાની પાંખો

ખુશી આપે ઉડવાની પાંખો, ખુશી આપે ઉડવાની પાંખો
ખુશી આપે ઉડવાની પાંખો, ખુશી આપે ઉડવાની પાખો
ખુશીના સમયમાં આપણી શક્તિ વૃદ્ધિ પામે
ખુશીના સમયમાં આપણી બુદ્ધિ તેજ બને
ખુશીના સમયમાં આપણી સમજ તેજ બને
ખુશી આપે...
પરંતું જ્યારે નિરાશા આવે, પરંતુ જ્યારે નિરાશા આવે
બનીએ આપણે કમજોર, આપણી શક્તિ બને નબળી
આપણી અંત:દ્રષ્ટિ બને કમજોર, આપણાં વિચારો બને કમજોર
આમ છતાં
ખુશી આપે ઉડવાની પાંખો, ખુશી આપે ઉડવાની પાખો
ખુશી આપે ઉડવાની પાંખો, ખુશી આપે ઉડવાની પાંખો
ખુશીના સમયમાં આપણી શક્તિ વૃદ્ધિ પામે
ખુશીના સમયમાં આપણી બુદ્ધિ તેજ બને
ખુશીના સમયમાં આપણી સમજ તેજ બને
ખુશી આપે ઉડવાની પાંખો, ખુશી આપે ઉડવાની પાંખો

C. અવતરણ મોઢે કરવું

બાળકો આ પાઠમાં જે અવતરણ મોઢે કરવાના છે તેના વિશે સમજાવવામાં નીચેનો ફકરો તમારી મદદ કરશે, જે આનંદના વિષય ઉપર કેન્દ્રિત છે :

> અબ્દુલ-બહા આપણને કહે છે કે, ખુશી આપણને પાંખો આપે છે, જ્યારે આપણે ખુશ હોઈએ છીએ ત્યારે આપણે સબળ હોઈએ છીએ, જ્યારે આપણે ખુશ હોઈએ છીએ ત્યારે આપણે ઝડપથી સમજી શકીએ છીએ. ખુશી એ માનવ-હૃદયનો એક ગુણ છે. જયારે હૃદયો ખુશીથી સભર હોય છે, ત્યારે આપણે આપણી દરેક બાજુ ઈશ્વરના આશીર્વાદ જોઈ શકીએ છીએ - જેમકે પ્રેમાળ માતા -પિતાના આશીર્વાદ, મિત્રતાનો આશીર્વાદ, અને આ બધાથી ઉપર ઈશ્વરને ઓળખવાનો અને તેને પ્રેમ કરવાનો આશીર્વાદ. આપણે બધી પરિસ્થિતિઓમાં ખુશ અને આનંદિત રહેવું જોઈએ અને બીજાને ખુશી આપવાનો આપણાથી શક્ય એટલો ઉત્તમ પ્રયત્ન કરવો જોઈએ. અબ્દુલ-બહા ઈચ્છે છે કે, બધા બાળકો તેજસ્વી દિપકોની જેમ ચોતરફ ખુશીનો પ્રકાશ ફેલાવે. આપણે હંમેશા ખુશ રહેવું જોઈએ તેના વિશે આપણને યાદ અપાવતા રહેવામાં આપણી મદદ કરવા માટે, ચાલો આપણે નીચેનું અવતરણ મોઢે કરી લઈએ :

**"હે માનવ પુત્ર! તારા હૃદયની પ્રસન્નતામાં આનંદીત થા જેથી તું મારા મિલન અને મારા સૌંદર્યને પ્રતિબિંબિત કરવા યોગ્ય બની શકે."**[૧૦૬]

*આનંદીત*

૧. રોનાલ્ડ તેના દાદા-દાદીથી ખૂબ દૂર રહે છે. તેને જ્યારે ખબર પડે છે કે, શાળાની રજાના દિવસોમાં તે દાદા-દાદીને મળવા જશે, તો તે ખૂબ ખુશ થઈ જાય છે. તેનું હૃદય આનંદીત છે.

૨. મોઝગાન તેમના બગીચામાં કાકડીનો છોડ રોપવામાં તેના માતા પિતાની મદદ કરે છે. જ્યારે તેના વેલ પર નાની કાકડી દેખાવા લાગી, ત્યારે તેનું હૃદય આનંદિત થઈ ગયું.

*યોગ્ય*

૧. જોનાએ ખૂબ અભ્યાસ કર્યો અને સારા ગુણ મેળવ્યા. શિક્ષકે સખત મહેનત માટે તેની પ્રશંસા કરી. જોના તેના શિક્ષકની પ્રશંસાને યોગ્ય અને લાયક હતી.

૨. ડેવિડ હંમેશા તેના ભાઈઓ અને બહેનોની સારી સંભાળ રાખતો હતો. તેના માતા-પિતા જાણતા હતા કે, તેઓ બાળકોને તેના ભરોસે રાખી શકતા હતા. ડેવિડ તેના માતા-પિતાના વિશ્વાસને યોગ્ય હતો.

*પ્રતિબિંબ*

૩. અમરીએ તેને મળેલા પથ્થરને ત્યાં સુધી પોલિસ કર્યો જ્યાં સુધી તે એટલો ચળકતો બન્યો કે તે પ્રકાશને પ્રતિબિંબિત કરવા લાગ્યો.

૪. જે હૃદયો શુદ્ધ છે તે ઈશ્વરના ગુણોને પ્રતિબિંબિત કરે છે.

*સૌંદર્ય*

૧. ઈલેનાની માતાને આકાશમાં ઉડતા પક્ષીઓને, ફૂલોને ખીલતા અને દરિયાના મોજાને કિનારે ઉછળતા જોવાનો આનંદ થાય છે. તે પ્રકૃતિમાં સૌંદર્ય જુએ છે.

૨. કયારેક ગીતનું સૌંદર્ય આપણા હૃદયને એટલું સ્પર્શી જાય છે કે તે આપણી આંખોમાં આંસુ લાવી દે છે.

૩. જયારે પણ મુનીર પ્રાર્થના કરે છે, ત્યારે તે ઈશ્વરનું સૌંદર્ય, તેનો પ્રેમ, તેની ઉદારતા અને તેના શાણપણને યાદ કરે છે..

**D.** વાર્તા

નીચેની વાર્તા અબ્દુલ-બહા તેમની આજુબાજુ રહેતા લોકોના હૃદયોને કેવી રીતે ખુશી આપતા હતા તેનું ઉદાહરણ પુરૂં પાડશે.

લેરોય ઈયોસ એક વિશિષ્ટ બહાઈ હતા, તમે જ્યારે મોટા થશો ત્યારે તેના વિશે વધારે શીખશો. ૧૯૧૨માં જ્યારે માસ્ટરે શિકાગો શહેરની મુલાકાત લીધી હતી ત્યારે તેઓ એક નાના બાળક હતા. અબ્દુલ-બહાના સાંનિધ્યમાં રહેવાનો તેમને અવસર મળ્યો હતો, શું તમે આ આધ્યાત્મિક બાળકના ઉત્સાહની કલ્પના કરી શકો છો? એક દિવસ, લેરોય અને તેમના પિતાજી હોટલ તરફ જઈ રહ્યા હતા, જ્યાં અબ્દુલ-બહા રોકાયા હતા. લેરોયના

મનમાં એક વિચાર આવ્યો: તેમણે નક્કી કર્યું કે તે અબ્દુલ-બહા માટે થોડા ફુલ લઈ જશે. તેની પાસે થોડા પૈસા હતા, તેનાથી તેમણેં સફેદ ગુલાબના ફુલોનો એક સુંદર ગુલદસ્તો ખરીધો. પરંતુ તેઓ હોટલ પહોંચ્યા તેના પહેલાં, તેણે તેનો વિચાર બદલી નાખ્યો. તેણે નક્કી કર્યું કે, તે અબ્દુલ-બહાને કોઈ ભૌતિક વસ્તુ આપવા ઈચ્છતો નથી, સુંદર ફૂલ પણ નહી. તે અબ્દુલ-બહાને તેમનું દિલ અર્પણ કરશે. અબ્દુલ-બહાને અર્પણ કરવા યોગ્ય, તેની પાસે આ એક સૌથી મૂલ્યવાન ચીજ હતી. તેથી, ગુલદસ્તો કોણે ખરીધો હતો તેનો ઉલ્લેખ કર્યા વિના, લેરોયના પિતાજીએ અબ્દુલ-બહાને પુષ્પગુચ્છ અર્પણ  કરી દીધું.

તેના પછી, હોટલમાં તેમને મળવા આવેલા બધા મિત્રો સમક્ષ અબ્દુલ-બહાએ એક વક્તવ્ય આપ્યું. વક્તવ્ય દરમિયાન, લેરોય ચુપચાપ તેમના ચરણોમાં બેસી રહયાં, તેમના વિવેકી અને પ્રેમાળ શબ્દો સાંભળતા રહ્યા. તેના પછી, અબ્દુલ-બહા ઉભા થયા અને તેમણે મહેમાનો સાથે હાથ મેળવ્યા, અને તેમના પ્રેમના પ્રતિક રૂપે દરેક વ્યક્તિને એક એક સફેદ ગુલાબનું ફુલ આપ્યું. લેરોય હવે માસ્ટરની પાછળ ઉભો હતો. આ નાના બાળકના મનમાં વિચાર આવ્યો, “કાશ, અબ્દુલ-બહાએ પાછળ ફરીને મને પણ એક ફૂલ આપ્યું હોત”. કદાચ, મનમાં ને મનમાં તે ઈચ્છતો હતો કે, અબ્દુલ-બહા માટે ખરેખર આ સુંદર ફૂલ કોણ લાવ્યું હતું તેની તેમને ખબર પડે. પરંતુ ગુલાબના આ ફૂલ એક એક કરીને બધાને અપાઈ રહ્યાં હતાં, અને એવું લાગી રહયું હતું કે લેરોય માટે કોઈ ફુલ બાકી રહેવાનું નથી. તેના પછી, અચાનક, અબ્દુલ-બહા પાછળ ફર્યા અને તેમણેં લેરોય તરફ નજર કરી. તેમના મુખારવિંદમાં પ્રેમનું તેજ હતુ અને તેમની આંખો દયાળુતાથી સભર હતી. અને પછી શુ તેમણે લેરોયને એક સફેદ ગુલાબ આપ્યું ? નહિ ! અબ્દુલ-બહાએ તેને તેનાથી પણ વધારે અણમોલ કંઈક આપ્યું. અબ્દુલ-બહાના કોટ ઉપર લાલ ગુલાબનું એક સુંદર ફૂલ હતું. તેમણે આ ફૂલ કાઢીને આ નાના બાળકને આપ્યું. લેરોયનું હૃદય ખુશીથી નાચવા લાગ્યું. માસ્ટર જાણતા હતા કે, વાસ્તવમાં તેમના માટે આ સફેદ ગુલાબ કોણ લાવ્યું હતું.

### E. રમત: “ડ્રેગનની પુંછડી પકડવી”

આગળનીપ્રવૃતિ શરૂ કરવા માટે, બાળકોને તેમની આગળના બાળકના ખભે હાથ રાખીને, બધાને એક લાઈનમાં ઊભા રહેવાનું કહો. જે બાળક લાઈનમાં સૌથી આગળ હોય તે ડ્રેગનનું મોઢું હશે. લાઈનમાં સૌથી છેલ્લે ઊભેલો બાળક તે ડ્રેગનની પૂંછડી હશે, તે ડ્રેગનના મોઢાથી બચવા માટે ડાબી કે જમણી બાજુ આમતેમ ખસવા માટે તૈયાર છે. જ્યાં સુંધી “શરૂ કર” નો સંકેત આપવામાં નહિ આવે ત્યાં સુંધી, ડ્રેગને એક સીધી લાઈનમાં જ રહેવાનું હોય છે. એક બાળક ગણતરી કરે છે “એક, બે, ત્રણ, શરૂ કર” નો સંકેત આપે છે, ડ્રેગનનું માથું તેની પૂછડી તરફ આમ તેમ દોડે છે અને તેને પકડવાની કોશિશ કરે છે. ડ્રેગનના આખા શરીરે માથા સાથે આમ તેમ ખસવું જોઈએ અને અતુટ રહેવું જોઈએ. જો માથું તેની પૂંછડીને સ્પર્શ કરવામાં સફળ થાય છે, તો સૌથી આગળનું બાળક માથું બનીને રમતને ચાલુ રાખી શકે છે. જો પૂંછડીને પકડતા પહેલાં જ ડ્રેગનનું શરીર તુટી જાય છે, તો માથું પૂંછડી બની જાય છે અને લાઈનમાં તેના પછીનું બાળક ડ્રેગનનું માથું બની જાય છે. જ્યાં સુંધી દરેક બાળકને ઓછામાં ઓછું એક એક વાર માથું અને પૂંછડી બનવાનો મોકો નહી મળે ત્યાં સુંધી આ રમત ચાલુ રહે છે.

### F. રંગપુરણી: ચિત્ર ૭

### G. સમાપન પ્રાર્થના

## પાઠ ૮

### A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

હંમેશની જેમ તમને મોઢે હોય એવી કોઈ એક પ્રાર્થનાથી વર્ગની શરૂઆત કરો, અને પછી પહેલાથી પસંદ કરેલા કેટલાક બાળકોને પ્રાર્થના કરવાનું કહો. તેના પછી તમે તેમણેં પાઠ ૫ માં જે પ્રાર્થના મોઢે કરવાની શરૂઆત કરી છે તેનું તેમની સાથે પુનરાવર્તન કરી શકો છો.

### B. ગીત (અગાઉના ગીતોનું પુનરાવર્તન સહિત)

સદાસર્વદા

આપણે હંમેશા પ્રગટ કરવી જોઈએ
આપણી સત્યવાદીતા અને નિખાલસતા
આપણે હંમેશા પ્રગટ કરવી જોઈએ
આપણી સત્યવાદીતા અને નિખાલસતા
જયારે હું બોલું છું, ત્યારે હું મારા અંતરથી વાત કરૂં છું
હું દયાળુ અને સાચા શબ્દોને મારી કળા બનવા દઉં છું
અરે નિખાલસતા કેટલો મોટો ખજાનો છે
સુંદર મિક્ષચર છે પ્રમાણિહતા અને શુદ્ધતાનો
અરે નિખાલસતા કેટલો મોટો ખજાનો છે.

જયારે હું સેવા કરૂં છું, ત્યારે હું મારા અંતરથી કરૂં છું
હું આંખ બંધ કરીને ઈશ્વર વિશે વિચારૂં છું
હું મારી ઈચ્છાનો વિચાર કરતો નથી, મને શેની જરૂર છે તેનો
  હું વિચાર કરતો નથી
નિખાલસતા કેવી રીતે મારા શબ્દોમાં ચમકી શકે છે તેનો હું વિચાર કરૂં છું
  અરે નિખાલસતા કેટલો મોટો ખજાનો છે.

### C. અવતરણ મોઢે કરવું

આજે જે અવતરણ મોઢે કરવાનું છે તેના વિશે સમજાવવા માટે, તમે નીચેના વિચારો વિશે ચર્ચા કરી શકો છો, જે આ પાઠનો મુખ્ય વિષય સાથે સંબંધિત છે :

> જ્યારે આપણા શબ્દો અને કાર્યો જે આપણા હૃદયમાં છે તેને પ્રતિબિંબિત કરે છે, ત્યારે આપણે નિખાલસતાનો ગુણ પ્રગટ કરીએ છીએ. નિખાલસતા આપણને બીજા લોકો સાથેના આપણા વ્યવહારમાં સત્યવાદી અને વફાદાર બનવાની પ્રરણા આપે છે. દાખલા તરીકે, જ્યારે આપણે કહીએ છીએ કે આપણે જે કંઈ પણ કર્યું છે તેના માટે આપણે દિલગીર

છીએ, અને આપણે આપણાં મનમાં જાણીએ છીએ કે આપણે આપણાં દુષ્કૃત્યનું પુનરાવર્ત ન નહી કરવાનો શકય એવો દરેક પ્રયત્ન કરીશું. આપણી નિખાલસતાથી લોકો આપણા મનની શુધ્ધતા જોઈ શકે છે અને આપણા પર ભરોસો કરી શકે છે. આ ગુણના મહત્વ વિશે આપણી જાતને યાદ અપાવતાં રહેવા માટે, આપણે અબ્દુલબહાનું નીચેનું અવતરણ મોઢે કરીશું :

**"આપણે હંમેશા આપણી સત્યવાદીતા અને નિખાલસતા પ્રગટ કરવી જોઈએ...."**[૧૦૭]

*પ્રગટ કરવું*

૧. શેબા દરિયા કિનારે તેને મળેલી છીપની માટી સાફ કરીને, તે સુંદર અને ચમકતું થયું ત્યાં સુંધી તેને ચમકાવતી રહી. તેનું કામ પુરૂં થયું ત્યારે છીપની સાચી સુંદરતા પ્રગટ થવા લાગી.

૨. સૂર્ય ઉગ્યો ત્યારે સવારનું ધુમ્મસ દૂર થઈ ગયું, અને પર્વતની ભવ્યતા પ્રગટ થવા લાગી.

*નિખાલસતા*

૧. લીયોના સહધ્યાયી અભ્યાસ કરવાને બદલે મોટાભાગે રમત રમે છે. લીયોને ચિંતા થાય છે કે તેઓ શાળામાં સારૂં કરી શકશે નહિ, તેથી તે સૂચન કરે છે કે તેઓ બધા સાથે મળીને અભ્યાસ કરે અને તે એવી પદ્ધતિઓ વિશે વિચાર કરવાનો પ્રયત્ન કરે છે જેનાથી તેઓ અભ્યાસમાં એક બીજાની મદદ કરી શકે. લીયોની તેના સહધ્યાયી માટેની ચિંતા નિખાલસ છે.

૨. રોઝાએ તેની માં ને વચન આપ્યું હતું કે તે દરરોજ તેનું ઘરકામ પુરૂં કરશે. તેના માતા-પિતા ઘરે નહી હોય ત્યારે, રોઝા તેનું ઘરકામ પુરૂં કરવા સખત મહેનત કરે છે. રોઝા તેના વચનમાં નિખાલસ છે.

**D.** વાર્તા

આજે આ પાઠમાં તમે જે વાર્તાનું વર્ણન કરવાના છો તે બાળકોને વિચાર કરવામાં મદદ કરશે કે નિખાલતાનો ગુણ ધારણ કરવાનો અર્થ શું છે અને જયારે તેનો અભાવ હોય ત્યારે શું થાય છે.

*એક ઘરની પાછળ ઘણાં વર્ષો જુનું એક વિશાળ વૃક્ષ હતું જેની માલિકી પતિ, પત્ની અને તેમના બાળકોની હતી. જેમ જેમ આ વૃક્ષ મોટુ થતુ ગયુ તેમ તેમ તેની શાખાઓ ઉપર અને આજુબાજુ વિસ્તરતી ગઈ અને તેમના પરિવારના ઘરના પાછળના ભાગમાં છાંયડો આપવા લાગ્યું. ઠંડીની ઋતુમાં એક દિવસે સવારે જ્યારે પિતાજી આ વૃક્ષની નીચેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેઓ તેમના એક પડોશીને મળ્યા. થોડી વાર તો તેમણેં ગામમાં આવવા-જવાની વાતો કરી. તેના પછી, પડોશીએ વિશાળ વૃક્ષ તરફ જોઈને ઘરના માલિકને કહ્યુ, "તમે જાણો છો કે, આ મહાકાય વૃક્ષને કાપવાનો સમય આવી ગયો છે. આ ખૂબ ફેલાઈ રહ્યુ છે અને કાબુ બહાર વધી રહ્યું છે. જો તેની એક મોટી ડાળી તુટીને તમારા ઘર પર પડે તો શું થશે -અને તેનાથી પણ ખરાબ, તમારા બાળકો તેના છાયડાંમાં રમતા હોય ત્યારે જો તેમના ઉપર પડે તો શું થશે?" જયારે બંને જણા છૂટા પડયા ત્યારે, ઘરનો માલિક તેમના પડોશીની સલાહ વિશે વિચારવા લાગ્યો. તેને યાદ હોય તેના કરતાં પહેલાથી આ વૃક્ષ તેમના આગણામાં છે અને આજ દિન સુંધીમાં તેનાથી કોઈ નુકસાન થયુ નથી. ઉનાળામાં તેણેં સરસ છાંયડો આપ્યો છે અને શિયાળામાં ઠંડીના કાતિલ પવનોથી ઘરને રક્ષણ આપ્યું*

*છે. દેખાવમાં તો આ વૃક્ષ હજી મજબૂત અને અડીખમ છે. "આમ છતાં, મારા પડોશીની વાતમાં દમ છે," તે મનમાં વિચારવા લાગ્યા. "ઘણીવાર જે દેખાય છે તેવું હોતું નથી. જો તે દેખાય છે એટલું મજબૂત નહી હોય તો શુ થશે ? અને આવી રીતે તેમણેં વૃક્ષ કાપવાનો નિર્ણય કરી લીધો.*

*આ કામ ખૂબ કઠીન હતું, કારણકે તે વૃક્ષ ખરેખર ખૂબ મોટું હતુ અને તેની ઘણી ડાળીઓ અને શાખાઓ હતી, તેમાંથી અમુક તો ખૂબ ઉંચી હતી. વૃક્ષ કાપવાનું કામ પુરૂં થતાં જ તેમનો પડોશી આવી ગયો, આ વખતે તે તેમના બે બાળકો અને એક લારી લઈને આવી ગયો. ત્યાં પડેલા લાકડાના ઢગલા જોઈને, પડોશી કહેવા લાગ્યો, "આખરે તમે વૃક્ષ કાપવાનો નિર્ણય કરી લીધો, મને લાગે છે કે, આ ઢગલો હટાવવા માટે તમને કોઈની જરૂર હશે, અમે તમારી મદદ કરી શકીએ છીએ. હું મારી લારી અને મારા બંને બાળકોને લઈને આવ્યો છું, અને તમારા આગણાંમાંથી આ ઢગલો હટાવતાં અમને ખુશી થશે." કોઈ જવાબની રાહ જોયા વિના, તેમના બાળકો લાકડા લારીમાં ભરવા લાગી ગયા . તેઓ લાકડા લઈ જવા લાગ્યા ત્યારે, ઘરનો માલિક તે વૃક્ષના કપાયેલા થડ ઉપર બેઠો, જેણે તેમના ઘરને એટલો લાંબો સમય આશ્રય આપ્યો હતો. તેના પછી તેમને અહેસાસ થયો કે તેમના પડોશીને તેમના પરિવારની સુરક્ષાની ચિંતા ન હતી. પરંતું ઠંડીની મોસમમાં દેવતા બાળવા માટે તેમને લાકડાની જરૂર હતી. "ઘણીવાર જે દેખાય છે તે ખરેખર સાચુ હોતું નથી" તેમણેં નિસાસો લેતાં કહ્યું. કેટલા દુ :ખની વાત છે કે તે દિવસે આ પરિવારે તેમનું સુંદર વૃક્ષ ગુમાવી દીધું. પરંતુ તેના કરતાં દુ :ખની વાત હતી કે -તે પડોશીએ તેના મિત્રનો વિશ્વાસ અને ઈશ્વરની સુ-પ્રસન્નતા જીતવાની તક ગુમાવી દીધી હતી.*

**E. રમત: "ગરમ કે ઠંડુ"**

બાળકોમાંથી કોઈ એકના આંખે પાટો બાંધીને તેને જૂથમાંથી દૂર જવાનું કહેવામાં આવે. બાકીના બાળકો કોઈ નાની સરખી વસ્તુ, દા.ત. પેન્સિલ કે ચોક સંતાડી દે, પછી તે બાળકને પરત બોલાવવામાં આવે છે અને તેને છુપાવેલી વસ્તુ શોધી કાઢવાનું કહેવામાં આવે છે. બાળકો તાળીઓના ઈસારે તેની મદદ કરે છે. બાળક છુપાવેલી વસ્તુની નજીક જતો હોય ત્યારે તાળીઓનો અવાજ વધારે તેજ કરીને બાળકો તેની મદદ કરે છે. જો તે બાળક છુપાયેલી વસ્તુથી દૂર જવા લાગે તો તેમની તાળીઓનો અવાજ થીમો થતો જાય છે. તાળી પાડવાને બદલે, જેમ જેમ તે બાળક છુપાવેલી વસ્તુની નજીક પહોંચવા લાગે તેમ તેમ બાકીના બાળકો "ગરમ" "એકદમ ગરમ" જેવા શબ્દો પણ ઉચ્ચારી શકે છે. જો બાળક છુપાવેલી વસ્તુથી દૂર જઈ રહયો હોય તો તેઓ "ઠંડું", "વધારે ઠંડું", "બરફ જેવું ઠંડું" જેવા શબ્દો પણ ઉચ્ચારી શકે છે. બાળકો છુપાવેલી વસ્તું શોધી રહેલા તેમના મિત્રને ગેરમાર્ગે નહિ દોરે તેની તેમણેં કાળજી રાખવી જોઈએ; નહિ તો તે બીજા લોકોમાં તેનો વિશ્વાસ ગુમાવી દેશે અને રમત નિરર્થક પૂરવાર થશે.

**F. રંગપુરણી: ચિત્ર ૮**

**G. સમાપન પ્રાર્થના**

# પાઠ ૯

## A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

આ અને હવે પછીના ત્રણ પાઠની શરૂઆત કરવા માટે, મોઢે કરેલી એક પ્રાર્થના પસંદ કરો, દાખલા તરીકે એક પ્રાર્થના જેનું વિભાગ ૧૦ માં સૂચન કરવામાં આવ્યું છે. કેટલાક બાળકો તમારી સાથે શરૂઆતની પ્રાર્થનાઓ કરી શકે છે, તેના પછી તમે મોઢે કરવા માટે નીચે આપેલી પ્રાર્થનાનો પરિચય આપી શકો છો. બાળકો માટે આ પ્રાર્થના અગાઉની બે પ્રાર્થનાઓ કરતાં લાંબી છે, પરંતુ તેના વિશે સમજવું તેમના માટે કઠીન હશે નહિ અને તે બધાને પાઠ ૧૨ સુધીમાં તેમને મોઢે થઈ જવી જોઈએ.

> **"મંગલમય છે એ સ્થળ, અને એ ઘર, અને એ જગ્યા, અને એ નગર, અને એ હૃદય, અને એ પર્વત, અને એ આશ્રય, અને એ ગુફા, અને એ ખીણ, અને એ ભૂમિ, અને એ સાગર, અને એ દ્વીપ, અને એ ઉપવન જયાં પ્રભુ મહિમાં ગવાય છે, અને તેની સ્તુતિનું ગુણગાન થાય છે."**[૧૦૮]

## B. ગીત (અગાઉના ગીતોનું પુનરાવર્તન સહિત)

ઘરતી સમાન બનો

ધરતીને જુઓ કેવી વિનમ્ર છે
તેની પાસે ઈશ્વરનું ધન છે
આપણી બધી જરૂરી વસ્તુઓ છે
આપણે તેના પર રોજ ચાલીએ
શું તેને કયારે કહેતાં સાંભળી છે
હું છું તમારા કરતાં વધુ ધનવાન....ધરતીને જુઓ...
વૃક્ષને જુઓ કેવું વિનમ્ર છે
વધુ ફળ આપીને ઝૂકે છે
વધારે ધરતી પર ઝૂકીને
આપણને મીઠા ફળ આપે છે
શું તેને કયારે કહેતા સાંભળી છે
હું છું તમારા કરતાં વધુ ધનવાન....વૃક્ષને જુઓ...
ધરતી સમાન બનો
વૃક્ષ સમાન બનો
નમ્રતાથી પાંખો ફેલાવી
પ્રકાશ સ્વર્ગમાં ઉદય કરો...વૃક્ષને જુઓ...

## C. અવતરણ મોઢે કરવું

નીચે આપેલા વિચારો આ પાઠનો મુખ્ય વિશે અને આજે મોઢે કરવાના અવતરણની ચર્ચા કરવામાં તમારી મદદ કરશે.

> વિનમ્રતા એક ખૂબ મહત્વનો આધ્યાત્મિક ગુણ છે. જે લોકો પરમેશ્વર સમક્ષ વિનમ્ર હોય છે તેઓ પરમેશ્વર અને તેની સૃષ્ટિની મહાનતા વિશે સમજે છે. તેઓ સમજે છે કે, તેની સહાયતા અને કૃપા વિના, આપણેં કશુંજ હાંસલ કરી શકતા નથી. તે સર્વસમર્થ છે, સર્વ શક્તિમાન છે. અને જેવી રીતે આપણે તેમની સમક્ષ કદી ઘમંડ કરતા નથી એવી જ રીતે, આપણે તેની સમસ્ત સૃષ્ટિ સમક્ષ વિનમ્ર રહીએ છીએ. આપણે યાદ રાખીએ છીએ કે ધરતી અને તેના પર નિવાસ કરતા બધાનું તેના દ્વારા સર્જન કરવામાં આવ્યું છે અને તેઓ તેના ચિન્હો અને ગુણોને પ્રતિબિંબિત કરે છે. આપણે પ્રકૃતિનો આદર કરીએ છીએ અને આપણા હૃદયમાં જાણીએ છીએ કે હંમેશા આપણે તેમાંથી કંઈકને કંઈક શીખી શકીએ છીએ. ચાલો હવે આપણે નીચેનું અવતરણ મોઢે કરીએ:

> **"હે માનવ પુત્ર ! મારી સમક્ષ તારી જાતને વિનમ્ર બનાવ, જેથી હું અનુગ્રહપૂર્વક તને દર્શન આપી શકું."**[૧૦૯]

*વિનમ્ર*

૧. ઝૈનબ ખૂબ મહેનતથી તેનું ગણિતનું ઘરકામ કરે છે અને હંમેશા સારી રીતે પુરૂં કરે છે. તે વિનમ્ર છે અને કદી તેની સિધ્ધિઓની બડાઈ મારતી નથી

૨. યોન્ગ ફૂ ના પડોશના બાળકો શીખવા માટે આતુર છે, અને તેને તેમના માટે એક વર્ગની સ્થાપના કરવાનું કહેવામાં આવે છે. તેને ખૂબ જ ઓછો અનુભવ છે અને તેઓ પોતાની જાતને અક્ષમ માનતા હોવા છંતા, તેઓ પરમેશ્વરમાં તેનો વિશ્વાસ મુકીને કાર્યની શરૂઆત કરે છે. તે વિનમ્રતાથી કાર્ય શરૂ કરે છે..

*અનુગ્રહપૂર્વક*

૧. કેન્ડેસના પરિવારે તેમના કેટલાક પડોશીઓને તેમના ઘરે જમવા આમંત્રણ આપ્યું છે. જયારે પડોશીઓ આવે છે ત્યારે, કેન્ડેસ તેમનું ઉત્સાહથી સ્વાગત કરે છે અને અનુગ્રહપૂર્વક તેમને ઠંડુ પીણું આપે છે.

૨. જીઓવાની જુએ છે કે તેના પડોશી કરીયાણું ભરેલી થેલી લઈને ઘરે જવામાં મુશ્કેલી અનુભવી રહી છે, તેથી તે અનુગ્રહપૂર્વક થેલી ઘરે લઈ જવામાં તેની મદદ કરે છે.

## D. વાર્તા

> અબ્દુલબહાના સૌથી પ્રભાવશાળી ગુણોમાંથી એક ગુણ હતો વિનમ્રતા. તેમના મિત્રો તેમને અનેક ઉપનામ આપવા માંગતા હતા, પરંતું તેઓ હંમેશા અબ્દુલબહા નામથી જ ઓળખાવવા ઈચ્છતા હતા, તેનો અર્થ થાય છે "પ્રકાશનો સેવક". તેમની સૌથી મોટી ઈચ્છા સેવા કરવાની હતી. એક વાર કેટલાક શ્રીમંત મિત્રોએ ભોજન કરતાં પહેલાં તેમના હાથ ધોવડાવવાની એક ખાસ યોજના બનાવી. તેમણે શુધ્ધ પણી ભરેલો એક જગ અને એક સુંદર વાસણ લઈને સરસ કપડા પહેરેલા એક છોકરાને ઊભા રાખ્યા અને તેઓ પણ એક અત્તરવાળો ટુવાલ લઈને તેમની રાહ જોવા લાગ્યા. અબ્દુલબહાએ જ્યારે એક નાનો

છોકરો, વાસણ અને ટુવાલ સાથે આ જૂથને તેમની તરફ આવતાં જોયું ત્યારે તેમને તેમના ઉદ્દેશની ખબર પડી ગઈ. તેમણે તરત જ તેમની નજીકમાં પાણી હતું તેનાથી હાથ ધોઈ લીધા અને એક માળીના ટુવાલથી તેમના હાથ સાફ કરી લીધા. પ્રફુલ્લિત ચહેરે તેઓ તેમના મહેમાનોને મળવા ગયા અને તેમને બધાને ખાસ વ્યવસ્થા કરેલ પાણીથી તેમના હાથ ધોવા અને હાથ સાફ કરવા માટે ટુવાલનો ઉપયોગ કરવાનું કહ્યું.

E. **રમત: "અમુક વખતે અમે ઊંચા છીએ"**

એક બાળકના આખે પાટો બાંધી દો અને બાકીના બાળકોને તેની ફરતે ગેળાકાર બનાવવાનું કહો. તેઓ એક સૂરમાં બોલે છે :

"અમે ખૂબ ઊંચા છીએ." (તેઓ  તેમના પગના પંજા ઉપર ઊભા રહે છે અને શકય હોય એટલું તેમનું શરીર ઉપર તરફ ખેચે છે.)

"હું ખૂબ ઠીંગણા છીએં" (તેઓ  પલાઠી વાળીને બેસી જાય છે અને પોતાને શકય એટલા નાના બનાવે છે.)

"કયારેક અમે ઊંચા છીએં" (તેઓ ફરી શરીરને ઉપર તરફ ખેચેં છે)

"કયારેક અમે ઠીંગણા છીએં" (તેઓ ફરીથી પલાઠી વાળીને બેસી જાય છે.)

તેના પછી તમે બાળકોને ઈશારો કરશો કે તેમણે ઊંચા થવાનું  છે કે ઠીંગણા, અને બધા સાથે મળીને કહેશે :

"હવે અમે કેવા છીએ?"

આંખે પાટો બાંધેલ બાળક બાકીના બાળકોના અવાજના સ્તરના આધારે તેઓ "ઊંચા" છે કે "ઠીંગણા"તેને ઓળખવાનો પ્રયત્ન  કરે છે. વારા પ્રમાણે દરેક બાળકના આખે પાટો બાધવો જોઈએ.

**F.** રંગપુરણી: ચિત્ર ૯

**G.** **સમાપન પ્રાર્થના**

## પાઠ ૧૦

**A.** **પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી**

શરૂઆતની પ્રાર્થનાઓ પછી, બાળકો છેલ્લા વર્ગમાં શરૂ કરેલી પ્રાર્થના મોઢે કરવાનું ચાલુ રાખી શકે છે.

B. **ગીત (અગાઉના ગીતોનું પુનરાવર્તન સહિત)**

પ્રભુ હું તારો  ધન્યવાદ અને ગુણગાન કરૂં છું
પ્રભુ હું તારો ધન્યવાદ અને ગુણગાન કરૂં છું
દયાનો તાજ, મારા શિરે રાખવા માટે

હું જેટલો કૃતજ્ઞ રહીશ
તેટલો તે ઝળહળતો રહશે
પ્રભુ હું તારો ધન્યવાદ અને ગુણગાન કરૂં છું
પ્રભુ હું તારો ધન્યવાદ અને ગુણગાન કરૂં છું
જ્ઞાન અને પ્યાર હૃદયમાં ભરવા માટે
હું જેટલો કૃતજ્ઞ રહીશ
તેટલો તે ઝળહળતો રહશે
પ્રભુ હું તારો ધન્યવાદ અને ગુણગાન કરૂં છું
પ્રભુ હું તારો ધન્યવાદ અને ગુણગાન કરૂં છું
સત્યનો પ્રકાશ મારી આંખોમાં ચમકાવવા માટે
હું જેટલો કૃતજ્ઞ રહીશ
તેટલો તે ઝળહળતો રહશે
પ્રભુ હું તારો ધન્યવાદ અને ગુણગાન કરૂં છું...

### C. અવતરણ મોઢે કરવું

આજે જે અવતરણ માઢે કરવાનું છે તેનો તમે તમારા વિદ્યાર્થીઓને નીચે મુજબ પચિચય આપી શકો છો :

> જ્યારે આપણે કોઈ નાનામાં નાની ભેટ પણ પ્રાપ્ત કરીએ છીએ, ત્યારે જે વ્યક્તિ આપણને ભેટ આપે છે તેનો આપણે આભાર માનીએ છીએ. તો પછી ઈશ્વરની અસંખ્ય ભેટો અને કૃપાઓ -આપણી સંભાળ રાખવા માટેની આંખો, આપણને પ્રેમ કરવા માટેનું હૃદય, અને તેમણેં સર્જન કરેલી એવી બધી ચીજો જેનાથી આપણે વિકાસ અને વૃદ્ધિ પામીએ છીએ -તેના માટે આપણે તેનો કેટલો આભાર માનવો જોઈએ. અબ્દુલ-બહા આપણને કહે છે કે, પરમેશ્વરે આપણા ઉપર તેની કૃપાઓનો જે વરસાદ વરસાવ્યો છે અને તેમના પ્રેમથી આપણાં હૃદયોને તરબોળ કર્યા છે તેના માટે આપણે પરમેશ્વરનો આભાર માનવો જોઈએ. આપણે હંમેશા, મુશ્કેલીના સમયમાં પણ ઈશ્વરનો આભાર માનવો જોઈએ. પરમેશ્વર પત્યેની આભારની લાગણી, અધિક પ્રમાણમાં તેની અનંત ઉદારતા પ્રાપ્ત કરવામાં આપણને સક્ષમ બનાવે છે. ચાલો આપણે નીચેનું અવતરણ મોઢે કરીએ :

**"તમે ખુશ અને પ્રસન્ન રહો અને પરમેશ્વરને ધન્યવાદ આપવા માટે એવી રીતે ઉભા થાઓ કે, તે કૃતજ્ઞતા આશીર્વાદ વધારવામાં સહાયક બને."**[૧૧૦]

*ઉભા થવું કે ઉઠવું*

૧. સલમાની દાદી લાંબા સમયની બીમારી પછી તેને પથારીમાંથી ઉભી થઈને ચાલવા લાગી હતી, તેને જોઈને સલમાં ખૂબ ખૂશ હતી.

૨. બાળકો પ્રાર્થના કરવા માટે વહેલી સવારે ઉઠી જાય છે.

*સહાયક*

૧. નાદીયા હંમેશા સ્વચ્છ રહે છે. તે જાણે છે કે આધ્યાત્મિક વિકાસ માટે સ્વચ્છતા ખૂબ મહત્વપૂર્ણ છે. સ્વચ્છતા આધ્યાત્મિકતા માટે સહાયક છે.

૨. સેફના પરિવારના સભ્યો વચ્ચે સહકારની ભાવના છે અને તેઓ મહત્વની બાબતોમાં એકબીજાની મદદ કરે છે. તેઓ એકબીજાને સહકાર આપતા હોવાથી, તેઓ સંપીને રહે છે. સહકાર સંપ માટે સહાયક બને છે.

*વધારવા*

૧. ગયા વર્ષે, મારીયાની શાળામાં માત્ર પાંચ જ શિક્ષકો હતા. આ વર્ષે તેમાં આઠ શિક્ષકો છે. શાળામાં શિક્ષકોની સંખ્યામાં ત્રણનો વધારો થયો છે.

૨. શાયન એક આનંદી છોકરો છે, અને જયારે તે બીજા કોઈની મદદ કરે છે ત્યારે તેના આનંદમાં વધારો થાય છે. જયારે તે બીજાની સેવા કરે છે ત્યારે તેના આનંદમાં વધારો થાય છે.

**D.** વાર્તા

એક દિવસ, એક શ્રીમંત મહિલા ખૂબ જ દૂરથી પવિત્ર ભૂમિમાં અબ્દુલબહાને મળવા આવી હતી. લાંબા સમય સુધી તે તેની નાની નાની, એક પછી એક મુશ્કેલીઓનું વિસ્તારથી વર્ણન કરવા લાગી. અંતે, જ્યાં સુધી અબ્દુલબહાની બીજી મુલાકાતનો સમય થયો ત્યાં સુધી તેમણે થોડો સમય ધ્યાનથી સાંભળ્યું. જો કે, તેમના મહેમાનની રજા લેતા પહેલાં, તેમણેં બારીની બહાર ચાલતા એક સજજન તરફ ઈશારો કર્યો. “પેલો એક માણસ જાય છે, તેને હું તમને મળવા બોલાવીશ, તેમણેં કહ્યું. “તેનું નામ હૈદર અલી છે. તે ધરતી પર ચાલે છે પણ સ્વર્ગમાં રહે છે,” અબ્દુલબહાએ સમજાવ્યું. “તેની અનેક સમસ્યાઓ છે અને તે તમને તેના વિશે વાત કરશે.”

વાસ્તવમાં મિર્ઝા હૈદર અલીની અનેક સમસ્યા હતી. તે ઈરાન માંથી હતો, જ્યાં બહાઈઓ સાથે અન્યાયી અને ભારે કૃર વર્તન કરવામાં આવતું હતું. કેટલાકની ધરપકડ કરવામાં આવી હતી અને ખોટી રીતે કારાવાસમાં પૂરી દેવામાં આવ્યા હતા; બીજા લોકોને નફરત અને ગુસ્સાથી ભરેલા લોકો દ્વારા મારવામાં આવ્યા હતા. મિર્ઝા હૈદર અલીએ તેમના જીવનમાં સહન કરેલી બધી વેદના સાંભળીને તમારા હૃદયને ખૂબ દુઃખ થશે.

હવે અબ્દુલબહા મિર્ઝા હૈદર અલીને તેમના મહેમાનને મળવા બોલાવવા માટે બહાર ગયા. મહિલા સાથે તેમનો પરિચય કરાવ્યા પછી, અબ્દુલબહા જતા રહ્યા. તરત જ મિર્ઝા હૈદર અલી, તેઓ કેટલા અદ્ભૂત સમયમાં જીવી રહ્યા છે અને આગામી સમયમાં આવનારા ઈશ્વરના તમામ આશીર્વાદો વિશે મહાન આનંદ અને વિનમ્રતાથી તેની સાથે વાત કરવા લાગ્યા. મહેમાને થોડીવાર વાત સાંભળી અને પછી અધીરા થઈને બોલ્યા, “પણ અબ્દુલબહાએ કહ્યું હતું કે તમે મને તમારી મુશ્કેલીઓ વિશે જણાવશો.” મિર્ઝા હૈદર અલીએ આશ્ચર્યથી ઉપર જોયું. “મુશ્કેલીઓ ?” તેણે જવાબ આપ્યો. “કેમ મેડમ, મને કયારેય કોઈ તકલીફ પડી નથી. મને ખબર નથી કે મુશ્કેલીઓ શું છે.” નિઃશક, અબ્દુલબહા જાણતા હતા કે, હૈદર અલીએ અનેક મુશ્કેલીઓ વેઠી હોવા છતા, તે તેની ખુશીમાં કયારેય ખલેલ

પાડી શકી નથી, અને તેણેં જીવનમાં ભગવાને તેને આપેલા આશીર્વાદો જ જોયા હતા, જેના માટે તે આભારી હતો.

**E.** રમત: "ઝડપી ક્રિયા"

વિદ્યાર્થીઓને એક બીજાના હાથ પકડીને વર્તુળ બનાવવાનું કહો. પહેલા તેમને તેમના ડાબા અને પછી જમણા હાથને દબાવવાની પ્રેક્ટિસ કરાવો. તેના પછી, તેમને સમજાવો કે તેમણે જૂથ દ્વારા ''પલ્સ'' (ધબકાર) સિગ્નલ મોકલવાના છે. એક બાળક ઝડપથી તેની જમણી કે ડાબી બાજુના બાળકના હાથ દબાવીને શરૂ કરશે, જે તેની આગળના બાળકને સંકેત આપશે, અને આ સંકેત પ્રથમ બાળક સુંધી પહોંચે ત્યાં સુંધી આવો ક્રમ ચાલુ રહેશે. બાળકો માટે સમય નિર્ધારિત કરીને ઓછામાં ઓછા સમયમાં સંકેતનો ક્રમ પૂરો કરવાનો પડકાર આપવો જોઈએ. બાળકો જ્યારે મૂળભૂત રમત શીખી લે, તેના પછી તેમને વિરૂદ્ધ દિશામાં સંકેત પસાર કરવાનો અથવા સંકેતોની સંખ્યા વધારવાની સૂચના આપી શકો છો.

**F.** રંગપુરણી: ચિત્ર ૧૦

**G.** સમાપન પ્રાર્થના

## પાઠ ૧૧

**A.** પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

હમેશની જેમ તમને મોઢે આવતી એક પ્રાર્થનાથી પાઠની શરૂઆત કરો અને કેટલાક વિદ્યાર્થી ઓને પ્રાર્થના કરવા આમંત્રણ આપો. તેના પછી તમે પાઠ ૯ માં શરૂ કરેલી પ્રાર્થના મોઢે કરવાનું ચાલુ રાખવામાં બાળકોની મદદ કરી શકો છો.

B. ગીત (અગાઉના ગીતોનું પુનરાવર્તન સહિત)

સારૂં જોવું

મારૂં લક્ષ્ય છે ઉત્કૃષ્ટતા, એના માટે બહું દૂર જવાનું છે
આ માર્ગમાં મને મદદ મળે છે, જયારે હું દરરોજ કઈક સારૂં જોવું છું
હું તમારૂં કંઈ ખોટું જોઈશ, તે હું આ ગીતમાં ગાઈશ નહિ
તે હું મિત્રોને કહીશ નહી, તે હું ફરી વિચારીશ નહી... મારૂં લક્ષ્ય...
હું તમારામાં કંઈ સારૂં જોઉં, હું તમારામાં કંઈ સારૂં જોઉં
હું જાણું છું તમે તે જ ઈચ્છો, તમે પણ તેમ કરો, તે હું ઈચ્છું
ઈશ્વર મારામાં સારૂં જુએ છે, ... મારૂં લક્ષ્ય...
તે મારાંમાં સારૂં જુએ છે, અને હું જેમ બીજાના દોષો ઢાંકું,
હું ઈચ્છું છું કે એવી રીતે પ્રભુ મારા દોષો ઢાંકે .... મારૂં લક્ષ્ય....

અબ્દુલબહા બહુ જ્ઞાની, તમારી આંખોમાં તમારૂં હ્રદય જોતા

અને જયારે તેમણે કંઈક ખોટું જોયું, તેમને દૃઢ બનાવવાની રીત શોધી...મારૂં લક્ષ્ય...

જો હું તમારામાં દોષ જોવું, મારે શું કરવું તે હું જાણું

હું બીજાને કંઈ કહીશ નહિ, મારી જાતને પણ કહીશ નહિ... મારૂં લક્ષ્ય...

## C. અવતરણ મોઢે કરવું

સૂચન છે કે તમે તમારા વિદ્યાર્થીઓ સાથે નીચેના વિચારોની ચર્ચા દ્વારા તેમને આ પાઠનો વિષય અને આજે જે અવતરણ માઢે કરવાના છે તેનો પરિચય આપો:

> ક્ષમાશીલતા પરમેશ્વરનો એક ગુણ છે. અબ્દુલ-બહા હંમેશા મિત્રોને કહેતા કે તેમને એકબીજા પ્રત્યે ક્ષમાશીલ બનવું જોઈએ. આપણે ક્ષમાની નજરે જોવું જોઈએ અને એકબીજાના દોષો તરફ જોવું જોઈએ નહિ. જો આપણે, અબ્દુલ-બહાના ઉદાહરણનું અનુસરણ કરીશું તો, આપણાં મિત્રો ભૂલ કરતા હોય ત્યારે જ નહી, પરંતુ જે લોકો આપણાં પ્રત્યે દયાળુ વર્તન કરતા નથી એવા લોકો પ્રત્યે પણ ક્ષમાશીલતા બતાવીશું. ક્ષમાશીલ બનવાના આપણા પ્રયત્નમાં આપણી મદદ કરવા માટે, ચાલો આપણે નીચેનું અવતરણ મોઢે કરીએ:

**"…. ક્ષમાશીલતા અને દયા તથા જે પરમેશ્વરના પ્રિયજનના હ્રદયને પ્રસન્ન કરતું હોય, તેને તમારૂં આભુષણ બનાવો."** [૧૧૧]

*દયા*

૧. ઘણાં દિવસો સુધી વરસાદ વરસતો જ રહ્યો. ગામમાં પૂર આવ્યો ત્યાં સુધી વરસાદ બંધ થયો નહિ. વરસાદે કોઈ દયા બતાવી નહિ.

૨. જયારે આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે, તેઓ આપણી ભૂલોને ક્ષમા કરે છે. તેઓ આપણા પ્રત્યે તેમની દયા બતાવે છે.

*પ્રસન્ન*

૧. ઉર્સુલાની તબિયત સારી ન હતી. તેની સેહલી એલ્સી તેના માટે ફૂલ લાવી અને લાંબો વખત તેની સાથે બેસીને તેને વાર્તા સંભળાવતી રહી અને તેની સાથે વાતો કરતી રહી. એલ્સીની મુલાકાતથી ઉર્સુલાને સારૂં લાગ્યું. તેની મુલાકાતથી ઉર્સુલા પ્રસન્ન થઈ.

૨. શ્રીમતિ સાંચેઝના પતિ નોકરી માટે નજીકના શહેરમાં રહેતા હતા, તેમના તરફથી શ્રીમતી સાંચેઝને એક લાંબી ચિઠ્ઠી મળી. ચિઠ્ઠીમાં સારા સમાચારા હતા કે તેઓ જલ્દી ઘરે આવશે. આ સમાચારથી શ્રીમતી સાંચેઝ પ્રસન્ન થઈ.

*પ્રિય*

૧. શિક્ષિકા તેમના બધા વિધાર્થીઓને પ્રેમ કરતી હતી અને દરેકનું વિશેષ ધ્યાન રાખતી હતી. બધા તેમને પ્રિય હતા.

૨. શાળામાં જેમ્સને બધા વિષયો ગમતા હતા, છતાં વિજ્ઞાનમાં તે વધારે સારૂં કરતો હતો. વિજ્ઞાન તેનો સૌથી વધારે પ્રિય વિષય હતો.

**D.** વાર્તા

અબ્દુલબહા અક્કામાં રહેતા તે દિવસોમાં, ત્યાં એક ગવર્નર હતો, જે વારંવાર બહાઈઓને નુકશાન પહોંચાડવાની કોશિશ કરતો. એક વખત તેમણે બહાઈઓની રોજી-રોટીનું સાધન છીનવી લેવાની યોજના બનાવીઃ તેમણે બહાઈઓની બધી દુકાનો બંધ કારાવીને બધાની ચાવી તેમની પાસે લઈ આવવાનો તેમના સીપાઈઓને આદેશ આપ્યો. પરંતુ અબ્દુલબહાને ગવર્નરની યોજનાની ખબર પડી ગઈ અને તેમણે બીજા દિવસે બહાઈઓને તેમની દુકાનો નહિ ખોલવાની સલાહ આપી. તેમણે કહ્યું કે તેઓ પ્રતિક્ષા કરે અને જુએ કે ઈશ્વર કેવો આદેશ આપે છે.

દુકાનો હજી ખોલવામાં આવી ન હોવાથી તેમના સિપાઈઓ ચાવીઓ લાવી શક્યા નહી, તેની જાણ થતાં ગવર્નરને કેટલું આશ્ચર્ય થયું હશે તેની તમે કલ્પના કરી શકો છો. તેઓ બીજુ કોઈ પગલું લેવાનું વિચારે એટલામાં એક અનાપેક્ષિત ઘટના બની. ગવર્નરને ટેલીગ્રામ મળ્યો કે તેમને શહેરના ગવર્નરના પદેથી હટાવી દેવામાં આવ્યા છે. અને આવી રીતે બહાઈઓની દુકાનો સહી-સલામત રહી.

પૂર્વ-ગવર્નરને અક્કા છોડીને દમાસ્કસ જવાનો આદેશ હતો. તેને ખબર પડતી ન હતી કે શું કરવું જોઈએ. તે ખૂબ હતાશ હતો. તેણે એકલાએ તરત જ શહેર છોડી દેવાનું હતું. તેના પરિવારનું શું થશે? જેણે સરકારનો વિશ્વાસ ગુમાવ્યો હોય તેમની કોણ મદદ કરશે? અબ્દુલબહાને સમાચાર મળ્યા અને તેઓ તેમને મળવા ગયા. તેમણે આ દુ ઃખી માણસ પ્રત્યે તેમનો એવો દયાભાવ દર્શાવ્યો, જાણે કે તેઓ ક્યારેય પણ પ્રભુધર્મના દુશ્મન નહિ રહ્યા હોય. અબ્દુલબહાએ એક વાર પણ તેમના ભૂતકાળના દુષ્કર્મનો ઉલ્લેખ કર્યો નહિ. તેના બદલે, તેમને શક્ય એટલી રીતે મદદ કરવાની તૈયારી બતાવી. પૂવ-ગવર્નરને ચિંતા હતી કે તેમની પત્ની અને બાળકો ત્યાં જ રહી જશે. અબ્દુલબહાએ તેમને આશ્વાસન આપ્યું કે તેઓ આ વાતની સંભાળ રાખશે. થોડા સમય પછી વિશ્વાસપાત્ર વ્યક્તિ સાથે તેમના પરિવારને દમાસ્કસ મોકલવાની વ્યવસ્થા કરી અને તેનો બધો ખર્ચ પણ તેમણે જ ઉપાડયો..

પૂર્વ-ગવર્નર ફરીથી જ્યારે તેમના પરિવાર-જનોને મળ્યા ત્યારે તેમને ખૂબ ખુશી થઈ. કૃતજ્ઞતાથી સભર એવા હૃદયપૂર્વક જેમણેં તેમના પરિવાર જનો સાથે મુસાફરી કરી હતી તે માણસને મુસાફરીના ખર્ચ વિશે પૂછયું. પેલા માણસે સજાવ્યું કે તેનો ખર્ચ અબ્દુલબહાએ ચુકવી દીધો હતો. તેના પછી પૂર્વ-ગવર્નરે યાત્રા દરમિયાન તેમની દયાભાવના અને પરિશ્રમ બદલ તેનો આભાર વ્યક્ત કરવાના ભાગરૂપે એક ઉપહારનો સ્વીકાર કરવાની વિનંતી કરી, પણ તેણે તેનો અસ્વિકાર કર્યો; તેમણે કહ્યું કે તે માત્ર અબ્દુલબહાની સુચનાનું પાલન કરી રહ્યો હતો અને તેઓ આ સેવાના બદલામાં કશુ જ સ્વીકારવા ઈચ્છતા નથી. પછી ગવર્નરે પેલા માણસને મહેમાન તરીકે તેમના ઘરે એક રાત રોકાવવાનો આગ્રહ કર્યો . પેલા માણસે કહ્યું કે તેઓ અબ્દુલબહાની સૂચનાનું પાલન કરવા ખૂબ આતુર હતા અને અબ્દુલબહાએ તેમને મોડું કર્યા વગર તરત જ પાછા અક્કા બોલાવ્યા હતા. ઓછામાં ઓછું પૂર્વ-ગવર્નર અબ્દુલબહા માટે એક પત્ર લખે ત્યાં સુંધી તેને રાહ જોવાની વિનંતી કરી, તેણે તેનો સ્વીકાર કર્યો અને અક્કા પહેચતાંની સાથે તેમણે આ પત્ર અબ્દુલબહાને સુપરત કર્યો . પત્રમાં લખ્યું હતું: "ઓ અબ્દુલબહા, હું ક્ષમા માટે તમને પ્રાર્થના કરુ છું. હું તમને સમજી

શકયો નહિ. હું તમને જાણતો ન હતો. મેં તમારી સાથે ખૂબ ખરાબ વર્તન કર્યું છે. તમે ખૂબ ભલાઈથી મને તેનો બદલો આપ્યો છે.”

E. રમત: “લોકો સાથે લોકો”

બાળકોને કહો કે તેઓ તાળી પાડતા જાય અને ‘લોકો સાથે લોકો’ બોલતા જાય, અને આમતેમ આંટા ફેરાં મારતા જાય. જયારે તમે કહો કે, ‘પીઠ સાથે પીઠ’ ત્યારે બધાએ થોભીને કોઈ એક સાથીની સાથે એકબીજા તરફ પીઠ રાખીને ઊભા રહેવું જોઈએ. તમે સંકેત આપો ત્યારે તેઓ ફરીથી તાળી પાડતાં પાડતાં, ‘લોકો સાથે લોકો’ બોલતા જશે અને આમ તેમ આંટા ફેરા કરશે. જયારે તમે કહો, ‘સામ-સામે’ ત્યારે બધાએ થોભી જઈને કોઈ એક સાથી તરફ મોઢું રાખીને માથું નમાવીને સામ-સામે ઊભા રહેવાનું છે. આવી રીતે રમત આગળ ચાલે છે અને આ બંને સૂચનાઓનું વારંવાર પુનરાવર્તન કરવામાં આવે છે. આ રમતમાં બીજી સૂચના પણ આપી શકાય છે, જેમ કે, ‘ઘુટણ સાથે ઘુટણ’, ‘કોણી સાથે કોણી’, વગેરે.

F. રંગપુરણી: ચિત્ર ૧૧

G. સમાપન પ્રાર્થના

# પાઠ ૧૨

## A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

હંમેશની જેમ, શરૂઆતની પ્રાર્થનાઓથી વર્ગની શરૂઆત કરવી જોઈએ. તેના પછી છેલ્લા ત્રણ પાઠથી બાળકો જે પ્રાર્થના શીખી રહ્યા છે તેનું તમે તેમની સાથે પુનરાવર્તન કરી શકો છો. પાઠ ૧૩ માં મોઢે કરવા માટે તમે નવી પ્રાર્થના શરૂ કરવાના હોવાથી, સુનિશ્ચિત કરી લો કે પ્રાર્થના બધાને સારી રીતે આવડતી જાય.

## B. ગીત (અગાઉના ગીતોનું પુનરાવર્તન સહિત)

સૂર્ય કરતાં તેજસ્વી

સત્યવાદીતાનો પ્રકાશ સૂર્ય કરતાં તેજસ્વી છે
સત્યવાદીતાનો પ્રકાશ સૂર્ય કરતાં ઓજસ્વી છે

સત્યવાદીતાનો...

સત્યવાદીતાથી સૌ લોકો, તમારી વાણીને સજાવો
સત્યવાદીતાથી સૌ લોકો, તમારી વાણીને સજાવો

સત્યવાદીતાનો...

પ્રમાણિકતા સૌ આત્માને વિભૂષિત કરે છે
પ્રમાણિકતાથી સૌ લોકો, તમારા આત્માને સજાવો
પ્રમાણિકતાનો પ્રકાશ સૂર્ય કરતાં તેજસ્વી છે

## C. અવતરણ મોઢે કરવું

નીચે થોડા વિચારો આપવામાં આવ્યા છે જેનો તમે તમારા વિદ્યાર્થીઓને આજના પાઠનો મુખ્ય વિષય, એટલે કે પ્રમાણિકતા અને જે અવતરણ તેઓ મોઢે કરવાના છે તેની ચર્ચા કરવા માટે ઉપયોગ કરી શકો છો.

બગીચા વિવિધ આકાર અને રંગના ફૂલોથી સુશોભિત હોય છે. વસંતઋતુમાં, ફળફળાદીના વૃક્ષો સુગંધિત ફૂલોથી સુશોભિત હોય છે. આપણે આપણી જાતને સ્વચ્છ અને બેદાગ વસ્ત્રોથી સુશોભિત કરીએ છીએ. આ બધા આભૂષણ સૌંદર્યનું સર્જન કરે છે. આમ છતા, ભૌતિક ચીજો કરતાં, તે આધ્યાત્મિક ચીજોનું તેજ છે જે માનવ જીવનને સુંદર બનાવે છે, જે આપણા હૃદયને આનંદ આપે છે. આપણા જીવનને સુશોભિત કરતો એક સૌથી સુંદર ગુણ છે પ્રમાણિકતા. જયારે આપણે આપણીજાતને પ્રમાણિકતાથી સુશોભિત કરીએ છીએ ત્યારે, જે ચીજો બીજાની માલિકીની હોય તેને તેમની મંજૂરી વિના આપણે લેતા નથી અને આપણે કોઈને છેતરતા નથી કે કોઈ ષડયંત્ર કરતા નથી. પ્રમાણિકતાના આ ગુણની આપણીજાતને યાદ આપવામાં આપણી મદદ કરવા માટે ચાલો આપણે બહાઉલ્લાહનું નીચેનું અવતરણ મદદ કરીએ:

**"હે લોકો, તમારી વાણીને સત્યવાદીતાથી સુશોભિત કરો અને તમારા આત્માને પ્રમાણિકતાના આભૂષણથી વિભૂષિત કરો."**[૧૧૨]

*સુશોભિત કરવું*

૧. મલિતે બગીચામાં સુંદર ગુલાબના છોડ રોપ્યા છે. ગુલાબના ફૂલ બગીચાને સુશોભિત કરે છે.

૨. સુનિલને માત્ર સાચુ જ બોલે છે. તેના શબ્દો હંમેશા સત્યવાદીતાથી સુશોભિત હોય છે.

## D. વાર્તા

તેમના જીવનના છેલ્લા સમયમાં, અબ્દુલબહા વિશ્વના ઘણા સ્થળોનો પ્રવાસ કરી શક્યા હતા. જયાં પણ તેઓ ગયા હતા, ત્યાં તેઓ જીવનના તમામ ક્ષેત્રના લોકો -મજૂરો અને નેતાઓ, કેળવણીકારો અને વૈજ્ઞાનિકો-ને મળતા હતા અને દરેકને આરામની અનુભૂતિ કરવામાં તેમનાથી શક્ય એટલું બધું જ કર્યું હતું. એક દિવસ, ઈજિપ્તમાં તેમણેં એક ઉચ્ચ અધિકારીને ભોજન માટે તેમના મહેમાન તરીકે આમંત્રણ આપ્યું. આ અધિકારી આરામની મુસાફરી કરવા ટેવાયેલા હોવાથી, અબ્દુલબહાએ તેમને મંઝીલ સુધી લાવવા માટે એક ગાડી ભાડે કરવાનું નક્કી કર્યું.

મુસાફરી લાંબી ન હતી, અને ટૂંક સમયમાં તેઓ ભોજન સ્થળે પહોંચ્યા. પરંતુ જ્યારે ગાડીના ડ્રાઈવરે ભાડુ લેવા માટે અબ્દુલબહાનો સંપર્ક કર્યો, ત્યારે તેણે મુસાફરી માટે વાજબી ભાડુ કરતાં વધારે ભાડાની માંગણી કરી. અબ્દુલબહા જાણતા હતા કે ડ્રાઈવર પ્રમાણિક ન હતા. અબ્દુલબહાએ એટલું જ ભાડુ ચુકવ્યું જેટલું તેને ચુકવવાનું થતું હતું અને પછી તેઓ ચાલ્યા ગયા.

જયારે ડ્રાઈવરે દલીલ કરવાનો પ્રયત્ન કર્યો, તો અબ્દુલબહા મક્કમ રહ્યા. તેમણેં ડ્રાઈવરને કહ્યું કે જો તેઓ ભાડાના સંદર્ભમાં પ્રમાણિક રહ્યા હોત, તો તેને એક સુંદર ટીપ આપવામાં આવી હોત. તેના પછી માસ્ટર ત્યાંથી ચાલ્યા ગયા, અને ડ્રાઈવરને તેના વર્તન વિશે વિચાર કરવા છોડી દીધા.

E. રમત: "ચોરસ, ગોળ, ત્રિકોણ"

એવી ધારણા કરવામાં આવે છે કે બાળકો ઓછામાં ઓછા અમૂક આકારો વિશે બરાબર જાણતા હશે, દા.ત. "ચોરસ", "ગોળ" અને "ત્રિકોણ". તેની ખાતરી કરવા માટે આકારોના નામના પુનરાવર્તનથી શરૂઆત કરો. તેના પછી તેમને એક કાર્ડ બતાવો જેના ઉપર તમે એક ક્રમમાં ત્રણ આકાર બનાવ્યા હોય - દા.ત. ગોળ, ગોળ અને ચોરસ. પછી તેમને આ ચિત્રો બરાબર જોઈ લેવાનું કહો. તેના પછી કાર્ડ મૂકી દો અને કોઈ એક બાળકને મોટેથી આકારોનો ક્રમ બોલવાનું કહો. આકારોના ક્રમની વિવિધતા વાળા અલગ અલગ કાર્ડનો ઉપયોગ કરીને આ ક્રિયા ચાલુ રાખો. જો બાળકોને ત્રણ આકારોનો ક્રમ યાદ રાખવામાં મુશ્કેલી પડતી હોય તો, તેવા કિસ્સામાં બે આકારવાળા થોડા કાર્ડ રાખો અને જો ત્રણ આકારોનો ક્રમ શરળ લાગતો હોય તો, તેવા કિસ્સામાં ચાર કે પાંચ આકારના ક્રમવાળા કાર્ડ રાખો.

તેના પછી તમારા વિધાર્થીઓની સમજના સ્તર મુજબ- તમે બે, ત્રણ કે ચાર આકારનો ક્રમ બોલો અને કોઈ એક બાળકને જૂથ સમક્ષ તેનું પુનરાવર્તન કરવાનું કહો. દરેક બાળકને કેટલીક વાર મોકો આપ્યા પછી, આ રમતને વધારે પડકારયુક્ત બનાવવા માટે તમે બોલતા હોય તે મુજબ આકારોને ક્રમમાં દોરવાનું કહી શકો છો.

F. રંગપુરણી: ચિત્ર ૧૨

G. સમાપન પ્રાર્થના

## પાઠ ૧૩

### A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

આ અને આગામી ત્રણ પાઠમાં, બાળકો નીચે આપેલી પ્રાર્થના મોઢે કરવાનું શીખવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. તમને મોઢે આવડતી પ્રાર્થના કર્યા પછી, જેનું વિભાગ ૧૩માં સૂચન કરવામાં આવ્યું છે, અને તમારા કેટલાક વિદ્યાર્થીઓએ પણ પ્રાર્થના કર્યા પછી તમે આ પ્રાર્થનાનો પરિચય આપી શકો છો.

**"હે પ્રભુ! આ કુમળા છોડને તારી બહુવિધ બક્ષિસના બગીચામાં રોપ, તેને તારી પ્રેમાળ કરૂણાના ફુવારામાંથી પાણી આપો અને આશીર્વાદ આપો કે તારી કૃપા અને અનુગ્રહના પ્રવાહ દ્વારા તેનો એક સારા છોડ તરીકે વિકાસ થાય.**

**તું શક્તિશાળી અને સમર્થ છે."**[૧૧૩]

### B. ગીત (અગાઉના ગીતોનું પુનરાવર્તન સહિત)

### ન્યાયી બનો

ન્યાયી બનો, ન્યાયી બનો
સૌને સુખ સમૃધ્ધિ પૂરા પાડો
જયારે બીજા સાથેના વ્યવહારમાં,
આપણે વફાદાર રહીએ છીએ.
ત્યારે આપણા ભાઈ બહેનોનો,
વિશ્વાસ આપણે જીતીએ છીએ.
જો સરખી વહેંચણી થાશે તો,
આ જગમાં ન્યાય પ્રકાશશે... ન્યાયી બનો...
જયારે સુખ શાતા આપો છો,
ત્યારે માસ્ટરના રાહ પર ચાલો છો.
જયારે તમે કહો, તેમ કરો છો,
તેમાં ન્યાય અને ડહાપણ બતાવો છો.
ત્યારે તમારી પાસેના દિલડામાં,
પ્રસન્નતા પ્રગટાવો છો... ન્યાયી બનો...

## C. અવતરણ મોઢે કરવું

આ પાઠમાં, બાળકો કરૂણાંને લગતું એક અવતરણ શીખશે, જેની તમે નીચે મુજબ રજુઆત કરી શકો છો :

> પરમેશ્વર સર્વ-કરૂણામય, સર્વકૃપાળુ છે. મુશ્કેલીના સમયમાં આપણે આપણા હૃદયને તેમના તરફ ઉન્મુખ કરીએ છીએ અને તેમને યાચના કરીએ છીએ કે તેઓ આપણને રાહત અને શક્તિ પ્રદાન કરે. જ્યારે આપણાં કોઈ પરિચિતને કોઈ સમસ્યા હોય કે તે ઉદાસ હોય તો, આપણે તેને સમજવાનો પૂરતો પ્રયત્નો કરવો જોઈએ અને તેની મદદ કરવી જોઈએ. આપણને એવા વૃક્ષની જેમ દરેક પરિસ્થિતિમાં બધા પ્રત્યે કરૂણાં અને દયા-ભાવ બતાવવો જોઈએ, જે બધાને તેના ફળ આપે છે, તેના ઉપર પથ્થર મારતા લોકોને પણ તેના ફળ આપે છે. અબ્દુલબહાનું જીવન યાતનાઓથી ભરાયેલુ હોવા છંતા, તેમણે હંમેશા બધા લોકો પ્રત્યે કરૂણાં દર્શાવી હતી. કરૂણામય બનવાના આપણા પ્રયત્નોમાં આપણી મદદ કરવા માટે, ચાલો આપણે તેમના આ શબ્દો મોઢે કરીએ.

**"પરમેશ્વરનું સામ્રાજ્ય સમતા અને ન્યાયની સાથે દરેક જીવિત આત્મા પ્રત્યે કૃપા, કરૂણાં અને દયાભાવ ઉપર સ્થાપિત છે."**[૧૧૪]

*સ્થાપિત*

૧. ડોકટર ગામના બાળકોના આરોગ્ય વિશે ચિંતિંત હતા અને તેથી તેમના માટે તેમણે એક દવાખાનું ખોલ્યું. આ દવાખાનું ડોકટરના બાળકો પ્રત્યેના પ્રેમ ઉપર સ્થાપિત છે.

૨. જેન્ના અને મર્સિડિસ ખૂબ લાંબા સમયથી એકબીજાના મિત્રો છે. તે હંમેશા સાથે મળીને અભ્યાસ કરે છે અને તેઓ જે કંઈ શીખ્યા હોય તેના વિશે પસ્પર ચર્ચા કરે છે. તેમની મિત્રતા દયાભાવ અને પ્રેમ ઉપર સ્થાપિત છે.

*સમતા*

૧. રાજયના બધા લોકો તેની સમૃધ્ધિ માટે સખત મહેનત કરતા હતા. જ્યારે બધો પાક ભેગો કરવામાં આવતો, ત્યારે દરેક પરિવારના સભ્યોની સંખ્યા અનુસાર, રાજા તેની પ્રજા વચ્ચે અનાજ વહેંચી દેતો. રાજા તેની પ્રજા પ્રત્યે નિષ્પક્ષ હતો અને સમતાપૂર્ણ વર્તન કરતો હતો.

૨. નગર પંચાયતે બીજા ગામ સુંધીનો એક રસ્તો બનાવવાનો હતો. તેમણે ખેતરોની ફરતે રસ્તો બનાવવાનો નિર્ણય કર્યો. આવી રીતે અનેક લોકોને તેનો ફાયદો થયો અને તેનાથી કિશાનોને કોઈ નુકશાન સહન કરવાનો વારો આવ્યો નહિ. નગર પંચાયતે તેમના નિર્ણયમાં સમતા (નિષ્પક્ષતા) દર્શાવી.

*કરૂણા*

૧. લિ યોંન્ગે જોયુ કે તેમની બહેનપણી ઝારા દુ:ખી હતી, તેથી તે કેવી રીતે તેને મદદ કરી શકે એમ છે તેના વિશે ખબર કાઢવા ગઈ. ઝારા એ સમજાવ્યું કે તેની માતા દવાખાનામાં બીમાર હતી. લિ યોંન્ગે તેની વાત ધ્યાનથી સાંભળી અને તેને સાંત્વના આપતાં કહ્યું કે બીજા દિવસે તે તેમની સાથે દવાખાને જશે. લી યોંન્ગે ઝારા પ્રત્યે કરૂણા દર્શાવી.

૨. એક દિવસ શિઓરી ગામના પાદરે ફરવા નિકળી અને તેણે ઘેટાંનું એક બચ્ચું જોયું જેનો પગ વાડમાં ફસાયેલો હતો. શિઓરીએ કાળજી પૂર્વક તેનો પગ બહાર કાઢયો અને તેના ઉપર પાટો બાંધી દીધો. શિઓરીએ ઘેટાંના બચ્ચું પ્રત્યે કરૂણા દર્શાવી.

**D.** વાર્તા

અબ્દુલ-બહા જ્યારે પશ્ચિમના પ્રવાસે ગયા ત્યારે, તેઓ જે કોઈ શહેરમાં ગયા, ત્યાં અનેક લોકો તેમને મળવા અને તેમના પ્રોત્સાહન આપતા શબ્દો સાંભળવા આવતા. દિન-રાત તેઓ બધા પ્રકારના લોકો- યુવાનો અને વૃધ્ધો, અમીરો અને ગરીબો, અધિકારીઓ અને સામાન્ય નાગરિકોને મળ્યા. કેટલાક લોકો અબ્દુલ-બહા પ્રત્યેના તેમના ગહન પ્રેમને કારણે, અને બીજા લોકો તેમની વાત સાંભળવાની ઉત્સુકતાથી તેમને મળવા આવતા.

એક દિવસે અબ્દુલ-બહા જે ઘરમાં રહેતા હતા ત્યાં એક મહિલા આવી અને તેણે દરવાજો ખખડાવ્યો. તે એક સામાન્ય મહિલા હતી, જેના હૃદયમાં અબ્દુલ-બહા સાથે થોડી ક્ષણ વિતાવવાની તીવ્ર ઈચ્છા હતી. દરવાજો ખોલનાર વ્યક્તિએ પૂછયું. “શું તમે અબ્દુલ-બહાને મળવાની મંજુરી લીધી છે ?” તેમણે કહ્યું કે તેમણે આવી કોઈ મંજુરી લીધી નથી. તેમને કહેવામાં આવ્યું કે, જો તેમણે અબ્દુલ-બહાને મળવાની મંજુરી લીધી નથી તો, તેઓ ખૂબ મહત્વના લોકો સાથેની બેઠકમાં વ્યસ્ત હોવાથી, તેમને મળવાનું શક્ય ન હતું. તે ઉદાસ

થઈને પાછી ફરી અને ઘરના પગથીયા ઉતરવા લાગી. તેનું હૃદય નિરાશાથી ભારે થવા લાગ્યું, પરંતું અચાનક અબ્દુલ-બહાનો સંદેશો આવ્યો અને તેને થોભી જવાનું કહેવામાં આવ્યું. માસ્ટર તેમને મળવા ઈચ્છતા હતા. અધિકાર સાથેનો તેમનો અવાજ સંભળાયો, ''એક હૃદય દુ:ખી થયું છે. જલ્દી જાઓ, જલ્દી જાઓ, તેને મારી પાસે લઈ આવો.''

**E. રમત: "એક સાથે"**

બાળકોને જોડીમાં વહેંચી દો અને એકબીજાની સાથે ઊભા રાખો. હવે એક બાળકનો ડાબો પગ અને બીજા બાળકનો જમણો પગ એક સાથે બાંધી દો. દરેક જોડીને એક સ્થળથી નિર્ધારિત સ્થળ સુંધી ચાલવાનું કહો. આ રમતને પડકારજનક બનાવવા માટે તમે તેમના રસ્તામાં થોડી અડચણો ઊભી કરી શકો છો, જેમ કે તમે પથ્થર કે ડાળખીઓ મૂકી શકો છો. આ બધુ સલામત રીતે કરવામાં આવે તેની કાળજી રાખો. વિવિધતા લાવવાના વિકલ્પ સ્વરૂપે, માત્ર ચાલવાને બદલે, જોડીઓને દેડકાની જેમ કુદકા મારતાં જવાનું, ઘોડાની જેમ દોડતા જવાનું, વગેરે કહી શકાય છે.

**F. રંગપુરણી: ચિત્ર ૧૩**

**G. સમાપન પ્રાર્થના**

## પાઠ ૧૪

**A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી**

હંમેશની જેમ, વર્ગ શરૂ કરવા માટે તમે અને કેટલાક બાળકોએ શરૂઆતની પ્રાર્થના કરવી જોઈએ. તેના પછી બાળકો અગાઉના પાઠમાં પ્રસ્તુત કરેલી પ્રાર્થના મોઢે કરવાનું ચાલુ રાખી શકે છે.

B. ગીત (અગાઉના ગીતોનું પુનરાવર્તન સહિત)

અનાસક્તિની પાંખો પર

એક દિવસે આકાશમાં એક પક્ષી ઉપર ઉડતું હતું
સંપૂર્ણ આનંદ અને આત્મવિશ્વાસથી
આ સ્વર્ગમાં, તેના ઘરમાં વિહાર કરે છે

જયારે તે ઉડતું હતું ત્યારે, તેની ભૂખ વધવા લાગી
તેથી તે પાણી અને માટી તરફ નીચે વળવા લાગ્યું
નીચે તરફ, તે જાળમાં ફસાઈ ગયું તેની ઈચ્છાથી
અને તેની પાંખો કાદવમાં ફસાઈ ગઈ
ઉડવા માટે તેની પાંખો ભારે થઈ ગઈ
તે તેના ઘરે પાછું જઈ શકયું નહિ

તે પક્ષીની જેમ હું સ્વર્ગનો રહેવાસી છું
તેથી હું નીચે ધરતીને વળગી નહિ રહું
હું ધનસંપતિને વળગી નહિ રહું
હું મારી ઈચ્છાઓને વળગી નહિ રહું
હું ઈશ્વર સિવાય બીજી કોઈ ચીજોને વળગી નહિ રહું

તેથી હું અનાસક્તિના પગલે ચાલીશ
હું મારી જાતને બધી આસક્તિઓથી મુક્ત કરીશ
ઈશ્વર સિવાય બધી ચીજોથી

## C. અવતરણ મોઢે કરવું

બાળકો અનાસક્તિના ગુણ વિશેનું એક અવતરણ મોઢે કરશે, જે આ પાઠનો મુખ્ય વિષય છે. તમે નીચે મુજબ તેમની સમક્ષ અવતરણનો પરિચય આપી શકો છો.

પરમેશ્વરે આ દુનિયાની દરેક સારી ચીજનું આપણી ખુશી અને આનંદ માટે સર્જન કર્યું છે- જેમ કે, સારૂ સ્વાસ્થ્ય, સ્વાદિષ્ટ ભોજન, પ્રેમ અને મિત્રતા, કુદરતી સૌંદર્ય, તથા મનની શક્તિ જે આપણા જીવનની પ્રગતિ માટે સંશોધન અને આવિસ્કાર કરવા આપણને સક્ષમ બનાવે છે. આપણે પરમેશ્વરે આપેલા બધા આશીર્વાદોનો ઉપયોગ કરવો જોઈએ અને જીવનના આનંદ માટે તેમનો આભાર માનવો જોઈએ. પરંતુ આપણે આ દુનિયા સાથે આસક્ત નહિ થવાની કાળજી રાખવી જોઈએ. આપણા આત્માઓ હંમેશા સ્વતંત્ર રહેવા જોઈએ; સ્વતંત્ર અને શક્તિશાળી પક્ષીઓની જેમ, તેમણે પાવનતાના સ્વર્ગમાં વિહાર કરવો જોઈએ. જો પક્ષી જમીન પર જ રહે છે અને તેની આજુબાજુની ચીજો પ્રત્યેના લગાવ અને બંધનોના કારણે ઉડાન ભરવા અક્ષમ છે તો તે કેટલી દુ:ખની વાત છે. ચાલો આપણે નીચેનું અવતરણ મોઢે કરીએ:

**"સમજી લો કે પરમેશ્વરનો પ્રેમ અને તેના સિવાયની બધી ચીજોથી તારી અનાસક્તિમાં જ તારૂં સાચુ આભુષણ સમાયેલું છે.."**[૧૧૫]

*સમાયેલું*

૧. વ્લાડીસ્લાવ પાસે બપોરના ભોજન માટે સોસ, થોડા બટેટા અને લીલા ચણા છે. તેના બપોરના જમણમાં સોસ, બટેટા અને લીલા ચણાનો સમાવેશ થયેલો છે.

૨. આ વાક્યમાં પાંચ શબ્દો છે. તેમાં પાંચ શબ્દો સમાયેલા છે.

*અનાસક્તિ*

૧. હેલ્ગી ખરેખર તેના મિત્રો સાથે તરવા જવા માંગતો હતો. પરંતુ તે ખુશીથી તેની નાની બેન સાથે ઘરે રહ્યો કે જેથી તેની માં દુકાનમાં જઈ શકે. હેલ્ગી તેના પરિવારની મદદ કરવા માંગતો હોવાથી, તેણે તેની પોતાની યોજના પ્રત્યે અનાસક્તિ દર્શાવી.

૨. શાળાના વર્ષના અંતે, અંજલીએ વિચાર્યું કે, તેના શિક્ષક માટે ફૂલ લઈ જવું સારૂ રહેશે. તેની બહેને સૂચન કર્યું કે તેના બદલે તેઓ એક એક કેક બનાવશે. અંજલી વિચારે છે કે આ સારો વિચાર છે. તે તેના પોતાના વિચારથી અનાસક્ત છે.

*તેના સિવાય*

૧. એક બાળક સિવાય બધા બાળકોએ પરીક્ષામાં સારો દેખાવ કર્યો છે. એક સિવાય બધાએ પરીક્ષામાં સારો દેખાવ કર્યો હતો.

૨. માં પરિવાર માટે વિશેષ ભોજન તૈયાર કરવા ઈચ્છતી હતી. તેના પછી તેને સમજમાં આવ્યું કે તે એવું કરી શકતી નથી કારણકે તેની પાસે એક મહત્વની વસ્તુ ન હતી. તેની પાસે એક વસ્તુ સિવાય બીજી બધી વસ્તુઓ હતી.

**D.** વાર્તા

એક દિવસ બે માણસો, જેઓ લાંબા સમયથી મિત્રો હતા, તેઓ ચા પીતા પીતા આધ્યાત્મિક વિષયોની ચર્ચા કરતા હતા. હવે, તેમાંથી એક માણસે તેના જીવનમાં ઘણી બધી સંપતિ એકઠી કરી હતી અને હવે તેને બીજું કશું જોઈતું ન હતું. બીજા માણસ પાસે ખૂબ જ ઓછું હતું. ‘‘હું પવિત્ર ભૂમિની યાત્રાએ જવા માંગુ છું,’’ બીજા માણસે તેના શ્રીમંત મિત્રને કહ્યું. પહેલા માણસે કોઈપણ પ્રકારના ખંચકાટ વિના જવાબ આપ્યો, ‘‘આ તો એક અદ્ભૂત વિચાર છે ! હું તારી સાથે જોડાઈશ.’’ આ જોડીએ તેમના ચા ના કપ નીચે મૂકયા અને તરત જ ઉભા થઈ ગયા, અને પવિત્ર ભૂમિની દિશામાં રવાના થયા.

તેઓ થોડું ચાલ્યા એટલામાં રાત પડવા આવી. ગરીબ માણસ ધીમો પડયો અને પછી ઉભો રહી ગયો, તેણેં કહ્યું, ‘‘મારા મિત્ર, રાત કાઢવા માટે ચાલ આપણે આપણા ઘરે પાછા જઈએ. તે વધારે આરામદાયક રહેશે, અને આપણે સવારે નવી તાઝગી સાથે યાત્રા શરૂ કરી શકીશું.’’ ‘‘પણ શા માટે આપણે પાછા જઈએ ?’’ બીજાએ જવાબ આપ્યો. ‘‘આપણે પવિત્ર ભૂમિના માર્ગ પર છીએ!’’ તેમ છતાં તેના મિત્રને સંતોષ થયો નહિ. ‘‘પગપાળા પ્રવાસ કરવા માટે પવિત્ર ભૂમિ સુધીનું અંતર ખૂબ લાંબું છે,’’ તેણેં ફરીથી પ્રયાસ કર્યો. ‘‘ઓછામાં ઓછુ મને પાછા જવા દો અને મારા ગધેડાને લઈને આવવા દો, જેને હું એકલો છોડવા માંગતો નથી.’’

‘‘પછી, શ્રીમંત મિત્રએ બીજાને કહ્યું, ‘‘આ પ્રવાસમાં કદાચ તમે મારી સાથે ન હોવ. ખુશીથી મેં મોટી સંપતિ -ઘોડાઓ, જમીનો અને સુંદર વસ્ત્રોનો ત્યાગ કર્યો છે -પણ મને કશું પણ ગુમાવવાનો અહેસાસ નથી. પવિત્ર ભૂમિમાં એક ક્ષણ વિતાવવા કરતાં વધારે મોટો બીજો કયો આશીર્વાદ છે. શું તમે તમારા એક ગધેડાને પણ પાછળ છોડી શકતા નથી? કમનસીબે, તે તેની એક કિંમતી સંપતિ પણ છોડી શકયો નહિં. અને તેથી તેણેં તેના મિત્રને છોડી દીધો, જેણે પવિત્ર ભૂમિ તરફ આગળ જવાનું ચાલુ રાખ્યું અને કયારેય પાછુ વળીને જોયું નહિં.

**E.** રમત: “ચક્ર”

બાળકોને એક વર્તુળાકારમાં એવી રીતે ઊભા રહેવાનું કહો કે દરેક બાળકનો ડાબો હાથ વર્તુળની અંદર તરફ અને વર્તુળના કેન્દ્રમાં જોડાયેલો હોય. હવે તેમનો આકાર ચક્ર જેવો અને તેમના હાથ ચક્રની આરી જેવા છે. બાળકોએ આવું કર્યા પછી તેમને ચક્રની જેમ કેન્દ્રની ફરતે ગોળ ફરવાનું

છે. આવું કર્યા પછી, ચક્રને સહી-સલામત રાખીને વર્ગની જગ્યામાં આમ થી તેમ ફરવાનું કહો. આ રમતને વધારે પડકારજનક બનાવવા માટે, તેઓ કુદકા અને ઉછાળા મારવાનો પ્રયત્ન કરી શકે છે.

આ રમતને વધારે પડકારજનક બનાવવા માટે તમે બાળકોને એક વર્તુળમાં જમીન પર બેસાડીને તેમના પગ સીધા વચ્ચે લાંબા કરવાનું કહી શકો છો. તેના પછી તેમણેં તેમના હાથની હથેળીઓને તેમની કમરની બાજુમાં નીચે મૂકવા જોઈએ. હવે તેઓ ચક્રને ગોળ ફરાવવા માટે તૈયાર છે. એમ કરવા માટે, તેઓ તેમના હાથથી પોતાને ઉપર ઉંચકશે અને એક પગલું જમણી તરફ જશે. આવી રીતે ચક્રને તોડયા વિના, તેમના પગને મધ્યમાં રાખીને, તેઓ એક આંટો પૂરો કરે ત્યાં સુધી, તેમણે તેમના હાથની મદદથી ધીમે ધીમે આગળ જવું જોઈએ.

**F.** રંગપુરણી: ચિત્ર ૧૪

**G.** સમાપન પ્રાર્થના

## પાઠ ૧૫

### A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

શરૂઆતની પ્રાર્થના થઈ ગયા પછી, પાઠ ૧૩માં શરૂ કરેલી પ્રાર્થના મોઢે કરવા માટે તમે બાળકોની મદદ કરી શકો છો.

### B. ગીત (અગાઉના ગીતોનું પુનરાવર્તન સહિત)

મને આપો મારા આશીર્વાદ

મને આપો મારા આશીર્વાદ
હે પ્રભુ, હે પરમેશ્વર
મને આપો મારા આશીર્વાદ
જે તારી ખુશી, પ્રભુ તારી ખુશી
બધુ બરાબર હોય ત્યારે
સંતુષ્ટ રહેવું ખૂબ સરળ
પણ એક પડકાર છે ખુશ રહેવું મુશ્કેલીમાં
પણ એક પડકાર છે ધીરજ રાખવી મુશ્કેલીમાં
અને તેથી વધારે, ગીત ગાવામાં
નાનપણથી અને જીવનની શરૂઆતથી
માસ્ટરે ભોગવી ખૂબ યાતના
ભાગ્યે જ તેને મળ્યું છે ચેન, આરામ
છંતા તેઓ રહ્યા હંમેશા, સંતુષ્ટ અને શાંત
કદી રહ્યા નહિ ચિંતામગ્ન

પ્રભુમાં તેનો અડગ વિશ્વાસ, પ્રભુ ઈચ્છાનો કર્યો સ્વીકાર

હંમેશા ધીરજથી તેઓ આગળ આગળ ચાલતા ગયા

**C. અવતરણ મોઢે કરવું**

નીચે થોડા વિચારો આપવામાં આવ્યા છે જે આજના પાઠનો મુખ્ય વિષય અને બાળકો જે અવતરણ મોઢે કરવાના છે તેની રજુઆત કરવામાં તમારી મદદ કરશે.

અબ્દુલ-બહા દરેક પરિસ્થિતિમાં પ્રભુ-ઈચ્છાથી સંતુષ્ટ હતા. તેઓ મિત્રોને કહેતા કે, જ્યારે બધુ બરાબર ચાલતુ હોય ત્યારે, જ્યારે વ્યક્તિ સ્વસ્થ અને સુખ-ચેનથી જીવતો હોય ત્યારે સંતુષ્ટ રહેવું સરળ છે. પરંતુ મુશ્કેલી, બીમારી અને કઠીનાઈના સમયમાં ખુશ અને સંતુષ્ટ રહેવું ખૂબ કઠીન છે. અબ્દુલ-બહાનું જીવન યાતનાઓથી ભરેલું હોવા છંતા, તેઓ કદી નિરાશ હતા નહિ. સૌથી ગંભીર અને કઠીન પરિસ્થિતિમાં પણ તેઓ સંતુષ્ટ રહેતા અને પરમેશ્વરનો આભાર માનતા. તેઓ હંમેશા પ્રસન્ન અને આશાવાદી રહેતા. ચાલો આપણે નીચેનું અવતરણ મોઢે કરી લઈએ જેથી આપણે આપણીજાતને હંમેશા પ્રભુ-ઈચ્છામાં સંતુષ્ટ રહેવાના મહત્વની યાદ અપાવતા રહીએ:

**"પરમેશ્વરે જે કંઈ પ્રદાન કર્યું છે તેનો સ્વીકાર અને તેણે આદેશિત કર્યુ છે તેમાં સંતોષ એ સમસ્ત ગૌરવનો સ્ત્રોત છે"** [૧૧૬]

*ગૌરવ*

૧. શાળામાં વિજ્ઞાનનો અભ્યાસ કર્યા પછી પોહ લેંગ વૈજ્ઞાનિકોના એક સમુહમાં સામેલ થઈ ગઈ. તેણે અનેક ઉપયોગી સંશોધન કર્યા, તેના કાર્યથી તેના પરિવારના નામનું ગૌરવ વધ્યું.

૨. સ્વીને પ્રકૃતિ-પર્વતો, વૃક્ષો અને સાગરો-જોવાનું ખૂબ ગમતુ હતું. જ્યારે તે દુનિયાની સુંદરતા નિહાળતી ત્યારે તે સમસ્ત ચીજોના સર્જનહાર એવા પરમેશ્વરનો પ્રતાપ અને તેની મહાનતા વિશે વિચાર કરતી, પ્રકૃતિના દર્શનથી સ્વી પરમેશ્વરનું ગૌરવ અને કિર્તી વિશે વિચાર કરતી.

*પ્રદાન કરવું*

૧. પોતાના સ્નેહી પરીવાર માટે, તેમના સારા સ્વાસ્થ્ય માટે અને પરમેશ્વરે આપેલી બધી સારી ચીજો માટે પાઓલો દરરોજ પરમેશ્વરનો આભાર માને છે. પરમેશ્વરે પ્રદાન કરેલા અનેક ઉપહાર માટે પાઓલો આભારી છે.

૨. સુરજ વિના ધરતી અંધકારમય અને ઠંડી થઈ જશે અને તેના ઉપર કશું જીવિત રહી શકશે નહી. સૂર્ય દુનિયાને પ્રકાશ અને ઉર્જા પ્રદાન કરે છે.

*આદેશિત કરવું*

૧. રાજાએ આદેશ આપ્યો કે વસંતઋતુના પહેલા દિવસે તેના રાષ્ટ્રમાં કોઈએ કામ કરવું જોઈએ નહી. વસંતઋતુના પહેલા દિવસે રજા પાડવાનો આદેશ આપવામાં આવ્યો.

૨. એક વિસ્તારમાં ઘણા મહિનાઓથી વરસાદ પડયો નથી અને ગ્રામ પંચાયતે લોકોને મર્યાદામાં પાણી વાપરવાનો આદેશ આપ્યો. પાણી બચાવવાના હેતુથી આ નિયંત્રણનો આદેશ આપવામાં આવ્યો હતો.

**D.** વાર્તા

*એક સાંજે, અબ્દુલબહા લંડનના તેજસ્વી શહેરમાં થોડા બહાઈઓ સાથે ચાલતા હતા. તેઓ જ્યાં સુધી નજર પહોંચતી હતી ત્યાં સુધી રસ્તાની બંને બાજુ ઝળહળતા દીવાવાળા રસ્તા પર ચાલતા હતા. જેઓ પ્રિય માસ્ટરની સંગતમાં હતા, તેઓ જાણે કે બીજી દુનિયામાં વિહાર કરતા હોય એવો અનુભવ કરી રહ્યા હતા.*

*''હું આ દૃષ્યથી ખૂબ જ ખુશ છું,'' અબ્દુલબહાએ કહ્યું. ''પ્રકાશ સારો છે, સૌથી સારો છે. અક્કાના કારાવાસમાં ખૂબ અંધારૂં હતું.*

*મિત્રોનું નાનુ જૂથ, જે અબ્દુલબહાને પ્રેમ કરતું હતું, તે અક્કાની કારાનગરીમાં તેમના કારાવાસની યાદમાં દુ:ખી હતા, જ્યાં તેમના પિતા, બહાઉલ્લાહ સાથે તેમણેં એક કેદી તરીકે ઘણાં વર્ષો વિતાવ્યા હતા. તે ખૂબ અણગમતી જગ્યા હતી, અને પરિવારને ભારે મુશ્કેલી વેઠવી પડી હતી. ''અમને આનંદ છે, એટલો આનંદ છે કે તમે સ્વતંત્ર છો,'' તેમણેં કહ્યું.*

*તેના સંદર્ભમાં અબ્દુલબહાએ જવાબ આપ્યો: ''હું તે કારાવાસમાં ખુશ હતો, કારણકે તે દિવસો સેવાના માર્ગમાં પસાર થયા હતા.'' તેમણેં તેમને કહ્યું કે સૌથી મોટો કારાવાસ તો અહંમનો કારાવાસ છે. તમે જુઓ, જો આપણે માત્ર આપણા પોતાના વિશે જ વિચારીએ અને આપણી આસપાસના લોકો વિશે નહિં -ત્યારે આપણે ખરેખર કારાવાસમાં છીએ, ત્યારે આપણે ખરેખર યાતના ભોગવીએ છીએ! અબ્દુલબહા હંમેશા સંતુષ્ટ હતા, કારણકે તેઓ ઈશ્વર અને માનવતાની સેવાના માર્ગે ચાલ્યા હતા. અને તેથી, અક્કામાં કેદી તરીકેના અંધકારમય દિવસોમાં પણ, તેમની અદમ્ય ચેતનાનો પ્રકાશ ચમકતો હતો, અને બીજાને હુંફ અને આરામ આપતો હતો.*

**E.** રમત: "શિલ્પકાર"

દેખાવ કરો કે તમે એક શિલ્પકાર છો અને બાળકો તમારી કલાકૃતિ તૈયાર કરવામાં તમારી મદદ કરશે. એક બાળકને વર્ગની સામે આવીને એક મુદ્રામાં ઉભા રહેવાનું કહો -ઉદાહરણ તરીકે, હાથ નીચે કરીને વાંકા વળવાનું કહો. તેના પછી, એક પછી એક અથવા એક સમયે કેટલાક બાળકોને જૂથની સામે બોલાવો અને તેમને કઈ મુદ્રાનું અનુસરણ કરવાનું છે તેના વિશે તેમને નિદર્શન કરવાનું કહો. એક વાર તેઓ તેમની મુદ્રા વિશે જાણી લે પછી, તે બધાને એક સાથે જૂથની સામે બોલાવો અને એક કલાકૃતિની રચના કરવાનું કહો. તેના પછી, તેના અંતિમ ભાગ તરીકે તમે તેમાં સામેલ થઈ જાઓ.

તમે તમારા વિદ્યાર્થીઓને જોડીમાં વિભાજીત કરીને રમત ચાલુ રાખી શકો છો. દરેક જોડીને વારા પ્રમાણે બોલાવો, તેમાંથી એકને શિલ્પકાર તરીકેનો અભિનય કરવા દો અને બીજાને તેમની સૂચના મુજબ મુદ્રામાં ઉભા રહેવા દો.

તમે આ રમતની અન્ય વિવિધતાઓ વિશે પણ વિચારી શકશો. ઉદાહરણ તરીકે, તમે પ્રશ્નો પૂછી શકો છો, જેમકે "શું તમે એક વાડ બની શકો છો?" અથવા "શું તમે એક બગીચો બની શકો છો?" પછી બાળકો ઈચ્છિત આકારમાં ગોઠવાઈને તેનો પ્રતિભાવ આપશે.

F. રંગપુરણી: ચિત્ર ૧૫

G. સમાપન પ્રાર્થના

## પાઠ ૧૬

### A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

આ વર્ગ સુધીમાં, પાઠ ૧૩ માં શરૂ કરેલી પ્રાર્થના બધા બાળકોને મોઢે થઈ જવી જોઈએ, જેનું શરૂઆતની પ્રાર્થના પછી તમે તેમની સાથે પુનરાવર્તન કરી શકો છો.

B. ગીત (અગાઉના ગીતોનું પુનરાવર્તન સહિત)

અમે ટીંપા છીએ

અમે ટીંપા છીએ, અમે ટીંપા છીએ
એક સાગરના... એક સાગરના...
અમે પાંદડા છીએ, અમે પાંદડા છીએ
એક ઝાડના... એક ઝાડના...
આવો સાથે જોડાઓ... આવો સાથે જોડાઓ
અમારી એકતા કુચમાં
આ છે જીવનની રીત અમારી... તમારી...
અમે ફૂલો છીએ, અમે ફૂલો છીએ...
એક બાગના... એક બાગના...
આવો સાથે જોડાઓ...આવો સાથે જોડાઓ
અમારી એકતા કુચમાં
આ છે જીવનની રીત અમારી... તમારી

### C. અવતરણ મોઢે કરવું

આ પાઠનો મુખ્ય વિષય, દયાભાવ અને બાળકો જે અવતરણ કરવાના છે તેની રજુઆત કરવામાં નીચેના વિચારો તમારી મદદ કરશે.

> સંપૂર્ણ માનવજાત એક પરિવારની જેમ જીવન જીવી શકે તેના માટે પરમેશ્વરે તેનું સર્જન કર્યું છે. જો આપણે એવું કરવું હોય તો આપણી વચ્ચે ભેદભાવોને આવવા દેવું જોઈએ નહિ. તેના બદલે, આપણે દરેક ધર્મ, જાતિ, રાષ્ટ્ર અને વર્ણના લોકો પ્રત્યે આપણા હૃદયમાં પ્રેમ અને દયાભાવની લાગણીથી એકબીજા સાથે હળીમળી જવું જોઈએ. આ વાત યાદ રાખવામાં આપણી જાતને મદદ કરવા માટે ચાલો આપણે બહાઉલ્લાહનું નીચેનું અવતરણ માઢે કરીએ:

**"આશીર્વાદિત છે તે જે સંપૂર્ણ દયાભાવ અને પ્રેમ પૂર્વક બધા લોકો સાથે ભળી જાય છે."[૧૧૭]**

*ભળી જવું*

૧. ઈગ્રેટસ અને કાઉબર્ડ જંગલમાં રહેતા બે પ્રકારના પક્ષી છે. મોટાભાગે તે બંન્ને એકસાથે જોવા મળે છે. આ બંન્ને પક્ષી એકબીજા સાથે ભળી જાય છે.

૨. ભક્તિ સભામાં, અલગ અલગ જાતિના લોકો એકબીજા સાથે એવી રીતે ભળી ગયા હતા, જાણે કે તેઓ એક જ પરિવારના સભ્યો હોય એવું લાગતું હતું.

D. વાર્તા

આગાઉની આપણી વાર્તાઓમાંથી તમે જાણો છો કે, અબ્દુલબહા સૌથી પહેલાં જયારે અક્કામાં આવ્યા હતા ત્યારે ઘણાં લોકોએ તેમની સાથે ખરાબ વર્તન કર્યું હતું. તેઓ બહાઈઓ પ્રત્યે કૃર હતા અને તેમની સાથે વાતચિત કરવા ઈચ્છતા હતા ન હતા. પરંતું, ટૂંક સમયમાં, તેઓ જોવા લાગ્યા કે બહાઈઓ પ્રેમાળ અને દયાળુ હતા, અને તેના પરિણામે ધીરે ધીરે શહેરના લોકો તેમના પ્રત્યે દયાભાવ બતાવવા લાગ્યા.

હવે, એક દિવસે, એક વ્યક્તિ જે તેના હૃદયમાં અબ્દુલબહા પ્રત્યે હજી ખૂબ ઘૃણા લઈને ફરતો હતો તેણેં બીજા લોકોને અબ્દુલબહાની મહાનતા અને ભલાઈની પ્રશંસા કરતાં સાંભળ્યું. આ માણસ ગુસ્સાથી લાલચોળ થઈ ગયો. તેણેં ગુસ્સામાં કહ્યું. તે તેમને બતાવશે કે આ વ્યક્તિ જેને તેઓ પૂજતા હતા તે ખરેખર સારા નથી. અને તેના હૃદયમાં સળગતા ગુસ્સા સાથે તે જતો રહ્યો. તે જાણતો હતો કે, તે ઘડીએ અબ્દુલબહા મસ્જિદમાં પ્રાર્થના કરતા જોવા મળશે, અને તેથી તે ત્યાં દોડતા ગયા, અને પ્રિય માસ્ટર ઉપર હિંસક હાથ ઉપાડવા તૈયાર થઈ ગયા. પરંતું અબ્દુલબહાએ શાંતિ અને સન્માનપૂર્વક પેલા માણસ તરફ નજર કરી. પ્રેમપૂર્વક તેમણેં તેને પરમેશ્વરના શિક્ષણોની યાદ અપાવી કે આપણેં બધાએ મહેમાનો પ્રત્યે ઉદાર બનવું જોઈએ, તેમના પ્રત્યે પણ જેઓ આપણાથી જુદા હોય. તેનાથી, આ માણસને સમજમાં આવ્યું કે અબ્દુલબહા અને બહાઈઓ, વાસ્તવમાં અક્કામાં, તેમના ઘરમાં મહેમાન જેવા હતા. અને એક ઉદાર યજમાનની જેમ, તેણેં તેમનું સ્વાગત કરવું જોઈએ અને તેમની સાથે દયાભાવથી વર્તન કરવું જોઈએ.

E. રમત: "છુપાયેલો ગુણ"

બાળકોને તેમના બંને હાથ સામે તેમની રાખીને એક વર્તુળાકાર બનાવવાનું કહો. પછી એક સિક્કો કે બીજી કોઈ વસ્તુ તમારા હાથમાં લઈને તમે વર્તુળાકારની વચ્ચે ઊભા રહો. આ સિક્કો કોઈ એક ગુણનું પ્રતિનિધિત્વ કરે છે, જેમકે," દયાળુ". તેના પછી જેમ જેમ તમે બાળકો પાસેથી આગળ પસાર થતા જાઓ તેમ તેમ દરેક બાળકના હાથમાં હાથ રાખીને બોલેતાં જાઓ, દાખલા તરીકે, જ્હોન દયાળુ છે, માર્થા દયાળુ છે, ડેરવી દયાળુ છે, વગેરે. તમે તમારા હાથ બાળકોના હાથમાં મુક્તા હોય ત્યારે, જાણે કે તમે તેમને સિક્કો આપ્યો છે એવો દરેક બાળકે દેખાવ કરીને મુઠ્ઠી બંધ કરી લેવી જોઈએ. જ્યારે તમે બધા બાળકો પાસેથી પસાર થઈ જાઓ ત્યારે, કોઈ એક બાળક એવા બાળકને શોધવાનો પ્રયત્ન કરે છે જેના હાથમાં સિક્કો હોય, ઉદાહરણ તરીકે, તે કહે છે, "કેનજી ખૂબ દયાળુ છે." તેના પછી કેનજીએ તેના હાથ ખોલીને તેની પાસે સિક્કો છે કે નહી તે બતાવવું જોઈએ. કોની પાસે સિક્કો છે, તેને શોધવા માટે બાળકને ત્રણ પ્રયત્ન મળે છે, તેના

પછી બીજા ગુણથી રમતનું પુનરાવર્તન કરવામાં આવે છે. તમારે સુનિશ્ચિત કરવું જોઈએ કે દરેક બાળકને ઓછામાં ઓછું એક વાર તે વસ્તુ આપવામાં આવે છે.

F. રંગપુરણી: ચિત્ર ૧૬

G. **સમાપન પ્રાર્થના**

## પાઠ ૧૭

### A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

આવતા ચાર પાઠમાં, બાળકો નીચે આપેલી પ્રાર્થના મોઢે કરવાનું શીખશે, અને જો તમે તમને મોઢે આવડતી કોઈ એક નવી પ્રાર્થનાથી વર્ગની શરૂઆત કરશો, જેમકે વિભાગ ૧૬ માં સૂચિત પ્રાર્થના, તો તે બાળકો માટે પ્રોત્સાહનનો સ્ત્રોત બની રહેશે. કેટલાક વિધાર્થીઓ તમારી સાથે શરૂઆતની પ્રાર્થનામાં જોડાય તેના પછી તમે હંમેશની જેમ આ પ્રાર્થનાનો પરિચય આપી શકો છો.

> **"તારૂ નામ મારુ સ્વાસ્થ્ય છે, હે પ્રભુ, અને તારૂં સ્મરણ મારો ઈલાજ છે. તારી નિકટતા મારી આશા છે. તારા માટેનો પ્રેમ મારો સાથી છે. તારી દયા મારૂં આરોગ્ય છે અને આ લોક તથા પરલોકમાં મારૂં જીવન બળ છે. ખરેખર, તુ પરમ સમૃધ્ધિવાન, સર્વજ્ઞ, સર્વ-પ્રજ્ઞ છે."**[૧૧૮]

### B. ગીત (અગાઉના ગીતોનું પુનરાવર્તન સહિત)

હિંમતનો સ્ત્રોત

ઈશ્વરના શબ્દોનો પ્રસાર એ, હિંમત અને શક્તિનો સ્ત્રોત છે
પ્રભુના પ્રેમમાં અડગ શ્રદ્ધા એ, હિંમત અને શક્તિનો સ્ત્રોત છે
ઈશ્વરના શબ્દોનો..

તમારી જાતને ભૂલી જાવો, જે સાચુ છે તેની સાથે ઊભા રહો
દીન દુખિયાને સહાય કરો, પ્રભુ શક્તિ પર ભરોસો કરો
ઈશ્વરના શબ્દોનો..

પ્રભુના ધર્મનું શિક્ષણ આપો, તમારા કાર્યમાં બહાદુર બનો
ઈશ્વરે ચીંધેલા રસ્તે ચાલો, તે દોરી જશે ખુશીના માર્ગે
ઈશ્વરના શબ્દોનો..

### C. અવતરણ મોઢે કરવું

નીચેનું વર્ણન આ પાઠનો મુખ્ય વિષય અને મોઢે કરવા માટેનું અવતરણ વિશે ચર્ચા કરવામાં તમારી મદદ કરશે:

> હિંમત રાખવી એટલે જે સાચુ હોય તેનું સમર્થન કરવું, ચાહે પછી તેમ કરવા માટે આપણે એકલા જ હોઈએ, જેમને આપણી મદદની જરૂર હોય તેમનો બચાવ કરવો પછી ભલે

તેનાથી આપણને અગવડ થતી હોય, અને આપણે જાણતા હોઈએ સત્ય બોલવાથી આપણા માટે તે મુશ્કેલીનું કારણ બનશે છતાં સાચુ બોલવું. જીવનમાં શાંતિ અને કૃપાથી મુશ્કેલીઓનો સામનો કરવા માટે હિંમતની જરૂર પડે છે. આપણે ઈશ્વર પ્રત્યેના પ્રેમ અને બીજા બધા કરતા તેને ખુશ કરવાની આપણી ઈચ્છાથી હિંમત મેળવીએ છીએ. અજ્ઞાત સ્થળોએ જવા, નવીન પરિસ્થિતિઓનો સામનો કરવા, બીજા કોઈએ આપણાં પહેલા કર્યું નહિ હોય એવા કાર્યો કરવા માટે હિંમત જરૂરી છે. જીવનની દરેક પરિસ્થિતિનો આપણે હિંમતથી સામનો કરવો જોઈએ, તેના વિશે યાદ રાખવામાં આપણી જાતને મદદ કરવા માટે ચાલો આપણે નીચેનું અવતરણ મોઢે કરીએ:

**"પ્રભુના વચનોનો પ્રસાર અને તેના પ્રેમમાં દૃઢતા એ હિંમત અને શક્તિનો સ્ત્રોત છે."**[૧૧૯]

*સ્ત્રોત*

૧. ક્યોંગ્મી પર્વતની ખીણમાં આવેલાં એક ગામમાં રહે છે. આસપાસના પર્વતો પરનો બરફ પીગળે છે તેમાંથી ગામમાં પાણી આવે છે. પર્વતો પરનો બરફ ગામના પાણીનો સ્ત્રોત છે.

૨. શ્રીમતી. પુટર્સના ત્રણ પ્રેમાળ અને સંસ્કારી બાળકો છે. બાળકો તેમના માટે ખુશી અને આનંદનો સ્ત્રોત છે.

*પ્રસાર*

૧. શોઆના બે મિત્રો દલીલ કરવા લાગ્યા અને એકબીજા પર ગુસ્સે થઈ ગયા. શોઆએ બંને જણાને એકબીજાનો દૃષ્ટિકોણ સમજાવવા અને તેમને શાંત પાડવામાં તેમની મદદ કરી. શોઆ હંમેશા તેના મિત્રો વચ્ચે શાંતિ અને સમજદારીનો ફેલાવો કરે છે.

૨. બાળકોના સ્વાસ્થ્ય માટે સારા હોય એવા ખોરાક વિશે શીખવવા માટે એક નર્સ વર્ગખંડમાં આવે છે. નર્સ સ્વસ્થ્ય આહારને પ્રોત્સાહન આપે છે.

*દૃઢતા*

૧. પ્રેમિલા જાણતી હતી કે તેની ઈચ્છા ડોકટર બનવાની હતી. તે શાળામાં ખૂબ અભ્યાસ કરતી અને તેને સમય મળે ત્યારે દવાખાનામાં સ્વયંસેવક તરીકે સેવા આપતી. તેણે ડોકટર બનવાના તેના નિશ્ચયમાં દૃઢતા બતાવી.

૨. જ્વોન્ડાઈ ખૂબ દૂરના એક ગામમાં શાળાની સ્થાપના કરવાના કાર્યમાં મદદ કરવા ગયો. તેને તેના પરિવાર-જનોની યાદ આવતી હતી અને અનેક મુશ્કેલીઓ સહન કરવી પડતી હતી છંતા, તેણે દૃઢતા બતાવી અને ઘણા વર્ષો સુંધી ગામમાં રહીને શિક્ષકોને તાલીમ આપી અને બાળકો સાથે કામ કર્યું.

## D. વાર્તા

'અલી-અસ્કર ફારસમાં એક વેપારી હતા. જ્યારે તેઓ બહાઈ બન્યા ત્યારે, જે લોકો પ્રભુ ધર્મનો વિરોધ કરતા તેમના હાથે તેમણે અનેક યાતનાઓ સહન કરી. ખૂબ જ ટૂંકા સમયમાં,

તેમની પાસે જે કંઈ હતું તે બધુ જ તેમણે ગુમાવી દીધુ. આમ છંતા, અલી-અસ્કર નાસીપાસ થયા નહિ. તેમણે જોયુ કે, તેઓ તેમની પોતાની જન્મભૂમિમાં આજીવિકા કમાવી શકે તેમ નથી, ત્યારે તેમણે તેમના પડોશી દેશ એડ્રીયાનોપલના એક શહેરમાં જવાનો નિશ્ચય કર્યો .

એડ્રીયાનોપલમાં તેમની પાસે વધારે કશું નહિ હોવા છતાં, તેઓ નાના પાયે વેપાર શરૂ કરવામાં સફળ થયા. તેઓ કોઈ એક વસ્તુનું પણ વેચાણ કરે તેના પહેલાં જ, તેમના ઉપર ડાકુઓએ હુમલો કર્યો અને તેની પાસેથી બધું લુટી લીધું, ફરી એક વાર અલી-અસ્કર પાસે કશું બચ્યું નહિ.

થોડા વખતમાં જ પેલા ડાકુઓની ધરપકડ થઈ અને તેમની બધી સંપતિ જપ્ત કરી લેવામાં આવી. આટલી બધી સંપતિથી સ્થાનિક અધિકારીના મનમાં લાલસા જાગી અને આ બધી સંપતિ પોતાના માટે રાખી લેવાનો તેને વિચાર આવ્યો. તે અલી-અસ્કરને તેમના કાર્યાલયમાં બોલાવીને સમજાવવા લાગ્યા.

તેણેં કહ્યું, "અલી-અસ્કર, આ ડાકુઓ ખૂબ અમીર છે. સરકારમાં મોકલવાના મારા અહેવાલમાં મેં લખ્યું છે કે ચોરીનો પકડાયેલો માલ ખૂબ વધારે છે. તેથી તમારે મુકદમાની સુનવણી વખતે હાજર રહીને મેં જે લખ્યું છે તેની સાક્ષી આપવી જોઈએ." પેલા અધિકારીએ વિચાર્યુ કે આવી રીતે જપ્ત કરેલી બધી સંપતિ અલી-અસ્કરને આપી દેવામાં આવશે અને પછી બંન્ને મળીને વહેંચી લેશે.

અલી-અસ્કર જાણતા હતા કે તેઓ આવા ષડયંત્રમાં જોડાઈ શકે એમ નથી. તેમણે જવાબ આપ્યો, "મહામહિમ ખાન સાહેબ ! મારી ચોરાયેલી સંપતિ ખૂબ ઓછી હતી. જે સાચુ નથી તેની હું કેવી રીતે સાક્ષી આપી શકુ ? તેઓ જ્યારે પ્રશ્ન પુછશે ત્યારે, હું જે ખરેખર સત્ય છે તેની જ સાક્ષી આપીશ. આ મારું કર્તવ્ય છે, એમ હું માનું છું"

અધિકારીએ અલી- અસ્કરને ફરીથી સમજાવવાનો ખૂબ પ્રયત્નો કર્યો. "જુઓ, આપણા માટે આ એક સોનેરી તક છે," અધિકારી કહેવા લાગ્યા, "તને અને મને -બંનેને ફાયદો થઈ શકે છે. આવો મોકો જીવનમાં બીજી વાર કદાચ નહિ પણ મળે, તેને તારા હાથમાંથી નહિ જવા દે."

પરંતુ અલી-અસ્કરે ફરીથી એવું કહેતાં ઈન્કાર કરી દીધો, "ખાન સાહેબ, પછી હું ભગવાનને શું જવાબ આપીશ ? મને મારા નસીબ ઉપર છોડી દો. હું માત્ર સત્ય જ બોલીશ અને સત્ય સિવાય કશું જ નહિ,"

હવે અધિકારીને ગુસ્સો આવી રહ્યો હતો. જો અલી-અસ્કર તેના ષડયંત્રમાં સામેલ નહિ થાય તો, તેની યોજના નિષ્ફળ જશે અને તે હાથમાં આવેલી લક્ષ્મી ગુમાવી દેશે. તેથી તેમનો સહકાર મેળવવાના આશયથી તે અલી-અસ્કરને ધમકાવવા લાગ્યા. તેણે કહ્યું, "હું તને જેલમાં બંધ કરાવી દઈશ, તને દેશ નિકાલની સજા અપાવીશ, એવી કોઈ યાતના બાકી નહિ હોય જેનો તને સામનો કરવાનો વારો નહી આવે ? તેના પછી તેણે અલી-અસ્કરને કહ્યું કે, જો તે સહમત નહિ થાય, તો તે તેમને ફારસમાં પાછા મોકલી દેશે.

'અલી-અસ્કર હસતાં હસતાં કહેવા લાગ્યા,"ખાન સાહેબ, તમારી ઈચ્છા મુજબ તમે મારી સાથે વર્તન કરી શકો છો; જે સાચુ છે તેનાથી હું ફરી જવાનો નથી."

E. **રમત: "હા કે ના"**

તમને મધ્યમાં રાખીને બાળકોને એક મોટો ગોળાકાર બનાવવાનું કહીને રમત શરૂ કરો. તેના પછી તમે બાળકોને કહો કે તમે કેટલાક વાકયો બનાવશો. તેમાંથી કેટલાક ખરા હશે અને બીજા ખોટા હશે. તેમને કહો કે, જો વાક્ય ખરૂં હોય તો, તો તેમણેં મોટેથી બૂમ પાડવી "હા" અને કુદકો મારીને ગોળાકારના કેન્દ્ર તરફ જવું. જો તે ખોટું હોય તો, તેમણેં બૂમ પાડવી "ના" અને ગોળાકારની બહાર કુદકો મારવો.

તમે જે વાક્યો બનાવો છો તે બાળકો સરળતાથી સમજી શકે એવી બાબતો પર આધારિત હોવા જોઈએ. ઉદાહરણ તરીકે "હા" માટેના વાક્યો નીચે મુજબ હોઈ શકે છે: "સૂર્ય પ્રકાશ આપે છે." "વૃક્ષનો બીજમાંથી વિકાસ થાય છે." "પર્વતો ઊંચા છે." તમે એવા પણ વાક્યો બનાવી શકો છો, બાળકોએ પહેરેલા વસ્ત્રોનું વર્ણન કરતા હોય, જેમકે "સેરાએ વાદળી રંગનું શર્ટ પહેર્યું છે," અથવા એવા વાક્યો બનાવી શકો છો જે તેમની આજુબાજુની જગ્યામાં જોવા મળતી ચીજો પર આધારિત હોય, જેમકે "ત્યાં બે પાટલીઓ છે."

"ના" જવાબવાળા કેટલાક વાક્યોના ઉદાહરણ છે: "વરસાદ નીચેથી ઉપર પડે છે." "માછલી ઉડે છે." "પથ્થરો પગે ચાલે છે." ફરીથી, તમે ખોટા વાક્યો બનાવવા માટે તમારી આજુબાજુ નજર કરી શકો છો. યાદ રાખો કે તમારી પાસે ખોટા વાક્યો કરતાં ખરા વાક્યો વધારે હોવા જોઈએ જેથી કરીને, રમતના અંત સુધીમાં, બાળકો ગોળાકારના કેન્દ્રમાં સુધી પહોંચે.

F. **રંગપુરણી: ચિત્ર ૧૭**

G. **સમાપન પ્રાર્થના**

## પાઠ ૧૮

### A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

શરૂઆતની પ્રાર્થના પછી, બાળકોએ ગયા વર્ગમાં જે પ્રાર્થના મોઢે કરવાનું શરૂ કર્યું છે તે પ્રાર્થના મોઢે કરવા માટે સમય પસાર કરવો જોઈએ.

### B. ગીત (અગાઉના ગીતોનું પુનરાવર્તન સહિત)

આશાવાદી બનો

ભવિષ્ય આપણેં કદી જાણી શકવાના નથી

બીજા દિવસે શું થશે

આમ છતાં વરદાનનો પ્રવાહ કદી અટકતો નથી

પ્રભુમાં વિશ્વાસ રાખો અને તમારો માર્ગ બનાવો ...

આશાવાદી બનો, આશાવાદી બનો

અને દરેક જગ્યાએ ઈશ્વરના વરદાન શોધો
સૂર્ય ઉગશે અને આકાશને આચ્છાદીત કરી દેશે
આશાવાદી આંખે પ્રભુ તરફ જુઓ ...
હંમેશા આશાવાદી બનો, વિકાસ માટે પ્રયત્ન કરો
અને શિયાળો આપશે વસંત ઋતુને માર્ગ
તે દરેક વસ્તુમાં જીવન લાવે છે ...
આનંદ અને શાંતિનો સ્ત્રોત બનો
સેવા કરો અને ચેતનાને તેજસ્વી બનવા દો
યાદ રાખો આશીર્વાદ કદી અટકતા નથી
આવતી કાલ માટે આશીવાદી બનો

## C. અવતરણ મોઢે કરવું

આજના વર્ગમાં બાળકો જે અવતરણ મોઢે કરશે તેની રજુઆત કરવા માટે તમે નીચે આપેલા થોડા વિચારોનો ઉપયોગ કરી શકો છો.

પરમેશ્વર હંમેશા આપણી સાથે છે. તે કદી આપણને એકલા છોડશે નહિ અને જીવનભર આપણી મદદ કરવાનું વચન આપે છે. એક દિવસ પછી બીજા દિવસે શું થવાનું છે તેના વિશે આપણે જાણતા નહિ હોવા છંતા, આપણે યાદ રાખીએ છીએ કે પરમેશ્વરના ઉપહાર અને આશીર્વાદ આપણી ચારે બાજુ છે. અને તેથી ભવિષ્ય તરફ નજર કરતાં આપણે આશાવાદી રહીએ છીએ, આપણે વિશ્વાસ રાખીએ છીએ કે આપણે પરમેશ્વરના અસીમ આશીર્વાદ મેળવતા રહીશું. આશાથી ભરેલા હૃદય સાથે આપણે આપણાં ઉપર ઈશ્વરની કૃપાના આશીર્વાદની અપેક્ષા રાખીએ છીએ. આશાવાદીપણાંના ગુણ વિશે આપણી જાતને યાદ અપાવતાં રહેવામાં આપણી જાતને મદદ કરવા માટે, ચાલો આપણે અબ્દુલ-બહાના નીચેના શબ્દો મોઢે કરીએ:

**"ઈશ્વરમાં કદી વિશ્વાસ ગુમાવો નહિ. હંમેશા આશાવાદી રહો, કારણકે માનવી ઉપર પરમેશ્વરના આશીર્વાદનો પ્રવાહ કદી બંધ થતો નથી."**[૧૨૦]

*વિશ્વાસ*

૧. એડવર્ડને કોઈ સમસ્યા હતી અને મદદ માટે તે હુંગ વેઈ પાસે ગયો. એડવર્ડ જાણે છે કે હુંગ વેઈ તેને મદદ કરવા માટે તેમનાથી બનતું બધું કરશે. એડવર્ડને હુંગ વેઈમાં વિશ્વાસ છે.

૨. નિર્મળા તેના ઘરના છતની મરામત કરવા માંગે છે પણ તે એકલી કરી શકતી નથી. બીજા દિવસે નિર્મળાના મિત્રો તેની મદદ કરવાની તૈયારી બતાવે છે. તેને વિશ્વાસ છે કે તેમણેં વચન આપ્યું છે તે પ્રમાણે તેઓ આવશે અને તે બધી વસ્તુઓ તૈયાર રાખે છે.

*આશાવાદી*

૧. લોસેફીના તડકો આવતો રહે એવી જગ્યાએ એક બીજ વાવે છે અને દરરોજ તેને પાણી આપે છે. તે છોડને ઉગતો જોવા ઈચ્છે છે. લોસેફીના આશાવાદી છે કે એક દિવસ આ બીજનો વિશાળ વૃક્ષમાં વિકાસ થશે.

૨. એન્ટોનીનો એક સારો મિત્ર બીજા શહેરમાં રહેવા જતો રહ્યો. એન્ટોનીને તેના મિત્રની ખૂબ યાદ આવતી હતી, પરંતુ તે આશાવાદી હતો કે તેઓ ફરી પાછા મળશે.

*આશીર્વાદ*

૧. લિલિયન દરરોજ રાત્રે પ્રાર્થના કરે છે ત્યારે, જે ચીજો પ્રાપ્ત કરવાનું તેને સૌભાગ્ય મળ્યું છે તેના વિશે તે વિચાર કરે છે. તે તેના માતા-પિતા, તેના મિત્રો, તેના શિક્ષકો અને જે પથારીમાં તે ઉંઘે છે તેના વિશે પણ વિચાર કરે છે. લિલિયનને જે આશીર્વાદ મળ્યા છે તેના માટે તે હંમેશા આભાર માનતી રહે છે.

૨. રેઝાના ઘણાં મિત્રો અને સગા-સંબધીઓ છે જેઓ તેને પ્રેમ કરે છે અને તેના વિકાસમાં મદદ કરે છે. આ બધાના પ્રેમ અને સહકારરૂપી આશીર્વાદ માટે રેઝા હંમેશા આભાર માને છે.

*બંધ થવું*

૧. તાહીર નળ બંધ કરે છે ત્યારે પાણી આવતું બંધ થઈ જાય છે. પાણીનો પ્રવાહ બંધ થાય છે.

૨. વાદળ-છાયા દિવસે પણ, સૂર્યના કિરણો ધરતીને ઉર્જા આપે છે. સૂર્યના કિરણો ધરતી પર આવતા બંધ થતા નથી.

## D. વાર્તા

એક માણસ હતો જેની પાસે કોઈ ઘર ન હતું, તે લંડનમાં થેમ્સ નદીના કિનારે રહેતો હતો. તે ખૂબ ઉદાસ હતો અને તેણે જીવનમાં ખુશી મેળવવાની બધી આશા ગુમાવી દીધી હતી. એક દિવસ તે એક દુકાનની નજીકથી પસાર થઈ રહ્યો હતો ત્યારે, અચાનક વર્ત માનપત્રની એક તસવીર ઉપર તેની નજર પડી. તે અબ્દુલ-બહાનો ચહેરો હતો. આ માણસ ત્યાં જ ઊભો રહી ગયો, અને એકીટસે તેને જોવા લાગ્યો. તેણેં અબ્દુલ-બહાને પહેલાં કદી જોયાં ન હતાં અને તેઓ કોણ હતા તેના વિશે જાણતા ન હતા, પરંતુ તે નિશ્ચ્યત હતો કે તેણે અબ્દુલ-બહાને મળવું જોઈએ. વર્તમાનપત્રમાં અબ્દુલ-બહાના ઘરનું સરનામું આપવામાં આવ્યું હતું, તેથી સરનામું શોધી કાઢવાની અપેક્ષાએ તે આગળ નિકળી પડયો. રસ્તો ખૂબ લાંબો હતો - ત્રીસ માઈલ દુર -છતાં, જ્યા સુધી તે અબ્દુલ-બહાના ઘરે પહોંચ્યો ત્યાં સુધી સતત ચાલતો રહ્યો.

અંતે જ્યારે આ માણસ ઘરે પહોંચ્યો ત્યાં સુધીમાં તે ખૂબ થાકી ગયો અને તેને ભૂખ લાગી હતી. ઘરની એક મહિલાએ તેનું પ્રેમથી સ્વાગત કર્યુ, તેને થોડું ભોજન આપ્યું અને તેને થોડો આરામ કરવા કહ્યું. આરામ કરતાં કરતાં, તેણે મહિલાને તેની વાર્તા સંભળાવી અને પછી અબ્દુલ-બહા ત્યાં હતા કે નહી તેના વિષે પૂછયું.

“શું તેઓ મળશે ખરા ?” તેણે પૂછયું. “મારા જેવા માણસને પણ ?”

મહિલાએ કહ્યું કે અબ્દુલ-બહા તેમને ચોક્કસ મળશે, એટલામાં તો અબ્દુલ-બહા દરવાજે આવી પહોચ્યાં. પેલો માણસ ઊભો થઈ ગયો અને તેને ભેટવા માટે અબ્દુલ-બહાએ તેમના હાથ લંબાવ્યા. પેલો માણસ જાણે કે અબ્દુલ-બહાનો એક જૂનો મિત્ર હોય અને લાંબા સમયથી તેઓ તેમને મળવા આતુરતાથી રાહ જોઈ રહ્યા હોય એવું લાગી રહ્યું હતું. અબ્દુલ-બહાએ પ્રેમ અને કરૂણાંથી તેમનું સ્વાગત કર્યું અને તેમને તેમની પાસે બેસવાનું કહ્યું.

તેના પછી, લોકોના હૃદયે ગુમાવેલી ખુશી કેવી રીતે પાછી લાવવી તેના વિશે, અબ્દુલ-બહા તેમની સાથે વાત કરવા લાગ્યા. પરમેશ્વરના સામ્રાજ્યમાં તે શ્રીમંત હતો તેની યાદ અપાવીને તેને ઉદાસી ખંખેરી નાખવા પ્રોત્સાહન આપ્યું. અબ્દુલ-બહા જેમ જેમ પેલા માણસ ઉપર કરૂંણાં વરસાવતા ગયા, તેમ તેમ તેમના રાહત પૂરી પાડતા શબ્દો તેના હૃદયના ઘા ભરતા ગયા અને તેને શક્તિ આપી. ધીરે ધીરે તેની ઉદાસી અદૃશ્ય થઈ ગઈ. વિદાય લેતાં પહેલાં, પેલા માણસે અબ્દુલ-બહાને કહ્યું કે, હવે કદી પણ તેઓ ગરીબીને તેની ઉદાસીનું કારણ બનવા દેશે નહિ; તેના બદલે તે ખેતરોમાં મજૂરી કરશે અને પૈસા બચાવશે, જેથી તે થોડી જમીન ખરીદી શકે અને તેમાં ફૂલ-છોડ ઉગાડીને બજારમાં વેચી શકે. પેલો માણસ અબ્દુલબહા પાસેથી ઈશ્વરમાં તેનો ભરોસો રાખવાનું અને વિશ્વાસ રાખવાનું શીખ્યો કે ઈશ્વર તેને સંપૂષ્ટિ આપશે અને તેના પ્રયત્નોમાં આશીર્વાદ આપશે. આવી રીતે તેની નિરાશા આશામાં બદલાઈ ગઈ.

### E. રમત: "મેઘરાજ"

સૌથી પહેલા બાળકોને તમારી ફરતે એક વર્તુળાકાર બનાવવાનું કહો અને રમતનો પરિચય આપવા માટે, બાળકો જાણે કે રણમાં હોય અને વરસાદ માટે તલપાપડ હોય એવી કલ્પના કરવાનું કહો. તેના પછી તમારી હથેળીઓને એકબીજા સાથે ઘસવાનું શરૂ કરો અને પછી તમે જેમના તરફ નજર કરો તે મુજબ વારા પ્રમાણે બાળકોને પણ તેમની હથેળી ઘસવાનું કહો. તમે આખું વર્તુળ પુરૂ કરી લીધુ હોય અને બધા બાળકો તેમની હથેળી ઘસી રહ્યા હોય ત્યારે, તેમને કહો કે તમે કોઈ એક નવી ક્રિયા કે એકશન કરતાં કરતાં તે દરેક તરફ નજર નહિ કરો ત્યાં સુંધી તેમણે પહેલી ક્રિયા ચાલુ રાખવાની છે. બીજી ક્રિયા કે એકશન તરીકે તમે ચપટી વગાડી શકો છો અને પછી તાળી પાડી શકો છો, તમારા પગ થાબડી શકો છો અને તમારા પગ અફાળી શકો છો. બધા બાળકોની એકશનમાંથી ઉત્પન્ન થતી ધ્વની-શરૂઆતના વરસાદના ટીંપા જેવી અને અંતમાં ધોધમાર વરસાદ જેવી લાગવી જોઈએ.

### F. રંગપુરણી: ચિત્ર ૧૮

### G. સમાપન પ્રાર્થના

## પાઠ ૧૯

### A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

હંમેશની જેમ, પ્રાર્થનાઓથી વર્ગની શરૂઆત કરો. તેના પછી પાઠ ૧૭માં શરૂ કરેલી પ્રાર્થ ના માઢે કરવામાં તમે બાળકોની મદદ કરી શકો છો.

### B. ગીત (અગાઉના ગીતોનું પુનરાવર્તન સહિત)

### કાર્યશીલ હાથ

કાર્યશીલ હાથ આપે બાળકને ખુશી
ખુશ બાળકો આપે સર્વજનને ખુશી
ફેલાવે ચોમેર પ્રેમ શાંતિ...કાર્યશીલ હાથ..
આવા હાથ કરે નવા જગની રચના
જ્યાં સહુ કોઈ ભજવે પોતાનો ભાગ
આપણે સહુ બનીએ આભારી એના
બહુ જલ્દી મેળવીશું આપણું લક્ષ્ય...કાર્યશીલ હાથ
પ્રભુ સહાય કરશે નવું વિશ્વ રચવા
જ્યાં આપણે બધાને મદદ કરીશું
આપણેં સહુ દેશું પડોશીને પ્રેમ
પોતાને કરીએ તેનાથી વધુ... કાર્યશીલ હાથ

## C. અવતરણ મોઢે કરવું

આ પાઠમાં, બાળકો વિશ્વાસપાત્રતાને લગતું એક અવતરણ મોઢે કરશે, જેની તમે નીચે મુજબ રજુઆત કરી શકો છો:

> પરમેશ્વરની નજરમાં સૌથી મહાન ગુણોંમાંથી એક ગુણ છે વિશ્વાસપાત્રતા. વિશ્વાસપાત્ર વ્યક્તિ સત્યવાદી અને પ્રમાણિક હોય છે તથા તેના શબ્દો ઉપર ભરોસો રાખી શકાય છે. આપણે એક વાત કરતા હોઈએ અને બીજું જ કરતા હોઈએ-એવું કરવું જોઈએ નહી. આપણા શબ્દો હંમેશા આપણાં કાર્યોમાં પ્રતિબિંબિત થવા જોઈએ. જ્યારે આપણે વિશ્વાસપાત્ર હોઈએ છીએ ત્યારે, બીજા લોકોને ભરોસો રાખી શકે છે કે આપણે આપણી જવાબદારી નિભાવવા અને આપણા કર્તવ્યો પૂરા કરવાનો સંપૂર્ણ પ્રયત્ન કરીશું. આવી રીતે પ્રત્યેક વ્યક્તિ પોતપોતાનું કાર્ય કરશે એવું જાણીને બધા લોકો સાથે મળીને સંપથી કાર્ય કરી શકે છે. વિશ્વાસપાત્રતાના મહત્વ વિશે યાદ રાખવામાં આપણી જાતને મદદ કરવા માટે, ચાલો આપણે નીચેનું અવતરણ મોઢે કરીએ:

**"વિશ્વાસપાત્રતા લોકોની પ્રશાંતિ અને સુરક્ષા તરફ લઈ જતું સૌથી મોટું દ્વાર છે."**[૧૨૧]

*વિશ્વાસપાત્રતા*

૧. એથોસે તેની માં ને વાયદો કર્યો હતો કે તે રાતનું ભોજન તૈયાર કરવામાં તેમની મદદ કરશે. જ્યારે તેના મિત્રો રમવા માટે તેને બોલાવવા આવ્યા ત્યારે, તેને માં ને આપેલો વાયદો યાદ આવ્યો અને મિત્રોને કહ્યું કે તે બીજા કોઈ દિવસે તેમની સાથે રમશે. એથોસે વિશ્વાસપાત્રતાનો ગુણ દર્શાવ્યો.

૨. સુનિતા તેના પરિવાર માટે કેટલીક ચીજવસ્તુઓ ખરીવા એક દુકાનમાં ગઈ, પરંતુ તેને ખબર પડી કે તેમને જે ચીજવસ્તુઓની જરૂર છે તે ખરીદવા માટે તેમની પાસે પુરતા પૈસા

નથી. તેણે દુકાનદારને પૂછયું કે તે બાકીના પૈસા બીજા દિવસે આપી શકે એમ છે નહિ. દુકાનદારે કહ્યું કે તેમાં કોઈ વાંધો નથી કારણકે તેને ખબર હતી કે સુનિતા વિશ્વાસપાત્ર છે અને તેણેં વચન આપ્યું છે તે મુજબ પૈસા આપી દેશે.

*પ્રશાંતિ*

૧. એમિલિયાને જ્યારે કોઈ મહત્વનો નિર્ણય લેવાનો હોય છે ત્યારે, તે વિચારવા અને ચિંતન કરવા માટે કોઈ શાંત જગ્યા શોધવાનો પ્રયત્ન કરે છે. તે નજીકના બગીચામાં જાય છે અને તેના પ્રશાંત વાતાવરણમાં તેના મન અને હૃદયને સ્વચ્છ કરે છે.

૨. એક વાર મોટુ તોફાન થંભી જતાં, બધુ શાંત અને સ્થિર થઈ ગયુ. તોફાન પછી શાંતિ અને પ્રશાંતિ આવી.

*સુરક્ષા*

૧. જાનવરનું બચ્ચું ડરી જાય છે ત્યારે, તે સલામતી માટે તેની માં પાસે દોડી જાય છે. માં તેના બચ્ચાને સુરક્ષા પૂરી પાડે છે.

૨. એક પર્યટક રસ્તો ભૂલી ગયો અને જંગલમાં ખોવાઈ ગયો. જયારે તે પાછો આવ્યો નહિ ત્યારે, ગામના ગાઈડો તેને શોધવા ગયા. જ્યારે ગામલોકોએ તેને શોધી કાઢયો ત્યારે તેણે રાહતનો શ્વાસ લીધો, કે હવે તેઓ તેને સલામત ઘરે પહોચાડી દેશે ત્યારે તેને સુરક્ષાનો અનુભવ થયો.

## D. વાર્તા

ઘણાં વર્ષો પહેલાં, પ્રભુધર્મના શરૂઆતના દિવસોમાં, બહાઈઓની સંખ્યા ખૂબ ઓછી હતી અને ઘણાં દેશોમાં ફેલાયેલી હતી. તેઓ અનેક પડકારોનો સામનો કરતા અને ઘણીવાર પવિત્ર ભૂમિમાં અબ્દુલ-બહાને પ્રત્રો લખતા, તેમને પ્રભુધર્મની પ્રગતિના સમાચાર આપતા અને તેમના વિભિન્ન પ્રશ્નો પૂછતા. નિર્ધારિત સ્થળે પહોંચતાં પહેલાં તેમના પત્રો લાંબી દૂરી પાર કરતા, તથા અબ્દુલ-બહા ખૂબ પ્રેમ અને સંભાળપૂર્વક દરેક પત્રનો જવાબ આપતા. તેમની કલમથી પ્રવાહિત થતા સુંદર શ્લોક, તેને પ્રાપ્ત કરતા શ્રધ્ધાળુઓ માટે અણમોલ ઉપહાર જેવા હતા. તેમના પ્રેરણાત્મક શબ્દો આ શરૂઆતના બહાઈઓને બળ પરૂં પાડતા અને તેમના હૃદયને પ્રસન્નતાથી ભરી દેતા. અને તેથી આ મહત્વનું હતુ કે પત્રવ્યવહારના આ પ્રવાહમાં કોઈ રૂકાવટ નહી આવે.

હવે, આ વિસ્તારમાં તે સમયે મહમ્મદ તકી નામનો એક બહાઈ રહેતો હતો. તે ઘણાં વર્ષો પહેલાં ઈરાનથી એક યુવાન તરીકે આવ્યો હતો અને તેણે એક નાનો વ્યવસાય શરૂ કર્યો હતો. ધીરે ધીરે તે તેની અતૂટ વિશ્વસનીયતા માટે જાણીતો થયો. તે એટલો ભરોસાપાત્ર હતો કે પવિત્ર ભૂમિમાં અબ્દુલબહા માટે આવતી તમામ ટપાલ અને ત્યાંથી બહાર મોકલવાની બધી ટપાલ તેના ઘરમાં થઈને આવતી -જતી. ડરેક વ્યક્તિ જાણતો હતો કે દરેક ટપાલ તાત્કાલિક અને સુરક્ષિત રીતે પહોંચાડવામાં આવે છે તેની ખાતરી કરવા માટે તેના પરી શકાય છે.

પરંતુ, તેના પછી, પ્રભુધર્મના દુશ્મનો અબ્દુલ-બહાની વિરૂધ્ધ ઊભા થયા. લોકો અબ્દુલબહા પ્રત્યે જે પ્રેમ અને આદર રાખતા હતા તેનથી તેમને ઈર્ષા થવા લાગી. તેઓ કે અબ્દુલબહાના દેશનિકાલ, અને તેનાથી પણ વધારે ખરાબ-તેની હત્યાની અપેક્ષા કરી રહ્યા

હતા. તેમના ઘરની ફરતે જાસુસ તૈનત કરવામાં આવ્યા હતા, અને તેમને સતત નજરકેદમાં રાખવામાં આવ્યા હતા. તેમના દુશ્મનોને કેટલી ખુશી થઈ હોત, જો તેઓ પત્ર વ્યવહાર બંધ કરાવી શક્યા હોત, તથા અબ્દુલ-બહા અને તેમના સમર્પિત મિત્રો વચ્ચેની આ કડી તોડી શકયા હોત, અને તેનાથી વિશેષ, જો તેઓ એવા કોઈ દસ્તાવેજો ચોરી શકયા હોત જેને અધિકારીઓને ગેરમાર્ગે દોરવાના ઉપયોગમાં લાવી શકયા હોત તો તેમને કેટલી ખુશી થઈ હોત!

આમ છતાં, અબ્દુલ-બહા જરા પણ વિચલિત થયા નહિ. દીવાના પ્રકાશમાં મોડી રાત સુંધી તેમને લખતાં જોઈ શકાતું હતું; કારણકે પત્રોની અવર-જવર માટે તેમણે સુરક્ષિત માધ્યમની વ્યવસ્થા કરી હતી. આ એવું કાર્ય હતું જે સૌથી વધારે વિશ્વસનીય શ્રધ્ધાળુને જ સોંપી શકાતું હતું.

અબ્દુલબહા જાણતા હતા કે, તેમના દુશ્મનોને ખબર હતી કે મહમદ તકી મહત્વનું કાર્ય કરતા હતા. તેઓ તેમના થકી આવતા જતા પત્રોને અટકાવવાનો પ્રયત્ન કરશે તેમાં કોઈ શંકા નથી. તેથી અબ્દુલબહાએ મહમદ તકીને નજીકના દેશમાં એક નજીકના સ્થળે મોકલી દીધા, જ્યાં તેમના માટે કોઈ જોખમ ન હતું. તેના પછી, પવિત્ર ભૂમિમાંથી મહમદ તકી સુધી પત્રવ્યવહારની  અવર જવર કરવા માટે બીજા લોકોની વ્યવસ્થા કરી, જેના ઉપર તેમના દુશ્મનોને કોઈ શક નહી થાય. અને આ સલામત જગ્યાથી મહમદ-તકીએ હંમેશની જેમ દૂર દૂરના મિત્રોને પત્રો મોકલવાનું અને તેમની પાસેથી પત્રો મેળવવાનું ચાલુ રાખ્યું, અને અબ્દુલ-બહાએ તેમનાં ઉપર જે ભરોસો રાખ્યો હતો તેને કદી તુટવા દીધો નહિ. તેથી સૌથી કઠીન પરિસ્થિતિમાં પણ, પવિત્ર ભુમિમાંથી પ્રવાહિત થતો માર્ગદર્શનનો પ્રકાશ દૂર દૂરના વિસ્તારમાં મિત્રો સુંધી અવિરત પહોંચતો રહ્યો.

### E. રમત: “માર્ગદર્શક”

બાળકોને જોડીમાં વહેચી દો અને તેમને તેમના સાથીના હાથ પકડવાનું કહો. દરેક જોડીમાંથી એક બાળકના આંખે પાટો બાંધી દો અને બીજાને કહો કે તે પેલા બાળકને આમ-તેમ ફરવા લઈ જાય અને તેને માર્ગદર્શિત કરે, કાળજી રાખો કે રસ્તામાં તે ઠોકર ખાઈને કે ભટકાઈને પડી ના જાય. રમતને પડકારયૂક્ત બનાવવા માટે આંધળા માણસને અડચણોની વચ્ચેથી માર્ગ દર્શન આપી શકાય છે, જેમ કે ઝાડની ડાળીઓ, નાના ખાડા, પથ્થરો, ટાયરો, વગેરે. તમારા વિધાર્થીની સૂચના આપવાની અને લેવાની ક્ષમતા વધારવા માટે આંખે પાટા બાંધેલા બાળકને માત્ર શાબ્દિક માહિતી દ્વારા માર્ગદર્શન આપી શકાય છે. આવા કિસ્સામાં, ગાઈડ કરતા બાળકે તેનું નજીકથી અનુસરણ કરવું જોઈએ અને તેને ઠોકર વાગવાની હોય કે પડી જવાનો હોય તો તેને સંભાળવું જોઈએ.

ઉપરોક્ત રમતના વિકલ્પ તરીકે, બધા બાળકોના આંખે પાટા બાંધીને એક રેલગાડી બનાવી શકાય છે, જેનું તમે અથવા એક બાળક નેતૃત્વ કરી શકે છે.

### F. રંગપુરણી: ચિત્ર ૧૯

### G. સમાપન પ્રાર્થના

## પાઠ ૨૦

### A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

તમે અને કેટલાક વિદ્યાર્થીઓએ શરૂઆતની પ્રાર્થના કરી લીધા પછી, છેલ્લા ત્રણ પાઠથી વિધાર્થીઓ જે પ્રાર્થના મોઢે કરી રહ્યા છે તેનું પુનરાવર્તન કરો.

### B. ગીત (અગાઉના ગીતોનું પુનરાવર્તન સહિત)

ઈશ્વરના પ્રેમની અગ્ની પ્રગટાવવી

મારા અંતરમાં, એક જ્યોત છે

તેને ઈશ્વરે પ્રગટાવી છે

એક વિશેષ જ્યોત

આ અગ્ની છે, ઈશ્વરના પ્રેમની અગ્ની ....

હું પ્રાર્થના કરીશ, હું પ્રાર્થના કરીશ ઈશ્વરને

મારા અંતરમાં પ્રગટાવવા, મારા અંતરમાં પ્રગટાવવા

એ જ્યોત, તેના પ્રેમની અગ્ની

અને પ્રયત્ન કરીશ

કે તેનો પ્રકાશ બધાને પ્રજ્જવલિત કરે

દરરોજ હું આ જ્યોતને તેલ આપતો રહીશ

અને હું પ્રાર્થના કરતો રહીશ...

અને હું બીજાનું સારૂં કરીશ

આ જ્યોત મોટી થતી જશે

જયારે હું પ્રાર્થના કરીશ અને માનવજાતની સેવા કરીશ...

અને જ્યારે આ જ્યોત સળગશે, જ્યારે તે વધતી જશે

ત્યારે જેઓ તેના સંપર્કમાં આવે છે તેઓ બધા

તેનો અનુભવ કરશે

જેઓ તેના સંપર્કમાં આવે છે તે બધાને તે હુંફ આપશે...

### C. અવતરણ મોઢે કરવું

આ પાઠનો મુખ્ય વિષય પ્રજ્જવલિતતા છે, અને આ વિષય અને જે અવતરણ મોઢે કરવાનું છે તેનો પરિચય આપવામાં નીચેનું વર્ણન તમારી મદદ કરશે:

> પરમેશ્વરને ઓળખવા અને તેને પ્રેમ કરવા માટે દરેક મનુષ્યનું સર્જન કરવામાં આવ્યું છે, અને આપણા બધાના હૃદયમાં તેના પ્રેમની ચિનગારી છે. આ મહત્વનું છે કે આપણે,

દરરોજ તેની પ્રાર્થના અને બીજાની સેવા દ્વારા પરમેશ્વરના પ્રેમની જ્યોતને બળતણ પુરૂં પાડતા રહીએ, જેથી તે વધુ ને વધુ તીવ્રતાથી સળગતી રહે. જયારે આ જ્યોત આપણા હૃદયમાં સળગતી હશે ત્યારે, આપણાં સંપર્કમાં આવતા બધા લોકોને તેની ગરમીનો અનુભવ થઈ શકે છે. અને તેમના હૃદયો પણ પ્રજ્જવલિત થશે. જ્યારે આપણે આવી રીતે પ્રજ્વલિત થઈએ છીએ, ત્યારે આપણે સળગતી મીણબત્તી જેવા બનીએ છીએ જે પ્રકાશ ફેલાવવા સિવાય રહિ શકતી નથી. ચાલો આપણે નીચેનું અવતરણ મોઢે કરીએ

**"વસ્તતુ : તારા હૃદયમાં પ્રભુ-પ્રેમની અગ્નિ પ્રગટાવવા માટે હું પ્રભુને યાચના કરૂં છું, જેથી તમે બીજાના હૃદયને પ્રગટાવી શકો."**[૧૨૨]

*પ્રગટાવવું*

૧. ઘર ઠંડુ હતું, તેથી એકસેલના પિતાએ દેવતા સળગાવવાનો નિશ્ચય કર્યો. તેણે ચુલામાં મોટા મોટા લાકડા અને થોડી નાની ડાખળી સળગાવી. થોડી વારમાં તો મોટા લાકડામાંથી આગ પ્રગટવા લાગી અને તેનાથી રૂમ ગરમ થવા લાગ્યો.

૨. એક વૈજ્ઞાનિક શાળામાં આવ્યા અને તેણે વિધાર્થીઓ સાથે બ્રહ્માંડની રચના વિશે ઘણી રસપ્રદ વાતો કરી. વક્તવ્ય પછી વિધાર્થીઓએ તેમને ઘણાં પ્રશ્નો પૂછયા. વૈજ્ઞાનિકે વિધાર્થી ઓના મનમાં દુનિયા વિશે વધારે જાણવાની ઈચ્છા પ્રગટાવી.

## D. વાર્તા

થોમસ બ્રેકવેલ નામનો એક યુવાન હતો, જે દક્ષિણ અમેરિકામાં કપાસના કારખાનામાં મહત્વના પદ પર નોકરી કરતો અને તેની રજાનો સમય યુરોપમાં વિતાવતો હતો. ૧૯૦૧ના ઉનાળાના સમયમાં યુરોપની તેમની મુસાફરી દરમિયાન, સ્ટીમરમાં એક મહિલા સાથે તેમની મુલાકાત થઈ અને તેઓ આધ્યાત્મિક વિષયો ઉપર વાતચિત કરવા લાગ્યા. જ્યારે તેઓ પેરિસ પહોંચ્યા, ત્યારે આ મહિલા થોમસ બ્રેકવેલને તેના બીજા એક મિત્રને મળવા લઈ ગઈ, જે આ શહેરમાં એક ફ્લેટમાં રહેતી હતી અને તે જાણતી હતી કે તેને પણ આવી વાતોમાં રસ હતો. પેલી યુવતીએ તેમનું સ્વાગત કર્યુ અને ત્રણે વાતો કરવા લાગ્યા. વિદાય લેતા પહેલાં, બ્રેકવેલે તેના યજમાન સાથે વધારે ચર્ચા કરવા ફરી વાર મળવાની ઈચ્છા વ્યક્ત કરી. બીજા દિવસે સવારે ફરીથી મળવાનું તેને આમંત્રણ મળ્યું.

બીજા દિવસે સવારે, જ્યારે બ્રેકવેલ પહોચ્યાં ત્યારે યુવતીએ જોયું કે તેની આંખોમાં તેજ હતુ અને તેનો અવાજ ભાવનાથી સભર હતો. તેણે તેમને બેસવા કહ્યુ. બ્રેકવેલ આ ક્ષણે આતુરતાથી તેની સામે જોવા લાગ્યા અને પછી અજબ અનુભવ વિશે વાત કરવા લાગ્યા. તે કહેવા લાગ્યા કે, પહેલા દિવસે તેઓ જ્યારે તેમના ઘરેથી પરત જઈ રહ્યા હતા ત્યારે, તે સાંજના ગરમ અને ભારે વાતાવરણમાં એકલા રસ્તે જઈ રહ્યા હતા. તેમની આજુબાજુ કોઈ પાંદડુ પણ હલતુ ન હતું. ત્યારે અચાનક જોરથી પવન આવ્યો અને તેને એક મધુર અને શક્તિશાળી અવાજ સંભળાયો, જે પરમેશ્વરના નવીન સંદેશના આગમનના સંદેશની વાત કરતો હતો.

આ યુવતીએ તેને શાંતિ રાખવા વિનંતી કરી, કારણ કે બ્રેકવેલ જે સંદેશ વિશે વાત કરતા હતા તેના વિશે તે જાણતી હતી. આગામી ત્રણ દિવસ દરમિયાન, કલાકો સુંધી આ યુવતીએ

બહાઈ ધર્મ-તેનો ઈતિહાસ અને તેના શિક્ષણો, તથા આ શિક્ષણોના સંપૂર્ણ આદર્શ અબ્દુલ-બહા, જેઓ પવિત્ર ભુમિમાં કારા-નગરીમાં રહેતા હતા તેના વિશે વાત કરી.

ત્રણ દિવસની મુલાકાતના અંતે, બ્રેકવેલનું હૃદય ખુશી અને આશાથી એટલું તરબોળ થઈ ગયું કે, અક્કા જઈને અબ્દુલ-બહાને મળવા સિવાય હવે બીજી કોઈ ઈચ્છા તેના હૃદયમાં હતી નહિ. એવું થયું કે, એક બીજો યુવાન હતો જેમણે સમાન હેતું માટે પવિત્ર ભૂમિમાં જવાની યોજના બનાવી લીધી અને બ્રેકવેલનો સંગાથ મળતાં તેને ખૂબ જ ખુશી થઈ. તેથી, બ્રેકવેલની પવિત્ર ભૂમિની યાત્રાની મંજૂરી માટે, તરત જ અબ્દુલ-બહાને વિનંતી કરતો એક સંદેશ મોકલવામાં આવ્યો, અને પછી થોડા વખતમાં તેઓ તેમની યાત્રાએ જવા નિકળી પડયા.

જયારે આ બંને યુવાનો અબ્દુલ-બહાના ઘરે પહોચ્યા ત્યારે, તેમને એક ઓરડામાં લઈ જવામાં આવ્યા જ્યાં બીજા ઘણાં લોકો ભેગા થયા હતા. આસપાસ નજર કરતા બ્રેકવેલને ખૂબ પરેશાની થવા લાગી. ઓરડામાં એવું કોઈ ન હતું જેમની તરફ તેમનું હૃદય આકર્ષિ ત થતું હોય, અને અબ્દુલ-બહા તેમના પૈકી કોઈ એક હશે એમ વિચારીને પેરિસમાં તેમણે જે સ્વર્ગીય વિભૂતિ વિશે સાંભળ્યું હતું તેને ઓળખવામાં નિષ્ફળ જવાનો ડર લાગી રહ્યો હતો. તે ઉદાસ થઈને બેસી ગયો. તે ક્ષણે, દરવાજો ખુલ્યો અને બ્રેકવેલે ઉપર નજર કરી. તેમણે તેજસ્વી પ્રકાશ જોયો, જેમાં તેને અબ્દુલ-બહાનું વ્યક્તિત્વ દેખાયું. તે તરત જ સમજી ગયા કે તેની પરમ ઈચ્છા પૂરી થઈ ગઈ હતી.

બ્રેકવેલે અબ્દુલ-બહાના સાંનિધ્યમાં બે દિવસ પસાર કર્યા, તે સમય દરમ્યાન તેના હૃદયમાં પ્રજવલિત થયેલી અગ્નિ વધારે ને વધારે તીવ્ર થતી ગઈ. જ્યારે બ્રેકવેલે અબ્દુલ-બહાને કહ્યું કે તેઓ કપાસના કારખાનામાં નોકરી કરતા હતા, જ્યાં બાળ મજૂરો પાસે કામ કરાવવામાં આવતુ હતું, ત્યારે અબ્દુલ-બહાએ તેમને નોકરી માંથી રાજીનામું આપવાની સલાહ આપી અને કોઈ જાતનો ખંચકાટ વગર બ્રેકવેલે આ નોકરી છોડી દીધી. તેની મુલાકાતના અંતે તે પેરિસમાં પાછા આવ્યા, તેની ચેતના સંપૂર્ણપણે પ્રજ્વલિત થઈ ગઈ હતી. તેમના જીવનના શેષ કાળમાં, તેઓ તેજસ્વી મીણબતીની જેમ સળગતા રહ્યા, અને બીમારીને કારણે તેનું મૃત્યું થયું ત્યાં સુધી, તેના સંપર્કમાં આવતા દરેક સાથે તેમના હૃદયમાં પદિપ્ત પ્રકાશની આપ-લે કરતા રહ્યા. તેમના મુત્યુ પછી, તેમની યાદમાં અબ્દુલ-બહાએ એક પાતી પ્રગટ કરી, જેમાં નીચેના શ્લોકનો સમાવેશ છે : ''ઓ બ્રેકવેલ, હે મારા પ્રિય-જન ! તમે સ્વર્ગીય સંઘમાં એક જ્યોત પ્રગટાવી છે, તમે આભા સ્વર્ગમાં પદાર્પણ કર્યું છે, તમે આશીર્વાદિત વૃક્ષની છત્ર-છાંયામાં આશ્રય મેળવ્યો છે, સ્વર્ગીય શરણમાં તમે પ્રભુ મિલન પ્રાપ્ત કર્યું છે.''

## E. રમત: "બીમારની મદદ કરો"

''બીમાર દરદી'' નો અભિનય કરવા માટે એક બાળકની પસંદગી કરો. હવે બીજા બે બાળકોને એક બીજાના હાથ પકડીને એક ''ખુરશી'' બનાવવાનું કહો. બાળકોની સંખ્યા અને તેમની આવડતને આધારે, તમે બીજી કોઈ રીતે ખુરશીની રચના કરવાનું કહી શકો છો. આવા કિસ્સામાં, તેમને એક જણના હાથના કાંડાને બીજાના હાથમાં અને બીજાના હાથના કાંડાને પહેલાના હાથમાં પકડી રાખવાનું કહો.

વર્ગના બીજા બાળકો હવે "બીમાર મિત્ર"ને ખુરશીમાં બેસાડીને તેની મદદ કરી શકે છે. કોઈ ઝાડ કે બીજી કોઈ જગ્યાની "આરોગ્ય કેન્દ્ર" તરીકે પસંદગી કરો અને બે બાળકોને ખુરશી બનાવીને "બીમાર" ને " આરોગ્ય કેન્દ્ર" માં લઈ જવાનું કહો.

જો બાળકોની સંખ્યા વધારે હોય તો, ખુરશી બનાવવાને બદલે બાળકોને એકબીજાની સામ સામે ઉભા રહીને 'સ્ટ્રેચર' બનાવવાનું કહી શકો છો. તેમને કોણીથી ઉપરના ભાગે એક બીજાના હાથ બરાબર પકડવાનું કહો. આવી રીતે એક 'સ્ટ્રેચર' તૈયાર થઈ જશે. તેના પછી 'બીમાર દરદી' સ્ટ્રેચર ઉપર સુઈ જાય છે જેથી તેને 'આરોગ્ય કેન્દ્ર'માં લઈ જઈ શકાય. તેમને યાદ અપાવો કે જો તેમણેં બીમારને સુરક્ષિત રીતે આરોગ્ય કેન્દ્ર સુધી પહોંચાડવું હોય તો બધાએ સાથે મળીને કામ કરવું જોઈએ. તમે કહી શકો છો કે, "જો આપણે બીમાર વ્યક્તિને નીચે પાડી દઈશું તો તેને ઈજા થશે, અને તેનાથી આપણે બધા નિરાશ થઈ જઈશું. પરંતુ જો કોઈ પણ પ્રકારની મુશ્કેલી વગર આપણે આરોગ્ય કેન્દ્રમાં પહોંચી જઈએ છીએ તો, આપણને ખુશી થશે અને સંતોષ થશે કારણકે આપણે આપણા મિત્રની મદદ કરી હશે."

### F. રંગપુરણી: ચિત્ર ૨૦

### G. સમાપન પ્રાર્થના

## પાઠ ૨૧

### A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

આ અને આગામી ત્રણ પાઠ માટે, તમને મોઢે આવડતી એક પ્રાર્થનાથી વર્ગ શરૂ કરો, જેમકે વિભાગ ૧૯ માં સૂચિત પ્રાર્થના. તમે અને કેટલાક બાળકો પ્રાર્થના કરી લે પછી, તમે નીચેની પ્રાર્થના પ્રસ્તુત કરી શકો છો, આ છેલ્લી પ્રાર્થના છે જે તેઓ આ ધોરણમાં મોઢે કરશે.

> **"હે દયાળુ ઈશ્વર! હું નાનો બાળક છું, દિવ્ય લોકમાં પ્રવેશ આપીને મને ઉન્નત કર. હું દુન્યવી છું, મને સ્વર્ગીય બનાવ; હું નીચેની દુનિયાનો છું, મને પર લોકમાં રહેવા દે; હું અંધકારમાં છું, મને તેજસ્વી બનવામાં મદદ કર; હું ભૌતિક છું, મને આધ્યાત્મિક બનાવ, અને વરદાન આપ કે હું તારી અનંત બક્ષીસો પ્રગટ કરી શકુ.**
>
> **તું શક્તિશાળી છે, સર્વ -પ્રેમાળ છે."**[૧૨૩]

### B. ગીત (અગાઉના ગીતોનું પુનરાવર્તન સહિત)

તેજસ્વી

જયારે આપણેં ઉપર ચમકતા પ્રકાશને પ્રતિબિંબિત કરીએ છીએ ત્યારે
આપણાં હ્રદય દયા અને પ્રેમથી ચમકી ઉઠશે
જયારે આપણેં આનંદીત, તેજસ્વી અને પ્રકાશિત છીએ ત્યારે
આસપાસના બધા લોકો તેના પ્રકાશની હુંફ અનુભવશે ...
હે ચેતના પુત્ર!

તું મારો દીપક છે અને તારામાં મારો પ્રકાશ છે !
ઈશ્વરના પ્રેમનો પ્રવાહ કદી અટકતો નથી
આપણેં સેવા કરવા ઊભા થઈએ છીએ ત્યારે તેનું તેજ વધે છે
ખંચકાટ નહિ કરો ! માત્ર તેજ ફેલાવો ! તમારી બધી શક્તિથી
જયાં સુંધી દરેક હૃદય તેના પ્રકાશથી ભરાઈ જાય ...

## C. અવતરણ મોઢે કરવું

આ પાઠમાં બાળકો તેજસ્વીતાના ગુણ વિષેનું એક અવતરણ મોઢે કરશે, જેનો તમે નીચે મુજબ પરિચય આપી શકો છો :

> પ્રભુ પ્રેમનો પ્રકાશ આપણા હૃદયને હંમેશા પ્રકાશિત કરતો રહે છે. જેમ જેમ આ પ્રકાશના તેજમાં વધારો થતો જાય છે તેમ તેમ આપણા હૃદય તેના પ્રેમથી તેજસ્વી બનતા જાય છે. ઈશ્વરના જ્ઞાનનો પ્રકાશ -તેની મહાનતાનું જ્ઞાન, તેના વૈભવનું જ્ઞાન - આપણી આંખોને તેજસ્વી બનાવે છે. અને આપણા ઉદાર કાર્યો અને દયાળુ શબ્દો દ્વારા, પ્રેમ અને જ્ઞાનનો પ્રકાશ ચમકે છે. જેઓ આપણી આસપાસ હોય છે તેઓ આપણા આનંદના તેજનો અનુભવ કરે છે. તેજસ્વીતાના ગુણનું મહત્વ વિશે યાદ રાખવામાં આપણને મદદ કરવા માટે, ચાલો આપણે નીચેનું અવતરણ મોઢે કરીએ :

**“હે અસ્તિત્વના પુત્ર ! તું મારો દીપક છે અને તારામાં મારો પ્રકાશ છે. તું તેમાંથી તારૂં તેજ પ્રાપ્ત કર અને મારા સિવાય કોઈ અન્યની ઝંખના ન કર.”**[૧૨૪]

*તેજ*

૧. ટૈરેલ જાગ્યો ત્યારે, આખા રૂમમાં સૂર્યનો પ્રકાશ હતો. તે ખુશ હતો કે, સૂર્યના તેજથી તેનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

૨. શ્રીમતી સંતોષ તેના પરિવારની જેમ બધાને પ્રેમ કરે છે. તે હંમેશા બીજા લોકો પ્રત્યે ઉદાર, દયાળુ અને મદદરૂપ હોય છે. તેના સંપર્કમાં આવતા બધા લોકોને તેમના હૃદયમાં પ્રેમનો અનુભવ થાય છે જે તેમને ખુશી આપે છે. તેમનું તેજ બધાના હૃદયને સ્પર્ષે છે.

*ઝંખના કરવી*

૧. જ્યારે પક્ષીનું બચ્ચું ઈંડાંમાંથી બહાર આવે છે ત્યારે, તેની માં તેના માટે ખોરાકની શોધ કરે છે. માં તેના બચ્ચા માટે ખોરાકની ઝંખના કરે છે.

૨. શાળામાંથી બધા વિધાર્થીઓને એક વિશેશ પ્રવાસ માટે આમંત્રણ મળ્યું. આ પ્રવાસમાં ભાગ લેવા માટે, તેમના માતા-પિતાની સહમતિ જરૂરી હતી. બધા બાળકોને કહેવામાં આવ્યું કે પ્રવાસમાં જોડાવા માટે તેમણે તેમના માતા-પિતાની મંજુરીની ઝંખના રાખવી જોઈએ અને તેમની મંજુરી લાવવી જોઈએ.

## D. વાર્તા

ડોરોથી બેકર, જેના વિશે તમે ભવિષ્યમાં વધારે જાણશો, તેને અબ્દુલ-બહાને મળવાનું સૌભાગ્ય મળ્યું હતું. તે ડોરોથીની દાદી હતી જે અબ્દુલબહાની પશ્ચિમની યાત્રા દરમિયાન

તેને અબ્દુલ-બહાને મળવા લઈ ગઈ હતી. તે એવા એક ઘરે પહોચી, જ્યાં તે પહેલાં કદી ગઈ ન હતી, ડોરોથીએ એક ઓરડામાં પ્રવેશ કર્યો. જ્યાં અબ્દુલ-બહાના વક્તવ્યની રાહ જોઈ રહેલા ઘણા લોકો અંદરોદર ધીમેથી આદરપૂર્વક વાતો કરી રહ્યા હતા. ડોરોથી અને તેની દાદી જ્યારે ઓરડામાં દાખલ થયા ત્યારે અબ્દુલ-બહાએ સ્મિત આપ્યું અને નાની ડોરોથીને તેની નજીક બેસવાનો ઈસારો કર્યો. આતુરતાથી, પરંતુ થોડા ગભરાટસાથે, તેણે રૂમમાં પોતાનો રસ્તો બનાવ્યો. અબ્દુલ-બહાના ચરણોમાં એક પાટલી સુધી પહોંચવા માટે ઉપર નજર કાર્યા વગર તે કાળજીપૂર્વક લોકોની વચ્ચેથી પસાર થઈ ગઈ.

અબ્દુલ-બહાએ વક્તવ્ય આપવાનું શરૂ કર્યું ત્યારે, તે નીચી નજર રાખીને તેના કાળા બુટને એકીટસે જોતી રહી. અબ્દુલ-બહા તરફ નજર કરવાની તેની હિંમત ન હતી. પરંતુ થોડી જ વારમાં તેનો ડર જતો રહ્યો. તે અબ્દુલબહાની પ્રેમાળ ઉપસ્થિતિથી આકર્ષિત થઈ ગઈ. તેમનું તેજ ચુંબકીય હતું. તેણી તેમની નજીક જતી રહી છે તેનો અનુભવ કર્યા વિના, ડોરોથીએ જોયું કે તેમની પાસે હતી, તેની કોણી તેમની ઘૂંટણ પર હતી અને તેના હાથ તેના મોઢામાં, અને તે અબ્દુલબહાના તેજસ્વી મુખ તરફ એકીટસે જોઈ રહી હતી.

તે દિવસે અબ્દુલ-બહા કયા વિષય ઉપર બોલ્યા હતા, તેના વિશે ડોરોથીને કશું જ યાદ ન હતું. તેને તો માત્ર તેમનો દયાળુ ચહેરો, તેમનો મધૂર અવાજ અને તેમના સાંનિધ્યની ઉષ્માનો અનુભવ યાદ હતો. એવું લાગતું હતું કે તેમની પ્રેમાળ આંખો તેની સાથે ઈશ્વરના આધ્યાત્મિક લોક વિશે વાત કરતી હતી. સમય આવતાં તેના હૃદયમાં જે પ્રેમ પ્રજ્વલિત થયો હતો તે એટલો મજબૂત રીતે વધી ગયો કે તેણે અબ્દુલ-બહાને એક પત્ર લખવાનું નક્કી કર્યુ ં. પત્રમાં તેણે અબ્દુલ-બહાને યાચના કરી કે તેઓ પોતાને, અબ્દુલ-બહા અને તેમના પિતા બહાઉલ્લાહના ધર્મની સેવા કરવાની અનુમતિ આપે. ડોરોથીને લખેલા જવાબમાં, અબ્દુલ-બહાએ તેના લક્ષ્યની પ્રશંસા કરી, તેને પરમેશ્વરના વરદાનનું આશ્વાસન આપ્યું અને આશા વ્યક્ત કરી કે તેની ઈચ્છા સફળ થાય. અને, વાસ્તવમાં, ડોરોથીએ તેનું સંપૂર્ણ જીવન પરમેશ્વર અને માનવજાતિની સેવા માટે સમર્પિત કરી દીધું.

### E. રમત: “બંને બાજુ નકલ”

બાળકોને જોડીમાં વહેચી દો અને તેમને એક બીજાની સામે મોઢુ રાખવાનું કહો. હવે દરેક જોડીમાંથી એક બાળકને કોઈ ક્રિયા કે એકશન શરૂ કરવાનું કહો, અને તેના સાથી અરિસામાં દેખાતા પ્રતિબિંબની જેમ તેની નકલ કરે. થોડી વાર પછી, જોડીમાં તેઓ તેમની ભૂમિકાની અદલાબદલી કરી શકે છે. કોઈ ક્રિયાને બદલે, તમે તેમને ચહેરાના હાવ-ભાવની નકલ પ્રતિબિંબિત કરવાનું તેમને કહી શકો છો. તેના પછી, દરેક જોડીમાંથી એક બાળકને તેના સાથીની પાછળ ઊભા રહેવાનું કહો. આગળનું બાળક કોઈ ક્રિયા કરતો હોય ત્યારે તેની પાછળના બાળકને તેના પડછાયાની જેમ તેની નકલ કરવાનું કહો.

## F. રંગપુરણી: ચિત્ર ૨૧

## G. સમાપન પ્રાર્થના

# પાઠ ૨૨

## A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

શરૂઆતની પ્રાર્થના પછી, બાળકો છેલ્લા પાઠમાં શરૂ કરેલી પ્રાર્થના મોઢે કરવાનું ચાલુ રાખી શકે છે.

## B. ગીત (અગાઉના ગીતોનું પુનરાવર્તન સહિત)

હું ખુશ રહેવા ઈચ્છું છું

કંઈક છે જે તમારે જાણવું  જોઈએ
આ ધર્મમાં અમારે બતાવવું છે
અમે કાર્યમાં માનીએ, શબ્દોમાં અમે માનતા નથી
મિત્ર અને શત્રુ જાણે આપણાં ધર્મ વિશે
આપણા જીવનના ઉદાહરણથી
હું ખુશ રહેવા ઈચ્છુ છું
હું સમર્થ રહેવા ઈચ્છુ છું
ઈચ્છું હું પ્રભુનો સેવક બનવા
મારા જીવનના અંત સુધી
તેથી, હું ઈશ્વરના નિયમોનું પાલન કરૂં
હા, હું ઇશ્વરના નિયમોનું પાલન કરૂં
તેમાં કંઈક છે જે તમારે જાણવું જોઈએ
દેખાવો અને ભપકાની આ દુનિયામાં
લોકો થાકયા છે ખાલી શબ્દોથી
તમને જોવા આતુર બધા
તમારા શબ્દોનું અનુસરણ કરતા

## C. અવતરણ મોઢે કરવું

આ પાઠમાં બાળકો નીચેનું અવતરણ મોઢે કરવાનું શીખશે, જે નિષ્ઠા ઉપર કેન્દ્રિત છે. તેનો પરિચય આપવા માટે અહિં થોડા વિચારો આપવામાં આવ્યા છે :

> એક નિષ્ઠાવાન આત્મા પરમેશ્વર માટેના તેના પ્રેમ વિશે કદી ભૂલી જતો નથી. પરમેશ્વર પત્યેની આપણી આસ્થાને કારણે આપણે હંમેશા તેના શિક્ષણોનું અનુસરણ કરવાનો અને મુશ્કેલીના સમયમાં પણ તેના નિયમોનું પાલન કરવાનો પ્રયત્ન કરીએ છીએ અને માત્ર પરમેશ્વરની શુભેચ્છા પામવાની ઈચ્છાથી આપણે બીજાની સેવા કરવાનો અને સારા કાર્યો કરવાનો સખત પ્રયત્ન કરીએ છીએ. કારણ કે એક નિષ્ઠાવાન આત્મા માટે પરમેશ્વરની

ખુશી સિવાય બીજી કોઈ મોટી ખુશી નથી. ચાલો આપણે બહાઉલ્લાહનું નીચેનું અવતરણ મોઢે કરીએ:

**"ખુશ છે એ નિષ્ઠાવાન જે શ્રેષ્ઠ પ્રયત્નના પરિધાનથી સુશોભિત છે અને મારા ધર્મની સેવા કરવા ઉભો થયો છે."[૧૨૫]**

*સુશોભિત*

૧. મે પાસે એક સુંદર ડ્રેશ છે અને તે ખાસ પ્રસંગે જ પહેરે છે. તેણે સામુદાયિક સંમેલનમાં આ ડ્રેશ પહેર્યો હતો. તેના સુંદર ડ્રેશમાં તે સુશોભિત હતી

૨. નતાલીયા બધા પ્રત્યે દયાળુ છે. ઈશ્વરે તેના આત્માને દયાભાવથી સુશોભિત કર્યું છે.

*પરિધાન*

૧. કેટલાક દેશોમાં, ન્યાયાધીશને અદાલતમાં સફેદ નકલી વાળની ટોપી અને કાળો લાંબો ઝબ્બો પહેરવો પડે છે. તેમણે ન્યાયધીશનું આખુ પરિધાન(પોશાક) ધારણ કરવું પડે છે.

૨. રાજમહેલમાંથી બહાર જતાં પહેલાં, રાજકુમાર કમરબંધ અને મુગટ પહેરે છે. તેઓ તેનું રજવાડી પરિધાન ધારણ કરે છે.

૩. ઘરથી બહાર જતા પહેલાં જેકોબ દરરોજ પ્રાર્થના કરે છે. પ્રાર્થના તેના આત્મા માટે બખ્તર જેવું એક પરિધાન છે. તે તેને મજબૂત રાખે છે અને આખો દિવસ સુરક્ષિત રાખે છે.

*પ્રયત્ન*

૧. વિધાર્થીઓએ તેમની શાળાની આજુબાજુ વૃક્ષ રોપવાનો નિર્ણય કર્યો. સમુદાયે તેમને છોડવા અને માટી પૂરી પાડીને તેમના પ્રયત્નમાં સાથ આપ્યો.

૨. પિયર અને આર્લિને પર્વતના શિખર ઉપર ચઢવાનો નિર્ણય કર્યો. તેઓ જાણતા હતા કે, આ મુશ્કેલ કાર્ય હતું, છતાં તેમણે પ્રયત્ન કરવાનો દ્રઢ સંકલ્પ કર્યો.

## D. વાર્તા

અબ્દુલ-બહા જ્યારે નાના બાળક હતા ત્યારે, ફારસમાં કુલીનતા માટે જાણિતા એવા તેમના પરિવારમાં ઇસ્ફાંદીયાર નામનો એક સેવક હતો. તે આ પરિવારને ખૂબ વફાદાર હતો અને પરિવારને તેના ઉપર ખૂબ ભરોસો હતો. પૂર્વગ્રહ અને અજ્ઞાનતાને કારણે, જ્યારે અધિકારીઓએ અબ્દુલ-બહાના પ્રિય પિતા બહાઉલ્લાહની ધરપકડ કરી ત્યારે, તેમના પરિવારની આખી સંપતિ છીનવી લેવામાં આવી. તેમની પાસે કશું જ બાકી ન હતુ અને બહાઉલ્લાહના બધા સગા-સંબધી અને મિત્રો જોખમમાં હતા. છતાં, ઈસ્ફાંદીયારે તેમના પરિવારની સંભાળ રાખવાનું ચાલુ જ રાખ્યું. અબ્દુલ-બહાની માતા જાણતા હતા કે ઘણા સરકારી અધિકારીઓ ઈસ્ફાંદીયારને શોધી રહ્યા હશે, તેથી તેને શહેર છોડી જવાની વિનંતી કરી. પરંતુ ઈસ્ફાંદીયાર શહેર છોડી જવાને બદલે તેમની સાથે જ રહ્યા.

"હું જઈ શકતો નથી," તેમણે કહ્યું અને સમજાવ્યું કે જે ઘરવખરીનો સામાન તેમણે દુકાનદારો પાસેથી ખરીધો છે તેના તેમણે દુકાનદારોને પૈસા ચૂકવવાના બાકી હતા. "તો હું કેવી રીતે પાછો જઈ શંકુ?" તેણે કહ્યું. "લોકો કહેશે કે બહાઉલ્લાહનો સેવક કિંમત ચૂકવ્યા વગર દુકાનદારો પાસેથી ખરીદેલો માલ-સામાન હડપ કરી ગયો. હું આ બધી

જવાબદારી પૂરી નહી કરૂં ત્યાં સુંધી, હું જઈ શંકુ એમ નથી. છતાં, જો તેઓ મારી ધરપકડ કરી લેશે તો, મને કોઈ વાંધો નથી. જો તેઓ મને મારી નાખે, તો દુ:ખી થશો નહિ. પરંતુ અહિંથી દૂર જવું મારા માટે શક્ય નથી. મારી બધી ઉધારી ચુકવી દંઉ ત્યાં સુંધી મારે અહિં જ રહેવું જોઈએ.''

એક મહિના સુંધી ઈસ્ફાંદીયાર તેની નાની-મોટી ચીજો સડક ઉપર અને બજારમાં વેચતા રહયાં. જયારે તેમણે બધી ઉધારી ચૂકવી કરી દીધી ત્યારે તે અબ્દુલ-બહાના પરિવાર પાસે ગયો અને તેણે વિદાય લીધી, કારણ કે તેઓ જાણતા હતા કે હવે તેઓ તેમની સાથે રહી શકે તેમ ન હતા. આવા જોખમ ભર્યા સમયમાં, એક મંત્રી ઈસ્ફાંદીયારને તેમના ઘરે લઈ જવા અને તેને આસરો અને સુરક્ષા પૂરી પાડવા રાજી થઈ ગયા.

ઘણાં મહિનાઓ પછી, બહાઉલ્લાહ કારાવાસમાંથી મૂક્ત થયા અને સરકારે તેમને તેમના પરિવારજનો સાથે ફારસથી દેશનિકાલની સજા આપી. તેઓ પડોશી દેશમાં બગદાદ શહેરમાં ગયા. ઈસ્ફાંદીયાર હંમેશા બહાઉલ્લાહ પ્રત્યે વફાદાર હતો, તે ફરીથી તેમના પરીવારની સેવા કરી શકે એમ છે કે નહિ તેની ખબર કાઢવા તેણે બગદાદ સુંધીની મુસાફરી કરી. બહાઉલ્લાહએ તેને કહ્યું, ''જ્યારે તમે અમને છોડી ગયા, ત્યારે તે સમયે ફારસના એક મંત્રીએ તને આસરો અને રક્ષણ આપ્યું. આ મંત્રીએ તને આસરો અને રક્ષણ આપ્યું હોવાથી, તારે તેમના પ્રત્યે વફાદાર રહેવું જોઈએ. જો તેઓ તને મોકલવા તૈયાર હોય તો, તું અમારી પાસે આવી શકે છે, પરંતુ જો તેઓ નહિ ઈચ્છે તો, તેને છોડશો નહિ''.

નિ:શક, ઈસ્ફાંદીયાર એટલો પ્રમાણિક, એટલો વિશ્વાસપાત્ર અને વફાદાર હતો કે મંત્રી તેમને મોકલવા તૈયાર ન હતા. ''હે ઈસ્ફાદીયાર! '' તેમણે કહ્યું, ''હું નથી ઈચ્છતો કે તમે જાઓ, છતાં તમે જવા ઈચ્છતા હોય તો જઈ શકો છો''. પરંતુ ઈસ્ફાંદીયારને બહાઉલ્લાહના શબ્દો યાદ હતા. થોડા સમયમાં મંત્રીનો સ્વર્ગવાસ થયો ત્યાં સુંધી ઈસ્ફાંદીયાર તેમની સેવા કરતા રહ્યા અને પછી તેઓ એવા પરિવારમાં પાછા આવ્યા જેને તેઓ ખૂબ પ્રેમ કરતા હતા, અને તેના જીવનના અંતિમ દિવસો સુંધી અબ્દુલ-બહાની સેવા કરતા રહ્યા.

### E. રમત: "કોણ મારો દરવાજો ખખડાવે છે?"

એક બાળકના આંખે પાટો બાંધી દો અને બાકીના બધા બાળકો તરફ પીઠ ફેરવીને તેને એક પાટલી ઉપર બેસવાનું કહો. હવે બીજા એક બાળકને ઈશારો કરો. તેણે આંખે પાટો બાંધેલા બાળકની નજીક જઈને પાટલી ખખડાવીને અવાજ કરવાનો છે. પાટલી ઉપર બેઠો બાળક કહે છે, ''કોણ મારો દરવાજો ખખડાવે છે ?'' બીજા બાળકો ખોટી દિશામાં તેનું ધ્યાન ખેચવાના હેતુંથી અવાજ બદલીને જવાબ આપશે, ''હું છું!'' પાટલી ઉપર બેઠેલો બાળક, જેણે દરવાજો ખખડાવ્યો છે તેને ઓળખવાનો પ્રયત્ન કરે છે. પાટો બાંધેલા બાળકને ત્રણ અવસર મળે છે અને પછી બીજા બાળકનો વારો આવે છે. તમે બાળકોને જણાવવાની ઈચ્છા રાખશો કે, જો આંખે પાટા બાંધેલા બાળકે ધ્યાનથી સાંભળવું હોય તો, વર્ગના બાકીના બાળકોએ શાંત રહેવાની જરૂર પડશે.

### F. રંગપુરણી: ચિત્ર ૨૨

### G. સમાપન પ્રાર્થના

## પાઠ ૨૩

### A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

તમે પ્રાર્થનાથી વર્ગની શરૂઆત કરી શકો છો અને પછી બાળકોએ પાઠ ૨૧ માં જે પ્રાર્થના મોઢે કરવાનું શરૂ કર્યું છે તેને મોઢે કરવામાં તેમની મદદ કરી શકો છો.

### B. ગીત (અગાઉના ગીતોનું પુનરાવર્તન સહિત)

ધીરજ

તમારા પગ થાકી ગયા છે, અને રસ્તો બહું લાંબો છે
તમારે પ્રયત્ન છોડવો છે, સૂરજ ખૂબ તપી રહયો છે
અધીરા બનવાનો અર્થ નથી, રડવાનો કોઈ મતલબ નથી
તમે એક એક પગલું ભરતા જશો, સમય જલ્દી જલ્દી વહી જશે
ધીરજ છે જવાબ જ્યારે તમે દુ:ખી, નિરાશ છો
ધીરજના ફળ મીઠા છે, તમને આપે છે એ ખુશી
તમારો ભાઈ સમજતો નથી, બે ત્રણ વખત સમજાવ્યું એને
વારંવાર સમજાવો એને, પ્રેમભર્યો વ્યવહાર કરો
અધિરા બનવાનો અર્થ નથી, તેના પર માયાળુ બનો
આ છે રસ્તો શીખવામાં મદદ એને કરવાનો...

...ધીરજના ફળ...

વધુ સારૂં તમે કરવા માંગો, છતાં સફળતા મળતી નથી
પ્રયત્ન કેવા કરવા વિચારો, આ બધુ હવે ક્યાં જશે?
અધિરા બનવાનો અર્થ નથી, ઓછી મહેનત મુર્ખામી છે
જો પ્રયત્ન કરતા રહેશો, તો પ્રગતિ નિશ્ચિત છે...

...ધીરજના ફળ...

### C. અવતરણ મોઢે કરવું

આ પાઠમાં, બાળકો ધીરજને લગતું એક અવતરણ મોઢે કરશે, જેની તમે નીચે મુજબ રજુઆત કરી શકો છો.

> ધીરજ એક સૌથી મહત્વનો ગુણ છે, જેને આપણે ધારણ કરી શકીએ છીએ. ધીરજ વિના જીવનમાં આપણે વધારે કશું હાંસલ કરી શકતા નથી. આપણા અભ્યાસમાં, આપણા કામમાં, આપણા પરિવારમાં, બીજા સાથેની આપણી મિત્રતામાં, આધ્યાત્મિક વિકાસ કરવાના આપણાં પ્રયત્નોમાં ધીરજ અનિવાર્ય છે. જીવનમાં બધું જ ઉતાવળે કરી શકતું નથી.

ઘણા કાર્યો દિવસે-દિવસે, ધીરે ધીરે કરી શકાય છે. જ્યારે આપણે ધીરજ ધરીએ ત્યારે, જે ચીજો માટે સમય લાગે છે તેના માટે આપણે કોઈ ઉતાવળ કરતા નથી. આપણને બીજા પ્રત્યે અને આપણી જાત પ્રત્યે ધીરજ રાખવાની જરૂર છે, કારણકે આપણે બધા શીખી રહ્યા છીએ અને વિકાસ કરી રહ્યા છીએ. ધીરજ ધારણ કરવાના આપણાં પ્રયત્નોમાં આપણને મદદ કરવા, ચાલો આપણે નીચેનું અવતરણ મોઢે કરીએ:

**"ખરેખર, પરમેશ્વર તેમનો પુરસ્કાર વધારી દેશે, જેઓ ધીરજ પૂર્વક સહન કરશે."**[૧૨૬]

*પુરસ્કાર*

૧. શ્રીમતી. એન્ડર્સન તેના વર્ગના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા વિજ્ઞાનના પ્રોજેકટ જોઈને ખૂબ ખુશ હતી. તેના પુરસ્કારના રૂપમાં, તેઓ તમને નજીકમાં આવેલું એક માછલીઘર જોવા લઈ ગયા.

૨. એલેના દરરોજ ગીટાર વગાડવાનું શીખવા માટે સમય પસાર કરે છે. જયારે તેણે તેના નાના ભાઈ માટે એક સુંદર ગીત વગાડયું, ત્યારે તેના ચહેરા પર જે આનંદ હતો તે તેના બધા પ્રયત્નનો પુરકાર હતો, જેની તેને જરૂર હતી.

*સહન કરવું*

૧. આલીયા અને તેનો પરિવાર ખૂબ દૂર રહેવા જતો રહ્યો હતો. શરૂઆતના થોડા મહિનામાં તેમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડયો. પરંતુ તેમના માયાળુ પડોશીની મદદથી તેઓ બધી મુશ્કેલીઓ સહન કરી શકયા છે અને હવે તેઓ તેમના ઘરમાં ખૂબ ખુશ છે.

૨. હયુગ બીમાર પડયો. તેને ખૂબ પીડા થતી હોવા છતાં, તેણે કોઈ ફરિયાદ કરી નહિ. તેણે ધીરજ પૂર્વક યાતના સહન કરી.

## D. વાર્તા

લિ ઝિનને પીચ ખૂબ પસંદ હતા. આ તેનું એક મનગમતું ફળ હતું. તે દરરોજ શાળામાં એક પીચ લઈ જતો અને બપોરની રજામાં જમતી વખતે ખાતો. તે દરેક કોળીયાનો આનંદ માણતો, પરંતું તે અંદરનો બીજવાળો ભાગ હંમેશા ફેકી દેતો.

એક દિવસ, લિ ઝિનના વર્ગમાં બીજ વિશે શીખવવામાં આવ્યું. તેમાંથી લિ ઝિનના મનમાં વિચાર આવ્યો કે તે પીચનું એક બીજ વાવશે અને તેનો ઝાડના રૂપમાં વિકાસ કરવા તેની પૂરતી સંભાળ રાખશે. ભોજનના સમયમાં, તેણે પીચના ઠળીયાને એક કાગળમાં પુડી વાળીને મુકી દીધા. શાળા છૂટતાં તે ઘરે ગયો અને આ બીજ વાવવાની જગ્યા પસંદ કરવા માટે તેના પિતાજીની મદદ માગી. તેના પિતાજીએ કહ્યું કે બીજ રોપતાં પહેલાં, ઠળીયો સુકાઈ જાય તેની રાહ જોવી પડશે. પરંતુ લિ ઝિન બીજ વાવવા માટે ખૂબ ઉતાવળો હતો. તેમના પિતાજીએ કહ્યું, "લિ ઝિન, જો તારી પાસે ઠળીયાને સુકવા દેવાની ધીરજ નહી હોય તો, બીજના અંકુર ફુટવા દેવાની ધીરજ કયાંથી આવશે ?" તેથી લિ ઝિને બીજને બહાર સુકવવા મુકયું.

થોડા દિવસો પછી, આખરે લિ ઝિન ઠળીયાને તોડીને તેમાથી બીજ કાઢી શકયો. તેની માતાજીએ તેમના આંગણામાં એક ખૂણો બતાવ્યો જ્યાં તેનું ઝાડ મોટું અને ઉંચુ વિકાસ પામી શકે એવું હતું. લિ ઝિને એક નાનો ખાડો ખોધ્યો અને તેમાં બીજ નાંખ્યું અને તેના

ઉપર માટી નાંખી દીધી. તે ખુશીથી સ્મિત વેરવા લાગ્યો. આખરે તેનું ઝાડ ઉગવા માટે તૈયાર હતું.

બીજના અંકુર ફુટતા જોવાની અપેક્ષાએ લિ ઝિન દરરોજ તે ખુણામાં જતો, પરંતુ ઘણાં અઠવાડિયા સુંધી તેમાંથી કોઈ અંકુર દેખાયું નહી અને લિ ઝિન નિરાશ થવા લાગ્યો. લિ ઝિનને ચિંતિંત જોઈને તેની માતાજીએ તેનું કારણ પુછયું . "મારૂં બીજ ઉગતું નથી," લિ ઝિને કહ્યું. "મારી પાસે કદી કોઈ ઝાડ હશે કે નહિ તેની મને ચિંતા થાય છે." માતાજીએ કહ્યું. "સારૂ, આ બીજે હજી ઘણોં વિકાસ કરવાનો છે. આ અર્થમાં તે લગભગ તે તારા જેવું જ છે. જ્યારે તારો જન્મ થયો ત્યારે તું ખૂબ નાનો હતો અને તું માત્ર ખાઈને ઉંઘતો હતો. અને હવે તને જો! તું એક નાનો બાળક છે, ચાલી શકે છે, વાત કરી શકે છે અને જાતે વિચારી શકે છે! આ ઝાડને મોટું થવા ઘણાં વર્ષો લાગી શકે છે, પરંતુ, જો તું તેની સારી સભાળ રાખીશ તો, એક દિવસ તેના છાંયડામાં બેસી શકીશ અને તેના ફળનો આનંદ માણી શકીશ." આવું સાંભળીને લિ ઝિનના મનમાં ફરી વાર આશા જાગી. તેની શાળામાંથી તે શિખ્યો હતો કે અંકુર ફુટતા પહેલા બીજને અનેક પ્રકારના બદલાવમાંથી પ્રસાર થવું પડે છે.

અને પછી, વસંત ઋતુમાં એક દિવસ હંમેશની જેમ લિ ઝિન પેલી જગ્યાએ જોવા ગયો. તેણે માટી માંથી નાનું અંકુર ફુટતું જોયું ત્યારે તેની ખુશીનો પાર ન હતો. તેનું ઝાડ ઉગી રહ્યું હતું. તે દોડીને તેમના પડોશી પાસે ગયો, જે એક કિશાન હતા અને તેને આ ખુશીના સમાચાર આપ્યા. એક છોડ નાનો અને કુમળો હોય ત્યારે તેની કેવી રીતે સંભાળ રાખવી તેના વિશે પડોશીએ તેને સલાહ આપી, તેના ઝાડની ઉત્તમ સંભાળ રાખવાની ઈચ્છા રાખતાં લિ ઝિને તેનો દરેક શબ્દ ધ્યાનથી સાંભળ્યો. "તમારી સલાહ માટે આભાર સ્વરૂપે તમને આપવા માટે થોડા વખતમાં મારી પાસે ખૂબ વધારે પીચ હશે," લિ ઝિને કહ્યું. પડોશી હસવા લાગ્યો અને કહ્યું, "લિ ઝિન, શું તને યાદ છે, આ બીજના અંકુર ફુટતા જોવા માટે તને કેટલી ધીરજ રાખવી પડી છે?" લિ ઝિનને આ બધું યાદ હતું. પડોશી બોલ્યા, "તારા આ અંકુરને ઝાડ બનવામાં તેના કરતાં વધારે સમય લાગશે અને તેના પછી તેના ફળ આવશે. આ પીચને ફળ આપતા ઘણાં વર્ષો લાગશે."

આવી રીતે લિ ઝિન તેના ઝાડની સંભાળ રાખવા લાગ્યો અને તેનો અંકુરમાંથી છોડમાં અને છોડમાંથી એક ઝાડમાં વિકાસ પામવાની જરૂરીયાતો પૂરી કરતો ગયો. લિ ઝિનની જેમ ધીરે ધીરે તે ઉચું અને મોટું થવા લાગ્યુ. અને પછી એક દિવસે, લિ ઝિન શાળામાંથી પાછો આવ્યો ત્યારે તેણે આ ઝાડ ઉપર ફુલની જગ્યાએ નાના નાના પીચ જોયાં. ફરી એક વાર, અંકુર ફુટતી વખતે તેના મનમાં જે ખુશીનો અહેસાસ થયો હતો એવી જ ખુશી થવા લાગી. અને ફરી એક વાર, તે સમજી ગયો કે તેણે ધીરજ રાખવી જોઈએ. કારણકે પીચ ખાવા માટે તૈયાર થાય ત્યાં સુંધી ઘણો સમય લાગવાનો હતો.

### E. રમત: "શરૂ કરનારને શોધો"

એક બાળકના આંખે પાટો બાંધી દો અને તેને સમુહની બહાર મોઢું રાખવાનું કહો. તેના પછી બીજા એક બાળક તરફ ઈસારો કરો જે "સ્ટાર્ટર" ની એટલે કે એકશન શરૂ કરવાવાળો બનશે. પહેલા બાળકને ફરીથી સમુહમાં સામેલ થવાનું કહેતાં પહેલાં, બાકીના બાળકોને "સ્ટાર્ટર" દ્વારા

શરૂ કરવામાં આવતી નીચે મુજબની ક્રિયાઓનું અનુસરણ કરવાની પ્રેક્ટિસ કરવાનું કહો. દાખલા તરીકે, જો તે તાળી પાડે તો, બધા તાળી પાડશે. જો તે આવજોની એકશન કરવા માટે હાથ હલાવે છે તો બધા તેનું અનુસરણ કરશે. હવે પહેલા બાળકના આંખે બાંધેલો પાટો ખોલી શકાય છે અને તે સમુહમાં સામેલ થઈ શકે છે. તેણે ધ્યાનથી જોઈને કોણ નેતા છે તેને શોધી કાઢવાનો છે. તેની સાથે, બાળકોએ એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે તેઓ નેતાને વારંવાર અને વધારે પડતું જોયા નહિ કરે, કારણ કે તેનાથી નેતાને શોધી રહેલા બાળક માટે નેતાની શોધ કરવાનું શરળ બની જશે.

### F. રંગપુરણી: ચિત્ર ૨૩

### G. સમાપન પ્રાર્થના

## પાઠ ૨૪

### A. પ્રાર્થનાનું ગાન કરવું અને પ્રાર્થના મોઢે કરવી

હંમેશની જેમ, પ્રાર્થનાથી વર્ગની શરૂઆત કરો અને પછી બાળકો છેલ્લા કેટલાક પાઠોમાં જે પ્રાર્થના શીખી રહ્યા છે તેનું તેમની સાથે પુનરાવર્તન કરો.

### B. ગીત (અગાઉના ગીતોનું પુનરાવર્તન સહિત)

ઈશ્વરના પ્રેમમાં દ્રઢતા

આપણે ચાલીએ આપણે ચાલીએ
આપણે ચાલીએ પ્રભુ માર્ગે
આપણે દ્રઢ છીએ આપણે દ્રઢ છીએ
ઈશ્વરના પ્રેમમાં દ્રઢ
આપણે ચાલીએ પ્રભુ માર્ગે
જયારે આપણા માર્ગમાં મુશ્કેલી આવે
આપણે ઈશ્વર પ્રત્યેના આપણા પ્રેમમાં દ્રઢ છીએ
અને તેના માર્ગે આપણે રહીએ છીએ

આપણે સેવા કરીએ આપણે સેવા કરીએ
આપણે પ્રભુધર્મની સેવા કરીએ
આપણે દ્રઢ છીએ આપણે દ્રઢ છીએ
ઈશ્વરના પ્રેમમાં દ્રઢ
આપણે પ્રભુધર્મની સેવા કરીએ
હંમેશા આપણી ફરજ પૂરી કરીએ

આપણે ઈશ્વર પ્રત્યેના આપણા પ્રેમમાં દ્રઢ છીએ
અને તેના માર્ગે આપણે રહીએ છીએ

આપણે ઊભા છીએ, આપણે ઊભા છીએ
આપણે ઊભા છીએ, ઈશ્વર તરફ હૃદય કરીને
આપણે દ્રઢ છીએ આપણે દ્રઢ છીએ
ઈશ્વરના પ્રેમમાં દ્રઢ
આપણે ઊભા છીએ, ઈશ્વર તરફ હૃદય કરીને
કદી તેની મદદમાં શંકા નહિ રાખીએ
આપણે ઈશ્વર પ્રત્યેના આપણા પ્રેમમાં દ્રઢ છીએ
અને બધા દુ:ખ અદ્રષ્ય થઈ જાય છે

## C. અવતરણ મોઢે કરવું

આ પાઠમાં બાળકો જે અવતરણ મોઢે કરવાના છે તેની રજુઆત કરવામાં નીચે આપેલા વિચારો તમારી મદદ કરશે, આ અવતરણ દ્દઢતા ઉપર કેન્દ્રિત છે.

> પરમેશ્વરને ખરેખર પ્રેમ કરતી વ્યક્તિનો ખૂબ મહત્વનો એક ગુણ છે દ્દઢતા. આપણા જીવનમાં ગમે તેવી પરિસ્થિતી આવે છતાં, આપણે હંમેશા પરમેશ્વરને યાદ કરીએ છીએ અને તેને પ્રેમ કરીએ છીએ. તેથી, બીજા લોકો ગમે તે કહેતા કે કરતા હોય તેનો પરમેશ્વરમાં આપણી આસ્થા ઉપર કોઈ ફેર પડતો નથી. આપણે તેને પ્રેમ કરીએ છીએ અને તેના કાયદા અને શિક્ષણોનું પાલન કરીએ છીએ. આપણે હંમેશા દૃઢ રહેવું જોઈએ, તેના વિશે રાખવા માટે, ચાલો આપણે બહાઉલ્લાહનું નીચેનું અવતરણ મોઢે કરીએ:

**"જો તું તારા પ્રભુના ધર્મમાં અડગ રહે છે તો તારૂં સ્થાન સર્વાધિક ઉચ્ચ હશે."**[૧૨૭]

*સર્વાધિક*

૧. બગીચો સૌથી વધારે સુંદર હતો. આજ સુંધી જોયા હોય એવા બગીચાઓમાંથી તે સર્વાધિક સુંદર હતો.

૨. કેલેત્સોની માં એ તેમના પરિવાર માટે સ્વાદિષ્ટ કેક બનાવ્યો હતો. તેમણે ખૂબ આનંદથી કેક ખાધો અને કહ્યું કે તે સર્વાધિક સ્વાદિષ્ટ હતો.

*ઉચ્ચ*

૧. દરરોજ રાત્રે ઉંઘતા પહેલા માર્થા પ્રાર્થના કરે છે અને પરમેશ્વરની નિકટ હોવાનો અનુભવ કરે છે. જ્યારે તે ઉંઘી જાય છે ત્યારે તેનો આત્મા ઉચ્ચ અવસ્થામાં હોય છે.

૨. બેઠકમાં, કુમાર વિશ્વ શાંતિ અને માનવજાતની ભલાઈ વિશે એક વક્તવ્ય આપ્યું હતું. કુમાર ઉચ્ચ વિચારો અંગે વાત કરી રહયો હતો.

૧. રોઝમેરીની સહેલી તેને વરંવાર કહેતી રહે છે કે, તારા તો આકાશમાં રંગથી ચીતરેલા સફેદ ટપકાં છે, પરંતું રોઝમેરી શીખી ગઈ છે કે વાસ્તવમાં દરેક તારો સૂર્યથી ખૂબ દૂર છે. રોઝમેરી તેનો વિચાર બદલતી નથી, તે જેને સાચુ માને છે તેમાં તે અડગ રહે છે.

૨. કોઈએ મોનાને કહ્યું કે દરરોજ પ્રાર્થના કરવી મહત્વનું નથી, છતાં તે નિયમિત પ્રાર્થના કરતી રહે છે, કારણ કે તે જાણે છે કે પ્રાર્થના કરવી એ પરમેશ્વરનો એક કાયદો છે. પ્રાર્થ નાના કાયદાનું પાલન કરવામાં મોના અડગ રહે છે.

## D. વાર્તા

તમે જાણતા હશો કે બાહિયા ખાનૂમ અબ્દુલ-બહાની નાની બહેન હતી. જ્યારે તેમના પ્રિય પિતાજી બહાઉલ્લાહ દ્વારા ઘોષિત દિવ્ય સંદેશના સત્યથી ભયભીત થઈને અન્યાયી સરકારે બહાઉલ્લાહની ધરપકડ કરી અને તેને કારાવાસમાં કેદ કરવામાં આવ્યા, ત્યારે તે માત્ર છ વર્ષની હતી. તેમનો પરિવાર શહેરના સૌથી શ્રીમંત પરિવારોમાંથી એક હતો. હવે તેમની બધી ધનસંપતિ છીનવી લેવામાં આવી હતી. એક વખત તો તેમની પાસે ખાવા માટે બ્રેડની જગ્યાએ તેમના હાથમાં માત્ર લોટ જ હતો.

થોડા સમય પછી, તેમના પિતાશ્રીને કેદમાંથી મુક્ત કરવામાં આવ્યા અને સરકાર દ્વારા તેમને તેમનો દેશ છોડી જવાની ફરજ પાડવામાં આવી. ત્યારે, બાહિયા ખાનૂમ અને તેમના પરિવારજનો ખચ્ચરો પર સવાર થઈને પડોશી દેશમાં બગદાદ શહેર તરફ જવા રવાના થયા. તે નગરમાં પહોંચવા માટે, તેમને વિશાળ, બરફથી છવાયેલા પર્વતો પાર કરવા પડયા હતા. મુસાફરી ખૂબ કઠીન હતી, અને તેમની પાસે જે કોઈ અનાજ કે બીજો સામાન હતો તે મુસાફરી માટે પૂરતો ન હતો. બરફ અને ઠંડીથી બચવા મટે તેમની પાસે પૂરતા કપડા ન હતા. માત્ર થોડા ખચ્ચરોની મદદથી, તેમણે પર્વતમાળાઓમાંથી ધીરેધીરે તેમની મુસાફરી કરી હતી. ઘણીવાર, ગાઢ જંગલોમાં રાત પસાર કરવા માટે તેમને પડાવ નાખવો પડતો. પરંતુ પરમેશ્વરે તેમનું રક્ષણ કર્યું, અને તેની અચૂક મદદથી, ત્રણ મહિનાની મુસાફરી પછી તેઓ સુરક્ષિત બગદાદ પહોંચી ગયા. તેના પછી બાહિયા ખાનૂમ કદી તેની જન્મભૂમિમાં પરત જવાની ન હતી.

તેના શેષ જીવનમાં, બાહીયા ખાનૂમે તેના પિતાજી સાથે યાતના અને દેશનિકાલ ભોગવ્યા. અંતે, સરકાર દ્વારા બહાઉલ્લાહનો અક્કાની કારાનગરીમાં દેશનિકાલ કરવામાં આવ્યો, જ્યાં તે અને તેમના પરિવારે સૌથી ગંભીર ગુનેગારો સાથે જીવન ગુજાર્યું હતું. જ્યારે તેના પિતાજીનો સ્વર્ગવાસ થયો જેને તે સૌથી વધારે પ્રેમ કરતી હતી, ત્યારે બાહીયા ખાનૂમે તેના પ્રિય ભાઈ અબ્દુલબહાને નિષ્ઠાપૂર્વક સમર્થન આપ્યું, જેમની બહાઉલ્લાહ દ્વારા તેમના ધર્મ ના પ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. અને ઘણાં વર્ષો પછી જયારે અબ્દુલ-બહાનો સ્વર્ગવાસ થયો અને તેમના પૌત્ર-યુવાન શોઘીએ તેમના નાનાજીના ઉત્તરાધિકારી તરીકે તેમના ખભે આવી પડેલા કર્તવ્યનો ભાર સંભાળ્યો ત્યારે, બાહિયા ખાનૂમ તેના પૌત્રની મહાન સમર્થક અને ચુસ્ત સંરક્ષક બની.

બાહિયા ખાનૂમ હવે વયોવૃધ્ધ મહિલા હતી. તેનું જીવન ઉથલ-પાથલો અને અશાંતિથી ભરેલું હતું. તે એક પછી એક વિપત્તિઓ અને યાતનાઓમાંથી પસાર થયું હતું. પરંતું તેનો


આત્મા અડગ રહ્યો અને તેનું હૃદય હંમેશા પરમેશ્વરના પ્રેમથી તરબોળ હતું. તેના જીવનના અંતિમ સમયમાં તે અડગ અને દૃઢ હતી.

E. **રમત: "સહાયક હાથ"**

બાળકોને જોડી બનાવીને તેમના સાથી સાથે હાથ પકડવાનું કહો. સૌથી પહેલાં તેમને આંખો ખુલ્લી રાખીને જોડીમાં આસપાસ ચાલવાનું કહો. તેમણેં નાના નાના પગલાં સાથે શરૂઆત કરવી જોઈએ, અને પછી તેમના પગલાં ધીરેધીરે મોટાને મોટા થવા જોઈએ. દરેક જોડીએ ધ્યાન રાખવું જોઈએ કે તેઓ કોઈની સાથે ટકરાય નહિ. તેના પછી, જોડીમાંથી એક સાથીએ તેની કે તેણીની આંખો બંધ કરી લેવી જોઈએ, અને તેમણેં ચાલવાની કવાયતનું પુનરાવર્તન કરવું જોઈએ. હવે જો તેમણેં બીજા કોઈ સાથે ટકરાવવાથી બચવું હોય તો, બીજા બાળકે તેના મિત્રને માર્ગદર્શન આપવાની જરૂર પડશે. તેમને કહો કે, તેમણેં માત્ર સ્પર્ષના રૂપમાં જ સંકેત આપવો જોઈએ. તેઓ શરૂ કરે તેના પહેલાં તમારે તેમને સંકેતો નિર્ધારિત કરવામાં મદદ કરવી જોઈએ -ઉદાહરણ તરીકે, જો હાથને એક વાર દબાવવાનો અર્થ ''થોભવું'', બે વાર દબાવવું એટલે ''પાછળ જવાનુ'', ત્રણ વાર દબાવવાનો અર્થ ''જમણી બાજુ વળવું'' અને ચાર વાર દબાવવાનો અર્થ ''ડાબી બાજુ વળવું''.

F. **રંગપુરણી: ચિત્ર ૨૪**


**G. સમાપન પ્રાર્થના**



**“હે ચેતના પુત્ર ! મારો પ્રથમ ઉપદેશ આ છે : એક શુધ્ધ, દયાળુ અને પ્રફુલ્લિત હદય ધારણ કર.”**




“તમે ન્યાયના માર્ગે ચાલો, કારણકે, ખરેખર, આ સીધો માર્ગ છે.”



**“હે મિત્ર ! તારી હદય વાટિકામાં પ્રેમના ગુલાબ સિવાય બીજું કંઈ ન રોપ...”**



“સત્યવાદીતા બધાજ માનવીય સદગુણોનો પાયો છે.”



"આપવું અને ઉદાર બનવું એ તો મારા ગુણો છે, જે મારા સદગુણોથી સ્વયંને શણગારે છે તેનું શુભ થાય છે."



"આશીવાર્દિત છે તે જે સ્વયં કરતા તેના ભાઈને પ્રાધાન્ય આપે છે,"



"હે માનવ પુત્ર! તારા હૃદયની પ્રસન્નતામાં આનંદિત થા જેથી તું મારા મિલન અને
મારા સૌંદર્યને પ્રતિબિંબિંત કરવા યોગ્ય બની શકે."



"આપણે હંમેશા આપણી સત્યવાદીતા અને નિખાલસતા પ્રગટ કરવી જોઈએ."



“હે માનવ પુત્ર ! મારી સમક્ષ તારી જાતને વિનમ્ર બનાવ, જેથી હું
અનુગ્રહપૂર્વક તને દર્શન આપી શકું.”



**"તમે ખુશ અને પ્રસન્ન રહો અને પરમેશ્વરને ધન્યવાદ આપવા માટે એવી રીતે આગળ વધો કે, તે કૃતજ્ઞતા આશીર્વાદ વધારવા માટે સહાયક બની શકે."**



“…ક્ષમાશીલતા અને દયા તથા જે પરમેશ્વરના પ્રિયજનના હૃદયને પ્રસન્ન કરતુ હોય, તેને તમારૂં આભુષણ બનાવો.”



"હે લોકો, તમારી વાણીને સત્યવાદીતાથી સુશોભિત કરો અને તમારા આત્માને પ્રમાણિકતાના આભૂષણથી વિભૂષિત કરો."



**"પરમેશ્વરનું સામ્રાજ્ય સમતા અને ન્યાયની સાથે દરેક જીવિત આત્મા પ્રત્યે કૃપા, કરૂણાં અને દયાભાવ ઉપર સ્થાપિત છે."**




"સમજી લો કે પરમેશ્વરનો પ્રેમ અને તેના સિવાયની બધી ચીજોથી તારી અનાસક્તિમાં જ તારૂં સાચુ આભુષણ સમાયેલું છે..."




**“પરમેશ્વરે જે કંઈ પ્રદાન કર્યું છે તેનો સ્વીકાર અને તેણે આદેશિત કર્યુ છે તેમાં સંતોષ એ સમસ્ત ગૌરવનો સ્ત્રોત છે”**




“આશીર્વાદિત છે તે જે સંપૂર્ણ દયાભાવ અને પ્રેમ પૂર્વક બધા લોકો સાથે ભળી જાય છે.”



“પ્રભુના વચનોનો પ્રસાર અને તેના પ્રેમમાં દૃઢતા એ હિંમત અને શક્તિનો સ્ત્રોત છે.”




"ઈશ્વરમાં કદી વિશ્વાસ ગુમાવો નહિ. હંમેશા આશાવાદી રહો, કારણકે માનવી ઉપર પરમેશ્વરના આશીર્વાદનો પ્રવાહ કદી બંધ થતો નથી."



**“વિશ્વાસપાત્રતા લોકોની પ્રશાંતિ અને સુરક્ષા તરફ લઈ જતું સૌથી મોટું દ્વાર છે.”**




"વસ્તતુ : તારા હૃદયમાં પ્રભુ-પ્રેમની અગ્નિ પ્રગટાવવા માટે હું પ્રભુને યાચના કરૂં છું, જેથી તમે બીજાના હૃદયને પ્રગટાવી શકો."




"હે અસ્તિત્વના પુત્ર ! તું મારો દીપક છે અને તારામાં મારો પ્રકાશ છે. તું તેમાંથી તારૂં તેજ પ્રાપ્ત કર અને મારા સિવાય કોઈ અન્યની ઝંખના ન  કર."



“ખુશ છે એ નિષ્ઠાવાન જે શ્રેષ્ઠ પ્રયત્નના પરિધાનથી શુશોભિત છે અને
મારા ધર્મની સેવા કરવા ઊભો થઈ ગયો છે.”



"ખરેખર, પરમેશ્વર તેમનો પુરસ્કાર વધારી દેશે, જેઓ ધીરજ પૂર્વક સહન કરશે."



“જો તું તારા પ્રભુના ધર્મમાં અડગ રહે છે તો તારૂં સ્થાન સર્વાધિક ઉચ્ચ હશે.”

## સંદર્ભસૂચિ


1. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થના: 'બહાઉલ્લાહ, બાબ અને અબ્દુલબહા દ્વારા પ્રગટિત પ્રાર્થનાઓનું સંકલન'
2. ઉપર મુજબ
3. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી બહાઉલ્લાહ દ્વારા પ્રગટિત પાતીઓમાંથી
4. બહાઉલ્લાહ, શોઘી એફેન્દી દ્વારા 'ધ એડવેન્ટ ઓફ દિવાઇન જસ્ટિસ'માં આપેલ સંદર્ભમાંથી
5. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી બહાઉલ્લાહ દ્વારા પ્રગટિત પાતીઓમાંથી
6. બહાઉલાહ, ગૂઢ વચનો, અરબી- નં. 2
7. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી બહાઉલ્લાહ દ્વારા પ્રગટિત પાતીઓમાંથી
8. અબ્દૂલબહાની એક પાતીમાંથી
9. ઉપર મુજબ
10. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં.12.1
11. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 134
12. અબ્દુલબહા, શોઘી એફેન્દી દ્વારા 'ધ એડવેન્ટ ઓફ દિવાઇન જસ્ટિસ'માં આપેલ સંદર્ભમાંથી
13. અબ્દુલબહા, 'વિશ્વાસપાત્રતા' નામના સંકલનમાંથી
14. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થનાઓમાંથી
15. ઉપર મુજબ
16. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી બહાઉલ્લાહ દ્વારા પ્રગટિત પાતીઓમાંથી
17. ઉપર મુજબ
18. સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા
19. ઉપર મુજબ
20. અબ્દુલબહા, પ્રોમોલગેશન ઓફ યૂનિવર્સલ પીસમાંથી
21. સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા. નં. 237.5
22. અબ્દુલબહા, પ્રોમોલગેશન ઓફ યૂનિવર્સલ પીસમાંથી
23. બહાઉલ્લાહ, ટેબરનેકલ ઓફ યુનિટી
24. 'ડેઈસ ટુ રિમેમ્બર: બહાઈ પવિત્ર દિવસો માટે બહાઉલ્લાહના લખાણોમાંથી એક સંકલન
25. અબ્દુલબહા, પેરિસ ટોક્સમાંથી

26. સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 16.5

27. બહાઉલ્લાહની પાટીઓ: ‘ધ સમન્સ ઓફ ધ લોર્ડ ઓફ હોસ્ટસ

28. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી બહાઉલ્લાહ દ્વારા પ્રગટિત પાતીઓમાંથી

29. બહાઉલ્લાહ, ‘ધ સમન્સ ઓફ ધ લોર્ડ ઓફ હોસ્ટસ

30. અબ્દુલબહા, પ્રોમોલગેશન ઓફ યૂનિવર્સલ પીસમાંથી

31. બહાઉલ્લાહ, બહાઈ પ્રાર્થનાઓમાંથી

32. ઉપર મુજબ

33. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી બહાઉલ્લાહ દ્વારા પ્રગટિત પાતીઓમાંથી

34. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 82

35. ઉપર મુજબ, નં. 5

36. અબ્દુલબહા, સિક્રેટ ઓફ ડિવાઇન સિવિલાઈઝેશન

37. ગૂઢ વચનો, અરબી, નં. 70

38. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 134

39. ઉપર મુજબ, નં. 134

40. અબ્દુલબહા, પ્રોમોલગેશન ઓફ યૂનિવર્સલ પીસમાંથી

41. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 135

42. ઉપર મુજબ, નં. 15

43. અબ્દુલબહા, પ્રોમોલગેશન ઓફ યૂનિવર્સલ પીસમાંથી

44. અબ્દુલબહા, પ્રોમોલગેશન ઓફ યૂનિવર્સલ પીસમાંથી

45. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી બહાઉલ્લાહ દ્વારા પ્રગટિત પાતીઓમાંથી

46. બહાઉલ્લાહ, એપિસ્ટલ ટુ ધ સન ઓફ ધ વુલ્ફ

47. બહાઉલ્લાહ, વિશ્વાસપાત્રતા નામના સંકલનમાંથી

48. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થનાઓ અને બાળકો માટે પ્રાર્થનાઓમાંથી

49. ઉપર મુજબ

50. અબ્દુલબહા, પ્રોમોલગેશન ઓફ યૂનિવર્સલ પીસમાંથી

51. અબ્દુલબહા ઓન ડિવાઇન ફિલોસોફી

52. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 35.8

53. ઉપર મુજબ, નં. 7.4

54. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 121

55. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 66

56. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી બહાઉલ્લાહ દ્વારા પ્રગટિત પાતીઓમાંથી

57. બહાઉલ્લાહ, ધ બહાઈ વર્લ્ડ:વોલ્યુમ 1 માંથી

58. ગૂઢ વચનો, અરબી, નં. 40

59. ગૂઢ વચનો, ફારસી, નં. 50

60. અબ્દુલબહાની એક પાતીમાંથી

61. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 146

62. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 1.7

63. અબ્દુલબહા, પ્રોમોલગેશન ઓફ યૂનિવર્સલ પીસમાંથી

64. અબ્દુલબહા, પેરિસ ટોક્સમાંથી

65. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થનાઓમાંથી

66. બહાઉલ્લાહ, બહાઈ પ્રાર્થનાઓમાંથી

67. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 179.1

68. અબ્દુલબહા, પ્રમોલગેશન ઓફ યૂનિવર્સલ પીસમાંથી

69. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 153

70. ગૂઢ વચનો, ફારસી, નં. 21

71. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 178.1

72. અબ્દુલબહા, પેરિસ ટોક્સમાંથી

73. બહાઉલ્લાહ, 'વિશ્વાસપાત્રતા' નામના એક સંકલનમાંથી

74. બહાઉલ્લાહ, 'વિશ્વાસપાત્રતા' નામના એક સંકલનમાંથી

75. બહાઉલ્લાહ, 'વિશ્વાસપાત્રતા' નામના એક સંકલનમાંથી

76. બહાઉલ્લાહ, 'ગાઈડલાઇન્સ ફોર ટીચિંગ' નામના સંકલનમાંથી

77. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 15

78. બહાઉલ્લાહ, ધ સમન્સ ટુ ધ લોર્ડ ઓફ હોસ્ટસ,

79. બહાઉલ્લાહ, ધ કોલ ટુ ધ ડિવાઇન બિલોવડ

80. બહાઉલ્લાહ, બહાઈ પ્રાર્થનાઓમાંથી

81. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થનાઓમાંથી

82. અબ્દુલબહાની એક પાતીમાંથી

83. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી બહાઉલ્લાહ દ્વારા પ્રગટિત પાતીઓમાંથી

84. અબ્દુલબહા, પેરિસ ટોક્સમાંથી

85. અબ્દુલબહા, પ્રોમોલગેશન ઓફ યૂનિવર્સલ પીસમાંથી

86. બહાઉલ્લાહ, ટેબરનેકલ ઓફ યુનિટી

87. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 141.4

88. ઉપર મુજબ, 1.4

89. ગૂઢ વચનો, અરબી, નં. 48

90. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 66

91. સમન્સ ઓફ ધ લોર્ડ ઓફ હોસ્ટસ

92. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી બહાઉલ્લાહ દ્વારા પ્રગટિત પાતીઓમાંથી

93. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 134

94. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 161

95. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 143

96. બહાઉલ્લાહ, ધ કિતાબ-એ-ઈકાન

97. અબ્દુલબહા, ધ પ્રમોલગેશન ઓફ યૂનિવર્સલ પીસ માંથી

98. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થનાઓમાંથી

99. ગૂઢ વચનો, અરબી, નં. 1

100. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 118

101. ગૂઢ વચનો, ફારસી, નં. 3

102. અબ્દુલબહા, શોધી એફેન્દી દ્વારા 'એડવેન્ટ ઓફ દિવાઇન જસ્ટિસ'માં આપેલ સંદર્ભમાંથી

103. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થનાઓમાંથી

104. ગૂઢ વચનો, ફારસી, નં. 49

105. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી બહાઉલ્લાહ દ્વારા પ્રગટિત પાતીઓમાંથી

106. ગૂઢ વચનો, અરબી, નં. 36

107. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 225.30

108. બહાઉલ્લાહ, બહાઈ પ્રાર્થનાઓમાંથી

109. ગૂઢ વચનો, અરબી, નં. 42

110. અબ્દુલબહા, ટેબ્લેટ્સ ઓફ અબ્દુલબહામાંથી

111. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી પ્રગટિત બહાઉલ્લાહની પાતીઓમાંથી

112. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 136

113. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થનાઓ અને બાળકો માટે પાતીઓમાંથી

114. સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 138.1

115. બહાઉલ્લાહ, સમન્સ ઓફ ધ લોર્ડ ઓફ હોસ્ટસ

116. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી બહાઉલ્લાહ દ્વારા પ્રગટિત પાતીઓમાંથી

117. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 156

118. બહાઉલ્લાહ, બહાઈ પ્રાર્થનાઓમાંથી

119. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી બહાઉલ્લાહ દ્વારા પ્રગટિત પાતીઓમાંથી

120. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. 178.1

121. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી બહાઉલ્લાહ દ્વારા પ્રગટિત પાતીઓમાંથી

122. બહાઉલ્લાહની એક પાતીમાંથી

123. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થનાઓમાંથી

124. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં. 11

125. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી બહાઉલ્લાહ દ્વારા પ્રગટિત પાતીઓમાંથી

126. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 66

127. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. 115